# અંશો શાસ્ત્રોના...

✷ સંકલન ✷

પૂ. પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂ.મ.સા.ના

પ્રશિષ્ય પૂજ્યપાદ સમતાનિધિ આ.ભ.શ્રી.વિ.

**અમરગુપ્તસૂ.મ.સા.**

✷ સંપાદન ✷

**પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.સા.**

✷ પ્રકાશન ✷

**શ્રી અનેકાંત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

✷ આર્થિક સહકાર ✷

**સ્વ. રતનચંદજી મેઘરાજજી તોગાણી પરિવાર**

ગુડાબાલોતાન (રાજ.) - હાલ : મુંબઈ - કાલાચોકી.

અંશો શાસ્ત્રોના...

- પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.સા.

*Tejas Printers*
A'BAD. (M) 98253 47620
TITLE

# અંશો શાસ્ત્રોના...

✷ સંકલન ✷

પૂ. પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂ.મ.સા.ના
પ્રશિષ્ય પૂજ્યપાદ સમતાનિધિ આ.ભ.શ્રી.વિ.
**અમરગુપ્તસૂ.મ.સા.**

✷ સંપાદન ✷

**પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.સા.**


✷ પ્રકાશન ✷

**શ્રી અનેકાંત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

✷ આર્થિક સહકાર ✷

**સ્વ. રતનચંદજી મેઘરાજજી તોગાણી પરિવાર**
ગુડાબાલોતાન (રાજ.) - હાલ : મુંબઈ - કાલાચોકી.

✸ **પુસ્તક : અંશો શાસ્ત્રોના...**

✸ **આવૃત્તિ : દ્વિતીય**

✸ **વિ.સં. : ૨૦૬૯**

✸ **નકલ : ૧૦૦૦**

✸ **પ્રાપ્તિસ્થાન :**

❍ **મુકુંદભાઈ આર. શાહ**
૨૦૧, નવરત્ન ફ્લેટ્સ, નવા વિકાસગૃહ માર્ગ,
પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.

❍ **જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી,
મહીધરપુરા, **સુરત**-૩૯૫ ૦૦૩.

❍ **પ્રમોદભાઈ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), **મુંબઈ**-૪૦૦ ૦૯૭.

❍ **તનીલ એ. વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ, જુના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલથીમૈયા રોડ, **પૂના**-૪૧૧ ૦૦૧.

✸ મુદ્રક : *Tejas Printers*
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur, **A'BAD**-1.
**(M) 98253 47620 ● PH. (079) (O) 22172271**

# પ્રકાશકીય

અનંતોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને સમજાવી શાસ્ત્રકાર પરમર્ષિઓએ આપણી ઉપર અવિસ્મરણીય અનુગ્રહ કર્યો છે.

અમારા અનન્યોપકારી પૂ. પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય સમતાનિષ્ઠ સ્વાધ્યાયમગ્ન સ્વ. પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂરીશ્વરજી મહારાજાએ સ્વાધ્યાય દરમ્યાન શાસ્ત્રોના કેટલાક અંશોને સંકલિત કરીને નોંધ બનાવી હતી. જેની ખૂબ ઉપયોગિતા જણાયાથી અમે પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.સા.ને એ નોંધનું સંપાદન કરી આપવા વિનંતી કરી. તેનો સ્વીકાર કરી પૂજ્યશ્રીએ અમારી ઉપર અનુગ્રહ કર્યો છે.

અનેક વિષયોને આવરી લેતા આ સંકલનની ઉપયોગિતાનો ખ્યાલ એના વાંચનથી આવશે. મૂળ ગામ ગુડાબાલોતાન (રાજ.) અને હાલ : મુંબઈ - કાલાચોકીમાં રહેતા સ્વ. રતનચંદજી મેઘરાજજી તોગાણી પરિવારે આર્થિક સહકાર આપી આ પુસ્તકના પ્રકાશનનો લાભ લીધો છે, જે અનુમોદનીય છે.

અંતે આ પુસ્તકના પરિશીલનથી શાસ્ત્રના અંશોના પરમાર્થને જાણવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક અભ્યર્થના.

**લિ.**
**શ્રી અનેકાંત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

# અનુક્રમણિકા

## ❖ નવપદ સંબંધી ❖


૧. અરિહંત ભગવાનના બાર ગુણ ........ ૧
૨. સિદ્ધ ભગવાનના આઠ ગુણ ........ ૩
૩. આચાર્ય મહારાજના છત્રીસ ગુણ ........ ૩
૪. ઉપાધ્યાયમહારાજના પચ્ચીસ ગુણ ........ ૫
૫. સાધુ મહારાજના સત્તાવીશ ગુણ ........ ૬
૬. નવપદનાં નામ તથા વર્ણ ........ ૬
૭. નવકારમંત્રની મહત્તા ........ ૬
૮. નવકારમંત્ર નંદાવર્ત-શંખાવર્ત વગેરે ........ ૭
૯. વીશ સ્થાનક ........ ૭
૧૦. એકાંતિક અને આત્યંતિક એટલે ? ........ ૭
૧૧. સિદ્ધના એકત્રીસ આદિગુણો ........ ૭
૧૨. શ્રીપાલમહારાજા કોના સમયમાં થયા ? ........ ૮


## ❖ અરિહંત સંબંધી ❖


૧૩. તીર્થંકરભગવંતનાં ગયેલાં અઢાર દૂષણો ........ ૮
૧૪. ભગવાનની વાણીના પાંત્રીશ ગુણો ........ ૮
૧૫. અરિહંત ભગવાનના ચોત્રીશ અતિશય ........ ૯
૧૬. લોગુત્તમાણં આદિ પાંચ વિશેષણનો અર્થ ........ ૧૧
૧૭. ભગવાન હૈયામાં રહે તો. ........ ૧૨
૧૮. ચાર મહાગોપાદિ ઉપમા-અરિહંતની ........ ૧૨
૧૯. જઘન્યકાળે વીસ તીર્થંકર હોય તે ........ ૧૨
૨૦. ઉત્કૃષ્ટકાળે એકસો સિત્તેર તીર્થંકર હોય તે ........ ૧૨
૨૧. ચાર અને બત્રીશ તીર્થંકરો ........ ૧૩
૨૨. જઘન્ય કાળે અને ઉત્કૃષ્ટ કાળે કેટલા તીર્થંકર હોય ........ ૧૩
૨૩. મહાવિદેહમાં સહચારી ચોર્યાશી તીર્થંકરોની પરંપરા ........ ૧૩
૨૪. વીશ વિહરમાનજિનનાં નામ ........ ૧૪





૨૫. શ્રી સીમંધરસ્વામી અંગેની સોળ હકીકતો ........ ૧૪
૨૬. પાંચ કલ્યાણકો ........ ૧૫
૨૭. વાર્ષિક દાનની સંખ્યા ........ ૧૫
૨૮. ભગવાનના વર્ષીદાનનું વર્ણન ........ ૧૬
૨૯. તીર્થંકરના વરસીદાનના છ અતિશયો ........ ૧૬
૩૦. ભગવાનના બળનું વર્ણન ........ ૧૭
૩૧. જિન ચાર પ્રકારના ........ ૧૮
૩૨. સમકિત પામ્યા પછી ભગવાનના ભવોની સંખ્યા ........ ૧૮
૩૩. પ્રભુ મહાવીરસ્વામીના નંદનઋષિના ભવમાં માસક્ષમણ .. ૧૮
૩૪. પાંચ પ્રકારના દેવ ........ ૧૮
૩૫. બાર પર્ષદાનાં નામો ........ ૧૮
૩૬. પ્રભુના સમવસરણમાં ત્રણસો ત્રેસઠ ભેદોવાળા પાખંડીઓ ........ ૧૯


## ❖ તીર્થ તથા સંઘ સંબંધી ❖


૩૭. તીર્થ બે પ્રકારનાં ........ ૨૦
૩૮. શત્રુંજયનું છ આરામાં પ્રમાણ ........ ૨૦
૩૯. સાત ક્ષેત્રનાં નામ ........ ૨૦
૪૦. દેવદ્રવ્ય અંગે શ્રાદ્ધજિત કલ્પનો પાઠ ........ ૨૦
૪૧. દેરાસરની દશ મોટી આશાતના ........ ૨૦
૪૨. મધ્યમથી બેંતાળીસ આશાતના ........ ૨૦
૪૩. ઉત્કૃષ્ટથી ચોર્યાશી આશાતના ........ ૨૧
૪૪. શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનને ફણા ........ ૨૨
૪૫. જિનેશ્વરદેવની કેટલા હાથ દૂર રહી સ્તુતિ કરવી ? ........ ૨૩
૪૬. પાંચ અભિગમ ........ ૨૩
૪૭. ચૈત્યવંદનમાં રાખવાની ત્રણ મુદ્રા ........ ૨૩
૪૮. દશ ત્રિક ........ ૨૪
૪૯. તત્ત્વત્રયી ........ ૨૪
૫૦. રત્નત્રયી ........ ૨૪

૫૧. ત્રણ સુપાત્રો ........................................ ૨૪
૫૨. પાત્રના ચાર પ્રકાર ........................................ ૨૪
૫૩. સંઘની વ્યાખ્યા ........................................ ૨૫
૫૪. પાંચમા આરાના છેડે રહેનારા ચતુર્વિધ સંઘનાં નામ ...... ૨૫
૫૫. સંઘમાં પાળવાની છ "રી" ........................... ૨૫

**❖ સાધુ તથા ચારિત્ર સંબંધી ❖**

૫૬. સ્થાપનાચાર્યનાં લક્ષણ ................................ ૨૫
૫૭. દશપૂર્વધર (કલ્પસૂત્ર ૮મું વ્યાખ્યાન) .................... ૨૫
૫૮. છ શ્રુતકેવળી (ચૌદપૂર્વી) ............................ ૨૫
૫૯. શ્રી જંબુસ્વામી પછી સાધુવિચ્છેદ ...................... ૨૬
૬૦. શ્રી જંબુસ્વામી પછી દશ વસ્તુનો વિચ્છેદ ................ ૨૬
૬૧. શ્રી સ્થૂલભદ્રજીના સ્વર્ગગમન પછી થયેલ વિચ્છેદ ........ ૨૬
૬૨. શ્રી વજસ્વામી પછી થયેલ વિચ્છેદ .................... ૨૬
૬૩. મનઃપર્યવજ્ઞાની અને ચૌદપૂર્વી નિગોદમાં જાય ? ......... ૨૭
૬૪. 'સાધ્વી' શ્રાવક સામે વ્યાખ્યાન કરી શકે ? .............. ૨૭
૬૫. ચૌદપૂર્વી પણ અનંતભવ ભ્રમણ કરે .................... ૨૭
૬૬. સાતમા ગુણઠાણે આવશ્યકાદિ ક્રિયા નિયત નથી ......... ૨૭
૬૭. સાતમા ગુણઠાણે મોક્ષની પણ અભિલાષા હોતી નથી..... ૨૭
૬૮. અગુરુ-લઘુ ગુણપર્યાય-છઠાણવડિયામાં
ષટ્સ્થાન-ષટ્ગુણ હાનિ વૃદ્ધિ .......................... ૨૮
૬૯. પાંચ મહાવ્રત
(રાત્રિભોજનવિરમણસહિતના ભાંગા બસો સિત્તેર) ........ ૩૧
૭૦. બ્રહ્મચર્યવ્રતની મહત્તા .................................. ૩૨
૭૧. મહાવ્રતોની પચીસ ભાવનાઓ ........................ ૩૨
૭૨. બાવીસ પરિષહો ...................................... ૩૨
૭૩. સંયમના સત્તર પ્રકાર .................................. ૩૩
૭૪. સત્તર પ્રકારના સંયમનો બીજો પ્રકાર.................... ૩૪
૭૫. દશ પ્રકારનો શ્રમણધર્મ ................................ ૩૪



૭૬. દશવિધ સાધુસામાચારી ................................ ૩૫
૭૭. સાધુની પ્રતિજ્ઞાનાં અઢાર સ્થાનો ........................ ૩૬
૭૮. ચરણસિત્તરી અને કરણસિત્તરી ........................ ૩૭
૭૯. અઢાર હજાર શીલાંગરથ ................................ ૩૯
૮૦. બાર ભાવનાઓ ...................................... ૪૦
૮૧. ચાર ભાવના.......................................... ૪૧
૮૨. બાર પ્રકારનો તપ (છ બાહ્ય અને છ અભ્યંતર) ......... ૪૨
૮૩. વૈયાવચ્ચના દસ પ્રકારો ................................ ૪૪
૮૪. દસ પ્રકારના સ્થવિર .................................. ૪૪
૮૫. યોગસંગ્રહના બત્રીસ પ્રકારો .......................... ૪૪
૮૬. પડિલેહણ-વિધિ ...................................... ૪૫
૮૭. પડિલેહણાના સોળ વર્જ્ય દોષો.......................... ૪૬
૮૮. સાધુની ઉપધિના પ્રકાર ................................ ૪૭
૮૯. ઉપધિનું પ્રમાણ ...................................... ૪૮
૯૦. સાધુઓને ઔઘિક અને ઔપગ્રહિક ઉપધિ રાખી શકાય ..... ૫૦
૯૧. વસ્ત્રના દોષો.......................................... ૫૦
૯૨. સાત પિંડૈષણા ...................................... ૫૧
૯૩. ભોજનના પ્રકાર ...................................... ૫૨
૯૪. પાંચ પ્રકારના અવગ્રહ ................................ ૫૨
૯૫. અવગ્રહમાં મર્યાદા .................................... ૫૨
૯૬. લોચની વિધિ .......................................... ૫૩
૯૭. લોચ-દ્રવ્ય અને ભાવ .................................. ૫૩

**❖ અનુષ્ઠાન તથા પર્વ સંબંધી ❖**

૯૮. અનુષ્ઠાનના પાંચ પ્રકાર................................ ૫૩
૯૯. કાઉસ્સગ્ગના ઓગણીસ દોષ.............................. ૫૬
૧૦૦. કાઉસ્સગ્ગના સોળ આગાર .............................. ૫૭
૧૦૧. 'છ' આવશ્યક ક્યાંથી ક્યાં સુધી કહેવાય ? ............ ૫૭
૧૦૨. વાંદણાંનાં પચ્ચીસ આવશ્યક .......................... ૫૮

૧૦૩. સત્તર પ્રમાર્જના (સંડાસા) ........................................ ૫૮
૧૦૪. સત્તર પ્રમાર્જના (સંડાસા) ........................................ ૫૯
૧૦૫. ઇરિયાવહીયા કરતાં કેટલાં પાપો ખમાવ્યાં છે ............ ૬૦
૧૦૬. પચ્ચક્ખાણનું ફળ ........................................ ૬૦
૧૦૭. સાધુ તથા શ્રાવકને કયા પચ્ચક્ખાણ,
ક્યાં સુધી અધિક પચ્ચક્ખાણ થઇ શકે ? ................ ૬૧
૧૦૮. 'છ' અટ્ઠાઇઓનાં નામ ........................................ ૬૧
૧૦૯. પર્યુષણાપર્વનાં પાંચ કર્ત્તવ્યો ........................................ ૬૧
૧૧૦. પર્યુષણાનાં અગિયાર કર્તવ્યો ........................................ ૬૨

❖ શ્રાવક સંબંધી ❖

૧૧૧. માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ ........................................ ૬૨
૧૧૨. શ્રાવક(જૈનધર્મરૂપ ધર્મરત્નને (પામવા)
ગ્રહણ કરવામાં યોગ્ય અધિકારી)ના એકવીશ ગુણ ....... ૬૪
૧૧૩. શ્રાવકના મુખ્ય ચાર ગુણ ........................................ ૬૫
૧૧૪. શ્રાવકનાં બાર વ્રતોનું સ્વરૂપ ........................................ ૬૬
૧૧૫. શ્રાવકના બાર વ્રતના એકસો ચોવીસ અતિચાર .......... ૭૪
૧૧૬. શ્રાવકની અગિયાર પડિમા ........................................ ૭૪
૧૧૭. શ્રાવકે રાખવાનાં સાત ધોતિયાં ........................................ ૭૫
૧૧૮. શ્રાવકે સાત ગળણાં રાખવાની વિગત ................... ૭૫
૧૧૯. દશ ચંદરવાની વિગત ........................................ ૭૫
૧૨૦. શ્રાવકના સવાવસાની દયાની સમજણ ................... ૭૫
૧૨૧. સામાયિકના બત્રીશ દોષ ........................................ ૭૬
૧૨૨. પૌષધના અઢાર દોષ ........................................ ૭૬
૧૨૩. એક સામાયિકમાં દેવગતિનું આયુષ્ય કેટલું બંધાય ? ..... ૭૭
૧૨૪. સામાયિકની કિંમત ........................................ ૭૭
૧૨૫. નિયમને લાગતા ચાર મહાન દોષ ...................... ૭૭
૧૨૬. જાણવા-આદરવા-પાળવા સંબંધી આઠ ભાંગા ............ ૭૭



❖ દાન સંબંધી ❖

૧૨૭. દાન નહીં આપવાનાં છ લક્ષણો ........................ ૭૮
૧૨૮. દાનને દૂષિત કરનારાં કારણો ........................ ૭૯
૧૨૯. દાનને શોભાવનારાં કારણો ........................ ૭૯
૧૩૦. પાંચ પ્રકારનાં દાન ........................................ ૭૯
૧૩૧. દાનેશ્વરી જગડુ શાહનું દાન ........................ ૭૯

❖ જ્ઞાન સંબંધી ❖

૧૩૨. છ ઉપધાનનાં નામો ........................................ ૮૦
૧૩૩. સિદ્ધાંતની વ્યાખ્યા છ પ્રકારે ........................ ૮૦
૧૩૪. પિસ્તાલીશ આગમનાં નામ ........................ ૮૦
૧૩૫. ગુણ-પર્યાય દ્રવ્યમાં ........................................ ૮૧
૧૩૬. સપ્તભંગીનું સ્વરૂપ ........................................ ૮૨
૧૩૭. 'સાત નય' દિગંબરમત અનુસાર ........................ ૮૩
૧૩૮. સાત નયમાં ઘડાનું ઘટાડવું ........................ ૯૧
૧૩૯. નયવિચાર ........................................ ૯૪
૧૪૦. નયોનું સંક્ષિપ્ત સ્વરૂપ ........................................ ૯૫
૧૪૧. છ પ્રકારે વ્યવહારનયથી જીવો ........................ ૯૮
૧૪૨. કષ, છેદ, તાપથી શુદ્ધ ધર્મની પરીક્ષા.................. ૯૯
૧૪૩. મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની,
મનઃપર્યવજ્ઞાની, ચૌદપૂર્વીઓ કેટલા ભવ દેખે .........૧૦૦
૧૪૪. ચૌદ તથા અઢાર વિદ્યા ........................................૧૦૦
૧૪૫. મોટી ચૌદ વિદ્યાઓનાં નામ ........................૧૦૦
૧૪૬. અસ્વાધ્યાય ........................................૧૦૧

❖ ભક્ષ્યાભક્ષ્ય સંબંધી ❖

૧૪૭. બાવીશ અભક્ષ્યનાં નામ ........................................૧૦૧
૧૪૮. બત્રીશ અનંતકાયનાં નામ ........................................૧૦૧
૧૪૯. ચાર અભક્ષ્ય મહાવિગઇ ........................................૧૦૨
૧૫૦. છ ભક્ષ્ય વિગઇ ........................................૧૦૨

૧૫૧. અણાહારી વસ્તુનાં નામ ....................૧૦૨
૧૫૨. દૂધ-દહીં ક્યાં સુધી ભક્ષ્ય ....................૧૦૨
૧૫૩. શેરડીના રસનો કાળ કેટલો ? ....................૧૦૨
૧૫૪. ચોમાસી કાળની વિગત ....................૧૦૩

❖ સમ્યક્ત્વ સંબંધી ❖

૧૫૫. સમ્યક્ત્વનું સ્વરૂપ ....................૧૦૩
૧૫૬. સમ્યક્ત્વનાં પાંચ દૂષણો-અતિચારો ....................૧૦૩
૧૫૭. સમ્યક્ત્વના છ આગારો ....................૧૦૪
૧૫૮. સમકિતના સડસઠ બોલ ....................૧૦૪
૧૫૯. સમકિતના ત્રણ પ્રકાર ....................૧૦૬
૧૬૦. સમ્યક્ત્વ તથા શ્રેણી કેટલીવાર પામે ? ....................૧૦૬
૧૬૧. ઉજાગર દશા ....................૧૦૬
૧૬૨. ઉજાગર દશા ....................૧૦૭

❖ શલાકાપુરુષ સંબંધી ❖

૧૬૩. ત્રેસઠ શલાકા પુરુષ ....................૧૦૭
૧૬૪. ચોવીશ તીર્થંકરો ....................૧૦૮
૧૬૫. બાર ચક્રવર્તીઓ ....................૧૦૮
૧૬૬. નવ વાસુદેવ ....................૧૦૯
૧૬૭. નવ બળદેવ ....................૧૦૯
૧૬૮. નવ પ્રતિવાસુદેવ ....................૧૧૦
૧૬૯. ચાર અને ત્રીશ ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ ....................૧૧૧
૧૭૦. ચક્રવર્તીનાં ચારસો વીશ રત્નો ....................૧૧૧
૧૭૧. તેર અઠ્ઠમ ચક્રવર્તીના ....................૧૧૧
૧૭૨. અક્ષૌહિણી સેનામાં સંખ્યા ....................૧૧૧
૧૭૩. એક અક્ષૌહિણી ....................૧૧૨

❖ મિથ્યાત્વાદિ આત્મદોષો ❖

૧૭૪. મિથ્યાત્વના પંદર પ્રકાર ....................૧૧૨
૧૭૫. મિથ્યાત્વના છ પ્રકાર ....................૧૧૨



૧૭૬. મિથ્યાત્વના ચાર પ્રકાર ....................૧૧૩
૧૭૭. મિથ્યાત્વના સાત પ્રકારો ....................૧૧૩
૧૭૮. દિગંબર મત તથા સ્થાનકવાસી મતનો ઉત્પત્તિકાળ ....................૧૧૪
૧૭૯. કયા જીવોમાં કયા પ્રકારનું મિથ્યાત્વ સંભવે તે ....................૧૧૪
૧૮૦. નવ નિહ્નવો ....................૧૧૫
૧૮૧. નવ નિયાણાં ....................૧૧૬
૧૮૨. સાત મોટાં વ્યસનો ....................૧૧૬
૧૮૩. તેર કાઠિયા અને ષડ્ રિપુ ....................૧૧૬
૧૮૪. આઠ મદ ....................૧૧૬
૧૮૫. ભાવ અથવા અભ્યંતર ગ્રંથિ ચૌદ ....................૧૧૭
૧૮૬. દ્રવ્ય અથવા બાહ્ય ગ્રંથિ નવ ....................૧૧૭
૧૮૭. નવ બાહ્યગ્રંથિ (પરિગ્રહ) ....................૧૧૭
૧૮૮. મૈથુનમાં જીવહિંસા ....................૧૧૭
૧૮૯. હિંસાના પ્રકાર ત્રણ ....................૧૧૮
૧૯૦. પ્રમાદના આઠ પ્રકાર ....................૧૧૮
૧૯૧. પ્રમાદના પાંચ પ્રકાર ....................૧૧૯
૧૯૨. ઇન્દ્રિયોના વિષયો અને વિકારો ....................૧૧૯
૧૯૩. ભવાભિનંદીનાં લક્ષણ ....................૧૨૦
૧૯૪. ભવાભિનંદીનાં વિશેષ લક્ષણો ....................૧૨૧
૧૯૫. નરકનાં ચાર દ્વાર ....................૧૨૨
૧૯૬. સાત પ્રકારના ચોર ....................૧૨૨
૧૯૭. દસ પ્રકારની કામદશા ....................૧૨૨
૧૯૮. અસત્ય બોલવાનાં નિમિત્તો ....................૧૨૩
૧૯૯. તેર ક્રિયાસ્થાનો ....................૧૨૩
૨૦૦. વીશ અસમાધિસ્થાનો ....................૧૨૪
૨૦૧. એકવીસ શબલ(કલંક)સ્થાન ....................૧૨૫
૨૦૨. ઓગણત્રીસ પાપશ્રુતપ્રસંગ ....................૧૨૬
૨૦૩. ત્રીસ મોહનીય સ્થાનો ....................૧૨૭

## ❖ દ્રવ્યાનુયોગ સંબંધી ❖

### -: ક્ષેત્ર :-


૨૦૪. 'છ' દ્રવ્યો ..........................................૧૨૮
૨૦૫. ચૌદ રાજલોકનું પ્રમાણ ..............................૧૨૮
૨૦૬. અઢીદ્વીપમાં ચંદ્ર સૂર્ય ..................................૧૨૯
૨૦૭. પૃથ્વીથી જ્યોતિષચક્ર (સૂર્ય-ચંદ્રાદિ) કેટલું દૂર ચાલે છે ? ..૧૨૯
૨૦૮. જંબુદ્વીપની જગતિ.....................................૧૨૯
૨૦૯. આગમ પુરુષ ..........................................૧૩૦
૨૧૦. ત્રસનાડીસ્વરૂપ ........................................૧૩૦
૨૧૧. અલોકમહત્તાદષ્ટાંત ....................................૧૩૧
૨૧૨. પ્રમાણાંગુલ એટલે શું ? ..............................૧૩૧
૨૧૩. શરીર, પર્વત, વિમાનાદિકનું પ્રમાણ
કયા અંગુલ વડે મપાય ? ............................૧૩૨
૨૧૪. પૃથ્વીકાય અને વનસ્પતિકાયઃ એમ
બંને જાતિનાં કમળો .................................૧૩૨
૨૧૫. કુડવ-પ્રસ્થ આદિનું માન .............................૧૩૩
૨૧૬. કાળ કરતાં ક્ષેત્ર સૂક્ષ્મ,
તેનાથી દ્રવ્ય અને તેનાથી ભાવ સૂક્ષ્મ ..................૧૩૩


### -: ગતિ :-


૨૧૭. સાત ગતિ ..........................................૧૩૪
૨૧૮. સાતમી નરકમાં કેટલા રોગો છે ? .....................૧૩૪
૨૧૯. હાલમાં દેવગતિ અને નરક કેટલા સુધી ? .............૧૩૪
૨૨૦. કેટલા સંઘયણવાળા કયા દેવલોકમાં જાય ?............૧૩૪
૨૨૧. ચોસઠ ઈન્દ્રોનાં નામ ..................................૧૩૫
૨૨૨. એક ક્રોડ સાઠ લાખ કળશોનું વર્ણન ...................૧૩૬
૨૨૩. દેવોના વિષયભોગ અને દેવીઓની ઉત્પત્તિ ............૧૩૬
૨૨૪. એક ઈન્દ્રના ભવમાં દેવીઓ કેટલી થાય ? ............૧૩૭
૨૨૫. નલિનીગુલ્મ વિમાન..................................૧૩૭





૨૨૬. દેવગતિમાં કયા કયા જીવો આવી આવી ઊપજે તે ......૧૩૭
૨૨૭. દેવતાને નિદ્રા હોય ..................................૧૩૯
૨૨૮. સંમૂર્ચ્છિમ મનુષ્યને ઊપજવાનાં ચૌદ સ્થાનો ...........૧૩૯
૨૨૯. સાત ધાતુનાં નામ ....................................૧૩૯
૨૩૦. કાર્મણ શરીર .........................................૧૩૯
૨૩૧. કયા જીવને કેટલાં સંઘયણ હોય ? .....................૧૪૦
૨૩૨. 'છ' સંસ્થાન : કોને કેટલાં હોય ? ....................૧૪૦
૨૩૩. પાંચમા આરામાં સંઘયણ અને સંસ્થાન કેટલાં હોય ? ...૧૪૦
૨૩૪. સ્વકાયસ્થિતિ .........................................૧૪૦
૨૩૫. યોનિની સંખ્યા........................................૧૪૨
૨૩૬. કુલકોટીસંખ્યા........................................૧૪૨
૨૩૭. યોનિસંખ્યા સામે કુલકોટીસંખ્યા .......................૧૪૨
૨૩૮. એક પુત્રને નવસો પિતા ...............................૧૪૩


### -: કાળ :-


૨૩૯. એક પૂર્વનાં વર્ષ.......................................૧૪૪
૨૪૦. કોણ કયા અનંતે ? ....................................૧૪૪
૨૪૧. ચાર પ્રકારે ઉપરાઉપર અનંતા .........................૧૪૪
૨૪૨. ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં
ધર્મનું અસ્તિત્વ ક્યારે ? ...............................૧૪૪
૨૪૩. અવસર્પિણીના 'છ' આરાનું વર્ણન ....................૧૪૫
૨૪૪. પલ્યોપમનું વર્ણન ....................................૧૪૫
૨૪૫. સંખ્યાત-અસંખ્યાત કાળ .............................૧૪૬
૨૪૬. સોપક્રમ-નિરુપક્રમ આયુષ્ય ..........................૧૪૭
૨૪૭. ગર્ભજ પર્યાપ્તા તિર્યંચોનાં આયુષ્ય તથા બીજાં આયુષ્ય ..૧૪૯
૨૪૮. અઢાર ભાવદિશા......................................૧૫૧
૨૪૯. મરણ સમયે કઇ લેશ્યા ...............................૧૫૨


## ❖ પ્રકીર્ણક ❖


૨૫૦. દેવતાઓ કેટલાં કારણથી મનુષ્યલોકમાં આવે ? ........૧૫૨
૨૫૧. નિકાચિત કર્મ.........................................૧૫૨

૨૫૨. પાંચ કારણ ........................................ ૧૫૩
૨૫૩. શૌચ પાંચ પ્રકારે .................................... ૧૫૩
૨૫૪. છ ઋતુઓ ........................................ ૧૫૩
૨૫૫. સાત ઈતિ ......................................... ૧૫૪
૨૫૬. વર્તમાન ચોવીસીમાં થયેલા અભવ્યો .................. ૧૫૪
૨૫૭. સોળ શણગાર ..................................... ૧૫૪
૨૫૮. ચૌદ આભરણો ..................................... ૧૫૪
❖ વિવિધ વિષય વિચારમાળા ભા.૭માંથી ............... ૧૫૫

# અંશો શાસ્ત્રોના

## નવપદ સંબંધી

**૧. અરિહંત ભગવાનના બાર ગુણ :**

(૧) **અશોકવૃક્ષ :** જ્યાં ભગવંતનું સમવસરણ રચાય છે ત્યાં ભગવંતના દેહથી બારગણું આસોપાલવનું વૃક્ષ દેવતા રચે છે. જેની નીચે બેસી ભગવંત ઉપદેશ આપે છે તે.

(૨) **સુરપુષ્પવૃષ્ટિ :** એક યોજનપ્રમાણ સમવસરણભૂમિમાં જળ-સ્થળમાં ઉત્પન્ન થયેલાં સુગંધી પંચવર્ણાં સચિત્ત ફૂલોની વૃષ્ટિ ઢીંચણપ્રમાણ દેવતા કરે છે તે.

(૩) **દિવ્ય-ધ્વનિ :** ભગવંતની વાણીને માલકૌંસ રાગ, વીણા, વાંસળી આદિકના સ્વર વડે દેવતા પૂરે તે.

(૪) **ચામર :** રત્નજડિત સુવર્ણની દાંડીવાળાં ચાર જોડી શ્વેત ચામરો સમવસરણમાં દેવતાઓ ભગવંતને વીંઝે છે તે.

(૫) **આસન :** ભગવંતને બેસવાને રત્નજડિત સુવર્ણમય સિંહાસન દેવતાઓ સમવસરણમાં રચે છે તે.

(૬) **ભામંડળ :** ભગવંતના મસ્તકની પાછળ શરદઋતુના સૂર્યના કિરણ જેવું ઉગ્ર તેજવાળું ભામંડળ દેવતા રચે છે તે. જે ભગવંતના તેજને પોતાના તેજમાં સંહરી લે છે. તે ન હોય તો ભગવંતના મુખ સામે જોઈ શકાય નહીં.

(૭) **દુદુંભિ :** ભગવંતના સમવસરણ વખતે દેવતાઓ દેવ-દુદુંભિ વગેરે વાજિંત્રો વગાડે છે. તે એમ સૂચવે છે કે હે ભવ્ય જીવો ! તમે શિવપુરના સાર્થવાહ તુલ્ય આ ભગવંતને સેવો.

(૮) **છત્ર :** સમવસરણમાં ભગવંતના મસ્તક ઉપર ઉપરાઉપર શરદઋતુના ચંદ્રતુલ્ય ઉજ્જવળ મોતીની હારોએ સુશોભિત ત્રણ ત્રણ છત્રો દેવતાઓ રચે છે તે. ભગવંત સમવસરણમાં પૂર્વાભિમુખે બેસે છે અને બીજી ત્રણ દિશાઓમાં ભગવંતના જેવાં પ્રતિબિંબો દેવતાઓ સ્થાપે છે તેથી બાર છત્ર સમવસરણનાં હોય છે. તે એમ સૂચવે છે

કે— ત્રણ ભુવનના સ્વામી એવા આ ભગવંતને હે ભવ્યો ! તમે સેવો. સમવસરણ ન હોય ત્યારે પણ આઠ પ્રાતિહાર્ય તો હોય છે.

❖ **અતિશય** એટલે ઉત્કૃષ્ટતા, વિશિષ્ટ ચમત્કારવાળા ચાર ગુણો :

(૯) **અપાયાપગમાતિશય :** (અપાય એટલે ઉપદ્રવ તેનો અપગમ એટલે નાશ) બે પ્રકારના છે.

(અ) **સ્વાશ્રયી :** એટલે પોતાના સંબંધમાં અપાય એટલે ઉપદ્રવનો દ્રવ્યથી અને ભાવથી નાશ કર્યો છે તે.

**દ્રવ્યથી ઉપદ્રવ** : સર્વ રોગો પોતાના ક્ષય થઇ ગયા હોય છે.

**ભાવથી ઉપદ્રવ** : અંતરંગ એવાં અઢાર દૂષણ કે જે નીચે પ્રમાણે છે : (૧) દાનાંતરાય (૨) લાભાંતરાય (૩) વીર્યાંતરાય (૪) ભોગાંતરાય (૫) ઉપભોગાંતરાય (૬) હાસ્ય (૭) રતિ (૮) અરતિ (૯) ભય (૧૦) શોક (૧૧) જુગુપ્સા (૧૨) કામ (૧૩) મિથ્યાત્વ (૧૪) અજ્ઞાન (૧૫) નિદ્રા (૧૬) અવિરતિ (૧૭) રાગ (૧૮) દ્વેષ. (બીજી રીતે પાન ૮ ઉપર)

(બ) **પરાશ્રયી :** એટલે જેનાથી પારકાના ઉપદ્રવ નાશ પામે એટલે જ્યાં ભગવંત વિચરે ત્યાં દરેક દિશામાં મળીને સવાસો યોજન સુધીમાં પ્રાયઃ રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ આદિ થાય નહીં.

(૧૦) **જ્ઞાનાતિશય :** જેનાથી ભગવાન લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે તે. કારણ કે તેમને કેવળજ્ઞાન હોય છે. તેથી તેમને કોઇ પણ વિષયમાં અજ્ઞાન હોતું નથી.

(૧૧) **પૂજાતિશય :** જેનાથી શ્રી તીર્થંકરભગવંત સર્વને પૂજ્ય બને છે એટલે ભગવંતની પૂજા; રાજા, બળદેવ, દેવતા, ઈન્દ્રાદિ કરે છે અગર કરવાની અભિલાષા કરે છે તે.

(૧૨) **વચનાતિશય :** જેનાથી શ્રી તીર્થંકર ભગવંતની વાણી દેવ, મનુષ્ય, તિર્યંચને પોતપોતાની ભાષામાં સમજાય છે. કારણ કે તેમની વાણી સંસ્કારાદિક ગુણવાળી છે. આ વાણી પાંત્રીસ ગુણસહિત છે. તે ગુણો ક્રમાંક નંબર ચૌદમાં બતાવ્યા પ્રમાણે જાણવા.

❖ ❖ ❖



## ૨. સિદ્ધ ભગવાનના આઠ ગુણ :

(૧) **અનંતજ્ઞાન :** જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણે છે.

(૨) **અનંતદર્શન :** દર્શનાવરણીયકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે દેખે છે.

(૩) **અવ્યાબાધ સુખ :** વેદનીયકર્મનો ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડા-રહિત નિરુપાધિકપણું પ્રાપ્ત થાય છે.

(૪) **અનંત ચારિત્ર :** મોહનીયકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે.

(૫) **અક્ષયસ્થિતિ :** આયુષ્યકર્મનો ક્ષય થવાથી નાશ નહીં થાય એવી અનંત સ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિની આદિ છે પણ અંત નથી. તેથી સાદિઅનંતસ્થિતિ કહેવાય છે.

(૬) **અરૂપીપણું :** નામકર્મનો ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત થાય છે. કેમ કે શરીર હોય તો એ ગુણો રહે છે પણ સિદ્ધને શરીર નથી તેથી અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

(૭) **અગુરુલઘુ :** ગોત્રકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે તેથી ભારે, હળવો અથવા ઊંચ-નીચપણાનો વ્યવહાર રહેતો નથી.

(૮) **અનંતવીર્ય :** અંતરાયકર્મનો ક્ષય થવાથી અનંતદાન, અનંતલાભ, અનંતભોગ, અનંતઉપભોગ અને અનંતવીર્ય શક્તિ પ્રાપ્ત થાય છે. સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે તેવી શક્તિ સ્વાભાવિક સિદ્ધમાં રહેલી હોય છે છતાં તેવું વીર્ય કદી ફોરવતા નથી અને ફોરવશે નહીં. કેમ કે પુદ્ગલ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી. એ ગુણથી પોતાના આત્મિક ગુણોને છે તેવાને તેવારૂપે ધારી રાખે છે, ફેરફાર થવા દેતા નથી.

❖ ❖ ❖

## ૩. આચાર્ય મહારાજના છત્રીસ ગુણ :

**(૧) સ્પર્શનેન્દ્રિય (૨) રસનેન્દ્રિય (૩) ઘ્રાણેન્દ્રિય (૪) નેત્રેન્દ્રિય (૫) શ્રોત્રેન્દ્રિય** : આ પાંચ ઈન્દ્રિયોના ત્રેવીશ વિષયોમાં મનગમતા ઉપર રાગ અને અણગમતા ઉપર દ્વેષ આચાર્ય મહારાજ કરે નહીં.

❖ **બ્રહ્મચર્યની નવ (૯) પ્રકારની ગુપ્તિ એટલે શિયલની નવવાડોને જાળવી રાખે. તે નવ ગુણ નીચે પ્રમાણે :** (૧) સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં ન હોય ત્યાં વસે. (૨) સ્ત્રીની સાથે રાગથી વાતો ન કરે. (૩) સ્ત્રી બેઠી હોય તે આસને પુરુષ બે ઘડી સુધી બેસે નહીં અને પુરુષ બેઠો હોય તે આસને સ્ત્રી ત્રણ પહોર સુધી બેસે નહીં. (૧ પહોર તત્ત્વાર્થ વિવે.પા. ૫૬૫ માં વિ.રાજશેખર મ. મહેસાણાવાળી)(૪) રાગ વડે સ્ત્રીનાં અંગોપાંગ જુએ નહીં. (૫) સ્ત્રી-પુરુષ સૂતા હોય અગર કામભોગની વાત કરતા હોય ત્યાં ભીંતના અંતરે રહે નહીં. (૬) અગાઉ ભોગવેલા વિષયાદિને સંભારે નહીં. (૭) સ્નિગ્ધ આહાર કરે નહીં. (૮) નીરસ એવો પણ અધિક આહાર કરે નહીં. (૯) શરીરની શોભા ટાપટીપ કરે નહીં.

❖ **કષાયના ત્યાગના ચાર (૪) ગુણ :** (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ - આ ચાર કષાય આચાર્યભગવંત કરે નહીં.

❖ **પાંચ મહાવ્રતના પાંચ (૫) ગુણ :**

(૧) **પ્રાણાતિપાતવિરમણ :** કોઇ જીવનો વધ કરવો નહીં.

(૨) **મૃષાવાદવિરમણ :** ગમે તેવું કષ્ટ આવી પડે તોપણ અસત્ય વચન બોલવું નહીં.

(૩) **અદત્તાદાનવિરમણ :** કોઈની નહિ આપેલી નજીવી ચીજ પણ લેવી નહીં.

(૪) **મૈથુનવિરમણ :** મન, વચન, કાયાએ કરી બ્રહ્મચર્ય પાળવું. વિષય-સુખ ભોગવવા નહીં.

(૫) **પરિગ્રહવિરમણ :** કોઇ પણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં તેમ જ ધર્મોપકરણ, પુસ્તકાદિ વસ્તુ પોતાની પાસે હોય તેના પર મૂર્ચ્છા રાખવી નહીં. એ પંચ મહાવ્રત આચાર્ય ભગવંત પાળે છે.

❖ **આચારના પાંચ (૫) ગુણ :**

(૧) **જ્ઞાનાચાર :** જ્ઞાન ભણે, ભણાવે, લખે-લખાવે; જ્ઞાનભંડાર કરે-કરાવે, ભણનારને સહાય આપે.

(૨) **દર્શનાચાર :** શુદ્ધ સમ્યક્ત્વને પોતે પાળે, બીજાને પળાવે અને સમ્યક્ત્વથી પડતાને સમજાવી સ્થિર કરે.



(૩) **ચારિત્રાચાર :** પોતે શુદ્ધ ચારિત્ર પાળે અને બીજાને પળાવે તેમ જ પાળનારને અનુમોદે.

(૪) **તપાચાર :** છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારના તપ પોતે કરે, કરાવે અને કરતાને અનુમોદે.

(૫) **વીર્યાચાર :** ધર્મક્રિયા કરવામાં છતી શક્તિ ગોપવે નહીં તથા તમામ આચાર પાળવામાં વીર્યશક્તિ સંપૂર્ણ રીતે ફોરવે.

❖ **સમિતિના પાંચ (૫) ગુણ :**

(૧) **ઈર્યાસમિતિ :** સાડા ત્રણ હાથ મુખ આગળ દૃષ્ટિ નીચી રાખીને ચાલવું.

(૨) **ભાષાસમિતિ :** સાવદ્યવચન બોલવું નહીં.

(૩) **એષણાસમિતિ :** અપ્રાસુક આહારપાણી વહોરવાં નહીં.

(૪) **આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ :** વસ્ત્ર, પાત્ર, અણપૂંજી ભૂમિ ઉપર લેવું-મૂકવું નહીં.

(૫) **પારિષ્ઠાપનિકાસમિતિ :** મળમૂત્ર અણપૂંજી જીવાકુલ ભૂમિકામાંહે પરઠવવાં નહીં.

❖ **ગુપ્તિના ત્રણ (૩) ગુણ :**

(૧) **મનગુપ્તિ :** મનમાં આર્તરૌદ્ર ધ્યાન ધ્યાવે નહીં.

(૨) **વચનગુપ્તિ :** નિરવદ્ય વચન પણ કારણ વિના બોલવાં નહીં.

(૩) **કાયગુપ્તિ :** શરીર અણપડિલેહ્યું હલાવવું નહીં.

૫ ઈન્દ્રિયના વિષયને રોકવા, ૯ બ્રહ્મચર્યની વાડ, ૪ કષાયથી રહિત, ૫ મહાવ્રત, ૫ આચાર, ૫ સમિતિ, ૩ ગુપ્તિનું પાલન મળી ૩૬ ગુણ આચાર્યમહારાજના.

❖ ❖ ❖

## ૪. ઉપાધ્યાયમહારાજના પચ્ચીસ ગુણ :

✧ **૧૧ અંગ :** (૧) આચારાંગ (૨) સૂયગડાંગ (૩) ઠાણાંગ (૪) સમવાયાંગ (૫) ભગવતી (૬) જ્ઞાતા-ધર્મકથા (૭) ઉપાશકદશાંગ (૮) અંતગડ (૯) અનુત્તરોવવાઇ (૧૦) પ્રશ્નવ્યાકરણ (૧૧) વિપાક - એ અગિયાર અંગ.

✧ **૧૨ ઉપાંગ :** (૧) ઉવવાઇ (૨) રાયપસેણી (૩) જીવાભિગમ (૪) પન્નવણા (૫) જંબુદ્વીપપન્નત્તિ (૬) ચંદ્રપન્નત્તિ (૭) સૂરપન્નત્તિ (૮)

કપ્પિયા (૯) કપ્પવડંસિયા (૧૦) પુપ્ફિયા (૧૧) પુપ્ફચૂલિયા (૧૨) વન્હિ દશાંગ - એ બાર ઉપાંગને ભણે ભણાવે તેથી ૨૩ ગુણ. **(૨૪) ચરણસિત્તરી (૨૫) કરણસિત્તરી** ને પાળે એમ પચ્ચીસ ગુણ ઉપાધ્યાયભગવંતના થયા.

✦ ✦ ✦

## ૫. સાધુ મહારાજના સત્તાવીશ ગુણ :

(૧) પ્રાણાતિપાતવિરમણ (૨) મૃષાવાદવિરમણ (૩) અદત્તાદાન-વિરમણ (૪) મૈથુનવિરમણ (૫) પરિગ્રહવિરમણ - એ પાંચ મહાવ્રત અને (૬) રાત્રિભોજનવિરમણ એ છ વ્રતને પાળે. (૭-૧૨) પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસકાય : એ છ કાયની રક્ષા કરે. (૧૩-૧૭) પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ કરે એટલે એના વિષયવિકારોને રોકે. (૧૮) લોભનો નિગ્રહ. (૧૯) ક્ષમાનું ધારણ કરવું. (૨૦) ચિત્તની નિર્મળતા રાખવી. (૨૧) વિશુદ્ધ રીતે વસ્ત્રની પડિલેહણા કરવી. (૨૨) સંયમયોગમાં પ્રવૃત્ત રહેવું. (૫ સમિતિ, ત્રણ ગુપ્તિ આદરવા, નિદ્રા અને અવિવેક ત્યજવા.) (૨૩) અકુશલ મનનો સંરોધ એટલે માઠા માર્ગે જતાં મનને રોકવું. (૨૪) અકુશલ વચનનો સંરોધ. (૨૫) અકુશલ કાયાનો સંરોધ. (૨૬) શીતાદિ પરિસહ સહન કરવા. (૨૭) મરણાદિ ઉપસર્ગ સહેવા - એમ સત્તાવીશ ગુણ સાધુના થયા.

✦ ✦ ✦

## ૬. નવપદનાં નામ તથા વર્ણ :

(૧) અરિહંત-શ્વેત (૨) સિદ્ધ-રક્ત (૩) આચાર્ય-પીળા (૪) ઉપાધ્યાય-નીલ (૫) સાધુ-શ્યામ (૬) દર્શન (૭) જ્ઞાન (૮) ચારિત્ર (૯) તપ - આ ચાર શ્વેત વર્ણનાં છે.

✦ ✦ ✦

## ૭. નવકારમંત્રની મહત્તા :

નવકારમંત્રનો એક અક્ષર સાત સાગરોપમ, એક પદ પચાસ સાગરોપમ અને આખા નવકારમંત્રનો જાપ પાંચસો સાગરોપમના પાપને હણે છે. (અસંખ્યાત વર્ષનો એક સાગરોપમ થાય.)

✦ ✦ ✦



## ૮. નવકારમંત્ર નંદાવર્ત-શંખાવર્ત વગેરે :

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૯ | ૧૦ | ૩ | ૪ | ૫ | ૧૨ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨ | ૭ | ૬ | ૧૧ | ૨ | ૭ | ૬ | ૧૧ | ૫ | ૨ | ૧ | ૧૦ |
| ૩ | ૪ | ૫ | ૧૨ | ૧ | ૮ | ૯ | ૧૦ | ૪ | ૩ | ૧૨ | ૧૧ |
| નંદાવર્ત | | | | મતાંતરે નંદાવર્ત | | | | શંખાવર્ત | | | |

આ આવર્તમાં બાર બાર અંક છે તે ક્રમથી ચાર આંગળીઓના ત્રણ ત્રણ વેઢા દ્વારા ગણવાથી તે તે આવર્તો બને છે.

✦ ✦ ✦

## ૯. વીશ સ્થાનક :

(૧) અરિહંત-૧૨ (૨) સિદ્ધ-૩૧ કે ૧૫ (૩) પ્રવચન-૨૭ કે ૭ (૪) આચાર્ય (ગુરુ)-૩૬ (૫) સ્થવિર-૧૦ (૬) ઉપાધ્યાય (બહુશ્રુત)-૨૫ (૭) સાધુ-૨૭ (૮) જ્ઞાન-૫૧ કે ૫ (૯) દર્શન-૬૭ (૧૦) વિનય-૫૨-૧૦ (૧૧) ચારિત્ર (આવશ્યક)-૭૦-૧૭ (૧૨) બ્રહ્મચર્ય-૧૮ (શીલ-૯) (૧૩) ક્રિયા-૨૫ (૧૪) તપ-૧૨ (૧૫) ગૌતમ-૧૧ ધ્યાન-દાન-૨૮ (૧૬) જિન-૨૦ (વૈયાવચ્ચ-૨૪-૧૦) (૧૭) સંયમ-૧૭ (સમાધિ-૭૦) (૧૮) અભિનવજ્ઞાન-૫૧ (૧૯) શ્રુતપદ-૨૦-૪૫ અને (૨૦) તીર્થપદ-૩૮ ગુણ અથવા (પ્રવચનપ્રભાવક-૨૦).

✦ ✦ ✦

## ૧૦. એકાંતિક અને આત્યંતિક એટલે ?

એકાંતિક એટલે દુઃખના લેશ વિનાનું શુદ્ધ.

આત્યંતિક એટલે કદાપિ નાશ નહીં પામનારું શાશ્વત-અમર.

મોક્ષમાં આ બંને શ્રેષ્ઠ હિત (સુખ) મળે છે.

✦ ✦ ✦

## ૧૧. સિદ્ધના એકત્રીસ આદિગુણો :

**(પગામસિજ્જાના અર્થમાં)**

ક્રમિક નહીં પણ સિદ્ધાવસ્થાના પ્રારંભમાં જ એકસાથે પ્રગટ થતા હોવાથી આદિગુણો કહ્યા છે, તે એકત્રીસ ગુણો શુક્લાદિ પાંચવર્ણો, સુરભિ દુરભિ બે ગંધ, મધુર આદિ પાંચ રસો, ગુરુ-લઘુ આદિ આઠ સ્પર્શ = ૨૦ + પુરુષ વેદાદિ ત્રણ વેદો = ૨૩, ગોળ, ચોરસ આદિ પાંચ સંસ્થાનો

(આકારો) = ૨૮ : એ ૨૮નો અભાવ તથા અશરીરપણું, અસંગપણું અને જન્મરહિતપણું : એમ ૩૧ ગુણો અથવા બીજી રીતે પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય, નવ પ્રકારનું દર્શનાવરણીય, બે પ્રકારે વેદનીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એ બે પ્રકારે મોહનીય, ચાર પ્રકારનું આયુષ્ય, શુભ અને અશુભ : એમ બે પ્રકારે નામકર્મ, બે પ્રકારે ગોત્રકર્મ અને પાંચ પ્રકારનું અંતરાયકર્મ (૫ + ૯ + ૨ + ૨ + ૪ + ૨ + ૨ + ૫ = ૩૧) એમ આઠ મૂળ કર્મપ્રકૃતિના એકત્રીસ ઉત્તર પ્રકારના કર્મનો ક્ષય થવા રૂપ સિદ્ધના એકત્રીસ આદિગુણો થાય છે.

**संठाण-वण्ण-गंध-रस-फास-तणु-वेय-संग-जणि-रहियं ।**
**एगतीसगुणसमिद्धं, सिद्धं बुद्धं च वंदेमो ॥** (રત્નસંચય ગા.૩૫૧)

❖ ❖ ❖

### ૧૨. શ્રીપાલમહારાજા કોના સમયમાં થયા ? :

શ્રીપાલમહારાજા એકમતે વાસુપૂજ્યસ્વામી અને એકમતે મુનિસુવ્રત-સ્વામીના સમયમાં થયા તેવું 'આતમના અજવાળા' પા. ૩૧૦માં જણાવ્યું છે. લેખક - પૂ. પ્રવીણવિ.મ.

❖ ❖ ❖

## અરિહંત સંબંધી

### ૧૩. તીર્થંકરભગવંતનાં ગયેલાં અઢાર દૂષણો :

(૧) હિંસા (૨) અલીક (જૂઠ) (૩) અદત્ત (૪) ક્રીડા (૫) હાસ્ય (૬) રતિ (૭) અરતિ (૮) શોક (૯) ભય (૧૦) ક્રોધ (૧૧) માન (૧૨) માયા (૧૩) લોભ (૧૪) મદ (૧૫) પરિગ્રહ (૧૬) મત્સર (૧૭) અજ્ઞાન (૧૮) નિદ્રા.

(૫ અવ્રત, ૫ હાસ્યાદિ, ૪ ક્રોધાદિ, મદ, મત્સર, અજ્ઞાન, નિદ્રા)
(બીજી રીતે પાન-૨ ઉપર)

❖ ❖ ❖

### ૧૪. વાણીના પાંત્રીશ ગુણો :

(૧) સર્વ ઠેકાણે સમજાય તેવી. (૨) યોજન સુધી સંભળાય તેવી. (૩) પ્રૌઢ. (૪) મેઘજેવી ગંભીર. (૫) શબ્દ વડે સ્પષ્ટ. (૬) સંતોષકારક.



(૭) દરેક મનુષ્ય એમ જાણે કે મને જ કહે છે એવી. (૮) પુષ્ટ અર્થવાળી. (૯) પૂર્વાપર અર્થવાળી. (૧૦) મહાપુરુષને છાજે એવી. (૧૧) સંદેહ વગરની. (૧૨) દૂષણરહિત અર્થવાળી. (૧૩) કઠણ વિષયને સહેલો કરે એવી. (૧૪) જ્યાં જેવું શોભે તેવું બોલાય એવી. (૧૫) ષડ્દ્રવ્ય અને નવતત્ત્વને પુષ્ટ કરે એવી. (૧૬) પ્રયોજનસહિત. (૧૭) પદરચનાસહિત. (૧૮) ષડ્દ્રવ્ય નવ તત્ત્વે પટુતાસહિત. (૧૯) મધુર. (૨૦) પારકો મર્મ જણાઇ ન આવે એવી ચતુરાઈવાળી. (૨૧) ધર્મ-અર્થ-પ્રતિબદ્ધ. (૨૨) દીપસમાન પ્રકાશ કરનારી અર્થસહિત. (૨૩) પરનિંદા અને પોતાના વખાણ વગરની. (૨૪) કર્તા, કર્મ, કાળ, વિભક્તિસહિત. (૨૫) આશ્ચર્યકારી. (૨૬) વક્તા સર્વગુણસંપન્ન છે એવું લાગે તેવી. (૨૭) ધૈર્યવાળી. (૨૮) વિલંબરહિત. (૨૯) ભ્રાંતિરહિત. (૩૦) સર્વ પોત-પોતાની ભાષામાં સમજે એવી. (૩૧) શિષ્ટ બુદ્ધિ ઉપજાવે એવી. (૩૨) પદના અર્થને અનેક પ્રકારે વિશેષ આરોપણ કરી બોલે તેવી. (૩૩) સાહસિકપણે બોલે તેવી. (૩૪) પુનરુક્તિ દોષ વગરની. (૩૫) સાંભળનારને ખેદ ન ઊપજે એવી.

આઠ પ્રાતિહાર્યના અને ચાર મૂળ અતિશયના મળી બાર ગુણ અરિહંત ભગવંતના જાણવા.

❖ ❖ ❖

### ૧૫. અરિહંત ભગવાનના ચોત્રીશ અતિશય :

(૧) શરીર અનંતરૂપમય, સુગંધમય, રોગરહિત, પરસેવારહિત મેલરહિત. (૨) રુધિર તથા માંસ ગાયના દૂધ સમાન ધોળા અને દુર્ગંધ-રહિત હોય. (૩) આહાર તથા નિહાર ચર્મચક્ષુથી અદશ્ય હોય. (૪) શ્વાસોશ્વાસમાં કમળજેવી સુગંધ હોય. આ ચાર અતિશય જન્મથી જ હોય તેથી તેને સ્વાભાવિક સહજાતિશય અથવા મૂલાતિશય કહેવાય છે.

(૫) યોજનપ્રમાણ સમવસરણમાં મનુષ્ય દેવ અને તિર્યંચની કોડાકોડી સમાય અને તેમને બાધા થાય નહીં. (૬) ચારે બાજુ પચ્ચીસ પચ્ચીસ યોજન સુધી પૂર્વોત્પન્ન રોગ ઉપશમે અને નવા રોગ થાય નહીં. (૭) વૈરભાવ જાય. (૮) મરકી થાય નહીં. (૯) અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાંત

વરસાદ થાય નહીં. (૧૦) અનાવૃષ્ટિ એટલે હદથી ઓછો વરસાદ થાય નહીં. (૧૧) દુર્ભિક્ષ એટલે દુકાળ પડે નહીં. (૧૨) સ્વચક્ર, પરચક્રનો ભય હોય નહીં. (૧૩) ભગવંતની ભાષા મનુષ્ય, તિર્યંચ અને દેવતા પોતપોતાની ભાષામાં સમજે. (વાણી પાંત્રીશ ગુણવાળી હોય છે. પા.નં. ૮ માં છે.) (૧૪) ભગવંતની વાણી એક યોજન સુધી સરખી સંભળાય. (૧૫) સૂર્યથી બારગણા તેજવાળું ભામંડળ હોય છે. (આ ૫ થી ૧૫ અતિશયો કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે તેથી તે કર્મક્ષયજ-અતિશય કહેવાય છે. ૬ થી ૧૨ સુધીમાં જણાવેલા રોગાદિક સાત ઉપદ્રવો ભગવંત વિહાર કરે ત્યારે પણ ચારે દિશાએ ફરતા પચીસ પચીસ યોજન સુધી ન હોય.) (૧૬) આકાશમાં ધર્મચક્ર હોય. (૧૭) બાર જોડી (ચોવીશ) ચામર અણવીંઝ્યાં વીંઝાય. (૧૮) પાદપીઠસહિત સ્ફટિકરત્નનું ઉજ્જવળ સિંહાસન હોય. (૧૯) ત્રણ-ત્રણ છત્ર દરેક દિશાએ હોય. (૨૦) રત્નમય ધર્મધ્વજ હોય. (તેને ઇન્દ્રધ્વજ પણ કહે છે.) (૨૧) નવ સુવર્ણ કમળ ઉપર ચાલે. (બે ઉપર પગ મૂકે અને સાત પાછળ રહે. તેમાંથી વારાફરતી બે-બે આગળ આવે.) (૨૨) મણિ, સુવર્ણ અને રૂપાના એ રીતે ત્રણ ગઢ હોય. (૨૩) ચાર મુખે કરી ધર્મદેશના દે છે તેમ દેખાય. (પૂર્વદિશાએ ભગવંત બેસે. બાકીની ત્રણ દિશાએ ત્રણ પ્રતિબિંબ વ્યંતરદેવ સ્થાપે છે.) (૨૪) સ્વશરીરથી બારગણું ઊંચું અશોકવૃક્ષ છત્ર, ઘંટ, પતાકાદિથી યુક્ત હોય છે. (૨૫) કાંટા અધોમુખ એટલે અવળા થઇ જાય. (૨૬) ચાલતી વખતે સર્વ વૃક્ષ નમી પ્રણામ કરે. (૨૭) ચાલતી વખતે આકાશમાં દુંદુભિ વાગે. (૨૮) યોજનપ્રમાણ અનુકૂળ વાયુ હોય. (૨૯) મોર વગેરે શુભ પક્ષીઓ પ્રદક્ષિણા કરતા ફરે. (૩૦) સુગંધી જળની વૃષ્ટિ થાય. (૩૧) જળ-સ્થળમાં ઊપજેલાં પંચવર્ણવાળાં ફૂલની ઢીંચણપ્રમાણ વૃષ્ટિ થાય. (૩૨) કેશ, રોમ, દાઢી, મૂછના વાળ અને નખ સંયમ લીધા પછી વધે નહીં. (૩૩) જઘન્યપણે ચારે નિકાયના ક્રોડ દેવતા પાસે રહે. (૩૪) સર્વ ઋતુઓ અનુકૂળ રહે.

આ છેલ્લા ૧૬ થી ૩૪ સુધીના ઓગણીશ અતિશયો દેવતા કરે છે તેથી તે દેવકૃતાતિશય કહેવાય છે. આ ચોત્રીશ અતિશયનો જે ચાર અતિશયમાં સમાવેશ થાય છે તે અરિહંતના ગુણનું વર્ણન કરતાં અગાઉ જણાવ્યું છે.



**૪ અતિશય જન્મથી - સહજાતિશય અથવા મૂલાતિશય કહેવાય. ૧૧ અતિશય કેવળજ્ઞાન થાય ત્યારે થાય તે કર્મક્ષયજાતિશય કહેવાય. ૧૯ અતિશય દેવતા કરે તે દેવકૃતાતિશય કહેવાય. આ રીતે ૩૪ અતિશય થયા.**

## ૧૬. લોગુત્તમાણં આદિ પાંચ વિશેષણનો અર્થ :

(૧) **લોગુત્તમાણં :** જેઓ લોકમાં ઉત્તમ છે તેઓને. અહીં 'લોક'થી સર્વ ભવ્ય પ્રાણીઓ લેવા.

(૨) **લોગનાહાણં :** લોકને યોગ અને ક્ષેમને કરનારાને (૧) અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરાવવી તે યોગ અને (૨) પ્રાપ્ત વસ્તુનું રક્ષણ કરવું તે ક્ષેમ કહેવાય છે. એ યોગ અને ક્ષેમને કરનારા હોવાથી તેઓ નાથ કહેવાય છે. અહીંયાં 'લોક'થી બધા ભવ્યો નહીં પણ વિશિષ્ટ ભવ્યો લેવા. ધર્મના બીજનું આધાન-સ્થાપન. ધર્મરૂપ અંકુરાનો પ્રાદુર્ભાવ અને તેનું પોષણ વગેરે કરનાર હોવાથી યોગને કરનારા છે તથા તેનું રાગદ્વેષાદિ આંતરશત્રુઓના ઉપદ્રવોથી રક્ષણ કરનારા હોવાથી ક્ષેમને કરનારા છે એટલે એવા વિશિષ્ટ ભવ્ય પ્રાણીરૂપ લોકના તેઓ નાથ છે. તે લોકના નાથને.

(૩) **લોગહિયાણં :** લોકનું હિત કરનારાને. અહીં 'લોક' શબ્દથી ચૌદરાજ લોકવર્તી એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના સર્વે વ્યવહારરાશિના જીવોનું ગ્રહણ કરવું, તેમનું હિત કરનારા.

(૪) **લોગપઈવાણં :** વિશિષ્ટ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોરૂપ લોકને પ્રકાશ કરનારા. કારણ કે વિશિષ્ટ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં તે તે પ્રકારની દેશનારૂપી જ્ઞાનનાં કિરણો વડે મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરીને યથાયોગ્ય જ્ઞેય ભાવોનો પ્રકાશ કરે છે. સમવસરણમાં સર્વને પ્રતિબોધ થતો નથી માટે વિશિષ્ટ સંજ્ઞી પ્રાણીઓ રૂપ લોકમાં પ્રદીપ સમાન હોવાથી 'લોક' શબ્દથી તેમનું ગ્રહણ કર્યું છે.

(૫) **લોગપજ્જોઅગરાણં :** લોકને સૂર્યવત્ પ્રદ્યોત કરનારા. અહીં 'લોક' શબ્દથી ચૌદ પૂર્વના જ્ઞાનવાળા વિશિષ્ટ મુનિઓ સમજવા. કારણ કે તેઓમાં જ નિશ્ચય સમકિત હોવાથી તેઓને તત્ત્વનો પ્રકાશ કરનારા ભગવંત છે. અહીં પ્રકાશ કરવા યોગ્ય જીવાદિ નવતત્ત્વ

સમજવાં. એવી યોગ્યતા ચૌદ પૂર્વધરોને જ હોય છે. માટે અહીં વિશિષ્ટ ચૌદ પૂર્વધરો રૂપ લોકમાં તત્ત્વોનો પ્રદ્યોત કરનારા ભગવંત લોકપ્રદ્યોત કહ્યા-જાણવા. (ગણધર ભગવંતને પ્રદ્યોત કરનારા - ધર્મસંગ્રહ ભાષાંતરમાંથી પાન-૪૦૪ માંથી.)

✦ ✦ ✦

**૧૭. ભગવાન હૈયામાં રહે તો...**

**हृदि स्थिते च भगवति क्लिष्टकर्मविगम इति । ६/४८**

**जलानलवदनयोर्विरोधादिति ॥ ६/४९** (ધર્મબિંદુ)

**અર્થ :** ભગવંત હૃદયમાં રહેવાથી ક્લિષ્ટ (મોહનીય) કર્મોનો નાશ થાય છે. કારણ કે પાણી અને અગ્નિનો પરસ્પર વિરોધભાવ છે.

✦ ✦ ✦

**૧૮. ચાર મહાગોપાદિ ઉપમા-અરિહંતની :**

(૧) મહાગોપ - છકાયરૂપ ગોકુળ - જીવસમૂહને પાળનારા હોવાથી.

(૨) મહામાહણ - જગતમાં દયાનો પડહ વજડાવનારા હોવાથી જગતના તાત એવા.

(૩) મહાનિર્યામક - સંસારસમુદ્રનો પાર પમાડનારા હોવાથી ભાવનિર્યામક.

(૪) મહાસાર્થવાહ - જગતના જીવોને મોક્ષમાર્ગે લઈ જતા હોવાથી.

✦ ✦ ✦

**૧૯. જઘન્યકાળે વીસ તીર્થંકર હોય તે :**

દરેક મહાવિદેહની ૮-૯-૨૪-૨૫ મી વિજયમાં એકેક હોય એટલે જંબુદ્વીપમાં ચાર, ધાતકી ખંડના પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહમાં આઠ અને પુષ્કરવરાર્ધના આઠ મળી વીશ તીર્થંકર હોય. હાલ તે પ્રમાણે છે. વિજયના આંક દરેક વખતે આ પ્રમાણે જ હોય તેમ નક્કી નથી.

✦ ✦ ✦

**૨૦. ઉત્કૃષ્ટકાળે એકસો સિત્તેર તીર્થંકર હોય તે :**

પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહની પૂર્વ-પશ્ચિમની મળી એકસો સાઈઠ વિજયમાં એમ એકસો સિત્તેર ઠેકાણે એકેક તીર્થંકર ઉત્કૃષ્ટ કાળે હોય. શ્રી અજિતનાથ સ્વામીના વારે તે પ્રમાણે હતા.

✦ ✦ ✦



**૨૧. ચાર અને બત્રીશ તીર્થંકરો :**

પૂર્વે કહેલી બત્રીશ વિજયોમાં ૧-૧ તીર્થંકર ગણવાથી ઉત્કૃષ્ટકાળે બત્રીશ તીર્થંકર હોય અને જઘન્યથી ચાર તીર્થંકર હોય. તે મહાવિદેહમાં તીર્થંકરપણે હોય. મતાંતરે બે તીર્થંકરો પણ મહાવિદેહમાં જ કહ્યા છે. (દંડક પ્રકરણમાંથી)

✦ ✦ ✦

**૨૨. જઘન્ય કાળે અને ઉત્કૃષ્ટ કાળે કેટલા તીર્થંકર હોય :**

મહાવિદેહક્ષેત્રમાં જઘન્ય કાળે વીસ તીર્થંકર હોય, તે એકેક તીર્થંકર એકેક લાખ પૂર્વના થાય તે વારે બીજા તીર્થંકરનો જન્મ થાય તથા ગર્ભમાંહે હોય : એમ ચોરાશી લાખ પૂર્વના આયુષ્યમાં ત્યાસી તીર્થંકર બીજા થાય. એવી રીતે સરવાળે જઘન્ય કાળે ૮૪ x ૨૦ = ૧૬૮૦ તીર્થંકર હોય અને જે કાળે એકસો સિત્તેર તીર્થંકર ઉત્કૃષ્ટ વિચરતા હોય તે વારે પાંચ મહાવિદેહની એકસો સાઈઠ વિજયના પ્રત્યેકના ૧૬૦ x ૮૪ = ૧૩૪૪૦માં પાંચ ભરત અને પાંચ ઐરવતના ૧૦ તીર્થંકર ભેળવતાં કુલ ૧૩૪૫૦ તીર્થંકર ઉત્કૃષ્ટકાળે હોય છે.

('અઢીદ્વીપના નકશાની હકીકત' પુસ્તકમાંથી પા. ૧૭માંથી)

✦ ✦ ✦

**૨૩. મહાવિદેહમાં સહચારી ચોર્યાશી તીર્થંકરોની પરંપરા :**

(૧) મહાવિદેહમાં અત્યારે જે વીશ વિહરમાન તીર્થંકરો છે તેમનો જન્મ સમકાળે શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથ સ્વામીના સમયના વચગાળામાં થયો છે.

(૨) આ વીસ તીર્થંકરોની દીક્ષા પણ સમકાળે જ શ્રી મુનિસુવ્રતસ્વામી અને શ્રી નમિનાથસ્વામીના સમયના વચગાળામાં થઈ છે.

(૩) આ વીસ તીર્થંકરોએ એક હજાર વર્ષ છદ્મસ્થ અવસ્થામાં પસાર કરી પછી સમકાળે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

(૪) આ વીસ તીર્થંકરો આવતી ચોવીસીમાં સાતમા અને આઠમા ઉદય અને પેઢાલ તીર્થંકરના સમયના વચગાળામાં સમકાળે મોક્ષે જશે.

(૫) આ પ્રત્યેક તીર્થંકરની પાંચશે ધનુષની કાયા, ચોર્યાશી ગણધરો, દશ લાખ કેવળજ્ઞાનીઓ, સો કોટી સાધુઓ અને સો કોટી સાધ્વીજીનો પરિવાર હોય છે.

(૬) મહાવિદેહની વીસ વિજયમાં આ એકેક તીર્થંકરની સાથે બીજા ત્યાસી સહચારી મળી ચોર્યાશી તીર્થંકરો છે. એમાંના એક કેવળજ્ઞાની છે. બાકીના ત્યાસી પૈકી કોઇ રાજા, કોઇ યુવાન, કોઇ બાળક એ રીતે છે. પ્રત્યેકનું આયુષ્ય ચોર્યાશી લાખ પૂર્વનું છે. આ ચોર્યાશી તીર્થંકરોમાંથી એક મોક્ષે જતાં ત્યાશીમા તીર્થંકરને કેવળજ્ઞાન થશે અને એ ચોર્યાશીમા ગણાશે. વળી એ સમયે એક તીર્થંકરનો જન્મ થશે. એવી રીતે ચોર્યાશીની સંખ્યા મોજૂદ રહેશે. આ રીતે ચોર્યાશીની પરંપરા સહચારી છે.

અહીં કોઇ એમ કહે કે એક જ ક્ષેત્રમાં એકથી વધારે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ કે બળદેવ ન હોય તો પછી ચોર્યાશી તીર્થંકરો કેવી રીતે હોય ? આનો ઉત્તર એમ અપાય છે કે આ વીશ વિજયના શાશ્વત ભાવ જ આ જાતના છે. પછી કેવલીગમ્ય. ('શ્રી સીમંધર શોભા તરંગ'માંથી પા. ૬૯-૭૦ તથા 'અઢીદ્વીપના નકશાની હકીકત' પા. ૧૭માંથી.)

આ સહચારી તીર્થંકરોની માન્યતા 'કડવા' મતની છે - એમ કોઇ સ્થળે વાંચ્યાનું સ્ફુરે છે. વિ.સંવત ૧૫૬૨માં 'કડવો' મત નીકળ્યો છે.

❖ ❖ ❖

## ૨૪. વીશ વિહરમાનજિનનાં નામ :

(૧) સીમંધર (૨) યુગમંધર (૩) બાહુ (૪) સુબાહુ (૫) સુજાત (૬) સ્વયંપ્રભ (૭) ઋષભાનન (૮) અનંતવીર્ય (૯) સુરપ્રભ (૧૦) વિશાળ (૧૧) વજ્રધર (૧૨) ચંદ્રાનન (૧૩) ચંદ્રબાહુ (૧૪) ભુજંગ (૧૫) ઇશ્વર (૧૬) નેમિપ્રભ (૧૭) વીરસેન (૧૮) મહાભદ્ર (૧૯) દેવયશા (૨૦) અજિતવીર્ય.

❖ ❖ ❖

## ૨૫. શ્રી સીમંધરસ્વામી અંગેની સોળ હકીકતો :

(૧) સીમંધરસ્વામીનો જન્મ 'ઉત્તરાષાઢા' નક્ષત્રમાં થયો હતો.
(૨) એમની જન્મરાશિ 'ધનુ' છે.
(૩) એમનો દેહ શુભ લક્ષણોથી લક્ષિત છે.
(૪) સીમંધરસ્વામીના દેહની ઊંચાઇ પાંચસો ધનુષ્યની છે.
(૫) એમનું વૃષભ(ઋષભ)નું લંછન છે.



(૬) એમનું આયુષ્ય ચોર્યાશી લાખ પૂર્વનું છે.
(૭) એમનું લગ્ન 'રૂક્મિણી' સાથે થયું હતું.
(૮) એમની ટચલી આંગળીમાં અનંત ઇન્દ્રો જેટલું બળ છે.
(૯) એમનું રૂપ અસાધારણ છે.
(૧૦) એમના તીર્થમાં મહાવ્રતની સંખ્યા ચારની છે.
(૧૧) એમનાં સાધુ-સાધ્વીઓ ઋજુ અને પ્રાજ્ઞ છે. એટલે તેઓ સ્વભાવે સરળ અને જાણકાર છે.
(૧૨) એમના શ્રમણવર્ગને રાજપિંડ કલ્પે છે.
(૧૩) એમના શ્રમણોનાં વસ્ત્ર વિચિત્ર છે.
(૧૪) એમના શાસનમાં ઉત્કૃષ્ટ તપશ્ચર્યા આઠ માસની છે.
(૧૫) એમનો પરિવાર સો ક્રોડ અણગાર અને દસ લાખ કેવળજ્ઞાનીનો છે - એવો નિર્દેશ છે.
(૧૬) સીમંધરસ્વામી જે નગરીમાં છે તે સિવાયની બીજી સાત નગરીઓમાં જિનેશ્વરો આજે પણ વિચરે છે.

❖ **સીમંધરસ્વામીનાં પાંચ કલ્યાણક :**

(૧) **ચ્યવન :** અષાઢ વદ-૧.
(૨) **જન્મ :** ચૈત્ર વદ-૧૦.
(૩) **દીક્ષા :** ફાગણ સુદ-૩.
(૪) **કેવળજ્ઞાન :** ચૈત્ર સુદ-૧૩.
(૫) **મોક્ષ :** શ્રાવણ સુદ-૩.

❖ ❖ ❖

## ૨૬. પાંચ કલ્યાણકો :

(૧) ચ્યવન (૨) જન્મ (૩) દીક્ષા (૪) કેવળજ્ઞાન (૫) મોક્ષ.

❖ ❖ ❖

## ૨૭. વાર્ષિક દાનની સંખ્યા :

ત્રણસો અઠ્યાસી ક્રોડ એંશી લાખનું હોય છે. દરરોજ એક ક્રોડ આઠ લાખ સોનૈયા અપાય છે. સમય - સવારથી મધ્યાહ્ન સુધી આપે છે.

❖ ❖ ❖

## ૨૮. ભગવાનના વર્ષીદાનનું વર્ણન :

તીર્થંકરના પિતા ચાર દ્વારવાળી દાનશાળા કરાવે છે. પ્રથમ દ્વારમાં આવનારને જમાડે છે. બીજા દ્વારમાં આવનારને વસ્ત્ર આપે છે. ત્રીજા દ્વારમાં આવનારને આભૂષણ આપે છે અને ચોથા દ્વારમાં આવનારને રોકડ નાણું આપે છે. ભગવાન એક વર્ષ સુધી દરરોજ એક ક્રોડ અને આઠ લાખ સોનૈયાનું વર્ષીદાન આપે છે. તેનું વજન નવ હજાર મણ થાય છે. તે વખતનાં બસો પચીસ ગાડાં ભરાય છે. એંશી રતિનો એક સોનૈયો થાય છે. એક વર્ષના દિનારનું તોલ બત્રીશ લાખ ને ચાળીસ હજાર મણ થાય છે. તેના ત્રણ અબજ, અઠ્યાશી ક્રોડ અને એંશી લાખ સોનૈયા થાય છે. તેનાં એક્યાશી હજાર ગાડાં ભરાય. (વૈરાગ્યમંજરી પા. ૮૧માંથી)

૮૦ રતિનો=૧ સોનૈયો, ૯૬ રતિનો=૧ તોલો, ૬ સોનૈયા=૫ તોલા, ૪૮ સોનૈયા=૧ રતલ, ૧,૯૨૦ સોનૈયા=૧ મણ, ૧૦,૮૦,૦૦૦ સોનૈયા=૫,૬૨૫ મણ, ૧ ગાડામાં ૨૫ મણ એટલે ૪૮,૦૦૦ સોનૈયા. (આ મુજબની ગણતરી પં. ચરણવિ.ની મુક્તિમાર્ગસોપાન ભા.૨ પા. ૨૫૯માં જણાવી છે.)

૧૦૦ રતિ=૧ રૂપિયો, ૨૪ રૂપિયા=૧ શેર, ૩૦ સોનૈયા=૧ શેર, ૧૨૦ સોનૈયા=૧ મણ, ૧૦,૮૦,૦૦૦ સોનૈયા=૯૦૦૦ મણ, ૧ ગાડામાં ૪૦ મણ એટલે ૪૮,૦૦૦ સોનૈયા. (દીપવિ.કૃત યુગપ્રધાન ગણધર દેવવંદનમાં ત્રીજા જોડાના ચૈ.વં.માં) વરસીદાનના છ અતિશયોના વર્ણન માટે ઉપદેશ પ્રાસાદ વ્યાખ્યાન ૨૦૦માં જોવું.

✧ ✧ ✧

## ૨૯. તીર્થંકરના વરસીદાનના છ અતિશયો :

(ઉ.પ્રા.વ્યા.૨૦૦)

(૧) દાન દેતી વખતે પ્રભુના હાથમાં સૌધર્મ ઈન્દ્ર દ્રવ્ય આપે છે કે જેથી દાન આપવામાં પ્રભુને શ્રમ ન થાય. જોકે જિનેન્દ્ર ભગવાન તો અનંત બળવાળા હોય છે તથાપિ ભક્તિની બુદ્ધિથી ઈન્દ્ર એ પ્રમાણે કરે છે.

(૨) ઈશાનેન્દ્ર હાથમાં સુવર્ણની યષ્ટિકા લઈને પાસે ઊભા રહે છે તે ચોસઠ ઈન્દ્રો સિવાય બીજા દેવોને દાન લેતાં નિવારે છે અને દાન



લેનારનું જેવું ભાગ્ય હોય છે તેવું જ તેના મુખથી વાક્ય ઉચ્ચરાવે છે. (માંગણી કરાવે છે.)

(૩) ચમરેન્દ્ર અને બલીન્દ્ર પ્રભુની મૂઠીમાં રહેલા સોનૈયામાં દાન લેનારા પુરુષોની ઈચ્છાનુસાર ન્યૂનાધિકતા કરે છે. જો યાચકની ઈચ્છાથી અધિક હોય તો ન્યૂન કરે છે અને ઈચ્છાથી ન્યૂન હોય તો અધિક કરે છે.

(૪) બીજા ભુવનપતિઓ ભરતખંડમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોને દાન લેવા માટે ખેંચી લાવે છે.

(૫) વાણવ્યંતર દેવતાઓ દાન લઈને જનારા માણસોને પાછા નિર્વિઘ્ને સ્વસ્થાને પહોંચાડે છે.

(૬) જ્યોતિષ્ક દેવતાઓ વિદ્યાધરોને વાર્ષિક દાનનો સમય જણાવે છે.

ચોસઠ ઈન્દ્રોને પ્રભુને હાથે દાન લેવાનો એવો મહિમા છે કે તે દાનના પ્રભાવથી તેમને બે વર્ષ સુધી કલહ ઉત્પન્ન થતો નથી. ચક્રવર્તી જેવા રાજાઓના ભંડાર, દાનમાં આવેલા સોનૈયાના પ્રભાવથી બાર વર્ષ સુધી અક્ષય રહે છે. રોગીઓને દાન લેવાથી બાર વર્ષ પર્યંત નવીન રોગ ઉત્પન્ન થતો નથી. તે કાળે સર્વ ઠેકાણે એવી ઉદ્ઘોષણા થાય છે કે - 'સર્વ ઇચ્છિત વર માંગી લો.'

✧ ✧ ✧

## ૩૦. ભગવાનના બળનું વર્ણન :

- ✧ બાર યોદ્ધા બરાબર એક બળદ.
- ✧ દશ બળદ બરાબર એક ઘોડો.
- ✧ બાર ઘોડા બરાબર એક જંગલી પાડો.
- ✧ પંદર પાડા બરાબર એક મદોન્મત્ત હાથી.
- ✧ પાંચસો હાથી બરાબર એક કેશરી સિંહ.
- ✧ બે હજાર કેશરી સિંહ બરાબર એક અષ્ટાપદ પ્રાણી.
- ✧ દશ લાખ અષ્ટાપદ પ્રાણી બરાબર એક બળદેવ.
- ✧ બે બળદેવ બરાબર એક વાસુદેવ.
- ✧ બે વાસુદેવ બરાબર એક ચક્રવર્તી.
- ✧ ૧ લાખ ચક્રવર્તી બરાબર એક નાગેન્દ્ર.

✧ ક્રોડ નાગેન્દ્ર બરાબર એક ઈન્દ્ર.
અનંતા ઈન્દ્ર બરાબર જિનેશ્વર પરમાત્માની ટચલી આંગળી.

## ૩૧. જિન ચાર પ્રકારના :

(૧) **શ્રુતજિન :** દશપૂર્વધરથી ચૌદપૂર્વધર સુધીના મુનિઓ.
(૨) **અવધિજિન :** અવધિજ્ઞાનવાળા મુનિઓ.
(૩) **મનઃપર્યવજિન :** વિપુલમતિ તથા ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનધારક વિશુદ્ધ ચારિત્રધર નિર્ગ્રંથો.
(૪) **કેવલીજિન :** સામાન્ય કેવલીઓ. (સાગરસમાધાનમાંથી પ્રશ્ન-૩૧૨)

## ૩૨. સમકિત પામ્યા પછી ભગવાનના ભવોની સંખ્યા :

ઋષભદેવ-તેર, ચંદ્રપ્રભ-આઠ, શાંતિનાથ-બાર, મુનિસુવ્રત-નવ, નેમનાથ-નવ, પાર્શ્વનાથ-દસ, મહાવીર સ્વામી-સત્યાવીશ. બાકીના સત્તર તીર્થંકરોના-ત્રણ.

## ૩૩. પ્રભુ મહાવીરસ્વામીના નંદનઋષિના ભવમાં માસક્ષમણ :

અગિયાર લાખ, એંશી હજાર, છસો પિસ્તાલીસ (૧૧,૮૦,૬૪૫) માસક્ષમણ નંદનઋષિના ભવમાં પ્રભુ મહાવીરસ્વામીએ સંયમજીવનના લાખ વરસમાં વીશસ્થાનકતપની આરાધનામાં કરેલાં.

## ૩૪. પાંચ પ્રકારના દેવ :

**(વીશ સ્થા. ૧લી પૂજામાં)**

(૧) દ્રવ્યદેવ - દેવતા થનાર જીવ. (૨) ભાવદેવ - ચાર નિકાયના દેવતા. (૩) નરદેવ - ચક્રવર્તી (૪) લૌકિક દેવ - હરિહરાદિક, ઉપરાંત પાંચમા (૫) મહાદેવ - દેવાધિદેવ.

## ૩૫. બાર પર્ષદાનાં નામો :

(૧) **અગ્નિખૂણે :** પ્રથમ ગણધરો, પછી કેવળજ્ઞાનીઓ પછી મનઃ-પર્યવજ્ઞાની પછી અવધિજ્ઞાની પછી ચૌદપૂર્વી પછી અતિશયવાળા



સાધુઓ પછી સામાન્ય મુનિવરો બેસે છે. તેમની પાછળ વૈમાનિક દેવીઓ અને તેમની પાછળ સાધ્વીઓ ઊભી રહે છે.
(૨) **નૈઋત્યખૂણે :** ભુવનપતિ દેવ, વ્યંતરદેવ અને જ્યોતિષી દેવ.
(૩) **વાયવ્યખૂણે :** ભુવનપતિ દેવીઓ, વ્યંતર દેવીઓ અને જ્યોતિષી દેવીઓ.
(૪) **ઈશાનખૂણે :** નર, નારી અને વૈમાનિક દેવો.

(પ્રકરણરત્નસંચય ભાગ-૧ માં નૈઋત્ય ખૂણે દેવીઓ અને વાયવ્ય ખૂણે દેવોની પર્ષદા જણાવી છે. ચારે નિકાયની દેવીઓ અને સાધ્વીઓ ઊભી રહે છે.

આવશ્યકચૂર્ણીમાં સાધુઓ ઉત્કૃષ્ટ આસને બેસે છે. વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ એ બે પર્ષદા ઊભી રહે છે અને બાકીની નવ પર્ષદા બેસે છે.)

## ૩૬. પ્રભુના સમવસરણમાં ત્રણસો ત્રેસઠ ભેદોવાળા પાખંડીઓ આવતા હતા તે :

(૧) ક્રિયાવાદીના ૧૮૦ ભેદ. (૨) અક્રિયાવાદીના ૮૪ ભેદ. (૩) અજ્ઞાનવાદીના ૬૭ ભેદ. (૪) વિનયવાદીના ૩૨ ભેદ.

(૧) આત્મા વગેરે નવ પદાર્થો નિત્ય છે, અનિત્ય છે તથા સ્વરૂપે છે, પરરૂપે છે તેમ જ આત્મ(પુરુષાર્થ)કૃત, કાળકૃત, કર્મકૃત, નિયતિકૃત, સ્વભાવકૃત : એમ ૯ x ૨ x ૨ x ૫ = ૧૮૦ ભેદો. આસ્તિક દર્શનનાં જુદાં જુદાં મંતવ્યો.
(૨) જીવાદિ સાત પદાર્થો સ્વરૂપે અને પરરૂપે છે. તથા કાળ, નિયતિ, ઈશ્વર, આત્મા, સ્વભાવ અને યદચ્છાની અપેક્ષાએ અસત્ છે. એમ ૭ x ૨ x ૬ = ૮૪ ભેદ નાસ્તિકવાદીઓના છે.
(૩) જીવાદિ નવ પદાર્થોને સત્ત્વ વગેરે સાત પ્રકારે (સપ્તભંગી) ૯ x ૭ = ૬૩ તેમ જ ઉત્પત્તિને સત્ત્વ, અસત્ત્વ, સત્ત્વાસત્ત્વ અને અવાચ્ય એ ચાર પ્રકારે (૬૩+૪=૬૭) છે કે નથી એ કોણ જાણે છે ? અગર એને જાણવાથી શું ? એ સર્વ જુદા જુદા મતો અજ્ઞાનવાદીઓના છે.
(૪) દેવતા, રાજા, યતિ, જ્ઞાની, વૃદ્ધ, દુઃખી, માતા તથા પિતા : એ આઠનો મન, વચન, કાયાથી અને દાનથી વિનય કરવો. ૮ x ૪ = ૩૨ ભેદ. એ વિનયવાદીઓના મતો છે.
(ધર્મસંગ્રહ ભા.૧ પા.૨૮૫ પરથી)

## તીર્થ તથા સંઘ સંબંધી

**૩૭. તીર્થ બે પ્રકારનાં :**

**(૧) જંગમતીર્થ :** સાધુ, સાધ્વી

**(૨) સ્થાવરતીર્થ :** દહેરાસર.

✦ ✦ ✦

**૩૮. શત્રુંજયનું છ આરામાં પ્રમાણ :**

**પહેલે આરે** ૮૦ યોજન, **બીજે આરે** ૭૦ યોજન, **ત્રીજે આરે** ૬૦ યોજન, **ચોથે આરે** ૫૦ યોજન, **પાંચમે આરે** ૧૨ યોજન, **છટ્ઠે આરે** ૭ હાથનો.

✦ ✦ ✦

**૩૯. સાત ક્ષેત્રનાં નામ :**

(૧) જિનબિંબ (૨) જિનમંદિર (૩) જિનાગમ (જ્ઞાન) (૪) સાધુ (૫) સાધ્વી (૬) શ્રાવક (૭) શ્રાવિકા.

✦ ✦ ✦

**૪૦. દેવદ્રવ્ય અંગે શ્રાદ્ધજિતકલ્પનો પાઠ :**

દેવદ્રવ્યની વ્યવસ્થા કરનારને એક રૂપિયાનું પરચુરણ જોઇતું હોય અને તે પોતાની પાસેના દેવદ્રવ્યની સિલકમાં હોય તોપણ ત્રીજા માણસને પાસે રાખ્યા સિવાય તેણે કાઢવું નહીં. (જૈન શાસન વર્ષ-૧, અંક-૧૧, પા.૧૪૨)

✦ ✦ ✦

**૪૧. દેરાસરની દશ મોટી આશાતના :**

(૧) તંબોળ ખાવું (૨) પાણી પીવું (૩) ભોજન કરવું (૪) વિષય-સેવન કરવું (૫) શયન કરવું (૬) થૂંકવું (૭) માત્રું કરવું (૮) વડીનીતિ જવું (૯) જુગાર રમવો (૧૦) પગરખાં પહેરવાં.

✦ ✦ ✦

**૪૨. મધ્યમથી ૪૨ આશાતના :**

(૧-૧૦) ઉપર જણાવ્યા પ્રમાણે. (૧૧) નાટકપ્રેક્ષણકાદિ જોવાં. (૧૨) પગ ઉપર પગ ચઢાવવા. (૧૩) પગ લાંબા કરવા. (૧૪) પરસ્પર કજિયો કરવો. (૧૫) મશ્કરી કરવી. (૧૬) ઇર્ષ્યા-અદેખાઇ કરવી. (૧૭) સિંહાસન, કોચ, ખુરશી આદિનો ઉપયોગ કરવો. (૧૮) શરીર, કેશ આદિની વિભૂષા કરવી. (૧૯) છત્ર તથા છત્રી આદિ રાખવાં. (૨૦) ખડ્ગ, હથિયાર, લાકડી આદિ રાખવાં. (૨૧) મુગુટ રાખવો. (૨૨) ચામર રાખવા. (૨૩) ઉઘરાણી કરવી. (૨૪) વિલાસ કરવો. (૨૫) પરપુરુષ તથા પરસ્ત્રી સાથે સંગમ કરવો. (૨૬) મુખકોશ ન કરવો. (૨૭) અશુદ્ધ શરીર રાખવું. (૨૮) અશુદ્ધ વસ્ત્ર પહેરવાં. (૨૯) અવિધિપૂર્વક દર્શનપૂજાદિ કરવાં. (૩૦) ચિત્તની એકાગ્રતા ધારણ ન કરવી. (૩૧) સચિત્ત વસ્તુ બહાર મૂક્યા વગર આવવું. (૩૨) સાંધ્યા વિનાનું ઉત્તરાસંગ ન કરવું. (૩૩) બે હાથ ન જોડવા. (૩૪) હલકા પ્રકારનાં પૂજાનાં ઉપકરણો વાપરવાં. (૩૫) હલકા પ્રકારનાં પૂજા માટે જોઇતાં દ્રવ્યો વાપરવાં. (૩૬) પૂજાનો અનાદર કરવો. (૩૭) જિનેશ્વર પ્રત્યે શત્રુભાવે વર્તનારાને વારવો નહીં. (૩૮) દેવદ્રવ્ય ખાવું. (૩૯) દેવદ્રવ્ય ખાનારની ઉપેક્ષા કરવી. (૪૦) છતી શક્તિએ પૂજાવંદનાદિમાં મંદ આદર કરવો. (૪૧) દેવદ્રવ્ય ખાનારની નોકરી કરવી. (૪૨) દેવદ્રવ્ય ખાનારને શેઠ તરીકે સ્વીકારવો, તેની આજ્ઞા આદિ માન્ય રાખવી.

✦ ✦ ✦

**૪૩. ઉત્કૃષ્ટથી ૮૪ આશાતના :**

(૧) શ્લેષ્મ, બળખા આદિ નાંખવા. (૨) જુગાર, પત્તાં આદિ રમવાં. (૩) કલહ કરવો. (૪) ધનુર્વેદ આદિ કળા શીખવી. (૫) પાણીના કોગળા કરવા. (૬) પાનસોપારી ખાવાં. (૭) પાન આદિના કૂચા નાંખવા. (૮) ગાળો દેવી. (૯) ઝાડો કે પેશાબ કરવા. (૧૦) સ્નાન કરવું. (૧૧) વાળ ઓળવા. (૧૨) નખ કાઢવા. (૧૩) લોહી, માંસ, પરૂ આદિ નાંખવાં. (૧૪) શેકેલાં ધાન્યાદિ ખાવાં. (૧૫) ચામડી તથા ચામડાં નાંખવાં. (૧૬) ઔષધ વગેરે ખાવું. (૧૭) ઊલટી કરવી. (૧૮) દાંતણ કરવું. (૧૯) પગ-ચંપી આદિ કરવી. (૨૦) ગાય, ભેંસ, બકરી આદિ પશુઓને બાંધવા. (૨૧-૨૭) દાંત, કાન, નાક, નખ, ગાલ, માથું વગેરેના મેલ નાંખવા. (૨૮) નિદ્રા કરવી. (૨૯) મંત્ર, ભૂત અને રાજા વગેરેનો વિચાર કરવો. (૩૦) વૃદ્ધ પુરુષોના સમુદાયમાં આવી વાદવિવાદ કરવો. (૩૧) નામાં, લેખાં લખવાં. (૩૨) ધન વગેરેની વહેંચણી કરવી. (૩૩) પોતાનો જ્ઞાન-ભંડાર ત્યાં સ્થાપવો. (૩૪) પગ ઉપર પગ ચઢાવવા. (૩૫) છાણાં સ્થાપવાં. (૩૬) કપડાં સૂકાવવાં. (૩૭) શાક વગેરે ઉગાડવાં. (૩૮) પાપડ

વણવા. (૩૯) વડી અને શીરાવડી કરવી. (૪૦) રાજા વગેરેના ભયથી દહેરાસરમાં સંતાઈ રહેવું. (૪૧) શોકથી રડવું. (૪૨) વિકથા કરવી. (૪૩) તલવાર, બાણ આદિ હથિયાર ઘડવાં કે સજવાં. (૪૪) ગાય, ભેંસ રાખવી, તેનું દૂધ કાઢવું. (૪૫) તાપણી કરવી. (૪૬) અન્નાદિ રાંધવાં. (૪૭) નાણું પારખવું. (૪૮) અવિધિથી અથવા નિસીહિ કહ્યા વગર દહેરાસરમાં જવું. (૪૯-૫૨) છત્ર, ચામર, પગરખાં, હથિયાર : આ ચારેને સાથે લઈ દહેરાસરમાં જવું. (૫૩) મનને એકાગ્ર ન રાખવું. (૫૪) શરીરે તેલ આદિ ચોળવું, ચોપડવું. (૫૫) પોતાનાં સચિત્ત પુષ્પ, ફળાદિ સાથે રાખવાં. (૫૬) હાર, વીંટી આદિ અલંકાર તથા પાઘડી, સારાં કપડાં વગેરે બહાર મૂકી શોભા વિનાના થઈને દહેરાસરમાં દાખલ થવું. (૫૭) ભગવંતને જોતાં જ હાથ ન જોડવા. (૫૮) ઉત્તરાસંગ ન રાખવું. (૫૯) મુકુટ ધારણ કરવો. (૬૦) બુકાની આદિ મુખ ઉપર બાંધેલ હોય તો તે ન છોડવું. (૬૧) ફૂલના હારતોરા આદિ શરીરથી દૂર ન કરવા. (૬૨) શરત કરવી. (૬૩) ગેડી-દડે રમવું. (૬૪) પરોણા આદિને જુહાર કરવો. (૬૫) ભાંડ, ભવૈયાની રમત કરવી. (૬૬) હુંકારો કરીને કોઈને બોલાવવો. (૬૭) લેવા-દેવાની ઉઘરાણી કરવી. લાંઘવા બેસવું. (૬૮) રણસંગ્રામ ખેલવો. (૬૯) માથાના વાળ જુદા કરવા અથવા માથું ખણવું. (૭૦) પલાંઠી વાળીને બેસવું. (૭૧) પાવડીએ ચઢવું. (૭૨) પગ પહોળા કરીને બેસવું. (૭૩) પિપૂડી કે સીટી વગાડવી. (૭૪) પગનો મેલ કાઢવો. (૭૫) કપડાં ઝાટકવાં. (૭૬) માંકડ, જૂ આદિ વીણીને નાંખવા. (૭૭) મૈથુનક્રીડા કરવી. (૭૮) ભોજન કરવું. (૭૯) લેવું-દેવું વગેરે વેપાર કરવો. (૮૦) વૈદું કરવું. (૮૧) પથારી તથા ખાટલો ખંખેરવો. (૮૨) ગુહ્ય ઈન્દ્રિય ઉઘાડવી કે સમારવી. (૮૩) મુક્કાબાજી કે કૂકડા વગેરેનું યુદ્ધ કરાવવું. (૮૪) ચોમાસામાં પાણી સંઘરવું, તેથી સ્નાન કરવું, પીવાને માટે પાણીનાં માટલાં વગેરે રાખવાં.

✦ ✦ ✦

### ૪૪. શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનને ફણા :

**શ્રી સુપાર્શ્વનાથ :** એક, પાંચ, નવ ફણા.

**શ્રી પાર્શ્વનાથ :** ત્રણ, સાત, અગિયાર ફણા.



સ્વપ્નમાં ફણાની શય્યા દેખવાથી અને ફણીન્દ્રે ભક્તિ કર્યાથી ફણા કરાય છે. બીજે કરાતી નથી. (સેનપ્રશ્ન પા. ૧૭૨)

✦ ✦ ✦

### ૪૫. જિનેશ્વરદેવની કેટલા હાથ દૂર રહી સ્તુતિ કરવી ? :

જઘન્ય : જિનેશ્વરદેવથી ૯ હાથ દૂર. ઉત્કૃષ્ટ : ૬૦ હાથ દૂર, મધ્યમ : ૯ હાથથી ૬૦ હાથની વચલા ભાગથી દૂર અને જો દહેરાસર નાનું હોય તો જિનેશ્વરદેવથી અડધો હાથ દૂર રહીને સ્તુતિ કરવી. (કેટલાક આચાર્યોના મતે ૧, ૨, ૩, ૯, ૧૦, ૧૫, ૧૮, ૩૦, ૪૦, ૫૦ અને ૬૦ હાથ : એમ અનેક પ્રકારે અવગ્રહ છે.)

✦ ✦ ✦

### ૪૬. પાંચ અભિગમ :

અભિગમ એટલે મંદિર કે ઉપાશ્રયમાં જતાં સાચવવાની મર્યાદા.

(૧) **સચિત્તત્યાગ :** ખાન, પાનની વસ્તુ તથા તંબોલ, સોપારી આદિ, ગળામાં ફૂલનો હાર હોય તો તેનો ત્યાગ કરીને જવું. (સાથે લઈ જવા નહીં.)

(૨) **અચિત્તનો અત્યાગ :** નાણું, વસ્ત્ર, આભૂષણ આદિને ન તજવાં. (પહેરીને જવું)

(૩) **મનની એકાગ્રતા રાખવી :** ચિત્ત સ્થિર રાખવું.

(૪) **ઉત્તરાસંગ :** જમીન પૂંજવા અથવા મુખકોશ બાંધવા માટે રખાતું વસ્ત્ર એટલે ખેસ રાખીને જવું.

(૫) **અંજલી જોડીને નમસ્કાર :** પ્રભુને દૂરથી જોતાંની સાથે જ અંજલી જોડી પ્રણામ કરવો અને 'નમો જિણાણં' કહેવું.

ઉપરના પાંચ અભિગમ સાચવવા ઉપયોગ રાખવો.

✦ ✦ ✦

### ૪૭. ચૈત્યવંદનમાં રાખવાની ત્રણ મુદ્રા :

(૧) **યોગમુદ્રા :** કમળના કોશ-ડોડાની જેમ પરસ્પર આંગળીઓના સંક્લેશવાળી બંને હાથની અંજલી કરવી અને હાથની કોણી પેટ ઉપર રાખવી તે યોગમુદ્રા. આ મુદ્રાથી ચૈત્યવંદન, જંકિંચિ, નમુત્થુણં, સ્તવન (ઉવસગ્ગહરં) બોલવું.

(૨) **જિનમુદ્રા :** તીર્થંકર ભગવાન જે રીતે કાઉસ્સગ્ગધ્યાનમાં ઊભા રહેતા તે રીતે બે પગ વચ્ચે આગળના ભાગમાં ચાર આંગળનું આંતરું રાખી અને પાછળ પાનીના ભાગે ચાર આંગળથી ઓછું આંતરું રાખી જમણા હાથમાં મુહપત્તી અને ડાબા હાથમાં ઓઘો અગર ચરવળો રાખી બંને હાથ લટકતા રાખવા તે જિનમુદ્રા. આ મુદ્રાથી કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

(૩) **મુક્તાશુક્તિમુદ્રા :** મોતીની છીપ જેવી બંને હાથની પોલી અંજલી કરી લલાટભાગે રાખવી તે મુક્તાશુક્તિમુદ્રા. આ મુદ્રાથી જાવંતિ ચેઈઆઈં, જાવંત કેવિ સાહુ અને જય વીયરાયસૂત્રની બે ગાથા. આ ત્રણ સૂત્રો બોલવાં.

✦ ✦ ✦

### ૪૮. દશ ત્રિક :

(૧) નિસીહિત્રિક (૨) પ્રદક્ષિણાત્રિક (૩) પ્રણામત્રિક (૪) દિશા-વર્જિતત્રિક (૫) પદભૂમિપ્રમાર્જન (૬) વર્ણાદિત્રિક (૭) મુદ્રાત્રિક (૮) પ્રણિધાનત્રિક (૯) પૂજાત્રિક (૧૦) અવસ્થાત્રિક - આ દશ ત્રિકો જિનમંદિરમાં સાચવવી.

✦ ✦ ✦

### ૪૯. તત્ત્વત્રયી :

(૧) સુદેવ (૨) સુગુરુ (૩) સુધર્મ.

✦ ✦ ✦

### ૫૦. રત્નત્રયી :

(૧) સમ્યગ્જ્ઞાન (૨) સમ્યગ્દર્શન (૩) સમ્યગ્ચારિત્ર.

✦ ✦ ✦

### ૫૧. ત્રણ સુપાત્રો :

(૧) ઉત્તમપાત્ર - સાધુ (૨) મધ્યમપાત્ર - શ્રાવક (૩) જઘન્યપાત્ર - અવિરત સમ્યગ્દષ્ટિ.

✦ ✦ ✦

### ૫૨. પાત્રના ચાર પ્રકાર :

(૧) જિનેશ્વર પ્રભુ (રત્ન). (૨) સાધુ મુનિરાજ (સુવર્ણ). (૩) દેશવિરતિ શ્રાવક (રજત). (૪) અવિરતિ સમ્યગ્દષ્ટિ (ત્રાંબું).



### ૫૩. સંઘની વ્યાખ્યા :

વીતરાગ ભગવાનની આજ્ઞાયુક્ત એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા સંઘ કહેવાય છે. બાકી આજ્ઞારહિત ગમે તેટલા હોય તો તેને હાડકાંનો સમુદાય કહેવાય છે.

✦ ✦ ✦

### ૫૪. પાંચમા આરાના છેડે રહેનારા ચતુર્વિધ સંઘનાં નામ :

(૧) શ્રીદુપ્પસહસૂરિ મ. (૨) ફલ્ગુશ્રી સાધ્વી (૩) નાગિલ શ્રાવક (૪) સત્યશ્રી શ્રાવિકા.

✦ ✦ ✦

### ૫૫. સંઘમાં પાળવાની છ "રી" :

(૧) રોજ એકાસણું કરવું (એકાહારી) (૨) સમ્યક્ત્વધારી (૩) ભૂશયનકારી (સંથારે સૂવું તે) (૪) સચિત્તપરિહારી (૫) પદચારી (પગે ચાલવું) (૬) બ્રહ્મચારી.

✦ ✦ ✦

## સાધુ તથા ચારિત્ર સંબંધી

### ૫૬. સ્થાપનાચાર્યનાં લક્ષણ :

એક આવર્ત-બળ અર્પે, બે ક્લેશ આપે, ત્રણ માન આપે, ચાર શત્રુનો નાશ કરે, પાંચ ભય હરે, છ મહારોગ આપે, સાત રોગનો નાશ કરે.

✦ ✦ ✦

### ૫૭. દશપૂર્વધર (કલ્પસૂત્ર ૮મું વ્યાખ્યાન) :

(૧) આર્ય મહાગિરિ (૨) આર્ય સુહસ્તિ (૩) શ્રી ગુણસુંદરસૂરિ (૪) શ્રી શ્યામાચાર્ય (૫) શ્રી સ્કંદિલાચાર્ય (૬) શ્રી રેવતીમિત્રસૂરિ (૭) શ્રી ધર્મ (૮) શ્રી ભદ્રગુપ્ત (૯) શ્રીગુપ્ત (૧૦) શ્રી વજ્રસ્વામી.

✦ ✦ ✦

### ૫૮. છ શ્રુતકેવળી (ચૌદપૂર્વી) :

શ્રીજંબુસ્વામી છેલ્લા કેવળી થયા તે પછી (૧) શ્રી પ્રભવસ્વામી (૨) શ્રી શય્યંભવસ્વામી (૩) શ્રી યશોભદ્ર (૪) શ્રી સંભૂતિવિજય (૫) શ્રી ભદ્રબાહુસ્વામી (૬) શ્રી સ્થૂલભદ્ર.

✦ ✦ ✦

## ૫૯. શ્રી જંબુસ્વામી પછી સાધુવિચ્છેદ :

(૧) નિર્ગ્રંથ (૨) સ્નાતક (૩) પુલાક - એ ત્રણનો જંબુસ્વામીથી વિચ્છેદ થયો છે. બકુશ અને કુશીલ સાધુઓ શાસનના અંત સુધી રહેશે. (ધર્મ સં.ભા.૨, પા.૪૩૫)

✦ ✦ ✦

## ૬૦. શ્રી જંબુસ્વામી પછી દશ વસ્તુનો વિચ્છેદ :

(૧) મનઃપર્યવજ્ઞાન (૨) પરમાવધિજ્ઞાન - જે ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય તે. (૩) પુલાકલબ્ધિ - જેનાથી ચક્રવર્તીના સૈન્યનો પણ ચૂરો કરી શકે. (૪) આહારકશરીરલબ્ધિ (૫) ક્ષપકશ્રેણિ (૬) ઉપશમશ્રેણિ (૭) જિનકલ્પ (૮) સંયમત્રિક : ૧. પરિહારવિશુદ્ધિ ૨. સૂક્ષ્મ-સંપરાય ૩. યથાખ્યાતચારિત્ર. (૯) કેવળજ્ઞાન (૧૦) સિદ્ધિગમન.

શ્રી મહાવીરસ્વામી પછી ચોસઠ વર્ષે શ્રી જંબુસ્વામી મોક્ષે ગયા. શ્રી મહાવીરસ્વામી પછી એકસો સિત્તેર વર્ષે ભદ્રબાહુસ્વામીના નિર્વાણ પછી છેલ્લાં ચાર પૂર્વ અર્થથી રહિત રહ્યાં.

✦ ✦ ✦

## ૬૧. શ્રી સ્થૂલભદ્રજીના સ્વર્ગગમન પછી વિચ્છેદ :

(૧) છેલ્લા ચાર પૂર્વ (૨) વજ્રઋષભનારાચ નામનું પ્રથમ સંઘયણ (૩) સમચતુરસ્રસંસ્થાન (૪) મહાપ્રાણ ધ્યાન. મહાવીરસ્વામીના નિર્વાણ પછી બસો પંદર વર્ષે શ્રી સ્થૂલભદ્રજી સ્વર્ગે ગયા (કથામાંથી).

✦ ✦ ✦

## ૬૨. શ્રી વજ્રસ્વામી પછી વિચ્છેદ :

(૧) સંઘયણચતુષ્ક (૨) દશમું પૂર્વ વિચ્છેદ ગયાં.

મહાવીરસ્વામીના નિર્વાણથી પાંચસો ચોર્યાશી વર્ષે શ્રી વજ્રસ્વામી થયા. તે પછી ચોથું અને પાંચમું પૂર્વ વિચ્છેદ ગયું. તેના પહેલાં બીજું અને ત્રીજું પૂર્વ વિચ્છેદ ગયાનો કાળ મળ્યો નથી - એમ શ્રી પ્રકરણરત્નસંગ્રહના કાળસપ્તતિકાપ્રકરણમાં લખેલું છે.

✦ ✦ ✦



## ૬૩. મનઃપર્યવજ્ઞાની અને ચૌદપૂર્વી નિગોદમાં જાય ? :

મનઃપર્યવજ્ઞાની પ્રમાદવશથી સૂક્ષ્મ નિગોદમાં જાય છે. ચૌદપૂર્વી પણ પ્રમાદથી અનંતકાળ નિગોદમાં રહે છે. (શ્રી વિમળનાથચરિત્ર પા. ૧૩૧)

✦ ✦ ✦

## ૬૪. 'સાધ્વી' શ્રાવક સામે વ્યાખ્યાન કરી શકે ?

નિષેધ છે. (વિવિધ પ્રશ્નોત્તરમાં લખ્યું છે)

✦ ✦ ✦

## ૬૫. ચૌદપૂર્વી પણ અનંતભવ ભ્રમણ કરે :

**सुअकेवली आहारग, उजुमइ उवसंतगावि उपमाया ।**
**हिंडंति भवमणंतं, तदणंतरमेव चउगइया ॥ १ ॥** (ગુણસ્થાનક ક્રમારોહ)

શ્રુતકેવળી, ચૌદપૂર્વી, આહારક શરીરની લબ્ધિવાળા, ઋજુમતિ, મનઃપર્યવજ્ઞાની તથા ઉપશાંતમોહ એટલે ૧૧મા ગુણસ્થાનકવાળા પણ પ્રમાદના યોગથી તે જ ભવની પછી અનંતર ચારે ગતિવાળા થઈને અનંત ભવભ્રમણ કરે છે. (પ્રકરણરત્નસંચય ભા.૧ સમ્યક્ત્વસ્તવપ્રકરણમાં પા.૧૮ માંથી)

✦ ✦ ✦

## ૬૬. સાતમા ગુણઠાણે આવશ્યકાદિ ક્રિયા નિયત નથી :

**न ह्यप्रमत्तसाधूनां क्रियाप्यावश्यकादिका ।**
**नियता ध्यानशुद्धत्वाद्यदन्यैरप्यदः स्मृतम् ॥ ५/७** (અધ્યાત્મસાર)

**અર્થ :** સાતમા ગુણઠાણાવાળા અપ્રમત્ત સાધુઓને આવશ્યકાદિક ક્રિયા પણ નિયમિત (અવશ્ય કરવાની) નથી. કારણ કે તેઓ ધ્યાનથી (આત્મસ્વરૂપમાં જ સંતુષ્ટ) જ શુદ્ધ છે. તેઓ ધર્મધ્યાન અથવા શુક્લધ્યાને કરીને શુદ્ધ નિરતિચાર ચારિત્રવાળા છે. અતિચારનો અભાવ હોવાથી જ અપ્રમત્ત કહેવાય છે. તેઓ કર્તવ્યને વિષે કર્તવ્યની બુદ્ધિથી યુક્ત એટલે સર્વદા સાવધાન હોય છે.

✦ ✦ ✦

## ૬૭. સાતમા ગુણઠાણે મોક્ષની પણ અભિલાષા હોતી નથી :

**एतच्चाप्रमत्तसंयतादर्वाक् कर्तव्यम् ।**
**अप्रमत्तादीनां मोक्षेऽप्यनभिलाषात् ॥**

**(યોગપ્રકાશ સ્વો.વૃ.પ્ર.૩ જયવી. અર્થમાં)**

**અર્થ :** આ અભિલાષા ('જયવીયરાય'માં કરવામાં આવેલી માંગણીઓ) 'અપ્રમત્ત સંયત' (૭મું ગુણઠાણું) થયા પહેલાં રાખવાની છે. કારણ કે અપ્રમત્ત સંયતને તો મોક્ષની પણ અભિલાષા રહેતી નથી. તે જીવને સંસાર કે મોક્ષ એકેયની અભિલાષા રહેતી નથી. તેઓ શુભાશુભ (ઇષ્ટ કે અનિષ્ટ) સર્વ ભાવોમાં સમાનભાવવાળા છે.

❖ ❖ ❖

**૬૮. અગુરુ-લઘુ ગુણપર્યાય-છઠાણવડિયામાં ષટ્સ્થાન-ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ : (દ્રવ્યલોકપ્રકાશ પા.૯૨)**

જે ગુણ વડે દ્રવ્યમાં છ પ્રકારની હાનિ અને છ પ્રકારની વૃદ્ધિની વર્તના હોય તે અગુરુલઘુગુણ કહેવાય અને તે વડે પ્રવર્તતી છ પ્રકારની વૃદ્ધિ વા હાનિ તે અગુરુલઘુપર્યાય કહેવાય. તે વૃદ્ધિ-હાનિના નામ આ પ્રમાણે :

(૧) અનંતભાગ વૃદ્ધિ (૨) અસંખ્યભાગ વૃદ્ધિ (૩) સંખ્યભાગ વૃદ્ધિ (૪) સંખ્યગુણ વૃદ્ધિ (૫) અસંખ્યગુણ વૃદ્ધિ (૬) અનંતગુણ વૃદ્ધિ.

(૧) અનંતભાગ હાનિ (૨) અસંખ્યભાગ હાનિ (૩) સંખ્યભાગ હાનિ (૪) સંખ્યગુણ હાનિ (૫) અસંખ્યગુણ હાનિ (૬) અનંતગુણ હાનિ.

- આ છ વૃદ્ધિમાં સર્વે જવાબ રાશિઓ અનુક્રમે મોટા મોટા પ્રમાણમાં જ પ્રાપ્ત થઇ શકે છે.
- ધારો કે ૧૦ એ સંખ્યાત છે. ૧૦૦ એ અસંખ્યાત છે. ૧૦૦૦ એ અનંત છે અને નિર્ણીત રાશિ ૧,૦૦,૦૦૦ (એક લાખ) છે.

(૧) **અનંતભાગ વૃદ્ધિ :** નિર્ણીત રાશિના અનંતભાગ કરીએ. તેમાંનો એક જ ભાગ અધિક હોય તે અનંતભાગ વૃદ્ધિ કહેવાય. જેમ કે નિર્ણીત રાશિ ૧,૦૦,૦૦૦નો અનંતમો ભાગ (એટલે/૧૦૦૦)=૧૦૦ આવે તે અધિક કરતાં ૧,૦૦,૧૦૦ એ અનંતભાગ વૃદ્ધિ કહેવાય.

(૨) **અસંખ્યભાગ વૃદ્ધિ :** નિર્ણીત રાશિના અસંખ્યભાગ કરીએ. તેમાંનો એક ભાગ અધિક હોય તે અસંખ્યભાગ વૃદ્ધિ કહેવાય.

જેમ કે નિર્ણીત રાશિ ૧,૦૦,૦૦૦નો અસંખ્યભાગ (એટલે/૧૦૦)=૧૦૦૦ આવે. તે અધિક કરતાં ૧,૦૧,૦૦૦ એ અસંખ્યભાગ વૃદ્ધિ કહેવાય.



(૩) **સંખ્યભાગ વૃદ્ધિ :** નિર્ણીત રાશિના સંખ્યાતભાગ કરીને તેમાંનો એક ભાગ વધે તે સંખ્યભાગ વૃદ્ધિ કહેવાય. જેમ કે નિર્ણીત રાશિ ૧,૦૦,૦૦૦ નો સંખ્યાતમો ભાગ (એટલે/૧૦)=૧૦,૦૦૦ આવે. તે અધિક કરતાં ૧,૧૦,૦૦૦ એ સંખ્યભાગ વૃદ્ધિ કહેવાય.

(૪) **સંખ્યગુણ વૃદ્ધિ :** નિર્ણીત રાશિને સંખ્યાત રાશિ વડે ગુણીએ અને જે જવાબ આવે તે સંખ્યગુણ વૃદ્ધિવાળો કહેવાય. જેમ કે નિર્ણીત રાશિને ૧,૦૦,૦૦૦ ને સંખ્યાત એટલે ૧૦ વડે ગુણતાં ૧૦ લાખ આવે તે સંખ્યગુણ વૃદ્ધિ કહેવાય

(૫) **અસંખ્યગુણ વૃદ્ધિ :** નિર્ણીત રાશિને અસંખ્યાત્મક રાશિ વડે ગુણતાં જે જવાબ આવે તે અસંખ્યગુણ વૃદ્ધિ કહેવાય. જેમકે નિર્ણીત રાશિ ૧,૦૦,૦૦૦ ને અસંખ્ય એટલે ૧૦૦ વડે ગુણતાં ૧ ક્રોડ આવે તે અસંખ્યગુણ વૃદ્ધિ કહેવાય.

(૬) **અનંતગુણ વૃદ્ધિ :** નિર્ણીત રાશિને અનંતરાશિ વડે ગુણતાં જે જવાબ આવે એ અનંતગુણ વૃદ્ધિ કહેવાય. જેમ કે નિર્ણીત રાશિ ૧ લાખને અનંતગુણ એટલે ૧૦૦૦ વડે ગુણતાં ૧૦ ક્રોડ આવે તે અનંતગુણ વૃદ્ધિ કહેવાય.

- **હવે યથાયોગ્ય છ હાનિ–**

(૧) **અનંતભાગ હાનિ :** નિયત રાશિ એક લાખને અનંતમા ભાગ (૧૦૦૦) વડે ભાગતા ૧૦૦ આવે. તે ૧ લાખમાંથી બાદ કરતાં ૯૯,૯૦૦ આવે. તે અનંતભાગ હાનિ કહેવાય.

(૨) **અસંખ્યભાગ હાનિ :** નિયત રાશિ ૧ લાખને અસંખ્ય એટલે ૧૦૦ વડે ભાગતાં ૧૦૦૦ આવે. તે એક લાખમાંથી બાદ કરતાં ૯૯,૦૦૦ આવે. તે અસંખ્યભાગ હાનિ કહેવાય.

(૩) **સંખ્યભાગ હાનિ :** નિયત રાશિ ૧ લાખને સંખ્યાત એટલે ૧૦ વડે ભાગતાં ૧૦,૦૦૦ આવે. તે ૧ લાખમાંથી બાદ કરતાં ૯૦,૦૦૦ આવે. તે સંખ્યભાગ હાનિ કહેવાય.

(૪) **સંખ્યગુણ હાનિ :** હવે સંખ્યગુણ હાનિ એટલે સંખ્યાતથી ગુણીને આવેલો જવાબ મૂળરાશિમાંથી ઘટાડવો એવો અર્થ નથી, પરંતુ ગુણ

એટલે ભાગ. એવો અહીં પારિભાષિક અર્થ છે માટે નિયતરાશિના સંખ્યાત ભાગ પાડી તેમાંનો એક ભાગ રાખવો. તે સંખ્યગુણ હાનિ કહેવાય. (બીજા સર્વ ભાગ ઘટાડવા તે) જેમ કે નિયત રાશિ એક લાખના સંખ્યાત ભાગ પાડતાં સંખ્યાત એટલે ૧૦થી ભાગતાં દશ હજાર - દશ હજાર જેવડો એકેક ભાગ પડે તેવા ૧૦ ભાગ પડે. તેમાંથી ૯ ભાગ બાદ કરી એક જ ભાગ રાખતાં ૧૦ હજાર રહે તે સંખ્યાતગુણ હાનિ કહેવાય.

(૫) **અસંખ્યગુણ હાનિ :** નિયત રાશિ એક લાખના અસંખ્યભાગ પાડી ૧ ભાગ રાખી બીજા સર્વ ભાગ ઘટાડવા તે અસંખ્યગુણ હાનિ કહેવાય.

જેમ કે નિયત રાશિ એક લાખના અસંખ્યાત ભાગ પાડવા માટે અસંખ્યાત એટલે ૧૦૦થી ભાગ્યે એકએક હજાર જેવડો એકેક ભાગ આવે એવા ૧૦૦ ભાગ આવ્યા. તેમાંથી ૯૯ ભાગ કાઢતાં ૧૦૦૦ જેવડો એક ભાગ રહેવા દઈએ તો તે ૧૦૦૦ એ અસંખ્યગુણ હાનિ કહેવાય.

(૬) **અનંતગુણ હાનિ :** નિયત રાશિ એક લાખના અનંત ભાગ પાડી એક ભાગ રાખી બીજા સર્વ ભાગ ઘટાડવા તે અનંતગુણ હાનિ કહેવાય.

જેમ કે નિયત રાશિ એક લાખના અનંત ભાગ પાડવા માટે અનંત એટલે ૧૦૦૦ વડે ભાગતાં ૧૦૦-૧૦૦ જેવડા ૧૦૦૦ ભાગ પડે. તેમાંથી ૯૯૯ ભાગ કાઢતાં બાકીનો એક ભાગ ૧૦૦ જેવડો રાખીએ તો તે ૧૦૦ અનંતગુણ હાનિ કહેવાય.

(૧) અનંતગુણ હાનિ - ૧૦૦ : અનંતભાગ વૃદ્ધિ - એક લાખ એકસો.
(૨) અસંખ્યગુણ હાનિ - ૧૦૦૦ : અસંખ્યભાગ વૃદ્ધિ - ૧ લાખ ૧ હજાર.
(૩) સંખ્યગુણ હાનિ - ૧૦,૦૦૦ : સંખ્યભાગ વૃદ્ધિ - ૧ લાખ ૧૦ હજાર.
(૪) સંખ્યભાગ હાનિ - ૯૦,૦૦૦ : સંખ્યગુણ વૃદ્ધિ - ૧૦ લાખ.
(૫) અસંખ્યભાગ હાનિ - ૯૯,૦૦૦ : અસંખ્યગુણ વૃદ્ધિ - ૧ ક્રોડ.
(૬) અનંતભાગ હાનિ - ૯૯,૯૦૦ : અનંતગુણ વૃદ્ધિ - ૧૦ ક્રોડ.

એ પ્રમાણે અનુક્રમે અંક વૃદ્ધિની અપેક્ષાએ આ સ્થાપના લખી છે. અન્યથા હાનિવૃદ્ધિનો અનુક્રમ તો અનંતભાગથી પ્રારંભીને જ હોય છે.



## ૬૯. પાંચ મહાવ્રત (રાત્રિભોજનવિરમણસહિતના ભાંગા ૨૭૦) :

(૧) **સર્વથા પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત : ભાંગા-૩૬ :** પ્રાણાતિપાત ચાર પ્રકારે. (૧) સૂક્ષ્મ (૨) બાદર (૩) ત્રસ (૪) સ્થાવર = ૪ પ્રકાર. મન, વચન, કાયાથી ત્યાગ ૪ x ૩ = ૧૨. કરણ, કરાવણ, અનુમતિરૂપ ત્યાગ ૧૨ x ૩ = ૩૬ પ્રકાર.

(૨) **સર્વથા મૃષાવાદવિરમણ મહાવ્રત : ભાંગા-૩૬ :** મૃષાવાદ ચાર પ્રકારે. (૧) ક્રોધ (૨) લોભ (૩) ભય (૪) હાસ્ય = ૪ પ્રકાર. મન, વચન, કાયાથી ત્યાગ ૪ x ૩ = ૧૨. કરણ, કરાવણ, અનુમતિરૂપ ત્યાગ ૧૨ x ૩ = ૩૬ પ્રકાર.

(૩) **સર્વથા અદત્તાદાનવિરમણ મહાવ્રત : ભાંગા-૮૧ :** અદત્તાદાન નવ પ્રકારે. ગામ, નગર કે અરણ્યમાં એમ ૩ પ્રકારે + અલ્પ, બહુ, અણુ, સ્થૂલ એમ ૪ પ્રકારે + સચિત્ત, અચિત્ત એમ ૨ પ્રકારે = ૯ પ્રકારે. મન, વચન, કાયાથી ત્યાગ ૯ x ૩ = ૨૭. કરણ, કરાવણ, અનુમતિરૂપ ત્યાગ ૨૭ x ૩ = ૮૧ પ્રકાર.

(૪) **સર્વથા મૈથુનવિરમણ મહાવ્રત : ભાંગા-૨૭ :** મૈથુન ત્રણ પ્રકારે. દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી એમ ૩ પ્રકારે. મન, વચન, કાયાના યોગથી ગુણતાં ૩ x ૩ = ૯. કરણ, કરાવણ, અનુમતિરૂપ ત્યાગ ૯ x ૩ = ૨૭ પ્રકાર.

(૫) **સર્વથા પરિગ્રહવિરમણ મહાવ્રત : ભાંગા-૫૪ :** પરિગ્રહ ૬ પ્રકારે. અલ્પ, બહુ, અણુ, સ્થૂલ, સચિત્ત, અચિત્ત એમ ૬ પ્રકારે. મન, વચન, કાયાના યોગથી ગુણતાં ૬ x ૩ = ૧૮. કરણ, કરાવણ, અનુમતિરૂપ ત્યાગ ૧૮ x ૩ = ૫૪ પ્રકાર.

(૬) **સર્વથા રાત્રિભોજનવિરમણ વ્રત : ભાંગા-૩૬ :** રાત્રિભોજન ચાર પ્રકારે. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એમ ૪ પ્રકારે. મન, વચન, કાયાના યોગથી ગુણતાં ૪ x ૩ = ૧૨. કરણ, કરાવણ, અનુમતિરૂપ ત્યાગથી ગુણતાં ૧૨ x ૩ = ૩૬ પ્રકાર.

પહેલા વ્રતના ભાંગા ૩૬, બીજાના ૩૬, ત્રીજાના ૮૧, ચોથાના ૨૭, પાંચમાના ૫૪, છટ્ઠાના ૩૬ = ૨૭૦.

## ૭૦. બ્રહ્મચર્યવ્રતની મહત્તા :

કોઇ માણસ કોટી સુવર્ણમુદ્રાનું દાન આપે અગર સુવર્ણનું દહેરાસર બંધાવે તેના કરતાં પણ બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારને અધિક પુણ્ય થાય છે.

✦ ✦ ✦

## ૭૧. મહાવ્રતોની પચીસ ભાવનાઓ :

(૧) **અહિંસાવ્રતની :** (૧) ઈર્યાસમિતિ (૨) મનોગુપ્તિ (૩) એષણાસમિતિ (૪) આદાનનિક્ષેપણસમિતિ અને (૫) આલોકિત ભક્તપાન.

(૨) **સત્યવ્રતની :** (૧) વિચારીને ભાષણ (૨) ક્રોધત્યાગ (૩) લોભ-ત્યાગ (૪) ભયત્યાગ અને (૫) હાસ્યત્યાગ.

(૩) **અસ્તેયવ્રતની :** (૧) અનિંદ્ય વસતિનું યાચન. (૨) વારંવાર વસતિનું યાચન. (૩) જરૂર પૂરતા પદાર્થનું યાચન. (૪) સાધર્મિક પાસેથી ગ્રહણ તથા યાચન. અને (૫) ગુરુભગવંતની અનુજ્ઞા લઇને ભક્ત-પાન કરવું.

(૪) **બ્રહ્મચર્યવ્રતની :** (૧) સ્ત્રી, પશુ, પંડક(નપુંસક)વાળા સ્થાને નહીં વસવું. (૨) રાગયુક્ત સ્ત્રીકથા ન કરવી. (૩) સ્ત્રીઓનાં અંગો-પાંગ જોવાં નહીં. (૪) પૂર્વે કરેલા વિષયભોગ સંભારવા નહીં. (૫) કામોત્તેજક ભોજનત્યાગ.

(૫) **અપરિગ્રહવ્રતની :** (૧) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ - એ પાંચે ઇન્દ્રિયોના મનોજ્ઞ વિષયો ઉપર આસક્તિ કરવી નહીં અને અનિષ્ટ વિષયો ઉપર દ્વેષ કરવો નહીં.

✦ ✦ ✦

## ૭૨. બાવીસ પરિષહો :

(૧) ક્ષુધા (૨) પિપાસા (૩) શીત (૪) ઉષ્ણ (૫) ડાંસ (૬) અચેલક (૭) અરતિ (૮) સ્ત્રી (૯) ચર્યા (૧૦) નૈષેધિકી (૧૧) શય્યા (૧૨) આક્રોશ (૧૩) વધ (૧૪) યાચના (૧૫) અલાભ (૧૬) રોગ (૧૭) તૃણસ્પર્શ (૧૮) મલ (૧૯) સત્કાર (૨૦) પ્રજ્ઞા (૨૧) અજ્ઞાન (૨૨) સમ્યક્ત્વ.

✦ ✦ ✦



## ૭૩. સંયમના સત્તર પ્રકાર :

**(૧ થી ૫) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય સંયમ :** પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાયની સૂક્ષ્મ કે બાદર વિરાધના થઇ જાય તેવી પ્રવૃત્તિ ન કરવી.

**(૬ થી ૯) બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય સંયમ :** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને પરિતાપના, કિલામણા કે વિરાધના થાય તેવી પ્રવૃત્તિ ન કરવી.

(૧૦) **અજીવકાયસંયમ :** સુંદર, દેખાવડા, મોહક પદાર્થોનો ઉપયોગ સંયમના સાધન તરીકે પણ ન કરવો અગર ઠોકર વાગવા આદિના પ્રસંગે અજ્ઞાનવશ તે પથ્થર આદિ પર શ્વાનવૃત્તિને પ્રદર્શિત કરવારૂપ દ્વેષ ન કરવો. આ રીતે અજીવના વિષયમાં રાગદ્વેષાદિ ન કરવા.

(૧૧) **પ્રેક્ષાસંયમ :** પ્રત્યેક કાર્ય કરતાં પહેલાં વિચારપૂર્વક ચક્ષુ પડિલેહણાદિનો ઉપયોગ કરવો.

(૧૨) **ઉપેક્ષાસંયમ :** સમજાવવાના વિવિધ પ્રયત્નો કરવા છતાં સંયમની સાધનામાં છતું પણ વીર્ય નહીં ફોરવનાર તરફ અગર સાવદ્ય વ્યાપારમાં પ્રવર્તતા ગૃહસ્થો તરફ ઉપેક્ષાભાવ કેળવવો અને નિરવદ્ય વ્યાપારમાં તથા જ્ઞાનાદિની સાધનામાં અહર્નિશ ઉદ્યત રહેવા શુભાવહ પ્રેરણા કરવી.

(૧૩) **પ્રમાર્જનાસંયમ :** કોઇ પણ વસ્તુને લેતાં મૂકતાં અગર બેસવા ઊઠવા આદિ કાયચેષ્ટા કરતાં અને અંધારામાં કોઇ પણ પ્રવૃત્તિ કરતી વેળાએ રજોહરણ દંડાસણ આદિથી પૂંજવાનો ઉપયોગ રાખવો.

(૧૪) **પરિષ્ઠાપનાસંયમ :** સંયમની સાધનામાં અનુપયોગી અગર દોષાવહ વસ્ત્ર, પાત્ર, અશનાદિનું જીવની વિરાધના ન થવા પામે તેમ વિધિ-પૂર્વક પરઠવવાનો ઉપયોગ કરવો. તેનો કોઇ પણ હિંસાદિના સાધન તરીકે દુરુપયોગ ન થવા પામે તેની તકેદારી રાખવી.

**(૧૫ થી ૧૭) મન, વચન, કાયા સંયમ :** મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિઓને યથાશક્ય રોકવા પ્રયત્નશીલ થવું. શુભ પ્રવૃત્તિ અને અનુષ્ઠાનોના આસેવન દ્વારા અશુભ યોગોની પ્રવૃત્તિ અટકાવવા ઉપયુક્ત થવું.

✦ ✦ ✦

**૭૪. સત્તર પ્રકારના સંયમનો બીજો પ્રકાર :**

**(૧ થી ૫)** હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ : એ પાંચેય આશ્રવોની (નવા બંધનનાં કારણોની) વિરતિ કરવી તે પાંચ પ્રકાર.

**(૬ થી ૧૦)** સ્પર્શનેન્દ્રિય વગેરે પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો અર્થાત્ તેના અનુકૂળ - પ્રતિકૂળ વિષયો પર રાગ-દ્વેષ નહીં કરવો તે પાંચ પ્રકાર.

**(૧૧ થી ૧૪)** ક્રોધ, માન, માયા, લોભ : એ કષાયોનો જય એટલે ઉદયમાં આવેલાને વશ નહીં થવું અને ઉદિત ન હોય તેને ઉત્પન્ન નહીં કરવા તે ચાર પ્રકાર.

**(૧૫ થી ૧૭)** મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ રૂપી દંડોની વિરતિ એટલે નિરોધ કરવો તે ત્રણ પ્રકાર. એમ સત્તર પ્રકારે સંયમ કરી શકાય છે.

❖ ❖ ❖

**૭૫. દશ પ્રકારનો શ્રમણધર્મ :**

(૧) **ક્ષાંતિ-ક્ષમા :** ક્રોધને કાબૂમાં રાખવો. હડહડતા અન્યાય, અપરાધ કરનાર ઉપર પણ માનસિક અહિતની ઇચ્છાસરખી પેદા ન થવા દેવી. સ્વ-પર હિતકારક સહનશીલતાનો સુદૃઢ અભ્યાસ કરવો.

(૨) **માર્દવ-નમ્રતા :** મદ, અભિમાનનો ત્યાગ કરવો. ગુણ-ગુણી ઉપર અનુરાગ બુદ્ધિ કેળવવી. યોગ્ય વિનય મર્યાદાના અભ્યાસી બનવું. કુળ, જાતિ આદિ આઠેય મદને સ્વ-પર હાનિકારક સમજી વર્જવા.

(૩) **આર્જવ-સરળતા :** સર્વ પ્રકારના માયા, દંભ, છળ, પ્રપંચ, કપટ આદિકનો ત્યાગ કરવો. નિષ્કપટભાવે કથન-વર્તનની એકવાક્યતા સાધી આદર્શ માનસિક પવિત્રતા જાળવવી.

(૪) **મુક્તિ-નિર્લોભતા-સંતોષ :** ઇચ્છામાત્રનો નિગ્રહ કરી પરમ શાંતિ, સુધારસનો આસ્વાદ કરવો. વિષયસુખની તૃષ્ણાને વધારનારા સાંસારિક પદાર્થોની મોહમાયાથી અલગ થઇ સાહજિક સ્વસંવેદ્ય સુખનો અનુભવ કરવો.

(૫) **તપ :** ઇન્દ્રિયોના વિકારો અને માનસિક અશુભ ભાવોના નિરોધ-પૂર્વક પૂર્વકર્મનો ક્ષય કરનારી બાહ્ય, અભ્યંતર ભેદવાળી વિવિધ તપસ્યા આસેવી આત્મિક જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિરૂપ ઉત્તમ લાભ મેળવવાના ધ્યેયને પહોંચી વળવું.

(૬) **સંયમ :** અનાદિકાળના સાહજિક થઇ ગયેલા અશુભ સંસ્કારોને આધીન થઇ પ્રમાદાદિ અશુભ આચરણમાં વર્તતા જતા આત્માને નિયમિત રાખવો. વિષય-કષાયાદિની પ્રવૃત્તિથી સાવચેત રહેવું.

(૭) **સત્ય :** તથ્ય, પથ્ય, મિત, હિતકારી અને વીતરાગપ્રભુની આજ્ઞા-મર્યાદાને નહીં ઓળંગનારું અવસરોચિત બોલવું.

(૮) **શૌચ :** બાહ્ય પ્રાતિભાસિક શરીરાદિની પવિત્રતા કરતાં વધુ મહત્ત્વવાળી અને આદર્શ કરણીયરૂપ આંતરિક પ્રવૃત્તિઓની પવિત્રતા માટે જાગૃત રહેવું. મૈત્રી આદિ ભાવનાઓથી વિશુદ્ધ અંતઃકરણવાળા બનવું.

(૯) **આકિંચન-નિષ્પરિગ્રહ :** મૂર્ચ્છા, મમત્વભાવ ઉત્પન્ન થાય તેવા મોહક પદાર્થોનું ગ્રહણ ન કરવું. ધર્મનાં ઉપકરણોનો પણ વધુ પડતો સંચય ન કરવો.

(૧૦) **બ્રહ્મચર્ય :** વ્યવહારિક સ્ત્રી-પુરુષસંયોગરૂપ મૈથુનનો સર્વથા ત્યાગ કરી આત્માની ચિરવિશુદ્ધ સાહજિક જ્ઞાનાદિ ગુણોના આસેવનરૂપ દશામાં રમણતા મેળવવા પ્રયત્નશીલ થવું.

❖ ❖ ❖

**૭૬. દશવિધ સાધુ સામાચારી :**

❖ શ્લોક :

**इच्छा मिच्छा तहक्कारो, आवस्सिया य निसिहीया ।**
**आपुच्छणा य पडिपुच्छा, छंदणा य निमंतणा ॥**
**उवसंपया य काले, सामाचारी भवे दसहा वि ॥ १ ॥**

(૧) **ઇચ્છકાર સામાચારી :** દીક્ષાપર્યાયમાં નાના સાધુ પાસે કોઇ પણ કામ કરાવવાના પ્રસંગે તેના હાર્દિક અભિપ્રાય-ઇચ્છા તપાસવાનો ખ્યાલ રાખવો.

(૨) **મિથ્યાકાર સામાચારી :** પ્રમાદાદિ કારણે જ્ઞાન, દર્શન, ચારિત્રને હિતકારી પ્રવૃત્તિથી વિપરીત કાંઇ પણ આચરણ થઇ જાય તેની હાર્દિક શુદ્ધિપૂર્વક ફરીથી તેવું ન થવાની ચોકસાઇપૂર્વકની ''મિચ્છામિ દુક્કડં'' શબ્દના પ્રયોગપૂર્વક માફી માંગવી.

(૩) **તથાકાર સામાચારી :** અજ્ઞાન, મોહાદિથી સાનભાન ભૂલેલા અંતર આત્માને નિષ્કારણપરમવત્સલતાપૂર્વક હિતાવહ ધર્મના ઉપદેશ દ્વારા સુખી બનાવનાર ગુરુદેવના વચનને શ્રદ્ધાપૂર્વક ''તહત્તિ'' શબ્દના પ્રયોગપૂર્વક સ્વીકારી લેવું.

(૪) **આવશ્યિકી સામાચારી :** સંયમના પોષણને અનુકૂળ આહાર-વિહાર આદિની પ્રવૃત્તિ માટે ઉપાશ્રયમાંથી નીકળતાં તેમ જ દહેરાસરમાંથી બહાર નીકળતાં ''આવસ્સહી'' બોલવું, જેથી સાધુજીવનની તમામ ચર્યા સંયમાનુકૂળ હોવાનો ખ્યાલ જાગૃત રહે.

(૫) **નૈષેધિકી સામાચારી :** દહેરાસર, ઉપાશ્રયમાં પેસતાં મન, વચન, કાયાના યોગને આરાધનાના માર્ગ પર કેન્દ્રિત કરવા ''નિસીહિ'' શબ્દના પ્રયોગપૂર્વક ચાલુ ક્રિયા કે સંયમજીવન સિવાય બીજા તમામ વ્યાપારોના ત્યાગનો ખ્યાલ રાખવો.

(૬) **આપૃચ્છના સામાચારી :** કોઇ પણ પ્રવૃત્તિ માટે દેવ, ગુરુ કે વડીલની સંમતિ માટે ઉપયોગવંત રહેવું.

(૭) **પ્રતિપૃચ્છના :** સામાન્યતઃ પ્રવૃત્તિ કરવા માટે આજ્ઞા લીધેલી હોવા છતાં પણ કાર્યપ્રારંભ વખતે પુનઃ દેવ, ગુરુ કે વડીલની આજ્ઞા માંગવા ઉપયોગ રાખવો.

(૮) **છંદના :** પોતા માટે લાવેલ આહાર, પાણી આદિમાંથી બીજા સાધુઓને ભક્તિ માટે થોડું-ઘણું લેવા પ્રાર્થના કરવી.

(૯) **નિમંત્રણા સામાચારી :** પોતાના આત્માને કૃતાર્થ કરવાની શુભ કામનાથી નાના-મોટા તમામ સાધુને આહાર-પાણી આદિ દ્વારા સેવાભક્તિ કરવા નમ્રભાવે પ્રાર્થના કરવી.

(૧૦) **ઉપસંપદા સામાચારી :** જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ, નિર્મળતા, સ્થિરતાદિ માટે સ્વગચ્છ છોડી અન્ય ગચ્છમાં જઇને વિધિપૂર્વક અન્ય ગુરુની નિશ્રા સ્વીકારવી.

✧ ✧ ✧

## ૭૭. સાધુની પ્રતિજ્ઞાનાં અઢાર સ્થાનો :

- ✧ **૬ વ્રત :** પાંચ મહાવ્રત અને રાત્રિભોજનવિરમણ વ્રતનું મન, વચન, કાયાથી બરાબર પાલન કરવું.



- ✧ **૬ કાય :** પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસ કાયની જાણે-અજાણે પણ થતી વિરાધનાથી બચવું.
- ✧ **૧ અકલ્પ્ય :** સંયમને અનુપયોગી અગર બાધા કરનાર પદાર્થોનો ત્યાગ કરવો.
- ✧ **૧ ગૃહસ્થભાજનત્યાગ :** થાળી વાટકી લોટો આદિ ધાતુના વાસણનો ત્યાગ કરવો.
- ✧ **૧ પલંગ :** ખાટલો, પથારી, તળાઇ આદિ ગૃહસ્થોચિત સામગ્રીનો ત્યાગ કરવો.
- ✧ **૧ નિષદ્યા :** ગૃહસ્થને ત્યાં બેસવાનો ત્યાગ.
- ✧ **૧ સ્નાન :** સર્વથી કે દેશથી શરીરશુદ્ધિનો ત્યાગ.
- ✧ **૧ શોભા :** સારા દેખાવડા થવા માટે શરીર, વસ્ત્ર, વાળ વગેરેની ટાપટીપ કરવાનો ત્યાગ.

✧ ✧ ✧

## ૭૮. ચરણસિત્તરી અને કરણસિત્તરી :

**वय समणधम्म संजम वेयावच्चं च बंभगुत्तीओ ।**
**नाणाइतियं तवकोहनिग्गहाइ चरणमेयं ॥**

પાંચ મહાવ્રત, દસ પ્રકારનો શ્રમણ ધર્મ, સત્તર પ્રકારનું સંયમ, દસ પ્રકારની વેયાવચ્ચ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિ, જ્ઞાનાદિ ત્રણ, બાર પ્રકારનો તપ, ક્રોધાદિ ચારનો નિગ્રહ : આ પ્રમાણે ચરણ સિત્તરી છે.

**पिंडविसोही समिई, भावण पडिमा य इंदियनिरोहो ।**
**पडिलेहणं गुत्तीओ, अभिग्गहा चेव करणं तु ॥ १ ॥**

(શ્રી ઓઘનિર્યુક્તિ ભાષ્ય ગાથાનું)

**(૧ થી ૪) પિંડવિશુદ્ધિ :** વસ્ત્ર, પાત્ર, વસતિ અને આહારની નિર્દોષ ગવેષણા કરવી.

**(૫ થી ૯) પાંચ સમિતિ :** (૧) ઈર્યાસમિતિ (૨) ભાષાસમિતિ (૩) એષણાસમિતિ (૪) આદાન-નિક્ષેપસમિતિ (૫) પારિષ્ઠાપનિકા-સમિતિ. આ ૫ સમિતિનું બરાબર પાલન કરવું.

**(૧૦ થી ૨૧) બાર ભાવના :** (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આશ્રવ (૮) સંવર (૯)

નિર્જરા (૧૦) લોક (૧૧) બોધિદુર્લભ (૧૨) ધર્મસ્વાખ્યાત. (વિસ્તારથી પા. ૯૧)

**(૨૨ થી ૩૩) બાર પ્રતિમાઓ :** સાધુને વિશિષ્ટ પ્રકારે સંયમની ઉજ્જવળતા અને નિર્મળતા મેળવવા આસેવવાલાયક તપવિશેષ, જેના બાર ભેદ (પ્રકાર) છે.

❖ **શ્લોક :**

**मासाई संत्तता, पढमाइ बितइअ सत्तरायदिणा ।**
**अहराइ एगराई भिक्खूपडिमाण बारसगं ॥ १ ॥**

❖ **ભાવાર્થ :** ૧ થી સાત સુધી (૧) એકમાસિકી (૨) બેમાસિકી (૩) ત્રણ-માસિકી (૪) ચારમાસિકી (૫) પાંચમાસિકી (૬) છમાસિકી (૭) સાતમાસિકી (૮) પ્રથમ સાત અહોરાત્રની (૯) બીજા સાત અહોરાત્રની (૧૦) ત્રીજા સાત અહોરાત્રની (૧૧) એક (ત્રણ) અહોરાત્રની (૧૨) એક રાત્રિની : એમ ભિક્ષુઓની બાર પ્રતિમાઓ જાણવી.

**(૩૪ થી ૩૮) પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ :** (૧) સ્પર્શનેન્દ્રિય (૨) રસનેન્દ્રિય (૩) ઘ્રાણેન્દ્રિય (૪) ચક્ષુરિન્દ્રિય (૫) શ્રોત્રેન્દ્રિય : આ પાંચેય ઈન્દ્રિયના વિષયભૂત સારા કે ખોટા રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ ઉપર રાગદ્વેષનો ત્યાગ કરવો અને ઈન્દ્રિયોની પ્રવૃત્તિ સમભાવે કેળવવી.

**(૩૯ થી ૬૩) પચ્ચીસ પ્રકારની પડિલેહણા :** વસ્ત્ર કે મુહપત્તિની પ્રતિ-લેખનાના ધ્યાનમાં રાખવા લાયક પચ્ચીસ પ્રકારો—

**૧ દૃષ્ટિપડિલેહણા, ૬ ઊર્ધ્વ પક્ખોડા (પુરિમ), ૯ અક્ખોડા, ૯ પક્ખોડા. (પ્રમાર્જના)**

❖ **પ્રતિલેખના કરવાની રીત—**

| **કઈ પડિલેહણા** | **કયા બોલ** |
|---|---|
| ૧. પહેલું અને બીજું પાસું તપાસતાં | ૧. સૂત્ર, અર્થ તત્ત્વ કરી સદ્દહું |
| ૩. પહેલા ૩ પુરિમ વખતે | ૩. સમકિત, મિશ્ર, મિથ્યાત્વ, મોહનીય પરિહરું. |
| ૩. બીજા ૩ પુરિમ વખતે | ૩. કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, પરિહરું. |
| પહેલા ૩ અક્ખોડા કરતાં | ૩. સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું. |
| પહેલા ૩ પક્ખોડા કરતાં | ૩. કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું. |
| બીજા ૩ અક્ખોડા કરતાં | ૩. જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું. |
| બીજા ૩ પક્ખોડા કરતાં | ૩. જ્ઞાન, દર્શન, ચારિત્ર વિરાધના પરિહરું. |
| ત્રીજા ૩ અક્ખોડા કરતાં | ૩. મન, વચન, કાય ગુપ્તિ આદરું. |
| ત્રીજા ૩ પક્ખોડા કરતાં | ૩. મન, વચન, કાય દંડ પરિહરું. |
| | ૨૫. |

❖ **શરીરની પડિલેહણા - પચ્ચીસ :**

| | |
|---|---|
| ૩. ડાબા હાથના ૩ ભાગની પડિલેહણા | ૩. હાસ્ય, રતિ, અરતિ પરિહરું. |
| ૩. જમણા હાથના ૩ ભાગની પડિલેહણા | ૩. ભય, શોક, દુર્ગંછા પરિહરું. |
| ૩. મસ્તકના ભાગની પડિલેહણા | ૩. કૃષ્ણ, નીલ, કાપોત, લેશ્યા પરિહરું. |
| ૩. મુખના ભાગની પડિલેહણા. | ૩. રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું. |
| ૩. હૃદયના ભાગની પડિલેહણા | ૩. માયા, નિયાણ, મિથ્યાત્વ શલ્ય પરિહરું. |
| ૪. ખભા પાછળના વાંસાના ભાગે તથા કાંખની બે મળી ૪. (ડાબા અને જમણા ખભાની ઉપર નીચે બે પડખે.) | ૪. ક્રોધ, માન, માયા, લોભ પરિહરું. |
| ૩. ડાબા પગની પડિલેહણા | ૩. પૃથ્વી, અપ્, તેઉ કાયની રક્ષા કરું. |
| ૩. જમણા પગની પડિલેહણા. | ૩. વાયુ, વનસ્પતિ, ત્રસકાયની રક્ષા કરું. |
| ૨૫. સ્થાન | ૨૫. બોલ |

વિસ્તારથી જાણવા ધર્મસં.ભા.૧માં પાનું ૪૬૨ થી ૪૬૫માં જોવું.

**(૬૪ થી ૬૬) ત્રણ ગુપ્તિ :** મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ રોકવી.

**(૬૭ થી ૭૦) ચાર પ્રકારના અભિગ્રહો :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અભિગ્રહ ધારવા.

**પ્રયોજન પડે જે કરાય તે કરણ કહેવાય. (પ્રવ. સારોદ્ધારમાં પા. ૬૭માં લખ્યું છે.)**

❖ ❖ ❖

## ૭૯. અઢાર હજાર શીલાંગરથ :

દસ પ્રકારના શ્રમણધર્મને (પાન ૩૪માં) દસ પ્રકારના પૃથ્વીકાયાદિથી ગુણતાં - પૃથ્વીકાયાદિ દસ - પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવ : આ દસ ભેદોથી ગુણતાં ૧૦ x

૧૦ = ૧૦૦, ફરી તેને પાંચ ઈન્દ્રિય સાથે ગુણતાં ૧૦૦ x ૫ = ૫૦૦, ફરી તેને ચાર સંજ્ઞાથી ગુણતાં ૫૦૦ x ૪ = ૨૦૦૦, ફરી તેને મન, વચન, કાયાથી ગુણતાં ૨૦૦૦ x ૩ = ૬૦૦૦, ફરી તેને કરણ, કરાવણ અને અનુમોદનથી ગુણતાં ૬૦૦૦ x ૩ = ૧૮૦૦૦.

❖ **શ્લોક :**

**करणे, जोए, सन्ना, इंदिय, भूमाइ समणधम्मे अ ।**
**सिलंग सहस्साणं अट्ठारसगस्स निप्फत्ती ॥ १ ॥**

❖ ❖ ❖

## ૮૦. બાર ભાવનાઓ :

(૧) **અનિત્યભાવના :** હે જીવ ! જગતમાં સર્વ સંયોગો અનિત્ય છે. જગતમાં આત્મા એક જ સ્થિર છે.

(૨) **અશરણભાવના :** હે જીવ ! જગતમાં જીવને કોઈ રક્ષણ આપતું નથી. સર્વજ્ઞના ધર્મ સિવાય જીવને પરલોક જતાં બીજું કોઈ શરણું નથી.

(૩) **સંસારભાવના :** હે જીવ ! આ સંસાર વિચિત્ર છે. જે સંસાર જન્મ-મરણ, અનેક રોગો, સ્વાર્થ અને પ્રપંચનાં દુઃખોથી ભરેલો છે તેના ઉપર મોહ શો ? તેનાથી તને વૈરાગ્ય કેમ થતો નથી ?

(૪) **એકત્વભાવના :** હે જીવ ! તું એકલો જન્મ્યો છે અને એકલો જવાનો છે. એકલો કર્મ કરે છે અને એકલો ભોગવે છે. માટે મારું મારું કરી ક્લેશ કેમ પામે છે ?

(૫) **અન્યત્વભાવના :** હે જીવ ! તું આ દેહથી, તારાં મા-બાપથી, ધનથી તદ્દન જુદો છે. તારું આનાથી કાંઈ હિત નથી છતાં તું તેને તારા શા માટે માને છે ? પરલોકમાં કોઈ તારા કામમાં આવવાના નથી તેનો વિચાર કર.

(૬) **અશુચિભાવના :** હે જીવ ! તું જે શરીર પર મોહ કરી રહ્યો છે, રાત-દિવસ તેની ચિંતા કરે છે તે શરીર શેમાંથી ઉત્પન્ન થયું છે, તેની અંદર કેવા પદાર્થો છે, તેની અંદર કેટલા રોગો છે, તે ટકવાનું નથી : તેનો બરાબર વિચાર કર. આ શરીર નાશવંત છે, રાખ્યું રહેવાનું નથી - આવો વિચાર કરવાથી શરીર ઉપર વૈરાગ્ય થાય.



(૭) **આશ્રવભાવના :** હે જીવ ! મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને દુષ્ટ યોગ : આ ચાર આશ્રવો જ તારા સંસારનું મૂળ છે. તેથી જ તું અનાદિકાળથી આ સંસારમાં ભટકે છે તો તેને દૂર કરવા પુરુષાર્થ કર.

(૮) **સંવરભાવના :** હે જીવ ! સંસારકારાગૃહમાંથી છોડાવનાર સમ્યક્ત્વ, વિરતિધર્મ, કષાયનો નિગ્રહ અને સમિતિ-ગુપ્તિનું નિર્મળ પાલન : આ ચાર સંવરધર્મ જ છે, તે જ તારા આત્માનું કલ્યાણ કરનાર છે, પરમમિત્રો છે માટે તારા જીવનમાં તેનો ખૂબ આદર કર.

(૯) **નિર્જરાભાવના :** હે જીવ ! સકામનિર્જરા કરવાનો અનુપમ અવસર પામ્યો છે તો તું સુખશીલતાનો ત્યાગ કરી બાર પ્રકારના તપમાં ઉદ્યમશીલ બન, જેથી બધાં કર્મો બળીને ભસ્મ થાય.

(૧૦) **લોકસ્વરૂપભાવના :** હે જીવ ! તું ચૌદરાજલોકના સ્વરૂપનો વિચાર કર. તેમાં આવેલા અનંત જીવો અને પુદ્‌ગલોનો વિચાર કર. તેમનાં સંસ્થાન, આયુષ્ય, સ્થિતિ વગેરેનો વિચાર કર, જેથી તારું ચપળ મન સ્થિર બને.

(૧૧) **બોધિદુર્લભભાવના :** હે જીવ ! આ જગતમાં મોટું રાજ મળવું, સુંદર સ્ત્રીઓ મળવી વગેરે સંસારની ઉપભોગની સામગ્રી મળવી સહેલી છે, પરંતુ જૈનધર્મની પ્રાપ્તિ થવી તે જ દુર્લભ છે. તત્ત્વાતત્ત્વના નિર્ણયમાં નિપુણ એવી બોધિ જ દુર્લભ છે. તે તને મળી છે તે મહાપુણ્યના ઉદયે મળી છે તો તેનું પ્રાણની માફક રક્ષણ કર અને સત્કાર્યથી સફળ કર.

(૧૨) **ધર્મસ્વાખ્યાતભાવના :** હે જીવ ! અનંત-ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ભવનો ઉચ્છેદ કરનારો એવો સુંદર ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ બતાવ્યો છે. ક્યાં જિનમત અને ક્યાં અસંબદ્ધ પ્રલાપ કરનારા અન્ય મતો ?

❖ ❖ ❖

## ૮૧. ચાર ભાવના :

(૧) **મૈત્રીભાવના :** બધાયે જીવનું શુભ થાઓ. પારકાનું હિત ચિંતવવું તે.

(૨) **પ્રમોદભાવના :** ગુણ અને ગુણવાન પ્રત્યે પક્ષપાત કરવો તે.

(૩) **કરુણાભાવના :** સંસારથી પીડા પામતાં પ્રાણીઓ પર દયા કરવી તે.

(૪) **માધ્યસ્થ્યભાવના :** નિવારણ ન કરી શકાય તેવા દોષો તરફ ઉપેક્ષા રાખવી તે.

✦ ✦ ✦

## ૮૨. બાર પ્રકારનો તપ (છ બાહ્ય અને છ અભ્યંતર) :

(૧) **અનશન :** ઉપવાસ, આયંબિલ, એકાસણું કરવું તે.

(૨) **ઊણોદરી :** પોતાની ભૂખ કરતાં ૨-૫-૭ કોળિયા ઓછું ખાવું તે દ્રવ્ય-ઊણોદરી. ભાવથી-જિનવચનની ભાવનાથી ક્રોધાદિનો પ્રતિદિન ત્યાગ કરવો તે. આ બંને પ્રકારનો ઊણોદરીતપ સત્ત્વસાધ્ય છે.

(૩) **વૃત્તિસંક્ષેપ :** ખાવાની ચીજોનું અભિગ્રહપૂર્વક નિયમન કરવું તે. આમાં ઇચ્છાનિરોધ કરવાનો છે.

(૪) **રસત્યાગ :** (વિગઈત્યાગ) છ વિગઈમાંથી યથાશક્તિ પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરવો. આનાથી બ્રહ્મચર્ય સહેલાઈથી પાળી શકાય છે.

(૫) **કાયક્લેશ :** શાસ્ત્રવિધિ મુજબ લોચ કરાવવો. શરીરસેવાનો ત્યાગ કરવો. કાયકષ્ટકારી વીરાસનાદિ આસનો કરવાં વગેરે.

(૬) **સંલીનતા :** (૧) ઇન્દ્રિયસંલીનતા : સારાનરસા વિષયોમાં રાગદ્વેષ ન કરવો. (૨) કષાયસંલીનતા : ઉદયમાં આવેલ કષાયોને નિષ્ફળ કરવા. (દા.ત. આંખ લાલ ન કરવી, જીભને કાબૂમાં રાખવી) કષાયો સત્તામાં પડ્યા છે તેને જગાડવા નહીં. (૩) યોગસંલીનતા : અશુભ મન, વચન, કાયાની પ્રવૃત્તિ રોકી શુભમાં પ્રવૃત્તિ કરવી તે. (૪) વિવિક્તસંલીનતા : સ્ત્રી, પશુ, નપુંસક આદિથી રહિત સ્થાનમાં રહેવું તે. ઉપરના છ પ્રકારના તપને બાહ્ય એવા દેહને તપાવતો હોવાથી 'બાહ્યતપ' કહેવાય છે.

✦ **છ અભ્યંતર તપ :**

(૧) **પ્રાયશ્ચિત્તતપ :** મૂળ ગુણ(પાંચ મહાવ્રતો અને પાંચ અણુવ્રતો) ઉત્તર ગુણ(પિંડવિશુદ્ધિ - શિક્ષાવ્રતો વિગેરે)માં લાગેલા અતિચાર- દોષોને ગીતાર્થ ગુરુ મહારાજ પાસે સરળ હૃદયે પ્રગટ કરી તેનું જે પ્રાયશ્ચિત્ત આપે તે કરવું.

(૨) **વિનયતપ :** આચાર્ય, ઉપાધ્યાય, રત્નાધિક, જ્ઞાની, તપસ્વી વગેરેનો વિનય કરવો. દા.ત. તેઓ આવે ત્યારે ઊભા થવું, બેસવા આસન



આપવું, બહારથી આવે ત્યારે સામે લેવા જવું, બહાર જતા હોય ત્યારે મૂકવા જવું, સામે બેસવું નહીં, તેમની ઇચ્છા મુજબ વર્તવું તે.

(૩) **વૈયાવચ્ચતપ :** ધર્મના, સંયમના આરાધકની અન્નાદિકથી ભક્તિ કરવી તે. દા.ત. ગોચરીપાણી લાવી આપવાં, પડિલેહણ કરવું. આસન, સંથારો પાથરી આપવો, માત્રું પરઠવવું, કાપ કાઢવો, ઉપધિ ઉપાડવી, હાથ-પગ દબાવવા, આજ્ઞાપાલન આદિ ભક્તિ-બહુમાન કરવું.

(૪) **સ્વાધ્યાયતપ :** ગુરુ મહારાજની આજ્ઞા મુજબ અને કાળવેળાના ત્યાગપૂર્વક સત્‌શાસ્ત્રોનું અધ્યયન ભણવું, ભણાવવું, અર્થચિંતન, અનુપ્રેક્ષા આદિ કરવું તે.

(૫) **ધ્યાનતપ :** ચિત્તને અંતર્મુહૂર્ત કાળ સુધી એક વસ્તુમાં એકાગ્ર કરવું તે. ધ્યાનના ચાર પ્રકાર છે– **(૧) આર્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન, (૪) શુક્લધ્યાન.**

(૧) **આર્તધ્યાન :** દુઃખના નિમિત્તે થાય તે.

(૨) **રૌદ્રધ્યાન :** પ્રાણીવધાદિકમાં ક્રૂર ચિત્તની પરિણતિ તે.

(૩) **ધર્મધ્યાન :** બાર ભાવના આદિના ચિંતનથી અને જિનાજ્ઞાની ભાવનાથી શુભ પરિણતિની કેળવણી. ધર્મધ્યાનના ચાર પ્રકાર છે. (૧) જિનેશ્વર દેવની આજ્ઞાનો વારંવાર વિચાર કરવો. (૨) કષાયની પરવશતાથી થતા નુકસાનનો વિચાર કરવો. (૩) પાપપુણ્યના ઉદયનો વિચાર કરવો. (૪) જગતના સ્વરૂપનો વિચાર કરવો.

(૪) **શુક્લધ્યાન :** કર્મનિર્જરાના પ્રધાન કારણભૂત આત્મસ્વરૂપનો શુદ્ધતમ રીતે - સૂક્ષ્મ રીતે વિચાર કરવો તે.

ઉપરનાં ચાર ધ્યાનમાંથી પ્રથમનાં બે તિર્યંચગતિ અને નરકગતિ આપનારાં છે અને છેલ્લાં બે સદ્‌ગતિ આપનારાં છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે તપ છે જ્યારે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ તપ નથી.

(૬) **કાયોત્સર્ગતપ :** જિનમુદ્રાએ ઊભા રહી કાયાની સ્થિરતા, વાણીથી મૌન અને મનથી ધ્યાન ધરી કાઉસ્સગ્ગના ઓગણીસ દોષોનો ત્યાગ કરી કાઉસ્સગ્ગ કરવો તે. આ છ પ્રકારનો અભ્યંતર તપ કહેવાય છે અને તે મોક્ષપ્રાપ્તિનો અંતરંગ હેતુ છે.

✦ ✦ ✦

## ૮૩. વૈયાવચ્ચના ૧૦ પ્રકારો :

**अरिहंत, सिद्ध, चेइय, सुअे य धम्मे य साहु सूरीओ ।**
**कुल, गण, संघे य तहा, वैयावच्चं भवे दसहा ॥**

**(રત્નસંચય પા.૩૩૬)**

**(બીજી રીતે) :** (૧) જિનેશ્વર (૨) આચાર્ય (૩) ઉપાધ્યાય (૪) સાધુ (૫) બાળમુનિ (૬) સ્થવિરમુનિ (૭) ગ્લાન (૮) તપસ્વી (૯) ચૈત્ય અને (૧૦) શ્રમણસંઘ. (૧૬મી વીશસ્થાનક પૂજામાં)

✦ ✦ ✦

## ૮૪. દસ પ્રકારના સ્થવિર :

(૧) તપ (૨) શ્રુત (૩) ધૈર્ય (૪) ધ્યાન (૫) દ્રવ્ય (૬) ગુણ (૭) પર્યાય (૮) જ્ઞાન (૯) સ્વરૂપરમણ (૧૦) વયસ્થવિર.

✦ ✦ ✦

## ૮૫. યોગસંગ્રહના બત્રીસ પ્રકારો :

(૧) શિષ્યે વિધિપૂર્વક આચાર્યને આલોચના દેવી. (પોતાના અપરાધો નિષ્કપટભાવે ગુરુને યથાર્થ કહી સંભળાવવા). (૨) આચાર્યે પણ શિષ્યે કહેલી આલોચના-અપરાધ બીજાને નહીં જણાવવા. (૩) આપત્તિના પ્રસંગોમાં પણ ધર્મમાં દઢતા કેળવવી. (૪) આલોક-પરલોકના સુખની અપેક્ષા વિના ઉપધાન (વિવિધ તપ) કરવા. (૫) ગ્રહણ અને આસેવનરૂપ બે પ્રકારની શિક્ષાનું સેવન કરવું. (વિધિપૂર્વક જ્ઞાન ભણવું અને ક્રિયામાં પ્રમાદ કરવો નહીં.) (૬) શરીરનું પ્રતિકર્મ (શુશ્રૂષા, શોભા વગેરે) નહીં કરવું. (૭) બીજો જાણે નહીં તેમ ગુપ્ત તપ કરવો. (૮) નિર્લોભતા માટે યત્ન કરવો, લોભ તજવો. (૯) પરિષહો ઉપસર્ગો આદિનો જય કરવો, સમભાવે સહેવા, દુર્ધ્યાન નહિ કરવું. (૧૦) સરળતા રાખવી. (૧૧) સંયમમાં તથા વ્રત વગેરેમાં (મૂળ-ઉત્તર ગુણોમાં) પવિત્રતા રાખવી. (અતિચાર નહીં સેવવા.) (૧૨) સમ્યક્ત્વની શુદ્ધિ સાચવવી. (દૂષણાદિ નહીં સેવવું.) (૧૩) ચિત્તમાં સમાધિ કેળવવી. (રાગ-દ્વેષાદિ નહીં કરવા.) (૧૪) આચારોનું પાલન કરવું. (દેખાવ નહીં કરવો.) (૧૫) વિનીત થવું, માન નહીં કરવું, કરવાયોગ્ય દરેકનો વિનય કરવો. (૧૬) ધૈર્યવાન થવું. (દીનતા નહીં કરવી.) (૧૭) સંવેગમાં (મોક્ષની જ એક સાધનામાં) તત્પર



રહેવું. (૧૮) માયાનો ત્યાગ કરવો. (૧૯) દરેક અનુષ્ઠાનોમાં સુંદર વિધિ સાચવવી. (૨૦) સંવર કરવો. (નવા કર્મબંધને બને તેટલો અટકાવવો.) (૨૧) આત્માના દોષોનો ઉપસંહાર (ઘટાડો) કરવો. (૨૨) સર્વ પૌદ્ગલિક ઇચ્છાઓના વિરાગ(ત્યાગ)ની ભાવના કેળવવી. (૨૩) મૂળ ગુણો(ચરણ-સિત્તરી)માં વિશેષ વિશેષ પચ્ચક્ખાણ કરવાં. (૨૪) ઉત્તરગુણોમાં સવિશેષ પચ્ચક્ખાણ કરવાં. (૨૫) દ્રવ્યથી બાહ્ય ઉપધિ આદિનો અને ભાવથી અંતરંગ રાગદ્વેષાદિનો ત્યાગ કરવો. (૨૬) અપ્રમત્તભાવ કેળવવો. (૨૭) ક્ષણે ક્ષણે સાધુસામાચારીનું પાલન કરવું. (૨૮) શુભધ્યાનરૂપ સંવરયોગ સેવવો. (૨૯) પ્રાણાંત વેદનાના ઉદયે પણ મનમાં-ધર્મમાં ક્ષોભ નહીં કરવો. (૩૦) પૌદ્ગલિક સંબંધોનું સ્વરૂપ સમજવું અને તેનો ત્યાગ કરવા માટે સવિશેષ પચ્ચક્ખાણ કરવાં. (૩૧) અપરાધોનું પ્રાયશ્ચિત્ત કરવું. (૩૨) અંતકાળે આરાધના(સંલેખના) કરવી.

✦ ✦ ✦

## ૮૬. પડિલેહણ-વિધિ :

(૧) પ્રથમ, વસ્ત્રને મજબૂત પકડી ત્રણ ભાગ (આદિ, મધ્ય, અંત) બુદ્ધિથી કલ્પી દષ્ટિપડિલેહણ કરવું. ત્યાર બાદ વસ્ત્રને ફેરવી બીજી બાજુ દષ્ટિપડિલેહણ કરવું. પછી પફોડવા - ખંખેરવાની ક્રિયા કરવી. ત્રીજી વાર હાથપ્રમાર્જના કરતાં બોલો બોલવા.

(૨) પડિલેહણ કરતાં વસ્ત્ર અને શરીર ટટ્ટાર રાખવું એટલે કે ઉભડક પગે બેસી શરીર કે વસ્ત્ર પરસ્પર અવયવોથી સંઘટ્ટિત ન થાય તેનું ધ્યાન રાખવું.

(૩) સાધુને દરરોજ ત્રણ પ્રતિલેખના કરવાનો વિધિ છે. એક પ્રભાતે, બીજી ત્રીજા પ્રહરને અંતે, ત્રીજી સૂર્યોદયથી પોણા પ્રહરે.

✧ **પ્રથમ પડિલેહણા પ્રભાતે :** (૧) મુહપત્તી (૨) ચોળપટ્ટો (ઉપલક્ષણથી કંદોરો) (૩-૪-૫) એક કામળી અને બે સુતરાઉ કપડાં (૬-૭) રજોહરણની બે નિષદ્યા (અંદરનું સુતરાઉ અને ઉપરનું ઊનનું ઓઘારિયું) (૮) રજોહરણ (૯) સંથારો (૧૦) ઉત્તરપટ્ટો. એમ કલ્પચૂર્ણિના અભિપ્રાયે. (૧૧) દાંડો - એમ ૧૧ વસ્તુની પ્રતિલેખના સૂર્યોદય પહેલાં કરવી.

✧ **ક્રમ :** તેમાં સહુથી પહેલાં મુહપત્તી, રજોહરણ, અંદરની નિષદ્યા, બહારનું ઓઘારિયું, ચોળપટ્ટો(કંદોરો-આસન), કપડાં, ઉત્તરપટ્ટો સંથારો અને દાંડો : એમ નિશીથચૂર્ણિમાં ક્રમ કહ્યો છે.

✧ **બીજી પ્રતિલેખનામાં :** દિવસના ત્રીજા પ્રહરના અંતે ચૌદ ઉપકરણોનું પડિલેહણ કરવાનું છે. તેમાં પ્રથમ મુહ. ચોળ. પછી પાતરાનો ઉપરનો ગુચ્છો, ચરવળી, ઝોળી, પડલા, રજસ્ત્રાણ, નીચેનો ગુચ્છો, નાનું પાત્ર, મોટું પાત્ર પછી રજોહરણ અને ત્રણ કપડાં : એમ ચૌદનું પડિલેહણ કરવું.

ઉપર મુજબ ૧૧ અને ૧૪ મળી ૨૫ વસ્તુની પડિલેહણાને ૨૫ પ્રકારો કહેવાય છે અને અન્ય મતે મુહપત્તીના ૨૫ બોલ બોલવા-પૂર્વક મુહપત્તી વગેરેનું પડિલેહણ થાય છે.

✧ **ત્રીજી પ્રતિલેખનામાં :** સૂર્યોદય પછી પોણા પ્રહરે પાત્રાં અને પડલાં, ઝોળી, ગુચ્છા વગેરેની પડિલેહણા કરવાની છે.

✧ ✧ ✧

## ૮૭. પડિલેહણાના સોળ વર્જ્ય દોષો :

(૧) **નર્તન :** શરીર કે વસ્ત્રને પડિલેહણ વખતે ચંચળ રાખવું કે કરવું.

(૨) **વલન :** શરીર કે વસ્ત્ર અવ્યવસ્થિત રાખવું.

(૩) **અનુબંધ :** વારંવાર અક્ખોડા-પ્રમાર્જનાદિ કરવા.

(૪) **મોસલિ :** ખાંડણીમાં ધબાધબ કરતાં સાંબેલાની જેમ પડિલેહણ કરતાં ઉપર-નીચે, આજુ-બાજુ, ગમે ત્યાં વસ્ત્ર કે શરીર-અવયવને અવ્યવસ્થિત સંઘટ્ટિત કરવું.

(૫) **આરભટ :** શાસ્ત્રીય મર્યાદાથી વિપરીત પડિલેહણ કરવું અગર ઉતાવળે પડિલેહણ કરવું.

(૬) **સંમર્દ :** વસ્ત્રને પૂરું ખોલ્યા સિવાય જેમ-તેમ અવ્યવસ્થિતપણે પડિલેહણ કરવું.

(૭) **પ્રસ્ફોટન :** ધૂળ ખંખેરવાની અજયણાથી વસ્ત્રને ઝાપટવા આદિની પ્રવૃત્તિ કરવી.

(૮) **વિક્ષેપ :** વસ્ત્રનું પડિલેહણ કરીને એક બાજુ ફેંકતા જવું અગર કપડાના છેડાઓને અદ્ધર કરવા.



(૯) **વેદિકા :** બે ઢીંચણ પર કે બે ઢીંચણ નીચે કે પગના સાંધાઓ વચ્ચે હાથ રાખીને, બે હાથ વચ્ચે ઢીંચણ રાખી કે એક ઢીંચણને બે હાથ વચ્ચે રાખી પડિલેહણ કરવું.

(૧૦) **પ્રશિથિલ :** કપડું ઢીલું પકડવું.

(૧૧) **પ્રલંબ :** કપડું લટકતું રાખવું.

(૧૨) **લોલ :** જમીનને અડતું કપડું રાખવું.

(૧૩) **એકામર્શ :** વસ્ત્રને એક બાજુથી પકડી અદ્ધર કરી આખું કપડું હલાવી પડિલેહણ થઈ ગયાનું માનવું.

(૧૪) **અનેકરૂપ ધૂનન :** અનેક કપડાં ભેગાં કરી એકીસાથે ખંખેરી પડિલેહણ થઈ ગયાનું માનવું.

(૧૫) **શંકિત ગણના :** અક્ખોડા-પ્રમાર્જના કેટલા થયા તે યાદ ન રહેવાથી આંગળીના વેઢે ગણતરી કરવી.

(૧૬) **વિતથકરણ :** પડિલેહણ કરતાં પરસ્પર વાતો-વિકથા કરવી, પચ્ચખ્ખાણ આપવું, વાંચના આપવી કે લેવી વગેરે પ્રવૃત્તિ કરવી.

ઉપરના દોષો યથાશક્ય પ્રયત્ને વર્જવા.

✧ ✧ ✧

## ૮૮. સાધુની ઉપધિના પ્રકાર :

(૧) ઔઘિક અને (૨) ઔપગ્રહિક : એમ બે પ્રકારે.

❖ **ઔઘિક ઉપકરણના ચૌદ ભેદ :**

✧ **ત્રણ કપડાં :** બે સુતરાઉ અને એક ઊનનું એટલે કાંબલ, કાંબલનો કપડો અને પહેરવાનો કપડો.

✧ **૧ રજોહરણ :** કર્મરૂપી ભાવરજ અને ધૂળ વગેરે દ્રવ્યરજની પ્રમાર્જનાનું સાધન.

✧ **૧ મુખપોત્તિકા (મુહપત્તી) :** બોલતી વખતે જીવવિરાધનાથી બચવા મોઢા આગળ રાખવા માટેનું સાધન.

✧ **૧ માત્રક :** સંયમની શુદ્ધિ, વડીલોની ભક્તિ આદિ માટે પ્રાચીન કાળમાં રખાતું પ્રમાણપૂર્વકનું પાત્ર.

✧ **૧ ચોળપટ્ટ :** લજ્જા આદિને જીતવા માટે પહેરાતું અર્ધ ભાગનું વસ્ત્ર.

✧ **૧ પાત્ર :** સંયમની જયણા આદિ માટે શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે ઉપયોગમાં આવતું લાકડાનું પાત્ર.

✧ **૧ પાત્રબંધ :** ઝોળી.

✧ **૧ પાત્રકેશરીકા :** પાત્રાં પૂંજવાની મુહપત્તી, ચરવળી.

✧ **૧ પડલાં :** ઝોળી પર રખાતાં પલ્લાં.

✧ **૧ રજસ્ત્રાણ :** પાત્રાં બાંધતી વખતે વચ્ચે રખાતું વસ્ત્ર.

✧ **૧ ગુચ્છક :** પાત્રાં બાંધ્યા પછી ઉપર ચઢાવવાનો ગુચ્છો.

✧ **૧ પાત્રસ્થાપન :** પાત્રાં મૂકવાનું આસન-નીચેનો ગુચ્છો. કુલ-૧૪. તેમાં સાત પાત્રાંનાં ઉપકરણો અને સાત બીજાં ઉપકરણો-૧૪.

❖ **ઔપગ્રહિક ઉપધિ નીચે મુજબ :**

૧ સંથારો, ૧ ઉત્તરપટ્ટો, ૧ રજોહરણની અંદરની નિષદ્યા - સુતરાઉ વસ્ત્ર. ૧ રજોહરણની બહારની નિષદ્યા-ઊનનું વસ્ત્ર. ૧ દાંડો. ૧ વર્ષાકલ્પ એટલે ચોમાસામાં કારણ પ્રસંગે સામાન્ય વરસાદની ફરફરની વિરાધનાદિથી બચવા વપરાતી કાંબલ એટલે ભરવાડની ધાબળી. એમ કુલ-૬.

આ ઉપરાંત જરૂર પડ્યે જેનાથી જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના; સંસ્કારોની પ્રોજ્જવલે ખીલવણી થઇ શકે તેવાં બધાં સાધનોનો સમાવેશ ઔપગ્રહિક ઉપધિમાં થાય છે.

❖ ❖ ❖

## ૮૯. ઉપધિનું પ્રમાણ :

✧ **પાત્રાં :** સામાન્યતઃ પાત્રાનું પ્રમાણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ : એમ ત્રણ જાતનું હોય છે. જે પાત્રાનો ઘેરાવો ત્રણ વેંત અને ચાર અંગુલ હોય તે મધ્યમ કહેવાય અને તેથી હીન હોય તે જઘન્ય કહેવાય અને તેથી વધારે હોય તો ઉત્કૃષ્ટ કહેવાય અથવા પોતાની ગોચરી-આહારના પ્રમાણને અનુકૂળ જે હોય તથા પાત્રું ગોળ, સમચોરસ, પડઘીવાળું, અશુભ ચિહ્નોથી રહિત અને સારા વર્ણાદિવાળું હોવું જોઇએ તેમ જ જેમાંથી વસ્તુ બહાર કાઢતાં કે ધોતાં હાથ ન ખરડાય તેટલાં પહોળાં મોઢાવાળાં પાત્રાં હોવાં જોઇએ. સાંકડા



મુખવાળાં પાત્રાંમાં જયણા પણ સાચવી શકાય નહીં માટે પહોળા મોંવાળું પાત્રું હોવું જોઇએ.

✧ **ઝોળી :** પાત્રું મૂક્યા પછી ગોઠવાવ્યા બાદ ચારે છેડા ચાર આંગળ જેટલા લટકતા રહી શકે તેટલા માપની હોવી જોઇએ.

✧ **ઉપર-નીચેનો ગુચ્છો અને ચરવળી :** આ ત્રણેનું માપ ૧ વેંત ૪ આંગળનું હોવું જોઇએ.

✧ **પડલાં :** ઉનાળામાં ત્રણ, ચોમાસામાં પાંચ અને શિયાળામાં ચાર હોય. જે પલ્લાં ભેગાં કર્યાથી સૂર્ય તેમાંથી ન દેખાય તેવા ઘન વસ્ત્રના પલ્લાં બનાવવાં. વળી તે પલ્લાં કોમળ સ્પર્શવાળાં હોવાં જોઇએ, જેથી જીવવિરાધનાનો સંભવ ન રહે. તે પલ્લાં અઢી હાથ લાંબાં અને છત્રીશ આંગળ પહોળાં હોવાં જોઇએ.

✧ **રજસ્ત્રાણ :** પાત્રાં બાંધતી વખતે પ્રદક્ષિણાકારે વચમાં ચાર ચાર આંગળ જે વસ્ત્રોનો ભાગ આવી રહે તેટલું માપ તેનું જાણવું.

✧ **કપડાં :** બે સુતરાઉ અને એક ઊનનું : એમ ત્રણે કપડાં અઢી હાથ પહોળાં શરીર પ્રમાણ.

✧ **રજોહરણ :** દાંડીમાં ઘનતા હોવી જોઇએ જેથી જીવજંતુ ભરાય નહીં. દશીઓ કાંબલના ટુકડાના છેડાઓને વ્યવસ્થિત કરીને બનાવેલ હોય. તે દશીઓ કોમળ સ્પર્શવાળી અને વગર ગંડેલી હોવી જોઇએ તથા આખા ઓઘાની જાડાઇ અંગુઠાના પહેલા વેઢા ઉપર તર્જની આંગળી વક્રાકારે મૂકવાથી જે ગોળાઇ થાય તેટલી હોવી જોઇએ અને દશીઓ આઠ આંગળની અને દાંડી ચોવીશ આંગળની મળી બત્રીશ આંગળનું માપ રજોહરણનું હોવું જોઇએ. કારણપ્રસંગે એકના પ્રમાણની હીનતા કે અધિકતાએ બીજાનું પ્રમાણ વધારી કે ઘટાડી બત્રીશ આંગળનું માપ જાળવવું જોઇએ. તેની ઉપર અંદર અને બહાર હાથપ્રમાણ પહોળી બે નિષદ્યા ચઢાવી ત્રણ આંટા દેવા.

✧ **મુહપત્તી :** એક વેંત અને ચાર આંગળનું માપ દરેકે પોતપોતાના હાથથી માપીને જાળવવું અથવા કાજો કાઢતી વખતે મુહપત્તીને તીર્છી રીતે મોંઢા આગળ કરી કંઠના પાછળના ભાગે ગાંઠ દઇ શકાય તેટલી મુહપત્તી રાખવી.

✧ **ચોળપટ્ટો :** સ્થવિરો માટે પાતળો, યુવાનોને માટે જાડો, સ્થવિરોના ચોળપટ્ટાને બમણો કર્યાથી અને યુવાનોના ચોળપટ્ટાને ચારગણો કર્યાથી હાથપ્રમાણ સમચોરસ થાય તેટલું માપ જાણવું.

✧ **સંથારો અને ઉત્તરપટ્ટો :** અઢી હાથ લાંબા અને એક હાથને ચાર આંગળ પહોળા જાણવા.

✧ **દાંડો :** પોતાના શરીરની ઊંચાઇ પ્રમાણે એટલે કે કાન કે નાસિકાના છેડા સુધીનો જોઇએ.

✧ ✧ ✧

## ૯૦. સાધુઓને ઔઘિક અને ઔપગ્રહિક ઉપધિ રાખી શકાય :

સ્થવિરકલ્પી મુનિરાજોને બે પ્રકારની ઉપધિ હોય છે. એક ઔઘિક અને બીજી ઔપગ્રહિક. સંયમના પાલનમાં સહાયકારી એવા નિત્ય વપરાશનાં સાધનોને ઔઘિક ઉપધિ ગણાય છે અને અપ્રાપ્ય, દુષ્પ્રાપ્ય આદિ પ્રસંગે સાધુઓને જરૂર પડ્યે ઉપયોગ કરાવવાની ફરજ બજાવવા સમુદાયના નાયકો જે વધારાની ઉપધિને સંગ્રહી રાખે તે ઔપગ્રહિક ઉપધિ ગણાય છે. (વંદિત્તા સૂત્રની ટીકામાં પા. ૯માં)

શ્રી આચારાંગસૂત્રમાં સાધુનાં કપડાં બાબત પ્રસ્તાવ છે. તેમાં જિનકલ્પી, સ્થવિરકલ્પી, સ્નાતક, નિર્ગ્રંથ આદિ દરેક પ્રકારના સાધુને આશ્રયીને ચાર કપડાં રાખવાનું ઔઘિક કથન છે. તેમ શ્રી નિશીથચૂર્ણી, શ્રી ઓઘનિર્યુક્તિ વગેરે અનેક પંચાંગીમાંના મૌલિક ગ્રંથોમાં સ્થવિરકલ્પી મુનિને આશ્રયીને ચૌદ અને જરૂર પડ્યે એથીય વધારે વસ્ત્રો રાખવાનાં અનેક વિશેષ કથનો પણ છે. આ શાસ્ત્રીય વચનોના આધારે સાધુઓને ઔઘિક અને ઔપગ્રહિક : એમ બે પ્રકારની ઉપધિ રાખવામાં કોઇ પ્રકારે પોતાના આચારમાં ભ્રષ્ટતા તો પ્રાપ્ત થતી નથી પરંતુ તેમ વર્તવામાં તેઓને શ્રી જિનાજ્ઞાનું પાલન છે.

✧ ✧ ✧

## ૯૧. વસ્ત્રના દોષો :

આંખનો સુરમો કે તેલનું કાજળ વગેરે અંજનવાળું, દીવાની મેશ કે કાજળ વગેરે અંજનવાળું, કાદવ ઇત્યાદિથી ખરડાયેલું, ઉંદર, કંસારી વગેરેએ ખાધેલું(કરડેલું), અગ્નિથી બળેલું હોય, તુણનારે તુણેલું હોય,



ધોબીએ ધોતા-કૂટવાથી છિદ્રો પડેલું હોય, અતિજીર્ણ થવાથી બીજા બીજા ખરાબ વર્ણોના ટુકડાથી સાંધેલું હોય, એવું વસ્ત્ર લેવાથી, શુભ-અશુભ ફળ આપે છે. અર્થાત્ વસ્ત્રના નવભાગ કલ્પીને જોતાં તેના અમુક ભાગોમાં એ દોષો હોય તો શુભ અને અમુક ભાગોમાં હોય તો અશુભ ફળ આપે છે. એ ભાગોનું સ્વરૂપ આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| દિવ્ય | આસુરી | દિવ્ય |
| માનુષ્ય | રાક્ષસ | માનુષ્ય |
| દિવ્ય | આસુરી | દિવ્ય |

વસ્ત્રના સ્વકલ્પનાથી ચાર ખૂણાના ચાર ભાગો, છેડાના બે ભાગો, કિનારીના મધ્યના બે ભાગો અને એક વસ્ત્રનો મધ્ય ભાગ : એમ કુલ નવ ભાગો કલ્પવા. તેમાં ખૂણાના ચાર ભાગોને 'દિવ્ય' છેડાના (દશીઓના) મધ્યના બે ભાગોને 'માનુષ્ય' અને કિનારીના મધ્યના બે ભાગોને 'આસુરી' અને મધ્યના એક ભાગને 'રાક્ષસ' કહ્યો છે. એ ભાગોમાં અનુક્રમે 'દિવ્ય' ભાગમાં ઉપર જણાવેલા અંજનાદિ ડાઘ (લેપ) વગેરે પૈકીનું કોઇ દૂષણ હોય તો તે વસ્ત્ર લેવાથી સાધુને વસ્ત્રપાત્રાદિકનો સુંદર (ઉત્તમ) લાભ થાય. માનુષ્યભાગમાં દૂષિત હોય તો મધ્યમ લાભ થાય. 'આસુરી' ભાગમાં દૂષિત હોય તો બિમારી થાય અને 'રાક્ષસ' ભાગમાં દૂષિત હોય તો મરણ થાય. (ધર્મસંગ્રહ ભા.૨ પા.૧૩૯)

✧ ✧ ✧

## ૯૨. સાત પિંડૈષણા :

(૧) **સંસૃષ્ટા :** હાથ અને વાસણ ખરડાય તેવી ગોચરી વહોરવી અગર ખરડાયેલ હાથથી, વાસણથી ગોચરી વહોરવી.

(૨) **અસંસૃષ્ટા :** હાથ અને વાસણ ન ખરડાય તેવી ગોચરી વહોરવી.

(૩) **ઉદ્ધૃતા :** ગૃહસ્થે પોતાના માટે રસોઇના વાસણમાંથી કાઢી રાખેલ હોય તેમાંથી વહોરવું.

(૪) **અલ્પલેપા :** જે ચીજ વહોરતાં હાથ અને વાસણ ન ખરડાય અગર થોડા ખરડાય તે ચીજ વહોરવી.

(૫) **અવગૃહીતા :** ગૃહસ્થે પોતાના ખાવા માટે થાળી અગર વાટકીમાં કાઢી રાખેલ રસોઇ વહોરવી.

(૬) **પ્રગૃહીતા :** થાળી પીરસી જમવાના પ્રસંગે હાથમાં કોળીયો લઇ મોઢામાં મૂકવાની તૈયારીપ્રસંગની તૈયાર ચીજ વહોરવી.

(૭) **ઉજ્જિઝતધર્મિકા :** ગૃહસ્થની દષ્ટિએ નિરુપયોગી છાંડવાલાયકની ગોચરી વહોરવી.

✦ ✦ ✦

## ૯૩. ભોજનના પ્રકાર :

(૧) **સિંહભોજન :** એક બાજુથી વાપરવું તે.

(૨) **પ્રતરભોજન :** જેવું લીધું તેવું વાપરવું તે.

(૩) **હસ્તિભોજન :** ઉપેક્ષાભાવથી વાપરવું તે.

(૪) **કાકભોજન :** ચૂંથીને વાપરવું તે.

(૫) **શૃગાલભોજન :** જયાં-ત્યાંથી વાપરવું તે.

આ પ્રકારોમાં પ્રથમના ત્રણ ઉપાદેય છે. બાકીના બે હેય છે. અર્થાત્ હાથીની જેમ ઉપેક્ષાભાવે કે સિંહની જેમ એક બાજુથી જ ભોજન કરવું તે રસનાને જીતવાનો પ્રબળ ઉપાય છે.

✦ ✦ ✦

## ૯૪. પાંચ પ્રકારના અવગ્રહ :

(૧) ઈન્દ્ર (૨) ચક્રવર્તી (૩) રાજા (૪) ઘરધણી (૫) સાધુ.

✦ ✦ ✦

## ૯૫. અવગ્રહમાં મર્યાદા :

**(પંચપ્રતિક્રમણ મહેસાણાની ૧લી આવૃત્તિમાંથી)**

ત્રીજા આવશ્યકની મુહપત્તી પડિલેહવી. પછી ઊભા થઇને બે વાંદણાં દેવાં, તેમાં બીજા વાંદણા વખતે અવગ્રહ બહાર નીકળવું નહીં. બીજું વાંદણું પૂરું થયે 'ઇચ્છા. સં.ભ. દેવસિયં આલોઉં ? ઇચ્છં' કહી 'જો મે દેવસિઓ અઇયારો૦'નો પાઠ પૂરો કહેવો. પછી સાત લાખ અને અઢાર પાપસ્થાનક કહેવાં પછી સવ્વસ્સવિ૦ કહી વીરાસને નવકાર, કરેમિ. કહી ઇચ્છામિ પડિક્કમિઉં, જો મે દેવસિઓ અઇયારો૦ કહી સંપૂર્ણ વંદિત્તુ કહેવું પણ તેમાં 'તસ્સ ધમસ્સ કે.પ.અ.' એ પદ બોલતાં ઊભા થવું ને અવગ્રહની બહાર જઇને વંદિત્તુ પૂરું કરવું પછી બે વાંદણાં દેવાં. બીજા વાંદણામાં અવગ્રહમાં



જ અબ્ભુટ્ઠિઓ ખામવો. પછી અવગ્રહ બહાર નીકળીને બે વાંદણાં દેવાં. બીજું વાંદણું પૂરું થયે અવગ્રહની બહાર નીકળી આયરિય ઉવજઝાએ કહેવું.

✦ ✦ ✦

## ૯૬. લોચની વિધિ :

પ્રથમ ખમા. દઇ - 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈ.વં. કરું ?' ગુરુ કહે - **'કરેહ'** પછી જગચિંતામણીથી માંડી જયવીયરાય સુધી કહી મુહ. પડિલેહી બે વાંદણાં દેઇ ખમા. દઇ 'ઇચ્છાકારેણ સંદિ. ભગવન્ ! લોયં પવેહમિ ? ગુરુ કહે - **'પવેહ'** ઇચ્છં. ખમા. સંદિસહ કિં ભણામિ ? ગુરુ- **'વંદિત્તા પવેહ'** ઇચ્છં. ખમા. કેસા મે પજ્જુવાસિયા ઇચ્છામો અણુસટ્ઠિં, ગુરુ - **'દુક્કરં કયં ઈંગિણી સાહિયં'.**

શિષ્ય ખમા. તુમ્હાણં પવેઇયં સંદિસહ સાહૂણં પવેએમિ ? ગુરુ - **'પવેહ'** ઇચ્છં. ખમા. નવકાર ગણી ખમા. તુમ્હાણં પવેઇયં સાહૂણં પવેઇયં સંદિસહ કાઉસ્સગ્ગં કરેમિ ? ગુરુ - **'કરેહ'** ઇચ્છં. ખમા. ઇચ્છા. સંદિ. ભગવન્ ! કેસેસુ પજ્જુવાસિજ્જમાણેસુ જં સમ્મં ન અહિયાસિયં કુઇયં કક્કરાઇયં છીયં જંભાઇયં તસ્સ ઓહડાવણીયં કરેમિ કાઉસ્સગ્ગં, અન્ન. એક લોગસ્સ(સાગર.)નો કાઉ. પારીને લોગ. ખમા. અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં. રત્નાધિક મુનિવરોને વંદન કરવું.

✦ ✦ ✦

## ૯૭. લોચ-દ્રવ્ય અને ભાવ :

મુનિઓ પાંચ ઈન્દ્રિયોનો સંયમ અને ચાર કષાયનો નિગ્રહ : એ નવ પ્રકારનો ભાવલોચ કરે છે અને દશમો મસ્તકાદિ કેશનો દ્રવ્યલોચ કરે છે.

✦ ✦ ✦

# અનુષ્ઠાન તથા પર્વ સંબંધી

## ૯૮. અનુષ્ઠાનના પાંચ પ્રકાર :

(૧) **વિષાનુષ્ઠાન :** ધર્મક્રિયા-આરાધનાના પ્રસંગે ઇહલૌકિક માન, પૂજા, કીર્તિ-પ્રશંસાદિ બાબત લાભની અપેક્ષા રાખવી. આ અનુષ્ઠાનથી જેમ ઝેરથી તત્કાળ પ્રાણોનો નાશ થાય છે, તેમ સુંદર ચિત્તનું મારણ થાય છે અને કર્મનિર્જરાના વિપુલ લાભની અપેક્ષાએ કીર્તિ-

પ્રશંસાદિ તુચ્છ લાભની ઇચ્છા કરવાથી ઉત્તમોત્તમ ધર્મક્રિયાની લઘુતા થાય છે.

(૨) **ગરલાનુષ્ઠાન :** ધર્મક્રિયાની આરાધના કરી પરલૌકિક દેવ, દેવેન્દ્ર ચક્રવર્તી આદિની ભોગસંપદા મેળવવાનું ધ્યેય રાખવું. આનાથી કાલાંતરે પાપાનુબંધી પુણ્યના ઉદયે મળતી સંપદાઓના ઉપભોગથી ધીમા ઝેરની માફક આત્મસ્વરૂપનો વધુ વ્યાઘાત થાય છે.

(૩) **અનનુષ્ઠાન :** ધર્મની આરાધનામાં જરૂરી એવો સતત જાગૃત ઉપયોગ ન હોવો. આનાથી મનમાં વ્યામોહ વધુ હોવાના કારણે ધર્મક્રિયાનું આસેવન ગાડરીકાપ્રવાહતુલ્ય ઘરડરૂપ થઇ જાય છે.

(૪) **તદ્હેતુ અનુષ્ઠાન :** કરાતી ધર્મક્રિયા પ્રત્યે આંતરિક બહુમાનપૂર્વક વિશુદ્ધ ભાવ-પરિણામની પ્રાપ્તિ થાય તે રીતે વિશુદ્ધ ધર્મક્રિયાનું આસેવન કરવું. આમાં શુભભાવનું પ્રાધાન્ય હોય છે. (અધ્યાત્મસાર પા. ૧૪૬ પરથી) તદ્હેતુ અનુષ્ઠાન માર્ગાનુસારી પુરુષોને સદ્ અનુષ્ઠાનની પ્રીતિ વડે કરીને હોય છે અને તે ચરમાવર્તને વિષે (ધર્મની યુવાવસ્થાનો સમય) પ્રાપ્ત થાય છે. એટલે ધર્મ ઉપરના રાગે કરીને સમગ્ર અસત્ક્રિયા લજ્જાકારક થાય છે. અસત્ક્રિયા એટલે અસર્વજ્ઞે કહેલી તથા અવિધિએ કરાતી ક્રિયા મોક્ષના ઉપાયભૂત નહીં હોવાથી તેને લજ્જાને માટે થાય છે. તેથી તેવી ક્રિયા તે કરતો નથી. તેથી કરીને ચરમાવર્તને વિષે ધર્મના અનુરાગને લીધે બીજાદિકના ક્રમે કરીને યુક્ત એવું આ અનુષ્ઠાન છે. જિનશાસનને વિષે શુદ્ધ અનુષ્ઠાન(ક્રિયા)ને કરનારા મનુષ્યોને જોઇને તેના બહુમાન(અભ્યંતરપ્રીતિ) અને પ્રશંસા(સ્તુતિ) તે વડે કરીને શુદ્ધ અનુષ્ઠાન કરવાના વિષયવાળી ક્રિયા કરવાની જે ઇચ્છા તે જ 'બીજ' રૂપ છે. ધર્મરૂપી વૃક્ષનું સત્પ્રશંસારૂપ 'બીજ' છે. તે શુદ્ધ અનુષ્ઠાન કરવાની ઇચ્છા સ્વરૂપ બીજનો જ, 'આકાંક્ષાદિક દોષરહિત સતત મનોરથની શ્રેણીનું સહચારીપણું' એ અંકુર છે. ધર્મનું ચિંતવન એ અંકુર છે. સત્શાસ્ત્રનું શ્રવણ એ 'સ્કંધકાંડ' છે. એટલે તે અનુષ્ઠાનની શુદ્ધિની પ્રાપ્તિના હેતુઓ કાળ, વિનય વગેરે વિકલતારહિત ઉત્પત્તિનાં સાધનોની ગવેષણા તે 'સ્કંધરૂપ' કહેલ છે. તેવા



અનુષ્ઠાનને વિષે વિચિત્ર પ્રકારની પ્રવૃત્તિને 'પત્રાદિક' સદૃશ તથા ગીતાર્થ ગુરુનો સમાગમ વગેરે કારણોની સમૃદ્ધિને 'પુષ્પરૂપ' કહેલ છે. કાળાદિક જ્ઞાનના આઠ, દર્શનના આઠ અને ચારિત્રના આઠ : એમ ચોવીશે અંગો (ઉપાયો) વિષે શ્રદ્ધા, આસેવનાદિ અનેક પ્રકારની જે પ્રવૃત્તિ તે પર્ણ, શાખા, પ્રતિશાખાદિકની તુલ્ય કહી છે. તથા ગીતાર્થ આચાર્યાદિકનો સમાગમ, શાસ્ત્રનું શ્રવણ તથા અભ્યાસ વગેરે રૂપ શુદ્ધ કારણની સંપત્તિ વડે યુક્ત એવો પુરુષ જ કાળ, વિનયાદિ અંગોનું સેવન કરવામાં સમર્થ થાય છે માટે તે રૂપ 'પુષ્પ' ધર્મવૃક્ષનાં પુષ્પોની સમૃદ્ધિ કહી છે. સદ્ દેશનાદિકે કરીને જે ભાવધર્મ(સમ્યક્ત્વ)ની પ્રાપ્તિ થાય તે જ ફળ જાણવું.

(૫) **અમૃતાનુષ્ઠાન :** અમૃત અનુષ્ઠાન : આગમમાં કહ્યા પ્રમાણે જ કરવા વડે કરીને અને મોક્ષની જ અભિલાષાપૂર્વક ચિત્તની શુદ્ધિ અને ઉપયોગથી જે અનુષ્ઠાન કરેલું હોય તે અમૃતાનુષ્ઠાન કહેવાય છે. સારી રીતે શુદ્ધ ભાવથી જીવાદિક પદાર્થોની નય હેતુ વગેરે વડે ચિંતનક્રિયાના વિષે મનની એકાગ્રતા હોય તથા કાળ વિનયાદિ વગેરે ચોવીસ અંગો (આચારના ભેદો-ઉપાયો)-મોક્ષને વિષે જીવના પ્રયોજકો એ સર્વનું અન્યથા આચરણ ન થાય તે અમૃતાનુષ્ઠાનનું લક્ષણ જાણવું.

પ્રત્યેક ધર્મક્રિયાના સેવન પ્રસંગે નિષ્કારણબંધુ વીતરાગ-પરમાત્માની નિતાંત કલ્યાણકર ઉપકારબુદ્ધિના સ્મરણપૂર્વક વિશુદ્ધ ભાવની પ્રધાનતા અને સંવેગરંગની વૃદ્ધિ સાથે અત્યુત્કટ પ્રમોદ-હર્ષનો અનુભવ કરવો - તે અમૃતાનુષ્ઠાનનું લક્ષણ છે. આના સેવનથી ધર્મક્રિયાનું યથાર્થ ફળ સંપૂર્ણપણે પ્રાપ્ત થાય છે.

આ અનુષ્ઠાનોમાં પ્રથમનાં ત્રણ અપ્રશસ્ત-ખરાબ છે, વર્જવા-લાયક છે. તેમાં પણ પ્રથમનાં બે તો વધુ અનર્થ કરનારાં છે. ચોથું અનુષ્ઠાન ભાવની શુભતાના કારણે કાંઇક સારું છે અને પાંચમું અનુષ્ઠાન આત્માને વાસ્તવિક આરાધકભાવ પ્રાપ્ત કરાવી ક્રિયાઓનું મુખ્ય ફળ આપનારું છે.

## ૯૯. કાઉસ્સગ્ગના ઓગણીસ દોષ :

(૧) **ઘોટકદોષ :** ઘોડાની પેઠે પગ ઊંચા રાખે, વાંકો પગ રાખે.
(૨) **લતાદોષ :** જેમ વાયરાથી વેલડી હાલે તેમ શરીરને ધ્રુજાવે.
(૩) **સ્તંભાદિદોષ :** થાંભલા પ્રમુખને ઓઠીંગણ દઈ રહે તે.
(૪) **માલદોષ :** ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકાવી રહે તે.
(૫) **ઉધિદોષ :** ગાડાની ઉધની પેઠે અંગુઠા તથા પાની મેળવીને પગ રાખે તે.
(૬) **નિગડદોષ :** બેડીમાં પગ નાંખ્યાની પેઠે પગ પહોળા રાખે તે.
(૭) **ભિલડીદોષ :** ભિલડીની પેઠે ગુહ્ય સ્થાને હાથ રાખે તે.
(૮) **ખાલિણદોષ :** ઘોડાના ચોકડાની પેઠે હાથ રજોહરણયુક્ત આગળ રાખે તે.
(૯) **વધુદોષ :** નવપરણીત વધૂની પેઠે માથું નીચું રાખે તે.
(૧૦) **લંબુત્તરદોષ :** નાભિની ઉપર અને ઢીંચણથી નીચે લાંબું વસ્ત્ર રાખે તે.
(૧૧) **સ્તનદોષ :** ડાંસ, મચ્છરના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદન કરી સ્ત્રીની પેઠે ઢાંકી રાખે તે.
(૧૨) **સંયતિદોષ :** શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બંને સ્કંધ ઢાંકી રાખે એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખે તે.
(૧૩) **ભમુહંગુલિદોષ :** આલાવો ગણવાને અર્થે અથવા કાયોત્સર્ગની સંખ્યા ગણવાને માટે અંગુલી તથા પાંપણના ચાળા કરે તે.
(૧૪) **વાયસદોષ :** કાગડાની પેરે ડોળા ફેરવે તે.
(૧૫) **કપિત્થદોષ :** પહેરેલા વસ્ત્ર જૂ અથવા પ્રસ્વેદે કરી મલિન થવાના ભયથી કોઠની પેઠે ગોપવી રાખે તે.
(૧૬) **શિરકંપદોષ :** યક્ષાવેશિતની પેઠે માથું ધુણાવે તે.
(૧૭) **મૂકદોષ :** મૂંગાની પેરે હું હું કરે તે.
(૧૮) **મદિરાદોષ :** આલાવો ગણતા મદિરા પીધેલાની પેરે બડબડાટ કરે તે.
(૧૯) **પ્રેક્ષ્યદોષ :** વાનરની પેરે આસપાસ જોયા કરે, ઓષ્ટપુટ હલાવે તે.

❖ ❖ ❖



## ૧૦૦. કાઉસ્સગ્ગના સોળ આગાર :

(૧) અગ્નિના ઉપદ્રવથી બીજે સ્થાનકે જવું પડે તથા વીજળીના પ્રકાશથી વસ્ત્રાદિ ઓઢવાં પડે. (૨) બિલાડી, ઉંદર વગેરે આડા ઊતરતા હોય તથા પંચેન્દ્રિયજીવનું છેદન-ભેદન થતું હોય તેથી બીજા સ્થાનકે જવું પડે. (૩) અકસ્માત ચોરની ધાડ આવી પડે તેથી અથવા રાજાદિકના ભયથી બીજે જવું પડે. (૪) સિંહ વગેરે ઉપદ્રવ કરતા હોય અથવા સર્પાદિક ડંશ કરતા હોય અથવા ભીંત પડે તેવી હોય તો તેથી બીજે જવું પડે.

આ ચાર આગાર સિવાય બીજા બાર આગાર અન્નત્થસૂત્રમાં આપેલા છે તે નીચે પ્રમાણે–

(૧) શ્વાસ લેવાથી. (૨) શ્વાસ મૂકવાથી. (૩) ઉધરસ આવવાથી. (૪) છીંક આવવાથી. (૫) બગાસું આવવાથી. (૬) ઓડકાર આવવાથી. (૭) વાછૂટ થવાથી. (૮) ભ્રમરી આવવાથી. (૯) પિત્તને લીધે મૂર્ચ્છા આવવાથી. (૧૦) શરીરનું સૂક્ષ્મ રીતે સ્ફુરણ થવાથી. (૧૧) શરીરમાં કફ વગેરેનો સૂક્ષ્મ રીતે સંચાર થવાથી. (૧૨) સ્થિર રાખેલી દૃષ્ટિ સૂક્ષ્મ રીતે ફરકી જવાથી. (ઉપર મુજબ ચાર તથા બાર આગાર કાયોત્સર્ગના છે. આગાર એટલે છૂટ. આ સોળ આગાર સેવાઈ જાય તો કાઉસ્સગ્ગ ભંગાતો નથી : એટલું જ. બાકી છૂટ લેવા માટે આ આગારો નથી - એટલું યાદ રાખવું.)

❖ ❖ ❖

## ૧૦૧. 'છ' આવશ્યક ક્યાંથી ક્યાં સુધી કહેવાય ? :

(૧) **સામાયિક :** ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પડિક્કમણે ઠાઉં - એ સૂત્રથી પ્રતિક્રમણની ક્રિયા શરૂ થાય છે. ત્યાંથી 'કરેમિ ભંતે'થી અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગ સુધી પહેલું "સામાયિક" આવશ્યક કહેવાય છે.
(૨) **ચઉવિસત્થો :** અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગ પછી જે લોગસ્સ કહેવામાં આવે છે તે બીજું "લોગસ્સ" આવશ્યક કહેવાય છે.
(૩) **વાંદણાં :** લોગસ્સ કહ્યા પછી મુહપત્તી પડિલેહી બે વાંદણાં દેવામાં આવે છે તે ત્રીજું "વાંદણાં" આવશ્યક કહેવાય છે.
(૪) **પડિક્કમણું :** વાંદણાં દીધા પછી 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅં આલોઉં' કહી ત્યાંથી આયરિય ઉવજ્ઝાય સુધી "પ્રતિક્રમણ"

નામનું ચોથું આવશ્યક કહેવાય છે. પક્ખિ, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ ચોથા આવશ્યકમાં સમાવેશ થાય છે.

(૫) **કાઉસ્સગ્ગ :** આયરિય ઉવજ્ઝાય કીધા પછી બે લોગસ્સ, એક લોગસ્સ અને એક લોગસ્સનો જે કાઉસ્સગ્ગ કરવામાં આવે છે તે પાંચમું "કાઉસ્સગ્ગ" આવશ્યક કહેવાય છે.

(૬) **પચ્ચક્ખાણ :** આ છઠ્ઠું આવશ્યક કાઉસ્સગ્ગ પછી કરવાનું છે પરંતુ દેવસિ પ્રતિક્રમણમાં તે વખતે અવસર નહીં રહેવાથી પ્રતિક્રમણની શરૂઆતમાં "પચ્ચક્ખાણ" કરી પાંચમું આવશ્યક પૂરું થયા પછી તે સંભારવામાં આવે છે અને રાઇ પ્રતિક્રમણમાં તો તે વખતે પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

✧ ✧ ✧

## ૧૦૨. વાંદણાંનાં પચ્ચીસ આવશ્યક :

**૨ અવનત, ૧ યથાજાત મુદ્રા, ૧૨ આવર્ત, ૪ શિરોનમન, ૩ ગુપ્તિ, ૨ પ્રવેશ, ૧ નિષ્ક્રમણ મળી કુલ ૨૫ આવશ્યક થયાં.**

- ✧ (૧) અવનત (અણુજાણહ બોલતાં) (૧) પ્રવેશ-નિસીહિ કહી અવગ્રહમાં પ્રવેશ.
- ✧ (૬) આવર્ત (અહો, કાયં, કાય અને જત્તા-ભે-જ-વ-ણિ-જ્જં-ચ-ભે બોલતાં)
- ✧ (૨) શિરોનમન (સંફાસં અને ખામેમિ બોલતાં)
- ✧ (૧) નિષ્ક્રમણ (આવસ્સિઆએ કહી અવગ્રહની બહાર નીકળવું. કુલ ૧૧ આવશ્યક પહેલા વાંદણામાં અને બીજા વાંદણા વખતે અવગ્રહની બહાર નીકળવાનું ન હોવાથી નિષ્ક્રમણ બાદ કરતાં ૧૦ આવશ્યક થયાં. બંને વાંદણાંનાં ૨૧, ૧ યથાજાત મુદ્રા અને મન, વચન, કાયાની ગુપ્તિ મળી કુલ ૨૫ આવશ્યક થયાં.

✧ ✧ ✧

## ૧૦૩. સત્તર પ્રમાર્જના (સંડાસા) :

૩. પગના પાછળના ભાગની રજોહરણથી કરવી.
૩. પગના આગળના ભાગની રજોહરણથી કરવી.
૩. પગના આગળના ભાગની ભૂમિની રજોહરણથી કરવી.



૨. હાથની મુહપત્તીથી કરવી.
૩. રજોહરણની મુહપત્તીથી કરવી.
૩. પગના પાછળની ભૂમિની ઊભા થતાં રજોહરણથી કરવી.

૧૭. - આ ૧૭ પ્રમાર્જના સંડાસા શબ્દથી સંબોધાય છે. સંડાસા એટલે સાંધાઓ. સાંધાઓની પ્રમાર્જના થાય છે.

✧ ✧ ✧

## ૧૦૪. સત્તર પ્રમાર્જના (સંડાસા)

**(ધર્મસંગ્રહ ભા.૧ પા.૪૮૩)**

જમણા તથા ડાબા પગોને કેડથી નીચે સુધી તથા આગળનો મધ્યભાગ : એમ આગળની ત્રણ પ્રમાર્જના. એ જ પ્રમાણે પાછળની ત્રણ પ્રમાર્જના તથા અવગ્રહમાં પ્રવેશ કરતાં ત્રણવાર જમીન પ્રમાર્જવી. એ ત્રણ મળી નવ પ્રમાર્જના. વળી જમણા હાથની નીચેની કોણીથી ઉપરનો સંપૂર્ણ હાથ છેક લલાટ સુધી અને એ જ પ્રમાણે ડાબો હાથ લલાટથી નીચેની કોણી સુધી. એમ બે હાથની બે મળી અગિયાર પ્રમાર્જના. ઢીંચણ ઉપર મુહપત્તી મૂકતાં સાધુને ત્રણ વખત ઢીંચણની પ્રમાર્જના અને ઓઘા ઉપર ગુરુચરણની ધારણા કરી ત્રણ વખત ઓઘાની પ્રમાર્જના : એમ કુલ સત્તર પ્રમાર્જના થાય છે. ગૃહસ્થને ઢીંચણને બદલે કટાસણા કે ચરવળા ઉપર મુહપત્તી સ્થાપન કરતાં ત્રણ પ્રમાર્જના અને અવગ્રહની બહાર નીકળતાં ત્રણ પ્રમાર્જના : એમ સત્તર પ્રમાર્જના કહી છે.

(પંચપ્રતિ. સાર્થ મહેસાણાવાળી આ.પા.૫૪૧ પરથી)

જમણા પગનો કેડથી નીચેનો પગ પર્યંત પાછલો સર્વભાગ, પાછળનો કેડનો નીચેનો મધ્યભાગ, ડાબા પગનો કેડ નીચેનો પાછલો પગ પર્યંત સર્વ ભાગ : એ ત્રણને ચરવળાથી પ્રમાર્જવા. તેવી જ રીતે જમણા પગ, મધ્યભાગ અને ડાબો પગ આ ત્રણના આગલા ભાગો પણ પગ પર્યંત પ્રમાર્જવા : એમ છ. નીચે બેસતી વખતે ત્રણવાર ભૂમિ પૂંજવી એમ નવ. પછી જમણા હાથમાં મુહપત્તી લઇ તેનાથી લલાટની જમણી બાજુથી પ્રમાર્જતા જતાં આખું લલાટ, આખો ડાબો હાથ તથા નીચે કોણી પર્યંત તેવી જ રીતે ડાબા હાથમાં મુહપત્તી લઇને ડાબી બાજુથી પૂંજતાં આખું લલાટ, આખો જમણો હાથ અને નીચે કોણી પર્યંત, ત્યાંથી ચરવળાની દાંડીને મુહપત્તી વડે પૂંજવી એમ અગિયાર.

પછી ત્રણ વાર ચરવળાના ગુચ્છા ઉપર એમ ચૌદ અને ઊઠતી વખતે ત્રણ વાર અવગ્રહ બહાર નીકળતાં કટાસણા ઉપર પૂંજવું - એમ સત્તર પ્રમાર્જના.

✧ ✧ ✧

**૧૦૫.ઈરિયાવહીયા કરતાં કેટલાં પાપો ખમાવ્યાં છે :**

જીવના ૫૬૩ ભેદ છે. તેને અભિહયા આદિ ૧૦ થી ગુણતાં ૫૬૩૦. તેને રાગ અને દ્વેષથી ગુણતાં ૫૬૩૦ x ૨ = ૧૧૨૬૦ થયા. તેને મન, વચન, કાયાથી ગુણતાં ૧૧૨૬૦ x ૩ = ૩૩૭૮૦ થયા. તેને કરવું, કરાવવું, અનુમોદવું એમ ૩ થી ગુણતાં ૩૩૭૮૦ x ૩ = ૧,૦૧,૩૪૦ થયા. તેને અતીત, અનાગત, વર્તમાન એમ ૩ થી ગુણતાં ૧,૦૧,૩૪૦ x ૩ = ૩,૦૪,૦૨૦. તેને અરિહંત, સિદ્ધ, સાધુ, ગુરુ, દેવ અને આત્મસાક્ષી એમ ૬ થી ગુણતાં ૩,૦૪,૦૨૦ x ૬ = ૧૮,૨૪,૧૨૦ થયા તથા કોઈ ઠેકાણે આભોગ અને અનાભોગ એમ ૨ થી ગુણતાં ૧૮૨૪૧૨૦ x ૨ = ૩૬,૪૮,૨૪૦ ગણાવ્યા છે. (પ્રકરણરત્ન સંચય વિચારસપ્તતિકા) આ પ્રમાણે ઈરિયાવહિયાના મિથ્યા દુષ્કૃતનું પ્રમાણ શ્રુતમાં કહેલું છે.

✧ ✧ ✧

**૧૦૬.પચ્ચક્ખાણનું ફળ :**

(૧) નવકારસી સો વરસનું નરકાયુ દૂર કરે.
(૨) પોરિસી એક હજાર વરસનું નરકાયુ દૂર કરે.
(૩) સાઢ પોરિસી દસ હજાર વરસનું નરકાયુ દૂર કરે.
(૪) પુરિમઙ્ઢ એક લાખ વરસનું નરકાયુ દૂર કરે.
(૫) એકાસણું દસ લાખ વરસનું નરકાયુ દૂર કરે.
(૬) નીવિ એક ક્રોડ વરસનું નરકાયુ દૂર કરે.
(૭) એકલઠાણું દશ ક્રોડ વરસનું નરકાયુ દૂર કરે.
(૮) એકદત્તિ સો ક્રોડ વરસનું નરકાયુ દૂર કરે.
(૯) આયંબિલ એક હજાર ક્રોડ વરસનું નરકાયુ દૂર કરે.
(૧૦) ઉપવાસ દસ હજાર ક્રોડ વરસનું નરકાયુ દૂર કરે.
એવી રીતે એક એક ઉપવાસની વૃદ્ધિને અનુક્રમે દશ ગણો અંક વધારવો.

✧ ✧ ✧



**૧૦૭.સાધુ તથા શ્રાવકને કયા પચ્ચક્ખાણ, ક્યાં સુધી અધિક પચ્ચક્ખાણ થઈ શકે ? :**

- શ્રાવકને રાત્રે દુવિહાર, તિવિહાર અને ચોવિહારનું પચ્ચક્ખાણ કરાય છે.
- સાધુને દુવિહારનું પચ્ચક્ખાણ કદાપિ હોતું નથી.
- અભિગ્રહપચ્ચક્ખાણમાં તેને માટે ભજના છે.
- પડિમા અને ઉપધાન વહેતા શ્રાવકને અને સાધુને પાણહારનું પચ્ચક્ખાણ હોય છે.
- નવકારસી, પોરિસી, સાઢપોરિસી, પુરિમઙ્ઢ, અવઙ્ઢ, ઉપવાસ, નીવી અને વિગઈ : એ પચ્ચક્ખાણો પાર્યાં ન હોય ત્યાં સુધી અધિક અધિક થઈ શકે છે.
- આયંબિલ, અભિગ્રહ અને એકલઠાણાનું પચ્ચક્ખાણ પાર્યા પછી પણ (આહાર વાપર્યા અગાઉ) અધિક પચ્ચક્ખાણ થઈ શકે છે.
- છઙ્ઢ, અઙ્ઢમ વગેરે પચ્ચક્ખાણ પૂર્વની સંગાથે સંગત થતાં નથી. (જોડાતાં નથી)

(શ્રી ચંદ્રમુનિવિરચિત શ્રી લઘુ પ્રવચન સારોદ્ધારની ગાથા ૩૫ થી ૩૮માં પ્રકરણ રત્નાકર ભા.૩ માંથી)

૪૫ નવકારશીનો ૧ ઉપવાસ, ૨૪ પોરિસીનો ૧ ઉપવાસ, ૨૦ સાઢપોરિસી કે ૮ પુરિમઙ્ઢનો ૧ ઉપવાસ, ૨ આયંબિલ, ૩ નીવી, ૪ એકાસણાં કે ૮ બિયાસણાંનો ૧ ઉપવાસ. અપવાદ માર્ગે આ પચ્ચક્ખાણો કરવાથી ઉપવાસનું કાર્ય સરે છે. (રત્નસંચયગ્રંથ ગાથા-૫૧૦-૫૧૧માં)

✧ ✧ ✧

**૧૦૮.'છ' અઙ્ઢાઈઓનાં નામ :**

(૧) કારતક ચૌમાસી (૨) ફાગણ ચૌમાસી (૩) અષાઢ ચૌમાસી (૪) પર્યુષણપર્વની (૫) આસો માસની આયંબિલની ઓળી (૬) ચૈત્ર માસની આયંબિલની ઓળી - આ બે શાશ્વતી અઙ્ઢાઈ છે.

✧ ✧ ✧

**૧૦૯.પર્યુષણાપર્વનાં પાંચ કર્ત્તવ્યો :**

(૧) અમારિપ્રવર્તન (દયા પાળવી) (૨) સાધર્મિકવાત્સલ્ય (૩) પરસ્પર ક્ષમાપના (૪) અઙ્ઢમ તપ (૫) ચૈત્યપરિપાટી.

✧ ✧ ✧

**૧૧૦.પર્યુષણાનાં અગિયાર કર્તવ્યો :**

(૧) સંઘપૂજા (૨) સાધર્મિકભક્તિ (૩) ચૈત્યમાં મહોત્સવ કરવો. રથયાત્રા કાઢવી. તીર્થયાત્રા કરવી. (૪) સ્નાત્રમહોત્સવ (૫) દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી (૬) મહાપૂજા (૭) રાત્રિજાગરણ (૮) શ્રુતપૂજા (આગમની પૂજા) (૯) ઉજમણું (૧૦) તીર્થપ્રભાવનાનું કાર્ય કરવું (૧૧) પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું.

## શ્રાવક સંબંધી

**૧૧૧.માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ :**

(૧) **ન્યાયસંપન્ન વૈભવ :** જેણે પોતાની સંપત્તિ ન્યાયપૂર્વક પેદા કરી હોય તે.

(૨) **શિષ્ટાચારપ્રશંસા :** જે શિષ્ટ પુરુષના વર્તનનો પ્રશંસક હોય.

(૩) **સમાન કુલ, શીલવાળા અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો :** જેનો સમાન કુલ, શીલવાળા અન્ય ગોત્રના માણસો સાથે વિવાહ-સંબંધ હોય તે.

(૪) **પાપભીરુ હોય તે :** જે પાપનો ભય રાખતો હોય તે.

(૫) **પ્રસિદ્ધ દેશાચાર-આચરણ રૂપ :** જે ભોજન, પહેરવેશ આદિ પ્રચલિત દેશાચાર અનુસાર રહેતો હોય તે.

(૬) **અવર્ણવાદ નહીં બોલવા તે :** જે બીજાની અને ખાસ કરી રાજા (રાજપુરુષો) આદિની નિંદા ન કરતો હોય.

(૭) **ગૃહસ્થે કેવા ઘરમાં રહેવું :** જેનું રહેવાનું મકાન બહુ ખુલ્લા, બહુ ગુપ્ત, ગીચ કે ઊંડાણવાળા ભાગમાં ન હોય. અવરજવર માટે અનેક દરવાજાવાળું ન હોય. સારા પાડોશીવાળું હોય.

(૮) **સત્સંગ-આચરણ કરવા રૂપ :** જેને સદાચારી પુરુષનો સંગ હોય.

(૯) **માતા-પિતાની પૂજા :** જે માતા-પિતાનો ભક્તિપૂર્વક આદરસત્કાર કરતો હોય.

(૧૦) **ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ :** જે યુદ્ધ, દુર્ભિક્ષ કે રોગચાળા જેવા ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરનાર હોય.



(૧૧) **લોકનિંદિત કાર્યમાં પ્રવૃત્તિ નહીં કરવા રૂપ :** જે દેશ, કાળ અને જાતિની અપેક્ષાએ નિંદ્ય ગણાતી પ્રવૃત્તિ ન કરતો હોય.

(૧૨) **આવકના પ્રમાણમાં ખર્ચ :** પોતાની આવક અનુસાર ખર્ચ કરતો હોય.

(૧૩) **વૈભવને અનુસારે વેષ :** પોતાની સંપત્તિ પ્રમાણે પહેરવેષ રાખતો હોય.

(૧૪) **બુદ્ધિના આઠ ગુણો મેળવવા રૂપ :** (૧) સારી વાત સાંભળવાની ઈચ્છા. (૨) તેને સાંભળવું. (૩) તેનો અર્થ સમજવો. (૪) તેને યાદ રાખવું. (૫) સમજેલ અર્થને આધારે તેવા જ બીજા અર્થોને સમજવા તર્ક-વિતર્ક કરવા. (૬) વિરુદ્ધ અર્થને દૂર કરવા. (૭) અર્થનું સાચું જ્ઞાન કરવું. (૮) તત્ત્વનો નિર્ણય કરવો - આ આઠ ગુણો બુદ્ધિના છે.

❖ **શ્લોક :**

**शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।**
**ऊहोऽपोहोऽर्थविज्ञानं, तत्त्वज्ञानं च धीगुणाः ॥**

(૧૫) **નિરંતર ધર્મનું શ્રવણ :** જે હંમેશાં ધર્મશ્રવણ કરતો હોય.

(૧૬) **અજીર્ણમાં ભોજનનો ત્યાગ :** અજીર્ણ જણાતાં ભોજનનો ત્યાગ કરે.

(૧૭) **કાળે ભોજન કરે :** કાળે એટલે ભૂખ લાગે ત્યારે શાંતભાવે પ્રકૃતિને અનુકૂળ ભોજન કરતો હોય.

(૧૮) **ત્રિવર્ગની સાધના કરવા રૂપ :** જે ધર્મ, અર્થ, કામ : એ ત્રણેને પરસ્પર બાધા ન પહોંચે તેવી રીતે સેવન કરતો હોય.

(૧૯) **અતિથિની ભક્તિ :** જે અતિથિ, સાધુ તથા ગરીબોની યથાયોગ્ય સેવા, સત્કાર કરે.

(૨૦) **મિથ્યાગ્રહનો ત્યાગ :** જે કોઇ દિવસ અભિનિવેશ, પૂર્વગ્રહ, કદાગ્રહ રાખતો ન હોય.

(૨૧) **ગુણનો પક્ષપાત કરવો :** જે ગુણોનો પક્ષપાતી હોય.

(૨૨) **અદેશ અને અકાલ ચર્યાનો ત્યાગ :** જે નિષિદ્ધ દેશમાં કે નિષિદ્ધ સમયે જતો ન હોય.

(૨૩) **પોતાના તથા પરના બલાબલને જાણવા રૂપ :** જે સ્વપરના બલાબલનો જાણકાર હોય.

(૨૪) **વ્રતધારી તથા જ્ઞાનધારી વૃદ્ધોની પૂજા :** જે વ્રતધારી તથા જ્ઞાન-વૃદ્ધોની સેવા, પૂજા, સન્માન કરનારો હોય.

(૨૫) **પોષ્યવર્ગનું પોષણ :** જે પોષ્યજન કુટુંબપરિવારનું યથાયોગ્ય પોષણ કરતો હોય.

(૨૬) **દીર્ઘદર્શીપણું :** જે દીર્ઘદર્શી હોય.

(૨૭) **વિશેષજ્ઞપણારૂપ :** જે વિશેષજ્ઞ વિવેકી હોય.

(૨૮) **કૃતજ્ઞપણારૂપ :** જે કૃતજ્ઞ-પોતા પર કરેલા ઉપકારને જાણનાર હોય.

(૨૯) **લોકવલ્લભપણારૂપ :** જે લોકોમાં પ્રિય, લોકોનો પ્રેમ સંપાદન કરનાર હોય.

(૩૦) **સલજ્જપણારૂપ :** જે લાજ-મર્યાદાવાળો હોય.

(૩૧) **સદયપણારૂપ :** જે દયાળુ હોય.

(૩૨) **સૌમ્યપણારૂપ :** જે સૌમ્ય આકૃતિવાળો હોય.

(૩૩) **પરોપકાર કરવારૂપ :** જે પરોપકારપરાયણ હોય.

(૩૪) **અંતરંગારિ ષડ્ વર્ગના ત્યાગ કરવારૂપ :** જે કામ, ક્રોધ, લોભ, માન, મદ અને મત્સર : એ છ અંતરંગ શત્રુઓનો પરિહાર, નાશ કરવામાં તત્પર હોય.

(૩૫) **ઇન્દ્રિયોનો જય કરવારૂપ :** જેણે ઇન્દ્રિયોને વશ કરી હોય તેવો માણસ ગૃહસ્થધર્મનું પાલન કરવા યોગ્ય થાય છે.

✦ ✦ ✦

**૧૧૨. શ્રાવક(જૈનધર્મરૂપ ધર્મરત્નને (પામવા) ગ્રહણ કરવામાં યોગ્ય અધિકારી)ના એકવીશ ગુણ :**

(૧) **અક્ષુદ્ર :** ઉદાર ચિત્ત.

(૨) **રૂપવાન :** જેના અંગ, પ્રત્યંગ તથા પાંચે ઇન્દ્રિય વિકારરહિત હોય.

(૩) **પ્રકૃતિસૌમ્ય :** જે પાપકર્મથી દૂર રહેતો હોય અને જેના નોકર ચાકર આદિ આશ્રિત પ્રસન્નતાપૂર્વક સેવા કરતા હોય.

(૪) **લોકપ્રિય :** દાન, શીલ, વિનયાદિ ગુણોથી લોકોને પ્રીતિ ઉત્પન્ન કરનાર હોય.

(૫) **અક્રૂર :** જે મનમાં સંક્લેશ ન રાખે તે.

(૬) **ભીરુ :** પાપથી તથા અપયશથી ડરે તે.

(૭) **અશઠ :** જે કોઇને ઠગે નહીં તે.



(૮) **સુદાક્ષિણ્ય :** જે કોઇ માંગે એની ઇચ્છાનો ભંગ ન થાય એવા ડરવાળો હોય તે.

(૯) **લજ્જાળુ :** મનમાં શરમ હોવાથી ખરાબ કામથી દૂર રહેવાવાળો હોય તે.

(૧૦) **દયાળુ :** પ્રાણીમાત્રની દયા ચિંતવનારો.

(૧૧) **મધ્યસ્થ તથા સૌમ્યદૃષ્ટિ :** ધર્મતત્ત્વનો જાણકાર હોઇને દોષોનો ત્યાગ કરવાવાળો, સર્વે જીવો ઉપર સમદૃષ્ટિ રાખે તે.

(૧૨) **ગુણરાગી :** ગુણ ઉપર રાગ અને નિર્ગુણ ઉપર ઉપેક્ષા કરવાવાળો.

(૧૩) **સત્કથી :** જેને ધર્મસંબંધી વાત કરવી પ્રિય હોય તે.

(૧૪) **સુપક્ષયુક્ત :** જેનો પરિવાર શીલવંત તથા આજ્ઞાકારી હોય તે.

(૧૫) **સુદીર્ઘદર્શી :** થોડા પરિશ્રમથી ઘણો લાભ થાય એવું કામ કરવાવાળો.

(૧૬) **વિશેષજ્ઞ :** પક્ષપાતી ન હોવાથી વસ્તુઓની અંદરના ગુણદોષોને યથાર્થ રીતિએ જાણવાવાળો.

(૧૭) **વૃદ્ધાનુગ :** શુદ્ધ પરિણત(હેય-ઉપાદેયનો વિવેક)બુદ્ધિવાળા જે સદાચારી હોય તે વૃદ્ધ કહેવાય. દીક્ષાપર્યાય કે જ્ઞાનથી વૃદ્ધ હોય તેવા ઉત્તમ પુરુષોની સેવા કરનારો અને તેઓની શિખામણને અનુસરનારો હોય તે.

(૧૮) **વિનીત :** પોતાનાથી વિશેષ ગુણવાળાનું સન્માન કરવાવાળો.

(૧૯) **કૃતજ્ઞ :** પોતાના ઉપર કરેલા ઉપકારને ન ભૂલવાવાળો.

(૨૦) **પરહિતાર્થકારી :** કોઇ પણ લાભની આશા વગર ઉપકાર કરવાવાળો.

(૨૧) **લબ્ધલક્ષ :** સર્વ ધર્મકાર્યમાં સાવધાન હોય. ચતુર હોય.

✦ ✦ ✦

**૧૧૩. શ્રાવકના મુખ્ય ચાર ગુણ :**

(૧) ભદ્રક પ્રકૃતિ (૨) વિશેષ નિપુણમતિ (૩) ન્યાયમાર્ગરતિ (૪) દૃઢજિનવચનસ્થિતિ. આ ચાર ગુણોમાં નીચે પ્રમાણે એકવીશ ગુણોનો સમાવેશ થાય છે.

(૧) **ભદ્રક પ્રકૃતિમાં :** (૧) અક્ષુદ્ર (૨) પ્રકૃતિ સૌમ્ય (૩) અક્રૂર (૪) સુદાક્ષિણ્ય (૫) દયાળુ (૬) મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ (૭) વૃદ્ધાનુગ (૮) વિનીત - આ ૮ ગુણો હોય.

(૨) **વિશેષ નિપુણમતિમાં :** (૧) રૂપવાન (૨) સુદીર્ઘદર્શી (૩) વિશેષજ્ઞ (૪) કૃતજ્ઞ (૫) પરહિતાર્થકારી (૬) લબ્ધલક્ષ - આ છ ગુણો હોય.

(૩) **ન્યાયમાર્ગરતિમાં :** (૧) ભીરુ (૨) અશઠ (૩) લજ્જાળુ (૪) ગુણરાગી (૫) સત્કથી - આ પાંચ ગુણ હોય.

(૪) **દૃઢજિનવચનસ્થિતિમાં :** (૧) લોકપ્રિય (૨) સુપક્ષયુક્ત - આ બે ગુણ હોય છે.

❖ ❖ ❖

## ૧૧૪. શ્રાવકનાં બાર વ્રતોનું સ્વરૂપ :

**૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત.**

મુનિરાજનાં પાંચ મહાવ્રતથી નાનાં હોવાથી તેને અણુવ્રત કહેવાય છે. છઠ્ઠું, સાતમું અને આઠમું એ પાંચ અણુવ્રતને ગુણ(ફાયદો) કરનારા હોવાથી તેને ગુણવ્રત કહેવાય છે અને છેલ્લાં ચાર વ્રતોમાં મુનિપણાના પાલનની શિક્ષા હોવાથી શિક્ષાવ્રત કહેવાય છે.

(૧) **સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રત :** આ વ્રતમાં નિરપરાધી હાલતા ચાલતા (ત્રસ) જીવોને મારવાની બુદ્ધિથી નહીં મારવાની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. આ વ્રતના પાંચ અતિચાર જાણવા, પણ આચરવા નહીં.

(૧) **બંધ :** ગાય, બળદ પ્રમુખ જાનવરોને ગાઢ બંધનથી બાંધવાં તે.

(૨) **વધ :** ક્રોધથી ગાય ઘોડા પ્રમુખ જાનવરોને મારવાં તે.

(૩) **છવિચ્છેદ :** બળદ વગેરેનાં નાક, કાન છેદાવવાં તે.

(૪) **અતિભારારોપણ :** બળદ, ઘોડા પ્રમુખ જાનવર ઉપર જેટલો બોજો તે ઊંચકી શકતા હોય તેના કરતાં વધુ ભાર ભરવો તે.

(૫) **ભાત-પાણીનો વિચ્છેદ :** પાળેલાં જાનવરોને રોજ ખાવાનું અપાતું હોય તેના કરતાં ઓછું આપવું અગર ટાઈમથી મોડું આપવું તે.

(૨) **સ્થૂલ મૃષાવાદવિરમણ વ્રત :** આ વ્રતમાં નીચે જણાવેલાં પાંચ મોટાં જૂઠ નહીં બોલવાની પ્રતિજ્ઞા છે.

(૧) **કન્યાલીક :** કન્યાસંબંધી સગપણ, વિવાહાદિમાં જૂઠું બોલવું નહીં. તેમ જ સર્વ મનુષ્યસંબંધી પણ જૂઠું બોલવું નહીં.



(૨) **ગવાલીક :** ગાય પશુ વગેરે ચાર પગવાળાં જાનવર અંગે દૂધ-સંબંધી ખોડખાંપણસંબંધી જૂઠું બોલવું નહીં.

(૩) **ભૂમ્યાલીક :** ભૂમિ, ખેતર, મકાન, દુકાન અગર વાડી આદિ ભૂમિ સંબંધી જૂઠું બોલવું નહીં. બીજાની જમીન ઉપર પોતાનો ખોટો હક્ક કરીને દબાવવી નહીં.

(૪) **થાપણમોસો :** કોઈએ અનામત મૂકવા આપેલી થાપણ-(દાગીના અથવા રોકડ રકમ વગેરે)ને ઓળવવી નહીં અર્થાત્ તે લેવા આવે ત્યારે 'તું મને ક્યારે આપી ગયો છે ?' એમ બોલવું નહીં.

(૫) **કૂડીશાખ :** હજારો રૂપિયાનો ફાયદો થતો હોય તોપણ ખોટી સાક્ષી કદી પૂરવી નહીં. (કોઈને દેહના દંડ, ફાંસીની સજા થતી હોય તે માટે અસત્ય બોલવું પડે તેની જયણા.)

(૩) **સ્થૂલ અદત્તાદાનવિરમણ વ્રત :** આ વ્રતમાં નીચે જણાવેલ મોટી ચોરી કરવી નહીં : (૧) કોઈને ત્યાં ખાતર પાડવું નહીં તેમ જ બીજા પાસે પડાવવું નહીં. (૨) ગાંઠે બાંધેલી કોઈ અમૂલ્ય વસ્તુ લેવી નહીં. (૩) ખીસું કાતરવું નહીં. (૪) તાળું તોડવું નહીં. (૫) લૂંટ કરવી નહીં. (૬) કોઈની પડી ગયેલી અમૂલ્ય ચીજ લેવી નહીં. ટૂંકમાં રાજ દંડે અને લોક ભાંડે એવી ચોરી પ્રાણાંત કષ્ટે પણ કદી કરવી નહીં.

❖ **ત્રીજા વ્રતમાં પાંચ અતિચાર :** (૧) ચોર પાસેથી ચોરાઉ વસ્તુ સસ્તી જાણી-બૂઝીને લેવી તે. (૨) ચોરને ચોરી કરવામાં મદદ કરવી તે. (૩) સારી વસ્તુમાં બીજી ખોટી વસ્તુ નાંખીને આપવી. સારી દેખાડીને ખોટી આપવી તે. (૪) રાજ્યવિરુદ્ધ સ્થાનમાં જવું અગર દાણચોરી કરવી તે. (૫) તોલ, માન, માપાં ઓછાં-વધતાં રાખવાં તે.

(૪) **સ્થૂલ મૈથુનવિરમણ વ્રત :** આ વ્રતમાં પુરુષોએ પોતાની સ્ત્રીમાં સંતોષ રાખી પરસ્ત્રીનો ત્યાગ અને સ્ત્રીઓએ પરપુરુષનો ત્યાગ કરવાનો છે તેમ જ દેવ, દેવી અને તિર્યંચ સંબંધી મૈથુનનો પણ ત્યાગ કરવાનો છે.

❖ **ચોથા વ્રતમાં પાંચ અતિચાર :**

(૧) **અપરિગૃહીતાગમન :** કોઈએ પણ જે સ્ત્રીને ગ્રહણ કરી નથી એવી સ્ત્રી સાથે ગમન કરવું તે.

(૨) **ઈત્વરપરિગૃહીતાગમન :** અમુક દિવસ સુધી વેશ્યા પ્રમુખને કોઈએ રાખી હોય તેની સાથે ગમન કરવું તે.

(૩) **અનંગક્રીડા :** સ્ત્રીઓનાં અંગોપાંગ નિરખવાં તથા કામવિકાર વધે એવી ચેષ્ટા કરવી તે અથવા મૈથુનનાં અંગ સિવાયનાં અંગો વડે કામક્રીડા કરવી.

(૪) **પરવિવાહકરણ :** પોતાના પુત્ર, પુત્રી સિવાય પારકાના વિવાહ કરવા તે.

(૫) **તીવ્ર કામ-અભિલાષા :** કામચેષ્ટામાં અતિતીવ્ર ઈચ્છા ધારણ કરવી તે.

(૫) **સ્થૂલ પરિગ્રહપરિમાણ વ્રત :** આ વ્રતમાં ધન, ધાન્ય, ક્ષેત્ર (જમીન), હાટ, હવેલી, સોનું, રૂપું, હલકી ધાતુ, બે પગવાળા નોકર, ચાકર, ચાર પગવાળા પશુ : આ નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરવું. પરિમાણથી (ધારેલી મર્યાદાથી) અધિક થઈ જાય તો ધર્મમાર્ગે વાપરી નાંખવું.

❖ **પાંચમા વ્રતમાં પાંચ અતિચાર :** (૧) ધન, ધાન્ય જ્યારે ધારેલી ધારણાથી અધિક થઈ જાય ત્યારે ધર્મખાતામાં વાપરવાના બદલે પુત્ર, પુત્રી અગર સ્ત્રી આદિના નામે ચઢાવી દે તે. (૨) ક્ષેત્રમાં બે ક્ષેત્રોને એક કરી નાંખી ધારેલા પરિમાણથી અધિક રાખે તે. (૩) સોનું, રૂપું પણ કોઈના નામ પર આઘુંપાછું કરી ધારણા કરતાં અધિક રાખે. (૪) ત્રાંબા, પિત્તળ વગેરે ધાતુઓમાં પણ એ જ પ્રમાણે આડા અવળા નામે ચઢાવી ગોટાળા કરે. (૫) દાસ, દાસી, ગાય, ભેંસ વગેરેમાં પણ મર્યાદાથી અધિક રાખી ગોટાળા કરે.

(૬) **દિશાપરિમાણ વ્રત :** આ વ્રતમાં ચાર દિશા, ચાર વિદિશા, ઊર્ધ્વ અને અધો મળી દશ દિશામાં અમુક ગાઉ સુધી જવાનો નિયમ કરવો. (કાગળ,તાર, છાપાં વાંચવાની જયણા રાખી શકાય છે.)

❖ **છઠ્ઠા વ્રતના પાંચ અતિચાર :** (૧) મર્યાદા કરતાં વધારે ઊંચા જવું તે. (૨) મર્યાદા કરતાં વધારે નીચા જવું તે. (૩) ચાર દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરવું તે. (૪) બધી દિશાના ગાઉ ભેગા કરી એક દિશાએ વધારે જવું અર્થાત્ રાખેલા પ્રમાણમાં પોતાની ઈચ્છા મુજબ



ઓછું-વધતું કરવું તે. (૫) કેટલા ગાઉ રાખ્યા છે એની ખબર ન રહેવાથી આગળ જવું.

(૭) **ભોગોપભોગવિરમણ વ્રત :**

**ભોગ :** ભોજન વિલેપન વગેરે જે એકવાર ઉપયોગમાં આવે તે.

**ઉપભોગ :** જે ચીજ વારંવાર વપરાય જેવાં કે વસ્ત્ર, અલંકાર, ઘર, સ્ત્રી વગેરે.

ભોગ અને ઉપભોગની વસ્તુનું પરિમાણ કરવું તે માટે નીચે જણાવેલ ચૌદ નિયમોને રોજ સવાર-સાંજ ધારવા અને સંક્ષેપવા.

❖ **ચૌદ નિયમની વિગત :**

(૧) **સચિત્ત :** દિવસમાં જેટલાં સચિત્ત (જીવવાળાં) દ્રવ્ય મુખમાં નાંખવાં હોય તેની સંખ્યા તથા વજન નક્કી કરવું.

(૨) **દ્રવ્ય :** જુદાં જુદાં નામવાળી અને સ્વાદવાળી જેટલી ચીજો ખાવી હોય તેની સંખ્યા રાખવી. (ધારવી)

(૩) **વિગઈ :** ઘી, ગોળ, દૂધ, દહીં, તેલ અને કડા : એ છ વિગઈમાંથી નિરંતર એક વિગઈનો (મૂળથી અથવા કાચીનો) ત્યાગ કરવો.

(૪) **વાણહ :** જોડા, ચંપલ, મોજાં વગેરેની સંખ્યા ધારવી.

(૫) **તંબોલ :** સોપારી, એલચી, ચૂરણ વગેરે મુખવાસ ખાવાનું માપ ધારવું.

(૬) **વત્થ :** દિવસમાં આટલાં વસ્ત્ર પહેરવાની સંખ્યા ધારવી (ધર્મ-કાર્યમાં વાપરવાની જયણા.)

(૭) **કુસુમ :** સૂંઘવાની વસ્તુનું વજન ધારવું.

(૮) **વાહન :** ગાડી, ઘોડા, ઊંટ, મોટર, ટ્રેન, ટ્રામ, બસ, વિમાન, આગબોટ, નાવડા આદિ વાહનોમાં બેસવાની સંખ્યા ધારવી.

(૯) **શય્યા :** આસન, ગાદી, ખુરશી, ટેબલ ઉપર બેસવાની સંખ્યાનું માપ ધારવું.

(૧૦) **વિલેપન :** શરીરે વિલેપન કરવાની વસ્તુનું માપ ધારવું.

(૧૧) **બ્રહ્મચર્ય :** યથાશક્તિ તે વિષે નિયમ કરવો.

(૧૨) **દિશિ :** દશે દિશામાં જવાની મર્યાદા બાંધવી.

(૧૩) **સ્નાન :** સ્નાનની ગણતરી કરવી. (ધર્મકાર્યમાં જયણા.)

(૧૪) **ભત્તેસુ :** ભોજનપાણીમાં વજન ધારવું.

- ✧ **પૃથ્વીકાય :** માટી, મીઠું, ખારો, ચોક આદિ વાપરવાનું પરિમાણ(વજન) ધારવું.
- ✧ **અપ્કાય :** પાણી પીવાનું તથા વાપરવાનું માપ ધારવું. (વજન)
- ✧ **તેઉકાય :** ચૂલા, દીવા, લાઇટ વગેરેનું પરિમાણ (સંખ્યા) ધારવું.
- ✧ **વાઉકાય :** પંખા, હીંડોલા, વસ્ત્રની ઝાપટ વગેરેનું પરિમાણ (સંખ્યા) ધારવું.
- ✧ **વનસ્પતિકાય :** ઉપયોગમાં આવતી લીલોતરીનું નામ તથા તોલથી પરિમાણ કરવું.
- ✧ **ત્રસકાય :** અમુક સંખ્યામાં નોકર, ચાકરો, પશુઓ રાખવા.
- ✧ **અસિ :** સોય, કાતર, સૂડી, છરી, ચપ્પુ, તલવાર, અસ્તરા વગેરે શસ્ત્રો વાપરવાની સંખ્યાનું પરિમાણ કરવું.
- ✧ **મસિ :** ખડિયા, પેન, કલમ, પેનસિલ વગેરે વાપરવાની સંખ્યા ધારવી.
- ✧ **કૃષિ :** હળ, કુહાડા, પાવડી, કોસ વગેરે વાપરવાની સંખ્યાનું પરિમાણ કરવું.

❖ **પંદર કર્માદાનોનાં નામ :**

(૧) **અંગારકર્મ :** ચૂનો, ઈંટ, નળિયાં વગેરે પકાવવાનો વ્યાપાર.

(૨) **વનકર્મ :** જંગલ કાપવાનો, ફળ, શાક, લાકડાં વગેરે વનસ્પતિનો વ્યાપાર, કોલસા કરી વેચવા.

(૩) **શકટકર્મ :** ગાડાં, હળ, પ્રમુખ તૈયાર કરી વેચવાં.

(૪) **ભાટકકર્મ :** ગાડી, ઘોડા વગેરે ભાડે ફેરવવા.

(૫) **સ્ફોટકકર્મ :** સુરંગ ફોડાવવી, ખાણ ખોદાવવી, ક્ષેત્ર, કૂવા, વાવ ખોદાવવાનો ધંધો કરવો.

(૬) **દંતવાણિજ્ય :** હાથીદાંત વગેરેનો વ્યાપાર.

(૭) **લાક્ષવાણિજ્ય :** લાખ, ગુંદર વગેરેનો વ્યાપાર.

(૮) **રસવાણિજ્ય :** ઘી, તેલ, ગોળ વગેરેનો વ્યાપાર.

(૯) **કેશવાણિજ્ય :** પશુ, પંખીના વાળ, પીંછાં વગેરેનો વ્યાપાર.



(૧૦) **વિષવાણિજ્ય :** અફીણ, સોમલ, વચ્છનાગ આદિ ઝેરનો વ્યાપાર.

(૧૧) **યંત્રપિલનકર્મ :** મીલ, જીન, સંચા, ઘંટી, ઘાણી વગેરેનો વ્યાપાર.

(૧૨) **નિર્લાંછનકર્મ :** બળદ, ઘોડા વગેરેને નપુંસક કરવા તથા નાક, કાન આદિ અંગોપાંગ છેદવાનો વ્યાપાર.

(૧૩) **દવદાનકર્મ :** વનમાં, સીમમાં કોઇ પણ જગ્યાએ અગ્નિદાહ મૂકવો.

(૧૪) **જળશોષણકર્મ :** સરોવર, તળાવ વગેરેનાં પાણી સૂકાવી નાંખવાં.

(૧૫) **અસતીપોષણકર્મ :** રમતને ખાતર કૂતરાં, બિલાડા, મેના, પોપટ વગેરે પાળવાં તથા વ્યાપાર નિમિત્તે અસતી સ્ત્રી, વેશ્યાદિકને પોષવી.

❖ **સાતમા વ્રતના પાંચ અતિચાર :**

(૧) **સચિત્ત આહાર :** સચિત્ત વસ્તુ ખાવી તે.

(૨) **સચિત્તપ્રતિબદ્ધ આહાર :** સચિત્ત વસ્તુની સાથે વળગેલી વસ્તુ ખાવી તે.

(૩) **અપક્વ આહાર :** નહીં પાકેલી વસ્તુ ખાવી તે.

(૪) **દુષ્પક્વ આહાર :** અર્ધી કાચી અર્ધી પાકી વસ્તુ ખાવી તે.

(૫) **તુચ્છ ઔષધિ આહાર :** ખાવામાં થોડું આવે અને ફેંકી દેવાનું ઘણું હોય એવી બોર, શેરડી, દાડમ, અનાનસ ઈત્યાદિ વસ્તુ ખાવી તે.

ઉપર મુજબ આહારસંબંધી પાંચ અતિચાર તથા પાંચ કર્મ, પાંચ વાણિજ્ય, પાંચ સામાન્ય કર્મ : એમ પંદર કર્માદાનના પંદર અતિચાર કુલ વીસ અતિચાર.

(૮) **અનર્થદંડવિરમણ વ્રત :** નાહક, વિના સ્વાર્થે જેમાં આપણને કશો લાભ થતો ન હોય એવી ક્રિયાઓ કરી આત્માને દંડવો એનું નામ અનર્થદંડ કહેવાય.

આ વ્રતમાં નીચે જણાવેલ વસ્તુનો ત્યાગ કરવા માટે પૂરતો ઉપયોગ રાખવો : (૧) કોઇ પશુ, પક્ષીને ક્રીડા ખાતર પાળવા નહીં. (૨) કૂતરાં, બિલાડા, સાપ, નોળિયા આદિને લડાવવાં નહીં. (૩) હાથી, ઘોડા, ઘેંટા, કૂકડાની રમત જોવા જવું નહીં. (૪) કોઇને ફાંસી અપાતી હોય તો ત્યાં જોવા જવું નહીં અને તે કાર્યની અનુમોદના

કરવી નહીં. (૫) રાજકથા, દેશકથા, ભક્તકથા, ભોજનકથા, સ્ત્રીકથા કદી કરવી નહીં. (૬) રસ્તે ચાલતાં વિના કારણે ઝાડનાં ફળ, ફૂલ, પાંદડાં તોડવાં નહીં. (૭) શતરંજ, સોગઠાબાજી, ગંજીફા આદિ રમત રમવી નહીં. (૮) ઘંટી, ખાણીયા, સાંબેલા, હળ, કોદારી, કોસાદિ હથિયારો તૈયાર રાખી માંગ્યા આપવાં નહીં. (દાક્ષિણ્ય લગે જયણા.)

❖ **આઠમા વ્રતમાં પાંચ અતિચાર :**

(૧) **કંદર્પ :** કામવિકાર વધે તેવી ચેષ્ટા કરવી, કુચેષ્ટા કરવી.

(૨) **કૌત્કુચ્ય :** કામ ઉત્પન્ન થાય તેવી વાર્તાઓ કરવી.

(૩) **મૌખર્ય :** વાચાળપણાથી જેમ આવે તેમ આડાઅવળાં અસંબદ્ધ વાક્યો બોલવાં.

(૪) **સંયુક્તાધિકરણ :** હિંસાવાળાં ઉપકરણોને જોડીને તૈયાર રાખવાં.

(૫) **ભોગાતિરિક્તતા :** ભોગ-ઉપભોગમાં વપરાતી ચીજો કરતાં લોભથી વધારે રાખવી.

(૯) **સામાયિક વ્રત :** દરરોજ એક સામાયિક તો કરવી જ જોઇએ અગર બાર મહિનામાં અમુક સામાયિક કરી આપવાનો નિયમ આ વ્રતમાં કરવો.

❖ **નવમા વ્રતના પાંચ અતિચાર :**

(૧) **મનોદુષ્પ્રણિધાન :** મનમાં ખોટા વિચાર કરવા.

(૨) **વચનદુષ્પ્રણિધાન :** પાપવાળાં વચન બોલવાં.

(૩) **કાયદુષ્પ્રણિધાન :** અજયણાએ કાયાને હલાવવી, ચલાવવી, ભીંતે ઓઠીંગણ દઇને બેસવું.

(૪) **અનવસ્થાનદોષ :** એક સ્થાન છોડી બીજે સ્થાને જવું.

(૫) **સ્મૃતિવિહીનત્વ :** સામાયિક લઇને ટાઇમ જોવો ભૂલી જાય. અથવા તો સામાયિક પારવું જ ભૂલી જાય.

(૧૦) **દેશાવગાસિક વ્રત :** આખી જિંદગીના માટે લીધેલાં વ્રતોની વિશાળ મર્યાદાને આ વ્રતમાં અતિસંક્ષેપ કરી લેવામાં આવે છે. મુખ્યતયા છઠ્ઠા વ્રતમાં અમુક ગાઉ સુધી જવાની રાખેલી છૂટને અતિ ટૂંકાવી દેવામાં આવે છે. હાલ આ વ્રતમાં જઘન્યથી એકાસણું કરી સવાર, સાંજનાં પ્રતિક્રમણ સાથે વચમાં આઠ સામાયિક કરવામાં આવે છે.



ઉપાશ્રયથી ઘેર સુધી અથવા ગામમાં અમુક સ્થાન સુધી જવાની મર્યાદા નક્કી કરાય છે.

❖ **દશમા વ્રતના પાંચ અતિચાર :**

(૧) **આનયનપ્રયોગ :** ધારેલી ભૂમિ કરતાં આગળની ભૂમિથી કોઇ વસ્તુ મંગાવવી.

(૨) **પ્રેષ્યપ્રયોગ :** ધારેલી હદની બહાર કોઇ વસ્તુ મોકલવી.

(૩) **શબ્દાનુપાત :** શબ્દનો અવાજ કરીને હાજરી જણાવવી.

(૪) **રૂપાનુપાત :** જાળી વગેરે ઠેકાણે આવી પોતાની હાજરી જણાવવી.

(૫) **પુદ્ગલપ્રક્ષેપ :** કાંકરો નાંખી પોતે અહીં છે - એમ જણાવવું.

(૧૧) **પૌષધવ્રત :** દર વર્ષે દિવસ અથવા રાતના અથવા રાતદિવસના ચાર પ્રહર અથવા આઠ પ્રહરના અમુક પૌષધ કરવા.

❖ **પૌષધના ચાર પ્રકાર :**

(૧) **આહારપૌષધ :** દેશથી અને સર્વથી હોય છે. બાકીના ૩ પૌષધ સર્વથી હોય છે. દેશથી આહારપૌષધમાં એકાસણું, નીવી, આયંબિલ કરાય છે. સર્વથી આહારપૌષધમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ કરાય છે.

(૨) **શરીરસત્કારપૌષધ :** પૌષધ નિમિત્તે શરીરને શણગારવું નહીં.

(૩) **અવ્યાપારપૌષધ :** કોઇ પણ સંસારી વ્યાપાર કરવો નહીં.

(૪) **બ્રહ્મચર્યપૌષધ :** બ્રહ્મચર્યનું પાલન કરવું.

❖ **અગિયારમા વ્રતના પાંચ અતિચાર :**

(૧) **અપ્રતિલેખિત શય્યા :** સંથારા આદિ ઉપધિને ન પડિલેહે, ન પ્રમાર્જે.

(૨) **અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત :** સંથારા આદિને પડિલેહે, પ્રમાર્જે તો બરાબર ન પડિલેહે ન પ્રમાર્જે.

(૩) **ઉચ્ચાર અપ્રતિલેખિત :** સ્થંડિલ-માત્રું પરઠવવાની જગ્યાની પડિલેહણા તથા પ્રમાર્જના કરે જ નહીં.

(૪) **ઉચ્ચાર અપ્રતિલેખિત - દુષ્પ્રતિલેખિત :** સ્થંડિલ-માત્રાની જગ્યા પડિલેહે, પ્રમાર્જે પણ બરાબર ન કરે.

(૫) **પૌષધવિધિ વિપરીતતા :** પૌષધ સમયસર લે નહીં, મોડો લે અને વહેલો પારે તથા પૌષધમાં પારણાની ચિંતા કરે.

(૧૨) **અતિથિસંવિભાગ વ્રત :** મુખ્ય રીતિએ આઠ પહોરનો (અહોરાત્રિ ચઉવિહાર ઉપવાસ સહિત) પૌષધ કરી પારણે એકાસણું કરી મુનિરાજને વહોરાવી જેટલી ચીજ મુનિરાજ વહોરી જાય તેટલી જ ચીજ પોતે વાપરવી. આ વ્રતને અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે. આ વ્રત વર્ષમાં જેટલીવાર કરવા ભાવના હોય તેટલીવારની સંખ્યા ધારી શકાય છે. કદાચ મુનિરાજનો જોગ ન મળે તો સાધર્મિકભાઈઓને જમાડીને પણ આ વ્રતનું પાલન કરવું. (શ્રાદ્ધપ્રતિ. વંદિત્તુ સૂત્રાર્થ પા.નં. ૪૯ માં છે.)

❖ **બારમા વ્રતના પાંચ અતિચાર :**

(૧) **સચિત્તનિક્ષેપ :** સચિત્ત (જીવવાળી) વસ્તુ અચિત્ત વસ્તુમાં નાંખીને વહોરાવવી.

(૨) **સચિત્તપિધાન :** સચિત્ત વસ્તુ વડે ઢાંકેલી અચિત્ત વસ્તુ આપવી.

(૩) **પરવ્યપદેશ :** પોતાની વસ્તુ બીજાની છે અને બીજાની વસ્તુ પોતાની છે - એમ કહી આપવી.

(૪) **માત્સર્યદાન :** ક્રોધ, ઈર્ષા અને અભિમાનથી દાન આપે.

(૫) **કાલાતિક્રમ દાન :** ગોચરીનો કાળ વીતી ગયા પછી મુનિને આમંત્રણ કરવા જાય અને ગોચરીના સમયે ગેરહાજર રહે.

❖ ❖ ❖

**૧૧૫.શ્રાવકના એકસો ચોવીસ અતિચાર :**

એક થી છ વ્રતના દરેકના ૫ અતિચાર મળી ૩૦ અતિચાર, સાતમા વ્રતના ૨૦ અતિચાર, આઠથી બાર વ્રતના દરેકના ૫ અતિચાર મળી ૨૫ અતિચાર, જ્ઞાનાચારના ૮ અતિચાર, દર્શનાચારના ૮ અતિચાર, ચારિત્રાચારના ૮ અતિચાર, વીર્યાચારના ૩ અતિચાર, તપાચારના ૧૨ અતિચાર, સંલેખનાના ૫ અતિચાર, સમ્યક્ત્વના ૫ અતિચાર - કુલ ૧૨૪ અતિચાર.

❖ ❖ ❖

**૧૧૬.શ્રાવકની અગિયાર પડિમા :**

(૧) દર્શન(સમકિત)પડિમા (૨) વ્રતપડિમા (૩) સામાયિકપડિમા (૪) પૌષધપડિમા (૫) કાયોત્સર્ગપડિમા (૬) બ્રહ્મચર્યપડિમા (૭) સચિત્તત્યાગપડિમા (૮) આરંભકરણપરિત્યાગપડિમા (૯) આરંભ-



કરાવણત્યાગપડિમા (૧૦) ઉદ્દિષ્ટવર્જકપડિમા. પોતાના માટે નહીં બનાવેલું ભોજન નહીં ખાવું. (૧૧) શ્રમણભૂતપડિમા. (સાધુની માફક ગોચરી જવું, લોચ કરાવવો વગેરે.)

❖ ❖ ❖

**૧૧૭.શ્રાવકે રાખવાનાં સાત ધોતિયાં :**

(૧) સામાયિકનું (૨) પૂજાનું (૩) નહાવાનું (૪) ભોજનનું (૫) સૂવાનું (૬) વડીનીતિ માટે જવાનું (૭) બહારગામ જવાનું.

❖ ❖ ❖

**૧૧૮.શ્રાવકે સાત ગળણાં રાખવાની વિગત :**

(૧) પાણી ગળવાનું (૨) દૂધ ગાળવાનું (૩) છાશ ગાળવાનું (૪) ઉકાળેલું પાણી ગાળવાનું (૫) ઘી ગાળવાનું (૬) તેલ ગાળવાનું (૭) આટો ચાળવા માટે. (હવાલા, ચારણી, આંક).

❖ ❖ ❖

**૧૧૯.દશ ચંદરવાની વિગત :**

(૧) જિનભવન (૨) પૌષધશાળા (૩) સામાયિકશાળા (૪) ચૂલા ઉપર (૫) ભોજનગૃહ (૬) પાણીયારે (૭) વલોણાના સ્થાને (૮) ખાંડવાના સ્થાને (૯) પીરસવાના સ્થાને (૧૦) સૂવાની જગ્યાએ.

❖ ❖ ❖

**૧૨૦.શ્રાવકના સવાવસાની દયાની સમજણ :**

મુનિરાજ ત્રસ તથા સ્થાવર એમ બંને પ્રકારની દયા પાળે એટલે તેને શાસ્ત્રમાં વીશ વસાની દયા પાળનારા કહેવાય છે. એમાંથી શ્રાવક માત્ર ત્રસ જીવોની દયા પાળી શકે અને સ્થાવર જીવોની નહીં પાળી શકે એટલે રહ્યા દશ વસા. ખેતી, રસોઈ આદિ આરંભ-સમારંભથી નિર્દોષ ત્રસ જીવો હણાય છે એટલે રહ્યા પાંચ વસા. સંકલ્પથી પણ અપરાધીને હણવાની છૂટ રહેવાથી પાંચમાંથી અડધા ઓછા થતાં અઢી વસા રહ્યા. નિરપરાધી જીવોમાં સ્વજનસંબંધી અગર પોતાને આશરે રહેલા પશુ વગેરેની એવા પ્રકારની રોગની દવા કરવી પડે અને તેમાં જીવો હણાય. તેને સાપેક્ષ હિંસા કહેવાય છે. એટલે તેનો અઢીવસામાં અડધો ભાગ ઓછો થતાં માત્ર સવા વસાની દયા. (રૂપિયામાં એક આની માત્ર) શ્રાવક-શ્રાવિકાને હોઈ શકે છે અને તે

પણ વ્રતધારીઓને જ હોય છે. નિરપરાધી ત્રસ જીવોને વિના અપેક્ષાએ સંકલ્પપૂર્વક હિંસા કરવાનો ત્યાગ હોય છે.

✦ ✦ ✦

**૧૨૧.સામાયિકના બત્રીશ દોષ :**

- **મનના દશ :** (૧) વૈરી દેખી દ્વેષ કરે. (૨) અવિવેક ચિંતવે. (૩) અર્થ ન ચિંતવે. (૪) મનમાં ઉદ્વેગ ધરે. (૫) યશની વાંછા કરે. (૬) વિનય ન કરે. (૭) ભય ચિંતવે. (૮) વ્યાપાર ચિંતવે. (૯) ફળનો સંદેહ રાખે. (૧૦) નિયાણું કરે.
- **વચનના દશ :** (૧) કુવચન બોલે. (૨) કંકાશ કરે. (૩) પાપ-આદેશ આપે. (૪) લવારો કરે. (૫) કલહ કરે. (૬) આવો જાઓ કહે. (૭) ગાળ બોલે. (૮) બાળક રમાડે. (૯) વિકથા કરે. (૧૦) હાંસી કરે.
- **કાયાના બાર :** (૧) આસન ચપળ (ડગમગતા આસને બેસવું). (૨) ચારે દિશાએ જુએ. (૩) સાવદ્ય પાપવાળાં કામ કરે. (૪) આળસ મરડે. (૫) અવિનયે બેસે. (૬) ઓઠું લઇ બેસે. (૭) શરીરનો મેલ ઉતારે. (૮) ખરજ ખણે. (૯) પગ ઉપર પગ ચઢાવે. (૧૦) અંગ ઉઘાડું મૂકે. (૧૧) અંગ ઢાંકે. (૧૨) ઊંઘે.

✦ ✦ ✦

**૧૨૨.પૌષધના અઢાર દોષ :**

(૧) પોસહમાં વ્રત વિનાના શ્રાવકના ઘરનું પાણી ન પીવું. (૨) પોસહ નિમિત્તે સરસ આહાર કરવો નહીં. (૩) ઉત્તરપારણાને દિવસે વિવિધ પ્રકારની સામગ્રી મેળવવી નહીં. (૪) પોસહમાં અથવા પોસહ નિમિત્તે આગલે દિવસે દેહવિભૂષા કરવી નહીં. (૫) પોસહ નિમિત્તે વસ્ત્ર ધોવરાવવાં નહીં. (૬) પોસહ નિમિત્તે આભૂષણ ઘડાવવાં નહીં તેમ જ પોસહમાં આભૂષણ પહેરવાં નહીં. (૭) પોસહ નિમિત્તે વસ્ત્ર રંગાવવાં નહીં. (૮) પોસહમાં અકાળે શયન કરવું નહીં. નિદ્રા લેવી નહીં. (રાત્રિને બીજે પ્રહરે સંથારાપોરિસિ ભણાવીને નિદ્રા લેવી.) (૯) પોસહમાં શરીર ઉપરથી મેલ ઉતારવો નહીં. (૧૦) પોસહમાં સારી કે નઠારી સ્ત્રીસંબંધી કથા કરવી નહીં. (૧૧) પોસહમાં આહારને સારો કે નઠારો કહેવો નહીં. (૧૨) પોસહમાં સારી કે નઠારી રાજકથા કે યુદ્ધકથા કહેવી નહીં. (૧૩) પોસહમાં દેશકથા



કરવી નહીં. (૧૪) પોસહમાં પૂંજ્યા-પડિલેહ્યા વિના લઘુનીતિ વડીનીતિ પરઠવવી નહીં. (૧૫) પોસહમાં કોઇની નિંદા કરવી નહીં. (૧૬) પોસહમાં ચોરસંબંધી વાર્તા કરવી નહીં. (૧૭) પોસહમાં સ્ત્રીઓના અંગોપાંગ નીરખીને જોવાં નહીં. (૧૮) પોસહમાં વગર પોસાતિ માતા, પિતા, પુત્ર, ભાઇ, સ્ત્રી વગેરે સંબંધીઓ સાથે વાર્તાલાપ કરવો નહીં. આ અઢાર દોષ પોસહમાં ટાળવા.

✦ ✦ ✦

**૧૨૩.એક સામાયિકમાં દેવગતિનું આયુષ્ય કેટલું બંધાય ? :**

બાણું ક્રોડ, ઓગણસાઠ લાખ, પચ્ચીસ હજાર, નવસો પચ્ચીસ પલ્યોપમથી અધિક દેવગતિનું આયુષ્ય બંધાય છે અને આઠ પ્રહરનો પોસહ કરનારને તેથી ત્રીશગણું બંધાય છે.

✦ ✦ ✦

**૧૨૪.સામાયિકની કિંમત :**

એક માણસ રોજ લાખ ખાંડી સોનાનું દાન આપે અને એક માણસ રોજ સામાયિક કરે તો દાન આપનારા કરતાં સામાયિક કરનારો વધી જાય છે.

✦ ✦ ✦

**૧૨૫.નિયમને લાગતા ચાર મહાન દોષ :**

વ્રતને (૧) અતિક્રમ (૨) વ્યતિક્રમ (૩) અતિચાર (૪) અનાચાર દોષ લાગે છે. દાખલા તરીકે કોઇએ ચઉવિહાર ઉપવાસ કર્યો હોય હવે જ્યારે તેને અતિતૃષા લાગે ત્યારે તે પાણી પીવાની ઇચ્છા કરે તે **અતિક્રમ**. જે સ્થાનકે પાણી હોય તે સ્થળે જાય તે **વ્યતિક્રમ**. પાણી પીવા માટે વાસણમાંથી પ્યાલો ભરી મુખ આગળ ધરે પણ પીએ નહીં તે **અતિચાર**. જ્યારે તે નીડરપણે ચૌવિહાર હોવા છતાં પાણી પીએ તે **અનાચાર** કહેવાય.

✦ ✦ ✦

**૧૨૬.જાણવા-આદરવા-પાળવા સંબંધી આઠ ભાંગા :**
**(આત્મબોધ સં. પા.૪૭૭)**

(૧) જેઓ વિરતિના સ્વરૂપને યથાર્થ સમજતા નથી, સ્વીકારતા નથી અને પાલન કરતા નથી તે સામાન્યથી સઘળા જીવો મિથ્યાદૃષ્ટિ છે.
(૨) જેઓ વિરતિના સ્વરૂપને યા ધર્મના સ્વરૂપને જાણતા નથી,

સ્વીકારતા નથી, પણ પાળે છે તે કષ્ટક્રિયા તપ, જપ, શીલ આદિએ કરી કાયા ગાળે તે મિથ્યાદષ્ટિ અજ્ઞાન તપસ્વી.

(૩) જેઓ વિરતિના સ્વરૂપને જાણતા નથી, સ્વીકારે છે પણ પાળતા નથી તે મિથ્યાદષ્ટિ પાર્શ્વસ્થાદિ.

(૪) જેઓ જાણતા નથી, પરંતુ સ્વીકાર કરે છે અને પાલન પણ કરે છે તે મિથ્યાદષ્ટિ અગીતાર્થ મુનિ.

(૫) જેઓ જાણે છે, સ્વીકારતા નથી પણ શીલ આદિ પાલન કરે છે (મનથી) તે સમ્યગ્દષ્ટિ અનુત્તરવાસી દેવ.

(૬) જેઓ જાણે છે પરંતુ સ્વીકાર અને પાલન કરતા નથી તે સમ્યગ્દષ્ટિ શ્રેણિક આદિ.

(૭) જેઓ જાણે છે, મુનિ આદિના વ્રત સ્વીકારે છે પણ પાળે નહીં, શુદ્ધ પ્રરૂપણા કરે, પોતામાં મુનિપણું સ્થાપતા નથી એવા જાણ ગીતાર્થ તે સમકિતી સંવેગપક્ષી જાણવા.

(૮) જેઓ જાણે, સ્વીકારે, પાળે એવા જિનમતના જાણ રત્નત્રયવંત પુરુષો સમકિતી જાણવા તે દેશવિરતિ સર્વવિરતિ યુક્ત આત્માઓ.

પ્રથમના ચાર ભાંગે વર્તતા મિથ્યાદષ્ટિ હોય છે. કારણ કે તેઓ સમ્યગ્જ્ઞાનરહિત છે. પછીના ત્રણ ભાંગે વર્તતા અવિરતિ સમ્યગ્દષ્ટિ છે. કારણ કે તેઓ સમ્યગ્જ્ઞાનસહિત છે અને આઠમે ભાંગે વર્તતા સમ્યગ્જ્ઞાનસહિત વિરતિનો સ્વીકાર કરે છે અને પાલન કરે છે તેઓ દેશવિરતિ, સર્વવિરતિ યુક્ત હોય છે.

❖ ❖ ❖

## દાન સંબંધી

### ૧૨૭.દાન નહીં આપવાનાં છ લક્ષણો :

(૧) આપવું પડે એટલે આંખો કાઢે. (૨) ઊંચે જુએ. (૩) વચ્ચે આડી-અવળી વાત કરે. (૪) વાંકું મુખ કરીને બેસે. (૫) મૌન ધારણ કરે. (૬) આપતાં આપતાં ઘણો સમય લગાડે.

❖ ❖ ❖



### ૧૨૮.દાનને દૂષિત કરનારાં કારણો :

(૧) અનાદરથી આપવું. (૨) ઘણી વાર લગાડીને આપવું. (૩) વાંકું મુખ કરીને આપવું. (૪) અપ્રિય વચન બોલીને (સંભળાવીને) આપવું. (૫) આપ્યા પછી પશ્ચાત્તાપ કરવો.

❖ **શ્લોક :**

**अनादरो विलम्बश्च, वैमुख्यं विप्रियं वचः ।**
**पश्चात्तापश्च दातुः स्याद्, दानदूषणपञ्चकम् ॥**

❖ ❖ ❖

### ૧૨૯.દાનને શોભાવનારાં કારણો :

(૧) આનંદનાં આંસુ આવે. (૨) રોમાંચ ખડા થાય. (૩) બહુમાન પેદા થાય. (૪) પ્રિયવચન બોલે. (૫) આપ્યા પછી અનુમોદના કરે.

❖ **શ્લોક :**

**आनन्दाश्रूणि रोमाञ्चं, बहुमानं प्रियं वचः ।**
**तथानुमोदना पात्रे, दानभूषणपञ्चकम् ॥**

❖ ❖ ❖

### ૧૩૦.પાંચ પ્રકારનાં દાન :

(૧) અભયદાન (૨) સુપાત્રદાન (૩) અનુકંપાદાન (૪) ઉચિતદાન (૫) કીર્તિદાન. પ્રથમના બે પ્રકારનાં દાનથી ભોગસુખપૂર્વક મોક્ષની પ્રાપ્તિ થાય છે અને અંતિમ ત્રણ પ્રકારનાં દાનથી કેવળ ભોગસુખાદિકની પ્રાપ્તિ થાય છે.

❖ ❖ ❖

### ૧૩૧.દાનેશ્વરી જગડુ શાહનું દાન :

વીશળદેને ૮૦૦૦ મુડા, પાટણના રાજાને ૮૦૦૦ મુડા, સિંધના રાજા હમીરને ૧૨૦૦૦ મુડા, દિલ્હીના રાજા મોજુદ્દીનને ૨૧૦૦૦ મુડા, કંધાર દેશના રાજાને ૧૨૦૦૦ મુડા, ગિઝનીના સુલતાનને ૨૧૦૦૦ મુડા, ઉજ્જૈન રાજા મદનવર્માને ૧૮૦૦૦ મુડા, કાશી નરેશ પ્રતાપસિંહને ૩૨૦૦૦ મુડા. એકંદર - ૧ લાખ, ૨૪૦૦૦ મુડા અનાજ આપ્યું. આ સિવાય ૭ લાખ, ૭૫૦૦૦ મુડા અનાજ દાન આપ્યું. જગડુ શાહે દુકાળના વખતે જુદે જુદે સ્થળે ૧૧૨ સદાવ્રત ખોલ્યાં હતાં. તેમાં હંમેશાં ૫ લાખ માણસને જમાડ્યા હતા. ૧૮ ક્રોડ દ્રમકનું દાન કર્યું હતું. (વૈરાગ્યમંજરી પા. ૮૭માંથી)

૨૦ કોડીની ૧ કાંકણી, ૪ કાંકણીનો ૧ પૈસો, ૧૬ પૈસાનો ૧ દ્રમક (પા રૂ.) થાય છે.

જગડુશાહે ભદ્રેસરનું દેરાસર બનાવ્યું. કુલ એકસો આઠ દેરાસર બંધાવ્યાં. મોટા સંઘ સાથે ત્રણ વખત શત્રુંજય યાત્રા કરી.

✦ ✦ ✦

## જ્ઞાન સંબંધી

### ૧૩૨. છ ઉપધાનનાં નામો :

(૧) પંચમંગલમહાશ્રુતસ્કંધ. (૨) પ્રતિક્રમણ શ્રુતસ્કંધ. (૩) શક્રસ્તવ(નમુત્થુણં) (૪) ચૈત્યસ્તવ (૫) નામસ્તવ(લોગસ્સ) (૬) શ્રુતસ્તવ (પુક્ખરવરદીવડ્ઢે).

✦ ✦ ✦

### ૧૩૩. સિદ્ધાંતની વ્યાખ્યા છ પ્રકારે :

**संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः ।**
**चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा ॥ १ ॥**

તંત્ર(સિદ્ધાંત)ની વ્યાખ્યા : (૧) સંહિતા (૨) પદ (૩) પદાર્થ (૪) પદવિગ્રહ (૫) ચાલના (૬) પ્રત્યવસ્થાન - આ છ પ્રકારે થાય છે.

(૧) **સંહિતા :** શ્લોક અથવા સૂત્રાદિનો અસ્ખલિતપણે ઉચ્ચાર કરવો.
(૨) **પદ :** શ્લોક અથવા સૂત્રમાં જેટલાં પદો હોય તેને અલગ કરવાં.
(૩) **પદાર્થ :** અલગ કરેલ દરેક પદનો અર્થ કરવો.
(૪) **પદવિગ્રહ :** સામાસિક પદોને અલગ કરવાં.
(૫) **ચાલના :** વસ્તુના સમર્થનમાં જેટલી શંકાઓ શક્ય હોય તેટલી દરેક શંકાઓ ઊભી કરવી.
(૬) **પ્રત્યવસ્થાન :** ઊભી કરેલી અથવા થયેલી શંકાઓનું સમાધાન કરવું અને વસ્તુને સ્થિર બનાવવી તથા સિદ્ધ કરવી.

✦ ✦ ✦

### ૧૩૪. પિસ્તાલીશ આગમનાં નામ :

- ✧ **અગિયાર અંગ :** (૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) ઠાણાંગ (૪) સમવાયાંગ (૫) ભગવતીસૂત્ર (૬) જ્ઞાતાધર્મકથા (૭) ઉપાસક-



દશાંગ (૮) અંતકૃતદશાંગ (૯) અનુત્તરોપપાતિક સૂત્ર (૧૦) પ્રશ્ન-વ્યાકરણ (૧૧) વિપાકસૂત્ર. (બારમું અંગ દૃષ્ટિવાદ છે, જે હાલમાં સર્વથા અનુપલબ્ધ છે.)
- ✧ **બાર ઉપાંગ :** (૧) ઔપપાતિક (૨) રાજપ્રશ્નીય (૩) જીવાભિગમ (૪) પ્રજ્ઞાપના (૫) સૂર્યપ્રજ્ઞપ્તિ (૬) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ (૭) નિરયાવલિકા (૮) કલ્પાવતંસિકા (૯) પુષ્પિકા (૧૦) પુષ્પચૂલિકા (૧૧) વન્હીદશા (૧૨) ચંદ્રપ્રજ્ઞપ્તિ.
- ✧ **દશ પ્રકીર્ણ ગ્રંથ :** (૧) ચતુઃશરણ (૨) આતુરપ્રત્યાખ્યાન (૩) ભક્તપરિજ્ઞા (૪) સંસ્તારક (૫) તંદુલવૈતાલિક (૬) ગણિવિદ્યા (૭) ચારિક મહાપ્રત્યાખ્યાન (૮) મરણસમાધિ (૯) ગચ્છાચાર (૧૦) દેવેન્દ્ર સ્તવ.
- ✧ **છ છેદસૂત્ર :** (૧) નિશીથસૂત્ર (૨) કલ્પસૂત્ર (૩) વ્યવહારસૂત્ર (૪) જીતકલ્પસૂત્ર (૫) મહાનિશીથસૂત્ર (૬) દશાશ્રુતસ્કંધસૂત્ર.
- ✧ **ચાર મૂળ ગ્રંથ :** (૧) આવશ્યકસૂત્ર (૨) ઉત્તરાધ્યયનસૂત્ર (૩) દશવૈકાલિકસૂત્ર (૪) ઓઘનિર્યુક્તિસૂત્ર.
- ✧ **બે સ્વતંત્ર ગ્રંથ :** (૧) નંદીસૂત્ર (૨) અનુયોગદ્વારસૂત્ર મળી કુલ ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણસૂત્ર, ૬ છેદગ્રંથ, ૪ મૂળગ્રંથ, ૨ સ્વતંત્ર-ગ્રંથ = ૪૫. બારમા અંગમાં દૃષ્ટિવાદમાં ચૌદ પૂર્વ આવે.

✦ ✦ ✦

### ૧૩૫. ગુણ પર્યાય દ્રવ્યમાં :

**(પ્રશમરતિ શ્લો.૨૬૯ રાજશેખરવિ.મ.)**

દરેક દ્રવ્યમાં કોઇને કોઇ ધર્મો અવશ્ય રહેલા હોય છે. આ ધર્મો બે પ્રકારના છે : (૧) સહભાવી (૨) ક્રમભાવી. (૧) વસ્તુ જયારથી છે ત્યારથી અને જયાં સુધી રહે ત્યાં સુધી વસ્તુની સાથે જ રહેનારા ધર્મો સહભાવી છે તે ગુણ કહેવાય છે. (૨) જે ધર્મોનું પરિવર્તન થયા કરે છે તે ક્રમભાવી એટલે પર્યાય કહેવાય છે. દા.ત. પુદ્ગલ દ્રવ્યના રૂપ, રસ, ગંધ અને સ્પર્શ : એ ધર્મો સહભાવી છે માટે ગુણો છે. પણ કૃષ્ણરૂપ, શ્વેતરૂપ, મધુરરસ, તિક્ત રસ વગેરે ધર્મો ક્રમભાવી હોવાથી પર્યાયો છે.

પુદ્ગલ દ્રવ્યમાં રૂપ, રસ, ગંધ વગેરે કાયમ છે. એ ન હોય એવું ક્યારેય બનતું નથી પણ કૃષ્ણરૂપ, શ્વેતરૂપ વગેરે ધર્મો કાયમ રહેતા નથી. ક્યારેક કૃષ્ણ, શ્વેત, લાલરૂપ હોય છે. ક્યારેક કૃષ્ણમાંથી શ્વેત અને શ્વેતમાંથી લાલરૂપ બની જાય છે. એ પ્રમાણે મધુર રસાદિ વિશે પણ પરિવર્તન થયા કરે છે. આથી પુદ્ગલમાં રૂપ, રસ વગેરે સહભાવી ગુણો છે અને કૃષ્ણ રૂપ, મધુરરસ વગેરે પર્યાયો એટલે ક્રમભાવી ગુણો છે. આ પ્રમાણે આત્મા વગેરે દ્રવ્યોમાં પણ ગુણપર્યાયની વિચારણા થઈ શકે છે.

જઘન્યથી ૧ સમયમાં અને ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળચક્રપ્રમાણ કાળે પણ પરમાણુ આદિ કોઈ પણ વર્ગણામાંના કોઈ પણ એક સ્કંધમાં પર્યાય બદલાય છે. ઔદારિકાદિ કોઈ પણ વિવક્ષિત પુદ્ગલવર્ગણામાંના સ્કંધો અવશ્ય વૈક્રિયાદિ અન્ય વર્ગણારૂપે પણ પરિણમે તેમ જ અગ્રહણવર્ગણારૂપે પણ પરિણમે તથા ગ્રહણવર્ગણા તે અગ્રહણવર્ગણા અને અગ્રહણવર્ગણા તે ગ્રહણવર્ગણારૂપે પરિણમે. કારણ પુદ્ગલપરિણામ વિચિત્ર છે. (શતકપંચમ કર્મગ્રંથમાં પ્રદેશબંધમાં ધર્મવિ.નું ભાષાંતર)

✧ ✧ ✧

## ૧૩૬. સપ્તભંગીનું સ્વરૂપ :

(૧) સ્યાદ્અસ્તિ (૨) સ્યાદ્નાસ્તિ (૩) સ્યાદ્અસ્તિ-નાસ્તિ (૪) સ્યાદ્અવક્તવ્ય (૫) સ્યાદ્અસ્તિ-અવક્તવ્ય (૬) સ્યાદ્નાસ્તિ-અવક્તવ્ય (૭) સ્યાદ્અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય.

✧ સ્યાત્-પૂર્વક જો વ્યવહાર કરવામાં આવે તો જ એવકાર-જકારનો ઉપયોગ કરી શકાય એટલે ઉપરના સાતે ભાંગાઓ એવકાર-જકાર-સહિતના સમજવા. બાકી એમને એમ અસ્તિ-નાસ્તિ વગેરેની વિચારણા કરી શકાય છે. અને તે આંશિક સત્યમાં આવે છે પણ સ્યાત્ સિવાય જકારથી અસ્તિ-નાસ્તિની વિચારણા કરનાર મિથ્યા છે.

✧ દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદાભેદને વ્યવસ્થિત સમજવા માટે સપ્તભંગીની વિચારણા આવશ્યક છે.

✧ દ્રવ્યાર્થિક નય દ્રવ્યાદિ ત્રણેને અભિન્ન માને છે અને પર્યાયાર્થિક નય તે ત્રણેને ભિન્ન માને છે એટલે તે બંને નયને આશ્રયીને ભેદાભેદની સપ્તભંગી નીચે પ્રમાણે છે :



(૧) પર્યાયાર્થિક નયની અપેક્ષાએ દ્રવ્યાદિ (દ્રવ્ય, ગુણ, પર્યાય) ત્રણ ભિન્ન જ છે.

(૨) દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ દ્રવ્યાદિ ત્રણ અભિન્ન જ છે.

(૩) પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની ક્રમિક અપેક્ષાએ દ્રવ્યાદિ ત્રણ ભિન્નાભિન્ન છે.

(૪) પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની યુગપત્-એકસાથે એક જ વખતે અપેક્ષાએ દ્રવ્યાદિ ત્રણ અવક્તવ્ય છે. (એકસાથે સ્વતંત્ર બે ભાવને એક જ શબ્દ નથી સમજાવી શકતો એ હકીકત છે.)

✧ 'પુષ્પદંત' શબ્દથી સૂર્ય અને ચંદ્ર એકસાથે એક જ વખતે સમજાય છે અને 'પુષ્પદંત' શબ્દ પણ એક જ છે પણ તેમાં સૂર્ય અને ચંદ્રનો સંમિશ્રિત એટલે જોડાયેલો બોધ છે. 'પુષ્પદંત' શબ્દ સૂર્ય-ચંદ્રને જુદા જુદા સમજાવી શકતો નથી એટલે ભેદાભેદને સ્વતંત્ર એકસાથે એક જ શબ્દમાં કહી શકાય નહીં - એ અવક્તવ્ય છે.

(૫) પર્યાયાર્થિક નયની અપેક્ષાએ એક અંશ અને બીજો અંશ ઉભય નયની અપેક્ષાએ એકસાથે વિચારીએ ત્યારે દ્રવ્યાદિક ત્રણ ભિન્ન અને અવક્તવ્ય છે.

(૬) દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ એક અંશ અને બીજો અંશ ઉભય નયની અપેક્ષાએ એકસાથે વિચારીએ ત્યારે દ્રવ્યાદિ ત્રણ અભિન્ન ને અવક્તવ્ય છે.

(૭) પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિકની ક્રમિક અપેક્ષાએ એક અંશ અને બીજો અંશ ઉભયનયની અપેક્ષાએ વિચારીએ ત્યારે દ્રવ્યાદિક ત્રણ ભિન્ન, અભિન્ન, અવક્તવ્ય છે.

આ પ્રમાણે સપ્તભંગી દરેક સ્થળે વિચારવાથી સ્પષ્ટ બોધ થાય છે. ઉપરના સાત ભંગો સ્યાત્-પૂર્વકના છે. 'સ્યાત્' શબ્દ દરેક અપેક્ષાને સમજાવી શકે છે.

✧ ✧ ✧

## ૧૩૭. 'સાત નય' દિગંબર મત અનુસાર :

**(દ્રવ્યગુણપર્યાયનો રાસ પા.નં. ૬૯ થી ૭૪)**

(૧) **નૈગમનય :** 'નિગમ' શબ્દનો અર્થ ચાલુ પ્રચલિત વ્યવહાર થાય છે. તેને અનુસરતો જે નય તે નૈગમનય કહેવાય છે. 'નૈગમ' શબ્દનો

અર્થ બીજી રીતે પણ સમજાવાય છે. તેમાં નૈકગમ શબ્દ મુખ્ય રાખીને 'ક'નો લોપ થવાથી 'નૈગમ' શબ્દ બન્યો છે. તેનો અર્થ એવો છે કે જે નય અનેક પ્રમાણોથી વસ્તુની વિચારણા કરે છે તે નૈગમ નય કહેવાય છે. આ નય વસ્તુને સામાન્યથી વિચારે છે. વિશેષથી વિચારે છે. સામાન્ય-વિશેષથી વિચારે છે. જ્યાં જે રીતે ઠીક જણાય, બંધબેસતું આવે તે રીતે આ નય કામ લે છે.

✧ જંગલમાં માટી લેવા જતા કુંભારને પૂછવામાં આવે કે હાલમાં શું પ્રવૃત્તિ ચાલે છે ? તો કુંભાર કહેશે કે - ઘડા બનાવવાની પ્રવૃત્તિ ચાલે છે. માટી લાવવાની ક્રિયાથી લઇને ઘડો તૈયાર કરવા સુધીની સર્વ પ્રવૃત્તિ ઘડાની છે. તેમાં વિશેષને મુખ્ય રાખીને નૈગમનય વ્યવહાર ચલાવે છે અને તેને માન્ય રાખે છે.

✧ કોઇ માણસ પોતાના ગામના પાદરમાં આવે અને ધીરે ધીરે પોતાને ઘેર પહોંચે ત્યાં સુધી તેને પૂછવામાં આવે કે 'ક્યાં આવ્યા ?' તો તે પોતાના ગામનું નામ કહે. આ વિશેષમાં સામાન્યને પ્રધાન રાખીને કહેવામાં આવે છે ને તે નૈગમનય માન્ય રાખે છે. એ જ પ્રમાણે ગામની પાંચ વ્યક્તિઓ કોઇ સ્થળે ગઇ હોય ત્યારે પણ એમ કહેવામાં આવે કે, અમુક ગામ આવ્યું છે. આ પણ સામાન્યને પ્રધાન રાખીને કહેવામાં આવે છે.

✧ કોઇ એક સુંદર વસ્ત્રમાંથી ડગલો બનાવવામાં આવ્યો હોય તેને કોઇ પૂછે કે આ શું છે ? કહેનાર કહે કે, આ પદાર્થ છે, આ અચેતન વસ્તુ છે, આ પુદ્ગલ છે, આ ઔદારિક પુદ્ગલ છે, આ વનસ્પતિકાય છે, આ વસ્ત્ર છે અને છેવટે આ ડગલો છે. આ સર્વ ઉત્તરો સાચા છે. તેમાં સામાન્ય અને વિશેષ બંને ઉત્તરોત્તર ચાલ્યા આવે છે. નૈગમનય આ સર્વને માન્ય રાખે છે.

આ નૈગમનયના ત્રણ પ્રકાર છે—

(૧) ભૂતાર્થે વર્તમાનારોપકારક નૈગમ.
(૨) ભવિષ્યાર્થે (વર્ત્તમાનાર્થે) ભૂતાર્થારોપકારક નૈગમ.
(૩) ભૂત, ભવિષ્યાર્થે વર્તમાનારોપક નૈગમ.



ટૂંકાં નામ : (૧) ભૂત નૈગમ (૨) ભાવિ નૈગમ (૩) વર્તમાન નૈગમ.

**(૧) ભૂત નૈગમ :** વિશ્વમાં કેટલાક વ્યવહારો એવા ચાલે છે કે, જે પ્રસંગો બની ગયાને વર્ષો વીતી ગયાં હોય છે. છતાં તે પ્રસંગની ઉજવણી લોકો કર્યા કરે છે અને તે ઉજવણી જાણે તે પ્રસંગ ચાલુ ન બનતો હોય એ રીતે કરવામાં આવે છે. ખરેખર તે પ્રસંગ ચાલુ હોતો નથી.

✧ આસો વદિ અમાવાસ્યાના દિવસને 'દીવાળી' તરીકે ઓળખવામાં આવે છે. શ્રી મહાવીરસ્વામી ભગવાનનો એ નિર્વાણદિવસ છે. પાવાપુરીમાં સોળ પ્રહરની દેશના આપીને ચરમ જિનવર નિર્વાણ પામ્યા. ભરતક્ષેત્રમાંથી છેલ્લા એ મહાદીપકે વિદાય લીધી. જ્ઞાનક્ષેત્રમાં મહાઅંધકાર વ્યાપી ગયો. ઉપાસકોએ દીપકો પ્રગટાવ્યા અને દીવાળીની પ્રવૃત્તિ શરૂ થઇ. આજે પણ એ દિવસનું આરાધન કરતાં એ પ્રસંગ નજર સામે ખડો થાય છે. વર્તમાન દીપાવલિના દિવસને ભૂતકાળના એ વાસ્તવિક દિવસમાં આરોપિત કરવો - એ આ ભૂતનૈગમનું કાર્ય છે. વર્તમાન દિવસોમાં એ ભૂતકાળના દિવસને ખેંચી લાવવાથી ભાવનાની વૃદ્ધિ થાય છે. જાણે સાક્ષાત્ એ પ્રસંગ ચાલુ ન બનતો હોય ! એવી પ્રતીતિ ભક્તના હૃદયમાં જાગે છે.

✧ ઘોષ એટલે ગાયનો વાડો. એ ગંગાનદીને કાંઠે હોય છે. ગંગાના પ્રવાહમાં વાડો હોતો નથી. છતાં ગંગામાં ઘોષ છે એમ કહેવાય છે. એ સ્થળે ગંગાને કાંઠે ઘોષ છે એમ કહેવા પાછળ રહસ્ય છે. જેમ ગંગા પવિત્ર છે, શીતલ છે તે પ્રમાણે વાડો પણ પવિત્ર અને શીતલ છે. બીજા વાડા કરતાં આ વાડામાં વિશેષતા છે, એ વિશેષતા ગંગાને કાંઠે વાડો છે એમ કહેવાથી સમજાત નહીં. એ રીતે દીવાળીનો પ્રસંગ વીતી ગયાને હજારો વર્ષ થયાં છતાં આજે 'દીવાળી' છે, આજે ભગવાન નિર્વાણ પામ્યા છે - એમ કહેવામાં ભાવનાની વૃદ્ધિ કોઇ અપૂર્વ અને અદ્ભુત થાય છે. પણ જો એમ કહેવામાં આવે કે આજે તો કાંઇ નથી. બધા દિવસ

જેવો આજનો દિવસ છે. દીવાળી તો બે હજાર પાંચસો ત્રણ વર્ષ પહેલાં હતી, આજે શું છે ? તો ભાવના પડી જાય. એટલે 'ભૂતનૈગમ' આ વાતને માન્ય રાખે છે.

✧ અલંકાર શાસ્ત્રમાં પણ લક્ષણાવૃત્તિથી આવા પ્રયોગો સ્વીકાર્યા છે અને જ્યાં એવા પ્રયોગોની આવશ્યકતા હોય ત્યાં જો સીધેસીધી વાત કરવામાં આવે તો કહેનાર ગ્રામ્ય છે. તેનામાં વિશેષતા નથી - એવું સ્પષ્ટ લાગે છે અને તે દોષ છે એટલે જ્યાં જેવો શબ્દપ્રયોગ વ્યાજબી હોય ત્યાં તેવો જ શબ્દપ્રયોગ કરવો જોઈએ.

(૨) **ભાવિ નૈગમ :** ભવિષ્યમાં જે થવાનું છે અને વર્તમાનમાં તેની ખાતરી આપી શકાય એવું છે ત્યાં ભવિષ્યની વાત વર્તમાનમાં કરવી એ આ 'ભાવિ નૈગમ'નું કાર્ય છે. જે આત્મા કેવળજ્ઞાન પામેલ છે પણ હજુ આયુષ્ય બાકી છે, ભવસ્થ કેવળી છે તેને 'આ સિદ્ધ છે' એમ કહેવામાં આવે તો તે વ્યાજબી છે - એ પ્રમાણે આ ભાવિ નૈગમનય કહે છે. કારણ કે ભવસ્થ કેવળી એ સિદ્ધ થવાના છે એમાં કાંઇ પણ શંકા નથી. અંશતઃ સિદ્ધ છે એટલે સિદ્ધ કહેવામાં જરા પણ દોષ નથી.

✧ શાસ્ત્રમાં સિદ્ધના પંદર ભેદો કહ્યા છે તેમાં ગૃહસ્થલિંગે સિદ્ધ, અન્ય લિંગે સિદ્ધ વગેરે ભેદો છે તે ભેદોના દૃષ્ટાંત તરીકે ભરત મહારાજા, વલ્કલચીરી વગેરે કહેવામાં આવે છે. જો આ નયની વાત સ્વીકારવામાં ન આવે તો ઉપરનાં દૃષ્ટાંતો ગેરવ્યાજબી ઠરે, પણ એમ નથી. ગૃહસ્થલિંગે કેવળજ્ઞાન પામેલા ભરત મહારાજા સિદ્ધ થયા છે તેમ અન્યલિંગે કેવળજ્ઞાન વરેલા વલ્કલચીરી સિદ્ધ થયા છે એમ કહેવામાં જરા પણ ગેરવ્યાજબીપણું નથી. ભાવિ સિદ્ધ થવાના છે તેનો વર્તમાનમાં આરોપ કરવામાં આવ્યો છે અથવા વર્તમાન પ્રયોગ ભવિષ્યમાં નિશ્ચિત થયેલા ભાવને અનુલક્ષીને કરવામાં આવ્યો છે. 'ભાવિ નૈગમ' એ વાતને માન્ય રાખે છે.



(૩) **વર્તમાન નૈગમ :** આ નૈગમનય વર્તમાનમાં જે કાર્ય ચાલુ હોય છે તેને આશ્રયીને છે. જે કાર્ય ચાલુ હોય છે તેમાં કેટલોક ભાગ થયો હોય છે અને કેટલોક ભાગ થવાનો બાકી હોય છે : તે બંનેને વર્તમાનમાં ખેંચી લઈને આ નય વ્યવહાર ચલાવે છે.

✧ 'ભાત રાંધે છે' એવો જે વ્યવહાર છે તે આ નયને આશ્રયીને છે. ચૂલા ઉપર રંધાતા ભાતમાં કેટલાક દાણા સીજી ગયા છે, રંધાઈ ગયા છે, કેટલાક દાણા સીજી રહ્યા છે અને કેટલાક દાણા રંધાવાના બાકી છે. તેમાંથી જે દાણાઓ રંધાય છે તેને આશ્રયીને ભાત રંધાય છે એ બરાબર છે પણ જે દાણાઓ રંધાઇ ગયા છે અને જે રંધાવાના છે તેને આશ્રયીને રંધાય છે એમ કેમ કહેવાય ? ખરી રીતે ન કહેવાય - એમ લાગે, પણ એવો વ્યવહાર થતો નથી. કહેવું કે થોડા દાણા રંધાયા છે, થોડા રંધાય છે અને થોડા રંધાશે. પણ ભૂતક્રિયા અને ભાવિક્રિયાને વર્તમાનમાં સમાવી દઈને ભાત રંધાય છે એવો પ્રયોગ વ્યવહારમાં થાય છે તે વ્યવહારને નૈગમનય માન્ય રાખે છે.

✧ **શંકા :** ચૂલા ઉપર ચડાવેલા ચોખા થોડા રંધાયા છે છતાં 'રંધાય છે' એમ કહેવાય છે, પણ રંધાયા છે એમ નથી કહેવાતું : તેમાં આ નૈગમનય જે વર્તમાનમાં ભૂત-ભવિષ્યનો આરોપ કરે છે એ વ્યાજબી નથી પણ જે એક ક્રિયા શરૂ થઈ છે તેનું છેલ્લું ફળ ન આવે ત્યાં સુધી વર્તમાનકાળ જ છે. ભૂતકાળ તો **'चरमक्रियाध्वंसे सति भूतः ।'** જેના પછી ક્રિયા ચાલુ રહેવાની નથી એવો જે છેલ્લી ક્રિયાનો વિરામ થાય ત્યારે ગણાય છે. ચૂલા ઉપર રંધાતા ભાતમાં હજુ જ્યાં સુધી ચરમ ક્રિયાનો વિરામ નથી થયો ત્યાં સુધી ભૂત કે ભવિષ્યનો એ વિષય જ નથી એટલે વર્તમાનમાં એ બંનેનો આરોપ કરવાની કાંઈ જરૂર નથી. આ પ્રમાણે નૈયાયિકની શંકા છે.

✧ **સમાધાન :** નૈયાયિકનું કહેવું એક દૃષ્ટિએ ઉપર ઉપરથી ઠીક ગણાય પણ એ જ નૈયાયિકને કહેવામાં આવે કે રંધાતા ભાત માટે પૂછવામાં આવે કે, જુઓ તો, ભાત રંધાઇ ગયા કે નહીં ?

ત્યારે તપાસ કરનાર તપાસ કરીને કહેશે કે થોડા ચડ્યા છે અને થોડા બાકી છે. અડધા રંધાયા છે, થોડા વખતમાં રંધાઈ જશે. આ ઉત્તર અસત્ય છે એમ તો નૈયાયિકથી પણ કહી શકાશે નહીં. જો તેના કહેવા પ્રમાણે એવો આગ્રહ રાખવામાં આવે કે ચરમ ક્રિયાનો વિરામ થાય ત્યારે જ ભૂતકાળનો વિષય માનવો તો ઉત્તરમાં જે 'થોડા રંધાયા છે' એવો ભૂતકાળ જણાવ્યો છે એ કહી શકાય નહીં. કારણ કે હજુ ક્રિયાઓ ચાલુ છે. ચરમ ક્રિયા હજુ વિરામ થયેલ નથી. માટે વર્તમાનારોપ નૈગમનયને માન્ય રાખીને વ્યવહાર કરવો એ વ્યાજબી છે.

**સંગ્રહઈ નય સંગ્રહો તે, દ્વિવિધ ઓઘ વિસેસ રે,**
**દ્રવ્ય સબ અવિરોધિયાં જિમ, તથા જીવ અસેસ રે. ॥ ૧૧ ॥ બહુ.**

(૨) **સંગ્રહનય :** વિશ્વમાં અનંતા પદાર્થો છે. દરેકનું વ્યક્તિત્વ સ્વતંત્ર છે. છતાં વિશ્વમાં તે તે પદાર્થનું વ્યક્તિત્વ ગૌણ કરીને, સરખા ધર્મો આગળ કરીને એક-બીજા પદાર્થોને એકરૂપે ઓળખવામાં અને ઓળખાવવામાં આવે છે. આ કાર્ય કરનાર જે વિચારધારા છે તેનું નામ 'સંગ્રહનય' છે. '**सङ्गृह्णाति इति सङ्ग्रहः ।**' જે મેળવી લે તે સંગ્રહ કહેવાય. સંગ્રહનયના બે ભેદ છે : (૧) ઓઘ સંગ્રહ (૨) વિશેષ સંગ્રહ.

(૧) ઓઘ સંગ્રહ એટલે સામાન્ય સંગ્રહ. સામાન્ય સંગ્રહ 'સર્વ દ્રવ્યો અવિરોધી છે, એક છે, સર્વમાં સત્‌પણું સરખું છે' - એ પ્રમાણે માને છે.

(૨) વિશેષ સંગ્રહ - સર્વ જીવોમાં ચૈતન્ય એકસરખું હોવાથી સર્વ જીવો સમાન છે, અવિરોધી છે - એવું વિશેષ સંગ્રહ માને છે. સર્વ પદાર્થો એકમાં આવી જાય એ સર્વથી ઉત્કૃષ્ટ સંગ્રહ છે. બાકી થોડા થોડા પદાર્થોને એકમાં સમાવી દેતો સંગ્રહ એ અવાંતર સંગ્રહ છે. સર્વથી ઉત્કૃષ્ટ સંગ્રહ એક પ્રકારનો છે. અવાંતર સંગ્રહના ઘણા ભેદો છે.

**વ્યવહાર સંગ્રહ વિષય ભેદક, તિમજ દ્વિવિધ પ્રસિદ્ધ રે,**
**દ્રવ્ય જીવાજીવ ભાષઈ, જીવ ભવિયા સિદ્ધ રે. ॥ ૧૨ ॥ બહુ.**



(૩) **વ્યવહારનય :** સંગ્રહનયની સામી બાજુએ વિચાર કરતો નય વ્યવહારનય છે. સંગ્રહનય જુદા જુદા પદાર્થોને એકઠા કરી વિચાર કરે છે ત્યારે વ્યવહારનય દરેક પદાર્થોને છૂટા પાડીને વિચાર ચલાવે છે. આ નય કહે છે કે બધા પદાર્થોને એકઠા કરવાથી પદાર્થોનું વ્યક્તિત્વ શું છે - એ સમજાતું નથી. 'સત્ છે' એ કહેવામાત્રથી જગત એ શું છે - એનો ખ્યાલ આવી શકે નહીં એટલે સત્ દ્રવ્યના બે ભેદ છે : એક જીવસ્વરૂપ અને બીજો અજીવસ્વરૂપ. જીવના પણ બે ભેદ છે : એક સંસારી અને બીજો સિદ્ધ. સંસારી જીવના બે ભેદ છે : એક ત્રસ અને બીજો સ્થાવર. આમ દરેકના ભેદો કરી-કરીને વ્યવહારનય પદાર્થોને છૂટા કરીને સમજાવે છે. સંગ્રહનયના જેમ બે પ્રકાર છે તેમ વ્યવહારનયના પણ બે પ્રકાર છે. સામાન્યસંગ્રહને છૂટો પાડનાર વ્યવહારનય એ સામાન્યસંગ્રહભેદક વ્યવહાર કહેવાય અને વિશેષ સંગ્રહને છૂટો પાડનાર વ્યવહારનય એ વિશેષસંગ્રહભેદક વ્યવહાર કહેવાય. સંગ્રહનય પ્રમાણે વ્યવહારનય પણ સામાન્યસંગ્રહભેદક એક પ્રકારે છે અને વિશેષસંગ્રહભેદક અનેક પ્રકારે છે.

- સંગ્રહ અને વ્યવહાર એ બંનેનું કાર્યક્ષેત્ર લગભગ સરખું છે. વિવક્ષા ઉપર તે તે નયની માન્યતાઓનો મુખ્ય આધાર છે.
- બે પરમાણુ એકઠા મળીને એક દ્વયણુક થાય છે. તે દ્વયણુકે બે પરમાણુને સંગ્રહ્યા છે. તેમાંથી દરેક પરમાણુની છૂટી વિચારણા કરીને સમજાવવા એ વ્યવહારનયનું કાર્ય છે. જ્યારે બંને છૂટા પરમાણુઓને ભેળા કરીને દ્વયણુકમાં સમાવી લેવા એ સંગ્રહનયનું કાર્ય છે. બેચાર દ્વયણુકો એકઠા થઈને બનેલા સ્કન્ધમાં જુદા જુદા જે દ્વયણુકો છે તેને ઓળખાવવા એ વ્યવહારનયનું કાર્ય છે અને એ દ્વયણુકોને એક સ્કન્ધ તરીકે ઓળખાવવા એ સંગ્રહનયનું કાર્ય છે. આમ સર્વ અપેક્ષાઓ ઉત્તરોત્તર એક-બીજા નયના કાર્યક્ષેત્રમાં આવે છે. સામાન્ય-વિશેષમાં પણ વચલા સર્વ સામાન્ય-વિશેષો અપેક્ષાધીન હોય છે.

**વર્તતો ઋજુસૂત્ર ભાસઈ, અર્થ નિજ અનુકૂલ રે,**
**પર્યય કહઈ સૂષિમ, મનુષ્યાદિક થૂલ રે. ॥ ૧૩ ॥ બહુ.**

(૪) **ઋજુસૂત્રનય :** ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિચાર કર્યા વગર વર્તમાનકાળમાં વર્તતા પદાર્થોનો વિચાર કરતો નય ઋજુસૂત્રનય છે. વર્તમાનકાળના પદાર્થોનો વિચાર કરતો આ નય પોતાને અનુરૂપ જે વિચાર હોય તે કરે છે પણ પારકો વિચાર કરતો નથી.

✧ ભૂતકાળમાં કોઈ રાજા હોય કે ભવિષ્યમાં રાજા થવાનો હોય તો તેને આ નય રાજા કહેતો નથી. વર્તમાનમાં રાજા હોય તેને રાજા કહે છે. આ નયના બે ભેદ છે : (૧) સૂક્ષ્મ ઋજુસૂત્ર (૨) સ્થૂલ ઋજુસૂત્ર.

(૧) **સૂક્ષ્મ ઋજુસૂત્ર :** દરેક પર્યાયને ક્ષણિક માને છે. ક્ષણે ક્ષણે દરેક પર્યાય ફરે છે. સમય ફરે એટલે પર્યાય ફરે - એ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવાથી સ્પષ્ટ જણાય છે.

(૨) **સ્થૂલ ઋજુસૂત્ર :** લાંબા કાળ સુધી રહેતા પર્યાયને પણ માન્ય રાખે છે. મનુષ્ય, દેવ વગેરે પર્યાયો છે ને તે આ સ્થૂલ ઋજુસૂત્રને માન્ય છે.

✧ વ્યવહારનય ભૂત અને ભાવિના પર્યાયોને વર્તમાનમાં માન્ય રાખે છે. ગત ભવમાં મનુષ્ય હોય તેને પણ કેટલાક પ્રસંગે વર્તમાનમાં માનવ તરીકે વ્યવહારનય માન્ય રાખીને સંબોધે છે. ચોથી નારકીમાં યુદ્ધ કરતાં રાવણ અને લક્ષ્મણને ઋજુસૂત્રનય બે નારકીઓ યુદ્ધ કરે છે એટલું કહે છે, પણ રાવણ અને લક્ષ્મણ યુદ્ધ કરે છે એમ ન કહે. જ્યારે વ્યવહારનય એ માન્ય રાખે છે. સ્થૂલ ઋજુસૂત્રમાં અને વ્યવહારનયમાં આ મુખ્ય તફાવત છે. એટલે એ બંનેમાંથી કોઈ એકને માનવાથી બીજો નકામો થતો નથી કે એકબીજાની માન્યતા ભેળસેળ થઈ જતી નથી.

**શબ્દ પ્રકૃતિ પ્રત્યયાદિક, સિદ્ધ માનઈ શબ્દ રે,**
**સમભિરૂઢ વિભિન્ન અર્થક, કહઈ ભિન્નજ શબ્દ રે. ॥ ૧૪ ॥ બહુ.**
**ક્રિયા પરિણત અર્થ માનઈ, સર્વ એવંભૂત રે,**
**નવઈ નયના ભેદ ઈણિપરિ, અઠ્ઠાવીસ પ્રભૂત રે. ॥ ૧૫ ॥ બહુ.**
**નવઈ નય ઈમ કહિયા ઉપનય, તીન કહિઈ સાર રે,**
**સાચલો શ્રુત અરથ પરખી, લહો જસ વિસ્તાર રે. ॥ ૧૬ ॥ બહુ.**



(૫) **શબ્દનય :** આ નય વ્યાકરણ-વ્યુત્પત્તિસિદ્ધ જે શબ્દો છે, તે સર્વ શબ્દોને સ્વીકારે છે. પ્રકૃતિ-પ્રત્યયાદિથી જે શબ્દો જે જે અર્થમાં રૂઢ થયા હોય તે સર્વને માન્ય રાખવા એ શબ્દનયનું કાર્યક્ષેત્ર છે. પણ લિંગભેદ હોય કે વચનભેદ હોય તો ત્યાં સમાન અર્થ છે એમ આ નય ન માને. લિંગભેદ અને વચનભેદે અર્થભેદ માને. **તટઃ, તટી, તટમ્** - એ ત્રણે શબ્દો સમાન છે. છતાં શબ્દનય એ ત્રણેના અર્થ જુદા જુદા છે - એમ કહે છે. **આપઃ જલમ્** - બંને સમાનાર્થક શબ્દ છે. છતાં શબ્દનય કહે છે કે બંનેના અર્થમાં ફેર છે. જો સરખા-જરીપણ ફેર ન હોય તેવા - અર્થ ન હોય તો, લિંગભેદ અને વચનભેદ થયેલ છે - એ જ કારણે તેમાં અર્થભેદ છે એ નિશ્ચિત છે.

✧ પર્યાયાર્થિક ઋજુસૂત્રનયને શબ્દનય કહે છે કે, તું જ્યારે કાળભેદે વસ્તુભેદ સ્વીકારે છે તો વચનભેદે અને લિંગભેદે પણ વસ્તુભેદ સ્વીકારવો જોઈએ.

✧ ઋજુસૂત્રનયથી આગળ શબ્દનય સમભિરૂઢ નય અને એવંભૂતનય આમ શબ્દની અર્થ વિષયક વિચારણામાં ઉત્તરોત્તર સૂક્ષ્મ થતા જાય છે.

(૬) **સમભિરૂઢનય :** આ નય શબ્દભેદે પણ અર્થભેદ માને છે. ઘટ શબ્દનો અર્થ અને કુંભ શબ્દનો અર્થ જુદો છે. લોકમાં જે એક અર્થ છે તે તો શબ્દનયની વાસનાને લીધે છે, ખરેખર એમ નથી. શબ્દનયને આ નય કહે છે કે જો લિંગભેદે અને વચનભેદે અર્થ ફરે છે તો શબ્દભેદે અર્થ કેમ ન ફરે ?

(૭) **એવંભૂતનય :** આ નય તે તે શબ્દોના અર્થોની પ્રવૃત્તિ થતી હોય તો જ ત્યાં તે શબ્દનો ઉપયોગ કરવો વ્યાજબી છે નહીં તો તે શબ્દનો ઉપયોગ મિથ્યા છે - એમ કહે છે.

✧ ✧ ✧

## ૧૩૮. સાત નયમાં ઘડાનું ઘટાડવું :

**(તત્ત્વાર્થાધિગમ સૂત્ર ભા.૧લો પા.૯૮)**

'ઘડા' ઉપર સાતેય નય સામાન્ય રીતે ઘટાવી બતાવીએ છીએ.

(૧) **નૈગમનય :** 'ઘડો' શબ્દ બોલવાથી ભૂતકાળનો, ભવિષ્યકાળનો, વર્તમાનકાળનો, નામરૂપ, આકૃતિરૂપ, દ્રવ્યરૂપ, ભાવરૂપ, કોઈ

પણ ધાતુનો, માટીનો, લાકડાનો, કોઇ પણ આકારનો, જગતમાં ક્યાંય પણ હોય, કોઇ પણ કામમાં આવતો હોય, 'ઘડા' સિવાયના બીજા કોઇ પણ ઘડાના પર્યાયશબ્દથી બોલાવાતો હોય, નાનો કે મોટો હોય; ઘડો, ઘડી કે ઘરકડું એવી કોઇ પણ જાતિથી બોલાવાતો હોય, એક કે અનેક હોય, તેની ગમે તે અવસ્થા હોય એટલે કે ફૂટેલો કે ભાંગેલો હોય; સમસ્ત જગતના ત્રણેય કાળના સમગ્ર ઘડાઓ અથવા કોઇ પણ એક અમુક ઘડો હોય; તે પોતાનું કામ કરતો હોય કે ન કરતો હોય, પોતાની માલિકીનો હોય કે બીજાની માલિકીનો હોય, ઉપચરિત હોય કે અનુપચરિત હોય, દ્રવ્યરૂપ કે પર્યાયરૂપ હોય, તિરોહિત હોય કે આવિર્ભૂત હોય : માત્ર ઘડો પદાર્થ જ્યાં અને જે રીતે સંભવે તે સઘળાનો વ્યવહાર આ નય કરે છે અને તે દરેક ઠેકાણે 'ઘડા' શબ્દનો વ્યવહાર કરી શકે છે.

(૨) **સંગ્રહનય :** ઉપર જણાવ્યા મુજબના જુદા જુદા અનેક પ્રકારના ઘડાઓની વિશેષતાઓને ખાસ ધ્યાનમાં લીધા વિના માત્ર તે સર્વનો ઘડા અને તેના પર્યાયશબ્દોથી સંગ્રહ કરી લેતો હોય છે. સંગ્રહ; વ્યક્તિ તરફ ધ્યાન ન આપતા સમૂહ અને તેની એકતા તરફ મુખ્યપણે ખ્યાલ આપે છે.

(૩) **વ્યવહારનય :** ઉપર જણાવેલા ઘડાના પ્રત્યેક પ્રકારને અને તેની પ્રત્યેક વ્યક્તિને અલગ અલગ રીતે વ્યવહારના કામમાં લે છે; જેથી કરીને 'વિસ્તૃત લોકવ્યવહારમાં જુદા જુદા અને જુદા જુદા પ્રકારના ઘડાનો ઉપયોગ કેવી રીતે શક્ય બને' - તે તરફ આ નયનું લક્ષ્ય હોય છે.

✧ નૈગમનયનો સમાવેશ બીજા-ત્રીજા નયમાં થઇ શકવાની શંકા થશે. પરંતુ તે શંકા બરાબર નથી.

✧ સંગ્રહનય સર્વનો જ્યારે સંગ્રહ અને વ્યવહારનય જ્યારે દરેકનો વ્યક્તિગત વ્યવહાર નક્કી કરે છે ત્યારે નૈગમનય એ ભેદ પાડતો જ નથી. તેથી કોઇવાર તે સામાન્ય શબ્દથી વિશેષ પદાર્થનો વ્યવહાર કરે છે. વિશેષ શબ્દથી સામાન્ય પદાર્થનો પણ વ્યવહાર કરે છે. તેની સામે કોઇ પણ પ્રકારનો સામાન્ય કે વિશેષનો ભેદ ભાસતો નથી.



(૪) **ઋજુસૂત્રનય :** આ નય ઉપર જણાવેલા ઘડાનો જે કોઇ પ્રકાર વર્તમાનકાળે જે હોય તે રીતે તેને સ્વીકારે છે. નાના ઘડાને નૈગમનય તો ઘડાની જાતિની અપેક્ષાએ ઘડો પણ કહી નાંખશે. પરંતુ ઋજુસૂત્ર-નય તો ઘડી કહેશે. કારણ કે તેનું વર્તમાનસ્વરૂપ ઘડીના પ્રકારનું છે.

✧ ઉપરના ત્રણેય નયો ત્રણેય કાળની અવસ્થાઓને ધ્યાનમાં લે છે. ત્યારે ઋજુસૂત્રનય માત્ર વર્તમાન અવસ્થાને ધ્યાનમાં લે છે. એક વખતનો મિત્ર વેવાઇ થાય અને પાછળથી શત્રુ થાય તો વ્યવહારનય દરેક વખતે તેને ત્રણમાંથી ગમે તે રીતે ઓળખશે અને વ્યવહાર કરશે. પરંતુ ઋજુસૂત્રનય તો જે વખતે જે અવસ્થા હશે તેને જ મુખ્ય ગણશે. વેવાઇ વખતે મિત્ર કે શત્રુ માનશે નહીં. શત્રુ વખતે તેને વેવાઇ કે મિત્ર ખાસ કરીને માનશે નહીં.

(૫) **શબ્દનય :** 'ઘડા' શબ્દના જેટલા પર્યાયશબ્દો હશે તથા લિંગભેદ, સંખ્યાભેદ, વચનભેદ અને કારકભેદ હોવા છતાં ઘડાનું વર્તમાનકાળે જે સ્વરૂપ હશે તેને 'ઘડા' તરીકે માનશે. ભૂત-ભવિષ્યના, નામ, સ્થાપના, દ્રવ્ય, ઉપચરિત વગેરેને ઘડા માનશે નહીં. ઘડો, ઘડી, ઘડકડું, કળશ, કુંભ, કુંભી, એક, બે કે ઘણા એમ જુદી જુદી અવસ્થામાં હોય તે સર્વને ઘડા શબ્દથી બોલાવી શકે છે અને વચન, કાળ, કારક, જાતિ વગેરેના જુદા જુદાપણાની અપેક્ષાએ દરેક ઘડા જુદા જુદા માનશે. ઘડો અને ઘડા જુદા સમજશે. 'ઘડાનું' અને 'ઘડામાં' એ બંનેયનો અર્થ જુદો સમજશે.

(૬) **સમભિરૂઢનય :** આ નય ઉપરના નયે સ્વીકારેલા ઘડા શબ્દના ઘટનરૂપ વાચ્યાર્થને જ સ્વીકારશે. કુંભ-કળશના વાચ્યાર્થને જુદો માનશે. ઘડવાથી થતી ઘટનક્રિયાથી થયેલાને 'ઘડો' કહેશે. 'કલશ' પોતાનું કલન કરવા માટે તત્પર રહેવાની ક્રિયાથી થયેલાને 'કલશ' કહેશે અને પાણી વગેરેને પોતાનામાં કુંચન કરવાની - સમાવવાની ક્રિયાને લક્ષીને થયેલા પદાર્થને 'કુંભ' કહેશે.

(૭) **એવંભૂતનય :** ઉપરનો નય ઘટ, ઘટી, ઘટકડું, કલશ, કુંભ વગેરે શબ્દોના જુદા જુદા અર્થો સ્વીકારે છે. પરંતુ પોતપોતાનું કામ તે કરતા હોય કે ન યે કરતા હોય તોપણ તેઓને પોતપોતાના જુદા

જુદા નામથી બોલાવે છે ત્યારે એવંભૂતનય જ્યારે તે તે પર્યાય-શબ્દનો વાચ્યાર્થરૂપ પદાર્થ પોતાના શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણેની પ્રવૃત્તિ કરતો હોય, તે પ્રવૃત્તિમાં જ હોય ત્યારે જ તે પર્યાયશબ્દના પદાર્થને તે પદાર્થ કહે છે.

- ✧ ન્યાયાધીશ ન્યાય ચૂકવવાનું કામ કરતો હોય ત્યારે જ તેને ન્યાયાધીશ તરીકે માને છે. ન્યાય ચૂકવતી વખતે પણ જો તેનાથી અન્યાય ચૂકવાઇ જાય તો તેને ન્યાયાધીશ કહેશે નહીં.
- ✧ ઘડો પદાર્થ પોતાનું ઘડા તરીકેનું કામ બજાવતો હોય ત્યારે તેને 'ઘડો' શબ્દથી બોલાવશે. પણ જો તે; તે વખતે કલન કરતો હોય તો તેને ઘડો ન કહેતાં 'કળશ' કહેશે પણ ઘડો કહી શકશે નહીં. કેમ કે ઘટનક્રિયા તે; તે વખતે કરતો નથી હોતો. આ ઉપરથી સામાન્ય ખ્યાલ આવશે. અમે "ખાસ કરીને" કે "ખાસ" શબ્દ વાપરેલા છે તેનો ભાવ એ છે કે કોઇ પણ નય પોતાનો અભિપ્રાય મુખ્યપણે પ્રગટ કરે છે. પરંતુ તેની ગૌણતામાં ઉપચારથી બીજા દરેક નયોના અભિપ્રાયો ગર્ભિત રીતે છુપાયેલા હોય છે. જો તે તેમ ન કરે તો તે દુર્નય બની જાય છે.

નૈગમનય દેશગ્રાહી, સંગ્રહનય સામાન્યગ્રાહી, વ્યવહારનય વિશેષગ્રાહી, ઋજુસૂત્રનય વર્તમાન વસ્તુગ્રાહી, શબ્દનય વર્તમાન ભાવગ્રાહી, સમભિરૂઢનય દરેક શબ્દનો ભિન્ન અર્થ ગ્રહણ કરનાર અને એવંભૂતનય સ્વ-સ્વ-પર્યાયગ્રાહી છે. (વિશેષ નયવિચાર પા.૧૧૨ માં તથા ૧૨૯ માં છે.)

✧ ✧ ✧

## ૧૩૯. નયવિચાર :

**(વિશેષાવશ્યક ભાષ્ય ભાષાંતર ભા.૨ પા.૫૦૫ માંથી)**

સામાન્ય જ વસ્તુ છે. (વિશેષ નથી. એ સંગ્રહનયનું વચન છે.)

વિશેષો જ વસ્તુ છે. (સામાન્ય નથી એ વ્યવહારનયનું વચન છે.)

વર્તમાનકાલીન જ વસ્તુ છે. (અતીત, અનાગતકાલીન નહીં એ ઋજુસૂત્રનું વચન છે.)

ભાવમાત્ર જ વસ્તુ છે. (નામાદિ નહીં એ શબ્દનયનો મત છે.)



ઇન્દ્ર, પુરંદર આદિ દરેક શબ્દનો જુદો, જુદો જ અર્થ છે. (એક નથી એ સમભિરૂઢનું વચન છે.)

સ્વઅભિધાયક શબ્દથી જે વાચ્ય અર્થ, તે પ્રમાણે યથાર્થ ક્રિયા કરે તે જ વસ્તુ છે, બીજી નહીં. (એ વચન એવંભૂતનયનું છે.) એ પ્રમાણે સંગ્રહાદિનાં વચન જાણવાં.

એ નયોનો અંતર્ભાવ દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક એ બે નયોમાં કરવો. અથવા બાકીના નયોમાં પણ યથાસંભવ તેઓનો પરસ્પર અંતર્ભાવ કરવો. દ્રવ્યાર્થિક નયના મતે 'દ્રવ્ય જ વસ્તુ' છે. (પર્યાય નહીં) અને પર્યાયાર્થિકના મતે 'પર્યાય જ વસ્તુ છે' (દ્રવ્ય નહીં)

તથા અર્પિતનયનો મત વિશેષવાદી છે અને અનર્પિત નયનો મત સામાન્યવાદી છે. (આ બે નયોમાં પણ સંગ્રહાદિ નયોનો અંતર્ભાવ થાય છે અથવા નિશ્ચય-વ્યવહાર નયમાં પણ તેઓનો સમાવેશ થાય છે.) લોક-વ્યવહારમાં તત્પર એવો નિશ્ચયનય તો તેને પાંચવર્ણવાળો કહે છે અથવા વ્યવહારનય એક નયના મતને જ અંગીકાર કરે છે, કેમ કે તે સર્વ વસ્તુને સર્વનય સમૂહમય નથી ગ્રહણ કરી શકતો અને નિશ્ચયનય તો જે વસ્તુ જેવા સ્વરૂપે છે તેને તેવા સ્વરૂપે યથાર્થપણે ગ્રહણ કરે છે અથવા સર્વ સુખ જ્ઞાનને જ આધીન છે (ક્રિયા વડે શું ?) એમ જ્ઞાનનય કહે છે તથા ક્રિયાનય સર્વસુખ ક્રિયાને જ આધીન માને છે. આ ઉભય મતથી ગ્રહણ કરવું તે જ સમ્યક્ત્વ છે.

✧ ✧ ✧

## ૧૪૦. નયોનું સંક્ષિપ્ત સ્વરૂપ :

શાબ્દબોધમાં(શબ્દજન્ય જ્ઞાનમાં) આગમપ્રમાણથી જ્ઞાત વસ્તુના અનંત અંશોમાંથી જે એક અંશ, તેનાથી અન્ય બધા અંશોની ગૌણતાથી જ્ઞાતાનો જે અભિપ્રાય તેને નય કહેવાય છે.

સ્વ-અભિપ્રેત અંશથી ઇતર અંશના અપલાપને નયાભાસ કહેવાય છે.

નૈગમ, સંગ્રહ અને વ્યવહાર આ ત્રણ નયો દ્રવ્યાર્થિક કહેવાય છે તથા ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત આ ચાર નયો પર્યાયાર્થિક કહેવાય છે. શબ્દાદિ ત્રણ નયોને શબ્દ નય પણ કહેવાય છે.

(૧) **નૈગમનય :** (૧) બે ધર્મમાં (૨) બે ધર્મીમાં અથવા (૩) ધર્મ અને ધર્મીમાં કોઇ એકને ગૌણ કરી બીજાને મુખ્યરૂપે જણાવનારા

અભિપ્રાયને નૈગમનય કહેવાય છે. અર્થાત્ વસ્તુને જાણવાના અનેક માર્ગોને સ્વીકારનારો નૈગમનય છે.

(૧) '**पर्यायवद् द्रव्यं वस्तु ।**' અહીં પર્યાયવદ્ દ્રવ્ય અને વસ્તુ આ બે ધર્મીમાં વસ્તુને ગૌણ બનાવી પર્યાયવદ્ દ્રવ્યને વિશેષ્યરૂપે અર્થાત્ મુખ્યપણે જણાવનાર નૈગમનય છે.

(૨) '**सत् चैतन्यमात्मनि ।**' અહીં આત્મામાં રહેલાં 'ચૈતન્ય' અને 'સત્ત્વ' આ બે ધર્મોનું જ્ઞાન થાય છે. આત્માનું જ્ઞાન એ બે ધર્મોના આશ્રયરૂપે થાય છે. સત્ત્વ ધર્મનું જ્ઞાન '**सत्**' પદથી થાય છે. ચૈતન્ય ધર્મનું જ્ઞાન '**चैतन्य**' પદથી થાય છે. આત્માનું જ્ઞાન '**आत्मन्**' પદથી થાય છે. '**चैतन्य**' પદ પ્રથમાંત હોવાથી તે વિશેષ્ય છે અને બાકીનાં આત્મા અને સત્ત્વ અર્થને જણાવનારાં **सत्** અને **आत्मन्** પદ વિશેષણવાચક છે. '**सत्**' પદ સત્ત્વવિશિષ્ટ ચૈતન્યને (જ્ઞાનને) સમજાવે છે. જેમ આત્મામાં સત્ત્વ છે તેમ ચૈતન્યમાં પણ સત્ત્વ છે. ચૈતન્ય આત્માથી કથંચિદ્ અભિન્ન છે તેમ સત્ત્વ પણ આત્માથી કંથચિદ્ અભિન્ન છે. '**सत्**' પદથી જણાતો સત્ત્વધર્મ ચૈતન્યની જેમ વિશેષ્યરૂપે જણાતો નથી પરંતુ વિશેષણરૂપે જણાય છે. તેથી સ્પષ્ટ છે કે અહીં આત્માના ચૈતન્ય અને સત્ત્વ (વિદ્યમાનતા) આ બે ધર્મોમાંથી ચૈતન્યને મુખ્યરૂપે અને સત્ત્વને ગૌણરૂપે જણાવનારો નૈગમનય છે.

(૩) '**क्षणमेकं सुखी विषयासक्तो जीवः ।**' અહીં વિષયાસક્ત જીવ વિશેષ્ય છે અને '**सुखी**' આ પદથી જણાતું સુખ એ વિશેષણ છે. સુખ જીવનો ધર્મ-ગુણ છે અને જીવ પોતે ધર્મી છે. અહીં ધર્મી-જીવનું મુખ્યરૂપે જ્ઞાન થાય છે અને ધર્મ-સુખનું ગૌણરૂપે જ્ઞાન થાય છે. તેથી ધર્મ અને ધર્મીમાંથી કોઇ એકને ગૌણરૂપે જણાવનાર અહીં નૈગમનય છે.

(૨) **સંગ્રહનય :** માત્ર સામાન્યરૂપે દ્રવ્યને જણાવનાર અભિપ્રાયને સંગ્રહનય કહેવાય છે. જેમ 'ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો ભિન્ન નથી કારણ કે સર્વત્ર દ્રવ્યત્વ છે.' આ રીતે દ્રવ્યત્વરૂપથી બધાં દ્રવ્યોને સામાન્યરૂપે (અભિન્નરૂપે) જણાવનાર સંગ્રહનયનું આ દૃષ્ટાંત છે.



(૩) **વ્યવહારનય :** સંગ્રહનયથી જણાવેલ સામાન્ય વસ્તુનો નિષેધ કર્યા વિના વિશેષરૂપે ભિન્ન જણાવનાર અભિપ્રાયને વ્યવહારનય કહેવાય છે. "**यद् द्रव्यं तत् षड्विधम् ।**" આ રીતે દ્રવ્યને દ્રવ્યત્વેન રૂપથી સામાન્યતયા એક સ્વીકારીને ધર્માસ્તિકાયત્વાદિરૂપે ભિન્ન સમજાવનાર વ્યવહારનયનું આ ઉદાહરણ છે.

(૪) **ઋજુસૂત્રનય :** પદાર્થના વર્તમાન સમયના પર્યાયને જ મુખ્યરૂપે જણાવનાર અભિપ્રાયને ઋજુસૂત્રનય કહેવાય છે. જેમ 'વર્તમાનમાં સુખ છે.' અહીં આ વાક્ય માત્ર આત્મદ્રવ્યના વર્તમાન સુખરૂપ પર્યાયને જ મુખ્યરૂપે જણાવે છે, પરંતુ સુખના આધારભૂત આત્મદ્રવ્યને નહીં. તેથી આ ઋજુસૂત્રનયનું ઉદાહરણ છે.

(૫) **શબ્દનય :** કાલ, કારક, લિંગ, વચન, પુરુષ અને ઉપસર્ગ વગેરેના ભેદથી શબ્દના અર્થને ભિન્ન જણાવનાર અભિપ્રાયને શબ્દનય કહેવાય છે. જેમ '**सुमेरु र्बभूव भवति भविष्यति ।**' અહીં ભૂત, વર્તમાન અને ભવિષ્ય આ ત્રણ કાલના ભેદથી સુમેરુને ભિન્ન માનનાર શબ્દનયનું ઉદાહરણ છે.

(૬) **સમભિરૂઢનય :** શબ્દોની વ્યુત્પત્તિના ભેદથી એકાર્થના વાચક (પર્યાયવાચી) શબ્દોના અર્થને ભિન્ન માનનાર અભિપ્રાયને સમભિરૂઢનય કહેવાય છે. જેમ '**इन्दनाद् इन्द्रः, शकनात् शक्रः, पूर्दारणात् पुरन्दरः ।**' અહીં શોભે તે ઇન્દ્ર, સમર્થ હોય તે શક્ર અને શત્રુના નગરનો નાશ કરનાર તે પુરંદર : આ રીતે શબ્દોની વ્યુત્પત્તિ ભિન્ન હોવાથી ઇન્દ્ર, શક્ર અને પુરદંર શબ્દો પર્યાયવાચી હોવા છતાં તે તે શબ્દના અર્થને ભિન્નરૂપે જણાવનાર આ સમભિરૂઢનયનું ઉદાહરણ છે.

(૭) **એવંભૂતનય :** શબ્દોની પ્રવૃત્તિમાં કારણભૂત ક્રિયાવિશિષ્ટ પદાર્થને જ શબ્દાર્થ જણાવનાર અભિપ્રાયને એવંભૂતનય કહેવાય છે. '**इन्दनमनुभवन्निन्द्रः ।**' અહીં '**इन्द्र**' શબ્દની પ્રવૃત્તિમાં કારણભૂત ક્રિયા શોભવાની ક્રિયા છે. તે ક્રિયાવિશિષ્ટ પદાર્થ હોય તો જ '**इन्द्र**' શબ્દનો અર્થ ઇન્દ્ર કહેવાય પરંતુ તાદશક્રિયારહિત અવસ્થામાં તે ઇન્દ્ર ન કહેવાય - એવું જણાવનાર આ એવંભૂતનયનું ઉદાહરણ છે.

## ૧૪૧.છ પ્રકારે વ્યવહારનયથી જીવો :

(૧) અશુદ્ધ વ્યવહારનયવાળા જીવોની પાછળ રાગ, દ્વેષ અને અજ્ઞાન આ ત્રણ શત્રુભૂત થઈને અનાદિકાળથી લાગેલા છે, જેથી જીવ અશુદ્ધ થઈ રહ્યો છે. અશુદ્ધપણાની ચિકાશથી જીવોમાં સમયે સમયે અનંતાં કર્મોનાં દળિયાં લાગે છે. આ પ્રમાણે અશુદ્ધ વ્યવહારનયથી જીવોનું સત્તા સ્વરૂપ છે.

(૨) શુભ વ્યવહારનયથી જીવો દાન, શીલ, તપ, ભાવ તથા દેવ, ગુરુની સેવા, ભક્તિ, પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય તથા વિનય, વૈયાવચ્ચ, પરોપકાર, કરુણા, દયા અને સર્વે જનોને પ્રિય આચારવિચારવાળા હોય છે. આ રીતે અનેક પ્રકારના શુભ વ્યવહાર રાખવાવાળા જીવો શુભ વ્યવહારનયથી જાણવા.

(૩) અશુભ વ્યવહારનયવાળા જીવોની પરિણતિ ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય, નિદ્રા, ઈર્ષ્યા, ચાડી, મૂર્છા, મમતા, હિંસા, જૂઠ, ચોરી, મૈથુન વગેરે અનેક પ્રકારે હોય છે.

(૪) ઉપચરિત વ્યવહારનયથી જીવોની પરિણતિ એવી હોય છે કે જેથી ધન, કુટુંબ, પરિવાર, દુકાન, ઘર, હવેલી, ગામ, નગર, દેશ, વિદેશ, દાસ, દાસી, ઘોડા, હાથી, રાજઋદ્ધિ, ગાડી, વાહન, બગીચા, કૂવા, વાવડી વગેરે અનેક પ્રકારના પદાર્થો આત્માથી ભિન્ન હોવા છતાં અજ્ઞાનપણાથી પોતાના કરી માને છે. 'આ બધું મારું, હું એમનો' એવો મમત્વભાવ રાખીને આત્મા ઘણાં પ્રકારનાં પાપથી લેપાતો રહે છે.

(૫) અનુપચરિત વ્યવહારનયવાળા જીવો શરીરાદિ પરવસ્તુને પોતાના આત્મસ્વરૂપથી ભિન્ન જાણવા છતાં પારિણામિક ભાવથી એકાકાર થઈ જડ પદાર્થો સાથે ખીર-નીરની જેમ રહે છે અને તે માટે અનેક પ્રકારના હિંસાદિ પાપારંભો કરીને આત્માને પાપથી લેપે છે.

જે જીવોના પરિણામ આ ઉપરોક્ત પાંચ વ્યવહારમાં વર્તતા હોય તે જીવો પ્રથમ ગુણઠાણાવાળા મિથ્યાદૃષ્ટિ જાણવા. (આ અશુદ્ધ વ્યવહાર નયના પાંચ ઉત્તરભેદ થયા.)



(૬) શુદ્ધ વ્યવહારનયથી શુભાશુભ કર્મમેલથી અનાદિકાળથી લેપાયેલો આત્મા તે કર્મમળથી નિર્મળ થવા માટે અભ્યાસ કરનારો હોય છે. (અધ્યા. પા.૧૫૭માં)

નિશ્ચય તથા વ્યવહાર નય : પહેલા છ નયે જે કાર્ય કરે છે તે અપવાદે કારણરૂપ છે અને સાતમે એવંભૂત નયે જે કાર્ય છે તે ઉત્કૃષ્ટે - ઉત્સર્ગે નિશ્ચય કાર્યરૂપ છે. તેથી જ પહેલા છ નયને વ્યવહારમાં ગણાય છે અને સાતમો કાર્યરૂપ એવંભૂતનય તેને નિશ્ચયનયમાં ગણ્યો છે.

## ૧૪૨.કષ, છેદ, તાપથી શુદ્ધ ધર્મની પરીક્ષા :

**(ઉપાસક દશાંગ પૃષ્ટ-૯૧ અધ્યયન-૨ કામદેવાધ્યયન પૃ.૯૧ પ્રતાકાર)**

**"વિધિપ્રતિષેધો કષ ઈતિ ।"** અહિંસા, સંયમ અને તપ વગેરેનું વિધાન અને હિંસાદિનો નિષેધ તે "કષ".

**"તત્સંભવપાલનાચેષ્ટોક્તિશ્છેદ ઈતિ ।"** વિધિ અને પ્રતિષેધની ઉત્પત્તિ અને તેના આચારો પાલન કરવાની ચેષ્ટાનું પ્રતિપાદન તે "છેદ".

**"ઉભયનિબંધનભાવવાદસ્તાપ ઈતિ ।"** વિધિ અને પ્રતિષેધનું પરિણામી કારણ જીવાદિ ભાવની પ્રરૂપણા કરવી તે 'તાપ' એટલે સ્યાદ્વાદ વડે જીવાદિ ભાવોનું પ્રતિપાદન કરવું. જેમ સુવર્ણની કષ, છેદ અને તાપ વડે પરીક્ષા કરાય છે તેમ ધર્મની કષાદિ વડે પરીક્ષા કરાય છે. જે ધર્મ કષાદિ વડે નિર્દોષ છે તે શુદ્ધ ધર્મ કહી શકાય છે. (જુઓ ધર્મબિંદુ) (તત્ત્વો અને સિદ્ધાંતો એવાં બતાવ્યાં હોય કે એથી વિધિ-નિષેધ અને આચાર અનુષ્ઠાન સંગત થઈ શકે.)

**यथा चतुर्भिः कनकं परीक्ष्यते, निर्घर्षणच्छेदनतापताडनैः ।**
**तथैव धर्मो विदुषा परीक्ष्यते, श्रुतेन शीलेन तपोदयागुणैः ॥ १ ॥**

**અર્થ :** જેમ નિર્ઘર્ષણ, છેદન, તાપ અને તાડન એ ચાર પ્રકારે સુવર્ણની પરીક્ષા કરાય છે તેમ શ્રુત,શીલ, તપ અને દયા એ ચાર ગુણોથી સુજ્ઞજન ધર્મની પરીક્ષા કરે છે.

## ૧૪૩.મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, ચૌદપૂર્વીઓ કેટલા ભવ દેખે :

**(સેનપ્રશ્ન ૧૪૨ પા.૫૮ માંથી)**

✧ **પ્રશ્ન :** 'અવધિજ્ઞાની સંખ્યાતા, અસંખ્યાતા ભવને દેખે છે. એવી રીતે મનઃપર્યવજ્ઞાની પણ દેખે છે અને કેવળજ્ઞાની નક્કી અનંતભવ દેખે છે. જાતિસ્મરણજ્ઞાની તો નિયમથી સંખ્યાતા ભવને દેખે' એમ આચારાંગની ટીકામાં કહેલ છે તેવી રીતે ચૌદપૂર્વીઓ અસંખ્યાત ભવ જાણે ?

✧ **ઉત્તર :** "સંખાઈએ ભવે" આ ગાથા ગણધરોને આશ્રયીને આવશ્યક સૂત્રમાં કહી છે. આ અનુસારે બીજા પણ સંપૂર્ણ ચૌદપૂર્વીઓ અસંખ્યાત ભવ જાણે - એમ કહી શકાય છે. કેમ કે શ્રુતજ્ઞાનનું તુલ્યપણું છે.

વિવિધ પ્રશ્નોત્તર ભાગ ૧લામાં સોળમા પ્રશ્નના ઉત્તરમાં (પા.૮) જણાવે છે કે, જાતિસ્મરણજ્ઞાન પાછલા નવ ભવ સુધી દેખે છે તે મતિજ્ઞાનનો ભેદ છે - આ પ્રમાણે વિનયધરચરિત્રમાં લખેલું છે.

✧ ✧ ✧

## ૧૪૪.ચૌદ તથા અઢાર વિદ્યા :

**(દ્રવ્યલોકપ્રકાશ તૃ.સર્ગ. પા.૩૮૬)**

(૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ (૩) સામવેદ (૪) અથર્વવેદ - આ ચાર વેદ છે. તેનાં છ અંગ છે : (૧) શિક્ષા (૨) કલ્પ (૩) વ્યાકરણ (૪) છંદ (૫) જ્યોતિષ (૬) નિર્યુક્તિ - એ છ વેદનાં અંગ છે. એમ ચાર વેદ અને છ અંગ તથા (૧) મીમાંસા (૨) તર્કશાસ્ત્ર (ન્યાયશાસ્ત્ર) (૩) ધર્મશાસ્ત્ર (૪) પુરાણ - એમ ચૌદ વિદ્યા કહેવાય છે. હવે તેમાં (૧) આયુર્વેદ (૨) ધનુર્વેદ (૩) ગાંધર્વ (૪) અર્થશાસ્ત્ર ભેળવીએ તો એ ચારસહિત અઢાર વિદ્યાઓ કહેવાય છે.

✧ ✧ ✧

## ૧૪૫.મોટી ચૌદ વિદ્યાઓનાં નામ :

(૧) નભોગામિની (૨) પરશરીરપ્રવેશિની (૩) રૂપપરાવર્તની (૪) સ્તંભની (૫) મોહની (૬) સુવર્ણસિદ્ધિ (૭) રજતસિદ્ધિ (૮) રસસિદ્ધિ (૯) બંધથોભિની (૧૦) શત્રુપરાજયની (૧૧) વશીકરણી (૧૨) ભૂતાદિ-દમની (૧૩) સર્વસંપત્કરી (૧૪) શિવપદપ્રાપણી.

✧ ✧ ✧



## ૧૪૬.અસ્વાધ્યાય :

આર્દ્રાથી સ્વાતિનક્ષત્રનો સૂર્ય હોય તે સિવાયના શેષ કાળે અલ્પ વરસાદ પડે તોપણ બંધ થયા પછી ત્રણ પ્રહર સુધી અસ્વાધ્યાય ગણાય. (ધર્મસંગ્રહ ભા. ૨ માં અસ્વાધ્યાયિક પ્રકરણ અને પગામસિજ્જા એના અર્થમાં)

✧ ✧ ✧

# ભક્ષ્યાભક્ષ્ય સંબંધી

## ૧૪૭.બાવીશ અભક્ષ્યનાં નામ :

(૧) મધ (૨) માખણ (૩) મદિરા (૪) માંસ (૫) વડના ટેટા (૬) ઉંબરાના ફળ (૭) કાકોદુમ્બરી (૮) પીપળાની પીપડી (૯) પીપળાનાં ટેટાં (૧૦) બરફ (૧૧) અફીણ સોમલ (સર્વ જાતનાં ઝેર) (૧૨) કરા (૧૩) કાચી માટી (૧૪) રાત્રિભોજન (૧૫) બહુબીજવાળી વસ્તુ (૧૬) બોળ અથાણાં (૧૭) દ્વિદળ (કાચા દહીં, દૂધ સાથે કઠોળ ખાવું તે) (૧૮) રીંગણાં (૧૯) અજાણ્યાં ફળ (૨૦) તુચ્છ ફળ (ગુંદા, જાંબુ, કરમદાં, કોઠીંમડા, ખસખસ, બોર વગેરે) (૨૧) ચલિતરસ (જેનો સ્વાદ બિલકુલ બગડી ગયો હોય તેવી વસ્તુ) (૨૨) અનંતકાય (જેમાં અનંત જીવો હોય તે).

✧ ✧ ✧

## ૧૪૮.બત્રીશ અનંતકાયનાં નામ :

(૧) સૂરણ (૨) લસણ (૩) લીલી હળદર (૪) બટાટા (૫) લીલો કચૂરો (૬) શતાવરી (૭) હીરલીકંદ (૮) કુંવાર (૯) થોર (૧૦) ગળો (૧૧) સકરીયા (૧૨) વંશ કારેલા (૧૩) ગાજર (૧૪) લુણી (૧૫) લોઢી (૧૬) ગરમર (ગીરી કર્ણિકા) (૧૭) કુમળાં પાંદડાં (૧૮) ખરસૈયો (૧૯) થેકની ભાજી (૨૦) લીલી મોથ (૨૧) લુલીના ઝાડની છાલ (૨૨) ખીલોડા (૨૩) અમૃતવેલી (૨૪) મૂળાના કંદ (૨૫) ભૂમિફોડા (બિલાડીના ટોપ) (૨૬) નવા અંકુરા (૨૭) વત્થુલાની ભાજી (૨૮) સુવેર વેલ (૨૯) પાલકની ભાજી (૩૦) કૂંણી આંબલી (૩૧) રતાળું (૩૨) પીંડાળું.

✧ ✧ ✧

**૧૪૯.ચાર અભક્ષ્ય મહાવિગઈ :**

(૧) મધ (૨) માખણ (૩) માંસ (૪) મદિરા (દારૂ).

✦ ✦ ✦

**૧૫૦.છ ભક્ષ્ય વિગઈ :**

(૧) દૂધ (૨) દહીં (૩) ઘી (૪) તેલ (૫) ગોળ (૬) કડાહ (તળેલી વસ્તુ).

✦ ✦ ✦

**૧૫૧.અણાહારી વસ્તુનાં નામ :**

(૧) અગર (૨) અફીણ (૩) લીમડાનાં પાંચ અંગો (૪) ત્રિફલા (૫) કડુ (૬) કરિયાતું (૭) ગળો (૮) બુચકણ (૯) કેરડાનાં મૂળ (૧૦) ધમાસો (૧૧) બોરડીની છાલ મૂળ (૧૨) ચિત્રક મૂળ (૧૩) ખેરસાલ (૧૪) સુખડ (૧૫) મલયાગરુ (૧૬) ઝેરી ગોટલી (૧૭) અંબર (૧૮) કસ્તુરી (૧૯) રાખ (૨૦) ચૂનો (૨૧) સૂકી હળદર (૨૨) આસગંધી (૨૩) કંદરુ (૨૪) અતિવિષની કળી (૨૫) ઢીકામલી (૨૬) સર્વ જાતનાં ઝેર (૨૭) સાજીખાર (૨૮) ઉપલેટ (૨૯) ગુગ (૩૦) પુંવાડિયાનાં બી (૩૧) એળિયો (૩૨) ચૂણી ફળ (૩૩) સુરોખાર (૩૪) ટંકણખાર (૩૫) ગોમૂત્ર (૩૬) હીરાબોર (૩૭) મજીઠ (૩૮) કણયરનાં મૂળ (૩૯) કુંવારી (૪૦) થોર (૪૧) પંચમૂળ (૪૨) ખારો (૪૩) ફટકડી (૪૪) મોટી હરડે દળ (૪૫) વખમો (૪૬) તગર (૪૭) બાવળની છાલ (૪૮) બોડથોડી (૪૯) આછી (૫૦) રીંગણી (ઊભી-બેઠી).

✦ ✦ ✦

**૧૫૨.દૂધ-દહીં ક્યાં સુધી ભક્ષ્ય :**

**દૂધ :** ચાર પ્રહર સુધી ભક્ષ્ય છે. **દહીં :** પ્રભાતે મેળવેલું સોળ પ્રહર સુધી ભક્ષ્ય છે. સાંજે મેળવેલું બાર પ્રહર સુધી ભક્ષ્ય છે.

✦ ✦ ✦

**૧૫૩.શેરડીના રસનો કાળ કેટલો ?**

શેરડીના રસનો કાળ બે પ્રહરનો છે. શ્રી ચંદ્રસૂરિકૃત લઘુ પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે—

**इच्छुरसे सोवीरे जामदुगम् ।**



**ભાવાર્થ :** શેરડીનો રસ તથા કાંજીના પાણીનો કાળ બે પ્રહરનો જાણવો.

✦ ✦ ✦

**૧૫૪.ચોમાસી કાળની વિગત :**

| **નામ** | **કા.સુ.૧૫થી** | **ફા.સુ.૧૫થી** | **અષાઢ સુ. ૧૫થી** |
|---|---|---|---|
| સુખડીનો કાળ | ૧ માસ | ૨૦ દિવસ | ૧૫ દિવસ |
| કામળીનો કાળ | ૪ ઘડી | ૨ ઘડી | ૬ ઘડી |
| ઉકાળેલ પાણીનો કાળ | ૪ પ્રહર | ૫ પ્રહર | ૩ પ્રહર |

અષાઢ ચોમાસામાં આજનાં ભાંગેલાં નાળિયેર, સોપારી, બદામ વગેરે બીજે દિવસે અભક્ષ્ય થાય છે. તે જ દિવસે ભાંગેલું તે જ દિવસે ખપે.

✦ ✦ ✦

## સમ્યક્ત્વ સંબંધી

**૧૫૫.સમ્યક્ત્વનું સ્વરૂપ :**

(૧) **સુદેવ :** અઢાર દોષથી રહિત જે કોઇ હોય તે જ સુદેવ કહેવાય. તે સિવાય અન્યને દેવ તરીકે માનવા નહીં. (અઢાર દોષ પાન ૨ અને ૮ માં છે.)

(૨) **સુગુરુ :** પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજનવિરમણ : એમ છ વ્રતનું પાલન કરનાર અને વીતરાગકથિત ધર્મની જ પ્રરૂપણા કરનારા સુગુરુ કહેવાય, તે સિવાય અન્યને ગુરુ તરીકે માનવા નહીં.

(૩) **સુધર્મ :** શ્રી વીતરાગભગવંતે કહેલો અહિંસા, સંયમ અને તપ જેમાં પ્રધાન છે એને જ સુધર્મ કહેવાય. તેવા જ ધર્મને ધર્મ તરીકે સ્વીકારવો. ઉપરનાં ત્રણ તત્ત્વો ઉપર અટલ શ્રદ્ધા રાખવી તેનું જ નામ સમકિત છે.

ઉપરોક્ત સમ્યક્ત્વને દૂષિત કરનારાં દૂષણો, અતિચારો તેમ જ કારણ પડે રાખવામાં આવતા આગારો (છૂટો) અને મિથ્યાત્વના પ્રકારો નીચે દર્શાવ્યાં છે.

✦ ✦ ✦

**૧૫૬.સમ્યક્ત્વનાં પાંચ દૂષણો-અતિચારો :**

(૧) **શંકા :** જિનવચનમાં શંકા કરવી.

(૨) **કાંક્ષા :** અન્ય મતમાં જવાની અભિલાષા રાખવી.

(૩) **વિચિકિત્સા :** ધર્મના ફળનો સંદેહ કરવો અર્થાત્ હું ધર્મકરણી કરું, તેનું ફળ મને આવતા ભવમાં મળશે કે કેમ ? એવો વિચાર કરવો.

(૪) **મિથ્યાદષ્ટિપ્રશંસા :** અન્ય ધર્મીઓની પ્રશંસા કરવી.

(૫) **તત્સંસ્તવ :** અન્ય ધર્મો તથા કુલિંગીઓનો પરિચય કરવો.

વ્યાપારાદિના કારણ સિવાય ઉપરના પાંચ અતિચારો ટાળવાથી સમ્યક્ત્વ અતિ ઉજ્જવળ બને છે માટે તે અતિચારો ન લાગે તેમ વર્તવું.

✧ ✧ ✧

## ૧૫૭. સમ્યક્ત્વના છ આગારો :

કોઇ કટોકટીના પ્રસંગે ફસાઇ જવાથી કારણસર કુદેવ, કુગુરુ, કુધર્મને નમસ્કાર આદિ કરવા પડે તો સમ્યક્ત્વનો ભંગ ન થાય માટે તેના છ આગારો (જયણા-છૂટ) રાખવામાં આવ્યા છે.

(૧) **રાજાભિયોગ :** રાજા અગર નગરના માલિકની આજ્ઞાથી કરવું પડે.

(૨) **ગણાભિયોગ :** જનસમૂહના બલાત્કારથી કરવું પડે.

(૩) **બલાભિયોગ :** ચોર આદિના કહેવાથી કરવું પડે.

(૪) **દેવાભિયોગ :** દેવતા આદિના બલાત્કારથી કરવું પડે.

(૫) **ગુરુનિગ્રહ :** ગુરુ આદિ વડીલના કહેવાથી કરવું પડે.

(૬) **વૃત્તિકાંતાર :** આજીવિકાના કારણસર કરવું પડે.

✧ ✧ ✧

## ૧૫૮. સમકિતના સડસઠ બોલ :

✧ **ચાર સદ્દહણા :** (૧) પરમાર્થસંસ્તવ - જીવાદિક તત્ત્વનું જાણવું. (૨) પરમાર્થજ્ઞાતૃસેવન - પરમાર્થના જાણકાર એવા જ્ઞાની ગુરુની સેવા કરવી. (૩) વ્યાપન્નદર્શનવર્જન - હીનાચારી એવા કુગુરુનો સંગ ન કરવો. (૪) કુદર્શનવર્જન - અન્ય મિથ્યાદર્શનીનો પરિચય ત્યજવો.

✧ **ત્રણ લિંગ :** (૧) શુશ્રૂષા - ધર્મ સાંભળવાની અભિરુચિ. (૨) ધર્મરાગ - ભૂખ્યો અને અટવી ફરીને બહાર આવેલ બ્રાહ્મણને સારા ઘેબર મળતાં લેવાની જેવી ઇચ્છા થાય તેવી ધર્મ મેળવવાની ઇચ્છા. (૩) વૈયાવચ્ચ - દેવગુરુની ભક્તિ-બહુમાનાદિ કરવું.

✧ **દશ પ્રકારનો વિનય :** (૧) અરિહંતદેવનો (૨) સિદ્ધભગવાનનો (૩) જિન-ચૈત્યનો (૪) શ્રુત-સિદ્ધાંતનો (૫) યતિધર્મનો (૬) સાધુ



મહારાજનો (૭) આચાર્યભગવંતનો (૮) ઉપાધ્યાયભગવંતનો (૯) પ્રવચન - સંઘનો (૧૦) સમ્યગ્દર્શન - સમકિતનો.

✧ **ત્રણ શુદ્ધિ :** (૧) મનશુદ્ધિ (૨) વચનશુદ્ધિ (૩) કાયશુદ્ધિ.

✧ **પાંચ દૂષણ :** (૧) શંકા - જિનવચનમાં શંકા કરવી. (૨) કાંક્ષા - પરમતની વાંછા કરવી. (૩) વિચિકિત્સા ધર્મના ફળનો સંદેહ ધરવો. (૪) મિથ્યાત્વીની પ્રશંસા કરવી. (૫) મિથ્યામતિનો પરિચય કરવો.

✧ **આઠ પ્રભાવક :** (૧) શાસ્ત્રના પારગામી (૨) અપૂર્વ ધર્મોપદેશક (૩) પરવાદીને નિરુત્તર કરનાર (૪) નૈમિત્તિક (૫) તપસ્વી (૬) મંત્ર અને વિદ્યામાં પ્રવીણ (૭) સિદ્ધિસંપન્ન (૮) શ્રેષ્ઠ કવિતા કરનાર.

✧ **પાંચ ભૂષણ :** (૧) જિનશાસનમાં કુશળતા (૨) જિનશાસનની પ્રભાવના (૩) તીર્થસેવા (૪) ધર્મમાં નિશ્ચળતા (૫) શુદ્ધ દેવગુરુની ભક્તિ.

✧ **પાંચ લક્ષણ :** (૧) ઉપશમ (૨) સંવેગ (૩) નિર્વેદ (૪) અનુકંપા (૫) આસ્તિક્ય.

✧ **છ યતના :** (૧) પરતીર્થિકાદિને વંદન-હાથ જોડવા. (૨) પરતીર્થિને માથું નમાવવું. (૩) કુપાત્રમાં પાત્રની બુદ્ધિએ ભક્તિપૂર્વક દાન દેવું તે. (૪) અનુપ્રદાન-વારંવાર દાન આપવું. (૫) આલાપન. (૬) સંલાપન - આ છ પ્રકારે જયણા પાળવાથી, પરતીર્થિને વંદનાદિ નહીં કરવાથી સમકિત શોભે છે.

✧ **છ આગાર :** (૧) રાજાભિયોગ (૨) ગણાભિયોગ (૩) બલાભિયોગ (૪) દેવાભિયોગ (૫) કાંતારવૃત્તિ - આજીવિકાની અણધારી મોટી આપત્તિ (૬) ગુરુનિગ્રહ - વડીલના કારણે પ્રતિજ્ઞાવિરુદ્ધ કરવું પડે.

✧ **છ ભાવના :** (૧) સમકિતને ધર્મવૃક્ષનું મૂળ. (૨) ધર્મનગરનું દ્વાર. (૩) ધર્મમંદિરનો પાયો. (૪) ધર્મનો આધાર. (૫) ધર્મનું ભાજન. (૬) ધર્મનો નિધિ માને.

✧ **છ સ્થાન :** (૧) જીવ છે. (૨) જીવ નિત્ય છે. (૩) જીવ કર્મનો કર્તા છે. (૪) જીવ કર્મનો ભોક્તા છે. (૫) જીવનો મોક્ષ છે. (૬) મોક્ષનો ઉપાય પણ છે.

✧ ✧ ✧

**૧૫૯.સમકિતના ત્રણ પ્રકાર :**

(૧) **રોચક સમકિત :** સિદ્ધાંતને વિષે કહેલાં તત્ત્વો ઉપર હેતુ તથા ઉદાહરણ વિના જે દઢ આસ્થા થાય તે રોચક સમકિત છે. તે ઉપર કૃષ્ણનું દષ્ટાંત - કોઈનો દીક્ષામહોત્સવ વગેરે.

(૨) **કારક સમકિત :** જે પ્રમાણે સિદ્ધાંતથી સાંભળ્યું હોય તે પ્રમાણે ગુરુનું વાક્ય અંગીકાર કરવું તે કારક સમકિત કહેવાય. તેના ઉપર કાકજંઘ અને કોકસની કથા.

(૩) **દીપક સમકિત :** મિથ્યાદષ્ટિ કે અભવ્ય પોતે ધર્મકથાદિક કરી બીજાને બોધ પમાડે તે મિથ્યાદષ્ટિને દીપક સમકિત કહેવાય. રૂદ્રાચાર્યનું (અંગારમર્દક) દષ્ટાંત. (ઉપદેશ ભાષાંતર ભાગ-૧ માંથી લીધા છે)

✦ ✦ ✦

**૧૬૦.સમ્યક્ત્વ તથા શ્રેણી કેટલીવાર પામે ? :**

**(શ્રી આત્મબોધસંગ્રહ પા.૨૧૩)**

મોક્ષ ન પામે ત્યાં સુધી સંસારમાં ભમતાં જીવ સાસ્વાદન તથા ઉપશમિક સમ્યક્ત્વ ઉત્કૃષ્ટથી પાંચ વાર પામે. તેમાં એક તો પ્રથમસમ્યક્ત્વ-લાભ કાળે અંતરકરણગત ઉપશમિક હોય અને ઉપશમશ્રેણી ચાર વખત પામે. તે વખતે ઉપશમિક સમ્યક્ત્વ હોય : એમ પાંચ વાર ઉપશમિક સમ્યક્ત્વ પામે.

વેદક સમ્યક્ત્વ અને ક્ષાયિક સમકિત એ બે એક જ વાર પામે. ક્ષયોપશમ સમકિત મોક્ષાવધિ સંસાર ભમતાં અસંખ્યાતીવાર પામે.

જે પ્રાણી તદ્ભવમોક્ષગામી હોય તે એક જ વાર ઉપશમશ્રેણી માંડે. ઉપશમથી ઊતરી ક્ષપકશ્રેણીએ ચઢે અને જે તદ્ભવમોક્ષગામી ન હોય તે એક ભવમાં બે વાર પણ કોઈક જીવ શ્રેણી કરે પણ તે જ ભવે સિદ્ધિ વરે નહીં.

આ સંસારમાં રહેતો થકો જીવ મોક્ષ ન પામે ત્યાં સુધી ચાર વખત ઉપશમશ્રેણી કરે તે વળી એક ભવમાં બે વાર કરે અને ક્ષપકશ્રેણી તો આખા સંસારમાં એક જ વાર કરે. (પા.૨૦૭-૨૦૮માં)

✦ ✦ ✦

**૧૬૧.ઉજાગર દશા :**

ચાર દશાઓ (અવસ્થા) છે. તેમાં દર્શનાવરણી કર્મથી જે અજ્ઞાનતારૂપ ઊંઘ આવે છે તે ઊંઘવાળી સ્થિતિ તે નિદ્રા દશા. (૧) ઊંઘ આવી હોય તે



વખતે કંઠમાં રહેલી અલંબુશા નાડીમાં, બહાર અનુભવેલા પદાર્થો જોવામાં અને અનુભવવામાં આવે છે. આ ઊંઘના અંતર્ગતની જે દશા તે બીજી સ્વપ્નદશા કહે છે. આ બંને દશા અજ્ઞાનરૂપ છે. ત્યાર પછીની ત્રીજી જાગર દશા કહે છે. જેમાં આત્મામાં પોતાનું જ્ઞાન હોય છે. તેરમે ગુણસ્થાનકે આ દશા સંપૂર્ણ પ્રાપ્ત થાય છે. ત્યાર પછી ચૌદમા ગુણસ્થાનકના અંતથી સિદ્ધપણામાં હંમેશાં ઉજાગર દશા હોય છે. આ દશામાં આત્મામાં અખંડ ચૈતન્યપણું અને સંપૂર્ણ જ્ઞાયકપણું હોય છે. આ તુર્યાવસ્થા=સમાધિ નામની ચોથી દશા છે. ઉજાગરતા=વિશેષ જાગૃતદશા - સમાધિ નામની ચોથી દશા. (વધુ માટે આનંદઘનજીના ૧૯માં સ્તવનની ૩જી ગાથાના અર્થમાં)

✦ ✦ ✦

**૧૬૨.ઉજાગર દશા :**

**न सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ ।**
**कल्पनाशिल्पविश्रान्तेस्तुर्या च अनुभवदशा ॥**

દશા ચાર હોય છે. પહેલી સુષુપ્તિ(અતિશયન)દશા એ મિથ્યાત્વીઓને હોય છે, બીજી સ્વપ્નદશા સમ્યગ્દષ્ટિ જીવને હોય છે, ત્રીજી જાગૃતદશા અપ્રમત્ત મુનિઓને હોય છે અને ચોથી ઉજાગરદશા ઉત્તરોત્તર (આઠમા ગુણઠાણાથી) સયોગી કેવળી પર્યંત હોય છે. આત્માનુભવ અવસ્થામાં યોગીઓને મોહ નાશ થવાથી ચોથી દશા છે. કારણ કે અનુભવી મોહથી વર્જિત છે. તેથી તેને પ્રથમ અતીવ નિદ્રાવાળી સુષુપ્તિ દશા ન હોય. તેવી જ રીતે સ્વપ્ન તથા જાગરદશા કલ્પનાયુક્ત (સંકલ્પ-વિકલ્પવાળી) હોય છે જ્યારે અનુભવમાં કલ્પનાનો અભાવ હોય છે. તેથી માત્ર તેને ચોથી ઉજાગર દશા હોય છે.

✦ ✦ ✦

## શલાકાપુરુષ સંબંધી

**૧૬૩.ત્રેસઠ શલાકા પુરુષ :**

ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ બળદેવ.

✦ ✦ ✦

## ૧૬૪.ચોવીશ તીર્થંકરો :

(૧) ઋષભદેવ (૨) અજિતનાથ (૩) સંભવનાથ (૪) અભિનંદન સ્વામી (૫) સુમતિનાથ (૬) પદ્મપ્રભસ્વામી (૭) સુપાર્શ્વનાથ (૮) ચંદ્રપ્રભસ્વામી (૯) સુવિધિનાથ (૧૦) શીતલનાથ (૧૧) શ્રેયાંસનાથ (૧૨) વાસુપૂજ્યસ્વામી (૧૩) વિમલનાથ (૧૪) અનંતનાથ (૧૫) ધર્મનાથ (૧૬) શાંતિનાથ (૧૭) કુંથુનાથ (૧૮) અરનાથ (૧૯) મલ્લિનાથ (૨૦) મુનિસુવ્રત સ્વામી (૨૧) નમિનાથ (૨૨) નેમનાથ (૨૩) પાર્શ્વનાથ (૨૪) મહાવીર સ્વામી.

❖ ❖ ❖

## ૧૬૫.બાર ચક્રવર્તીઓ :

| | નામ | કોના તીર્થમાં | ક્યાં ગયા |
|---|---|---|---|
| (૧) | ભરત ચક્રવર્તી | ઋષભસ્વામી વિચરતા | મોક્ષમાં |
| (૨) | શ્રી સગર ચક્રવર્તી | અજિતનાથસ્વામી વિચરતા | મોક્ષમાં |
| (૩) | શ્રી મઘવા ચક્રવર્તી | ધર્મનાથસ્વામી તથા | ત્રીજા દેવલોકમાં |
| (૪) | શ્રી સનત્કુમાર | શાંતિનાથસ્વામી આંતરામાં બંને થયા | ત્રીજા દેવલોકમાં |
| (૫) | શ્રી શાંતિનાથસ્વામી | શાંતિનાથસ્વામીના | મોક્ષમાં |
| (૬) | શ્રી કુંથુનાથસ્વામી | કુંથુનાથસ્વામીના | મોક્ષમાં |
| (૭) | શ્રી અરનાથસ્વામી | અરનાથસ્વામીના | મોક્ષમાં |
| (૮) | શ્રી સુભુમ ચક્રવર્તી | અરનાથ તથા મલ્લિનાથ સ્વામીના આંતરામાં થયા | સાતમી નરકમાં |
| (૯) | શ્રી મહાપદ્મસ્વામી ચક્રવર્તી | મુનિસુવ્રતસ્વામી તથા નમિનાથસ્વામીના આંતરામાં થયા | મોક્ષમાં |
| (૧૦) | શ્રી હરિષેણ ચક્રવર્તી | નમિનાથ તથા નેમિનાથ આંતરામાં | મોક્ષમાં |
| (૧૧) | શ્રી જયસેન ચક્રવર્તી | નમિનાથ તથા નેમિનાથ આંતરામાં | મોક્ષમાં |
| (૧૨) | શ્રી બ્રહ્મદત્ત ચક્રવર્તી | નેમનાથ તથા પાર્શ્વનાથ આંતરામાં | સાતમી નરકમાં |

❖ ❖ ❖



## ૧૬૬.નવ વાસુદેવ :

| | નામ | કોના તીર્થમાં | ક્યાં ગયા |
|---|---|---|---|
| (૧) | ત્રિપૃષ્ઠ વાસુદેવ | શ્રેયાંસનાથસ્વામીના સમયમાં વિચરતા | સાતમી નરકમાં |
| (૨) | દ્વિપૃષ્ઠ વાસુદેવ | વાસુપૂજ્યસ્વામીના સમયમાં વિચરતા | છઠ્ઠી નરકમાં |
| (૩) | સ્વયંભૂ વાસુદેવ | વિમલનાથસ્વામીના સમયમાં વિચરતા | છઠ્ઠી નરકમાં |
| (૪) | પુરુષોત્તમ વાસુદેવ | અનંતનાથસ્વામીના સમયમાં વિચરતા | છઠ્ઠી નરકમાં |
| (૫) | પુરુષસિંહ વાસુદેવ | ધર્મનાથસ્વામીના સમયમાં વિચરતા | છઠ્ઠી નરકમાં |
| (૬) | પુરુષપુંડરિક વાસુદેવ | અરનાથ તથા મલ્લિનાથના આંતરામાં | છઠ્ઠી નરકમાં |
| (૭) | શ્રી દત્ત વાસુદેવ | અરનાથ તથા મલ્લિનાથના આંતરામાં | પાંચમી નરકમાં |
| (૮) | શ્રી લક્ષ્મણ વાસુદેવ | મુનિસુવ્રતસ્વામી તથા નમિનાથના આંતરામાં | ચોથી નરકમાં |
| (૯) | શ્રી કૃષ્ણ વાસુદેવ | નેમનાથસ્વામીના સમયમાં વિચરતા | ત્રીજી નરકમાં |

❖ ❖ ❖

## ૧૬૭.નવ બળદેવ :

| | નામ | કોના તીર્થમાં | ક્યાં ગયા |
|---|---|---|---|
| (૧) | શ્રી બલ | બધાનો સમય | મોક્ષમાં |
| (૨) | શ્રી વિજય | વાસુદેવ મુજબ | મોક્ષમાં |
| (૩) | શ્રી ભદ્ર | સમજવો. | મોક્ષમાં |
| (૪) | શ્રી સુપ્રભ | બળદેવ વાસુદેવના મોટા ભાઈ હોય છે. | મોક્ષમાં |

| | | |
|---|---|---|
| (૫) શ્રી સુદર્શન | | મોક્ષમાં |
| (૬) શ્રી આનંદ | | મોક્ષમાં |
| (૭) શ્રી નંદન | | મોક્ષમાં |
| (૮) શ્રી પદ્મ (રામચંદ્ર) | | મોક્ષમાં |
| (૯) શ્રી રામ (બળભદ્ર) | | પાંચમા દેવલોકમાં |

## ૧૬૮.નવ પ્રતિવાસુદેવ :

| નામ | કોના તીર્થમાં | ક્યાં ગયા |
|---|---|---|
| (૧) શ્રી અશ્વગ્રીવ | આ બધાનો સમય | નરક ગતિમાં |
| (૨) શ્રી તારક | વાસુદેવના સમય | નરક ગતિમાં |
| (૩) શ્રી મેરક | મુજબ સમજવો. | નરક ગતિમાં |
| (૪) શ્રી મધુકૈટભ | | નરક ગતિમાં |
| (૫) શ્રી નિશુંભ | આ બધા વાસુદેવોના | નરક ગતિમાં |
| (૬) શ્રી બલી | શત્રુઓ હોય છે. | નરક ગતિમાં |
| (૭) શ્રી પ્રહ્લાદ | | નરક ગતિમાં |
| (૮) શ્રી રાવણ | | નરક ગતિમાં |
| (૯) શ્રી જરાસંઘ | | નરક ગતિમાં |

ઉપર મુજબ ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૯ પ્રતિવાસુદેવ મળી ૬૩ શલાકાપુરુષ થયા. તેમના પિતા ૫૨, માતા ૬૧, શરીર ૬૦, જીવ ૫૯ છે. તે આ રીતે : શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ એ ત્રણ તીર્થંકરો તે જ શરીરે ચક્રવર્તીપણું પામ્યા હોવાથી ત્રણ શરીર ઓછાં થવાથી શરીરો ૬૦ અને ચોવીશમા શ્રી મહાવીરસ્વામીનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવ હોવાથી જીવો ૫૯ થાય છે. ત્રણ તીર્થંકરો જ ચક્રવર્તી થવાથી તેમની ત્રણ માતાઓની સંખ્યા ઓછી થતાં માતાઓ ૬૦ થઈ પરંતુ ચોવીશમા તીર્થંકરની એક માતા દેવાનંદા વધુ હોવાથી સંખ્યા ૬૧ થઈ. હવે વાસુદેવ તથા બળદેવની માતા જુદી છતાં પિતા તો એક જ હોવાથી ૬૦માંથી ૯ ઓછા થાય. પરંતુ ચોવીશમા ભગવાનને તો ઋષભદત્ત પણ બીજા પિતા હોવાથી પિતાની સંખ્યા બાવન થાય છે.



## ૧૬૯.ચાર અને ત્રીશ ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ :

મહાવિદેહમાં ઉત્કૃષ્ટથી અઠ્યાવીસ વિજયમાં અઠ્યાવીસ ચક્રવર્તી અથવા અઠ્યાવીસ વાસુદેવ અને અઠ્યાવીસ બળદેવ હોય અને તે જ વખતે જંબુદ્વીપમાં ઉત્કૃષ્ટ કાળે ત્રીસ ચક્રવર્તી આદિ હોય. અન્યથા જઘન્યથી ચાર હોય તો તે મહાવિદેહમાં જ હોય. વળી મહાવિદેહમાં જ્યારે અઠ્યાવીસ વિજયોમાં અઠ્યાવીસ ચક્રવર્તી હોય ત્યારે બાકીની શેષ ચાર વિજયોમાં ચાર વાસુદેવ અને ચાર બળદેવ હોય પરંતુ એક વિજયમાં ચક્રવર્તી અને વાસુદેવ ન હોઈ શકે - એ નિયમથી સર્વત્ર ગણતરી કરવી. (દંડક પ્રકરણમાંથી)

## ૧૭૦.ચક્રવર્તીનાં ચારસો વીશ રત્નો :

દરેક ચક્રવર્તીને ચક્ર, દંડ, ચર્મ, ખડ્ગ, મણિ, કાકીણી અને છત્ર : એ સાત રત્ન એકેન્દ્રિય તથા સેનાપતિ, ગાથાપતિ, વાર્ધકી, પુરોહિત, અશ્વ, હસ્તિ અને સ્ત્રી : એ સાત રત્ન પંચેન્દ્રિય મળી ચૌદ રત્નો હોય છે. ઉત્કૃષ્ટકાળે ત્રીસ ચક્રવર્તી હોવાથી જંબુદ્વીપમાં બસો દસ એકેન્દ્રિય અને બસો દસ પંચેન્દ્રિય રત્ન મળી ચોરસો વીસ રત્નો ચક્રવર્તીનાં હોય છે.

## ૧૭૧.તેર અઠ્ઠમ ચક્રવર્તીના :

**(કાલલોકપ્રકાશ સર્ગ-૩૧, ગા.૯૧-૯૩, પા.૩૫૭)**

દિગ્વિજયમાં માગધ, વરદામ અને પ્રભાસ : એ ત્રણ તીર્થ, ગંગા અને સિંધુ દેવી, વૈતાઢ્ય કુમાર દેવ, બે ગુફાના સ્વામી કૃતમાલ અને નકૃતમલ દેવ, હિમવદ્ગિરિ દેવ, વિદ્યાધર રાજાઓ, નવ નિધાનો, રાજધાનીપ્રવેશ અને અભિષેક - આ તેર પ્રસંગે ચક્રી અઠ્ઠમ કરે અને તેમાંના ત્રણ તીર્થ તથા હિમવંતપર્વત : એમ ચાર ઠેકાણે બાણ મૂકે. (સેનપ્રશ્ન પા.૧૬૬માં ૧૧ (X બે ઓછા) જણાવ્યા છે તે જંબુદ્વીપપ્રજ્ઞપ્તિના આધારે.)

## ૧૭૨.અક્ષૌહિણી સેનામાં સંખ્યા :

૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ ઘોડા અને ૧૦૯૩૫૦ સૈનિકો હોય છે. (જયાનંદ કેવળીચરિત્રભાષાંતરમાંથી પા. ૩૬૭)

## ૧૭૩. એક અક્ષૌહિણી :

**(ધર્મ કલ્પદ્રુમ ૪થા પલ્લવમાં ભા.પા.૧૬૬)**

દશ હજાર હાથી, તેથી દશ ગુણા રથ, તેથી દશ ગુણા અશ્વ, તેથી દશ ગુણા પદાતિ વડે એક અક્ષૌહિણી અથવા અગિયાર હજાર હાથી, એકવીસ હજાર રથ, નવ લાખ યાદવ, દસ લાખ અશ્વ અને છત્રીસ લાખ ઉદાર સેવકો વડે એક અક્ષૌહિણી કહેવાય.

## મિથ્યાત્વાદિ આત્મદોષો

## ૧૭૪. મિથ્યાત્વના પંદર પ્રકાર :

(૧) **અભિગ્રહિક :** પોતે ગ્રહણ કરેલા કુધર્મને છોડે જ નહીં.

(૨) **અનભિગ્રહિક :** સર્વ ધર્મને એકસરખા માનવા.

(૩) **અભિનિવેશ :** ખોટું છે એવું જાણવા છતાં માનપાનાદિની લાલસાના કારણે છોડે નહીં.

(૪) **સાંશયિક :** સર્વજ્ઞના વચનમાં શંકા રાખે અર્થાત્ સર્વજ્ઞભગવંતે આમ કહ્યું તે સાચું હશે કે કેમ - એવું વિચારે.

(૫) **અનાભોગિક :** મુખ્યપણે અસંજ્ઞી જીવોને અનુપયોગપણે વર્તે છે તે. (આ પાંચ પ્રકાર થયા. બીજા દસ નીચે પ્રમાણે.)

(૧) ધર્મને અધર્મ કહેવો. (૨) અધર્મને ધર્મ કહેવો. (૩) માર્ગને ઉન્માર્ગ કહેવો. (૪) ઉન્માર્ગને માર્ગ કહેવો. (૫) સાધુને અસાધુ કહેવો. (૬) અસાધુને સાધુ કહેવો. (૭) જીવને અજીવ કહેવો. (૮) અજીવને જીવ કહેવો. (૯) મૂર્તને અમૂર્ત કહેવો. (૧૦) અમૂર્તને મૂર્ત કહેવો.

## ૧૭૫. મિથ્યાત્વના છ પ્રકાર :

(૧) **લૌકિક દેવગત :** રાગી, દ્વેષી, કુદેવને સુદેવ તરીકે માનવા.

(૨) **લૌકિક ગુરુગત :** અનેક આરંભ-સમારંભમાં રક્ત અને સંસારના સંગીઓને ગુરુ તરીકે માને તે.



(૩) **લૌકિક ધર્મગત :** લૌકિક પર્વો જેવાં કે હોળી, બળેવ, નોરતાં આદિને લોકોત્તર પર્વની બુદ્ધિએ માને તે.

(૪) **લોકોત્તર દેવગત :** વીતરાગદેવને આ લોક અને પરલોકના પૌદ્‌ગલિક સુખના ઇરાદાથી માને-પૂજે તે.

(૫) **લોકોત્તર ગુરુગત :** કંચન કામિનીના ત્યાગી ગુરુઓને ઉભય લોકના સુખના ઇરાદાથી માને, આહારપાણી આપે.

(૬) **લોકોત્તર ધર્મગત :** સર્વજ્ઞ ભગવંતે કહેલા દાન, શીલ, તપ અને ભાવનારૂપ ધર્મને ઉભયલોકના પૌદ્‌ગલિક સુખ મેળવવા માટે આરાધે.

**ગાઢ મિથ્યાત્વ :** આભિગ્રહિક અને આભિનિવેશિક : એ બે મિથ્યા-વિપરીત આગ્રહરૂપ હોઇ અનેક ભવોની દુઃખની પરંપરાના મૂળભૂત હોવાથી આકરાં (ગાઢ) છે. બાકીનાં ત્રણ તેવાં આકરાં નથી. કારણ કે તે પોતાની કે ઉપદેશક ગુરુની અજ્ઞાનતાને યોગે થતાં હોવાથી સત્ય સમજાવનારનો યોગ મળતાં ટળી જાય તેવાં છે અને તેમાં મિથ્યા-દુરાગ્રહનો અભાવ હોવાથી તેનાથી ક્રૂર કર્મોની પરંપરા પણ ચાલતી નથી. અસદ્ દુરાગ્રહથી અનર્થકારક પ્રવૃત્તિઓ થાય છે. (ધર્મસંગ્રહ પા. ૧૧૨)

## ૧૭૬. મિથ્યાત્વના ચાર પ્રકાર :

(૧) **પ્રરૂપણા :** જિનભાષિત અર્થથી અવળી પ્રરૂપણા કરે.

(૨) **પ્રવર્તન :** લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વની કરણી કરે.

(૩) **પરિણામ :** મનમાં જૂઠો હઠવાદ રાખે અને કેવળીભાષિત નવતત્ત્વના યથાર્થ અર્થની શ્રદ્ધા ન કરે.

(૪) **પ્રદેશ :** આત્માની સાથે સત્તામાં રહેલી મોહનીયકર્મની સાત પ્રકૃતિ.

## ૧૭૭. મિથ્યાત્વના સાત પ્રકારો :

**(ઉપદેશપદ ગા.૨૮ની ટીકામાં ભા.પા.૫૪)**

(૧) એકાંતિક (૨) સાંશયિક (૩) વૈનયિક (૪) પૂર્વવ્યુદ્ગ્રાહ (૫) વિપરીત રુચિ (૬) નિસર્ગ (૭) મૂઢદષ્ટિ.

## ૧૭૮. દિગંબરમત તથા સ્થાનકવાસીમતનો ઉત્પત્તિકાળ :

વીરનિર્વાણથી ૬૦૯ વર્ષે દિગંબરમત નીકળ્યો. તેઓ આ પિસ્તાલીશ આગમને માનતા નથી. વિક્રમ સંવત ૧૩૯માં શિવભૂતિ(સહસ્રમલ્લ)થી દિગંબરમતની ઉત્પત્તિ થઈ. (ઉપદેશ પ્રાસાદ વ્યાખ્યાન-૨૩૯)

વીરનિર્વાણથી ૯૯૩ વર્ષે શ્રી કાલિકસૂરિએ ભા.સુ.૪ ની સંવચ્છરી કરી. એક હજાર વર્ષે પૂર્વનું સર્વશ્રુત વિચ્છેદ થયું. વીરનિર્વાણથી ૯૮૦ વર્ષે આગમ પુસ્તકારૂઢ થયાં. (વિ.સં. ૫૧૦)

વીરનિર્વાણથી ૧૯૯૦ વર્ષે વિ.સં. ૧૫૩૦ની આસપાસ સ્થાનકવાસી પંથ નીકળ્યો. તેઓ બત્રીસ આગમોને માને છે. તેઓ જે આગમો માનતા નથી તે નીચે મુજબ. 'છ' છેદસૂત્રમાંથી (૧) જીતકલ્પ (૨) મહાનિશીથ આ બે. ચાર મૂલગ્રંથમાંથી ૧ ઓઘનિર્યુક્તિ અને ૧૦ પ્રકીર્ણગ્રંથ મળી તેર આગમ માનતાં નથી. તેરાપંથી અગિયાર આગમ માને છે.

## ૧૭૯. કયા જીવોમાં કયા પ્રકારનું મિથ્યાત્વ સંભવે તે :

- જાતિભવ્ય જીવોને માટે અનાભોગ નામનું એક પ્રકારનું જ મિથ્યાત્વ સંભવિત છે.
- ચરમાવર્તને નહીં પામેલા ભવ્યો કે જેઓ દુર્ભવ્યો તરીકે ઓળખાય છે, તેઓને તથા અભવ્ય જીવોને માટે અનાભોગિક અને આભિગ્રહિક એમ બે પ્રકારનાં મિથ્યાત્વ સંભવિત છે.
- ચરમપુદ્ગલપરાવર્તના પહેલા અર્ધભાગથી કાંઈક વિશેષ કાળ સુધી (ગ્રંથિભેદ પૂર્વે) ભવ્ય જીવોને આભિનિવેશિક સિવાયનાં ચાર પ્રકારનાં અને તે પછીના કાળમાં ભવ્ય જીવોને પાંચેય સંભવે છે.
- આભિનિવેશિક મિથ્યાત્વનો ઉદય તો સમ્યગ્દર્શનના વમન પછીથી જ સંભવે છે. (સમ્યગ્દર્શન પા.૧૬ માંથી)



જે જીવો સમ્યગ્દર્શનને પામ્યા પછીથી કોઈ અર્થવિશેષની બાબતમાં જાણવા છતાં પણ ભગવાને ફરમાવેલા અર્થથી ઊલટા અર્થના આગ્રહી બની જાય છે, તેઓના મિથ્યાત્વને જ આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે. નિહ્નવોને આ આભિનિવેશિક મિથ્યાત્વ આવે છે. (પા.૧૯)

જૈન કહેવાતો પણ જો પોતાના કુલાચારના આગ્રહથી આગમ-પરીક્ષાને બાધિત કરે તો તે પણ આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ છે.

## ૧૮૦. નવ નિહ્નવો

**(ઉપદેશ પ્રાસાદ વ્યાખ્યાન-૧૯ માંથી)**

**❖ શ્રી મહાવીરસ્વામીના કેવળજ્ઞાન પછી :**

(૧) ચૌદ વર્ષે જમાલી થયો. કરાતું કાર્ય કરેલું ન કહેવાય માનતો. (વ્યા.૭મું)

(૨) સોળ વર્ષે તિષ્યગુપ્ત જીવના છેલ્લા એક પ્રદેશમાં જ જીવસંજ્ઞા માનતો. (વ્યા.૧૯મું)

**❖ હવે શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી :**

(૩) બસો ચૌદ વર્ષે અવ્યક્તવાદી આષાડસૂરિના શિષ્ય થયા. યોગાદિકનો અપલાપ કરનાર. (વ્યા.૨૬૨)

(૪) બસો વીશ વર્ષે અશ્વમિત્ર(શૂન્યવાદી)થયો. સમયે સમયે ઉચ્છેદ માનનારો. (વ્યા.૨૬૯)

(૫) બસો અઠ્ઠાવીસ વર્ષે ગંગદત્ત એક સમયે બે ઉપયોગ કહેનારો થયો. (વ્યા.૨૬૮)

(૬) પાંચસો ચુંમાળીશ વર્ષે નોજીવ (ત્રિરાશિ) સ્થાપનારો રોહગુપ્ત થયો. (વ્યા.૨૬૩)

(૭) પાંચસો ચોર્યાશી વર્ષે ગોષ્ટામાહિલ સ્પૃષ્ટ કર્મ માનનાર અવસ્થિતિક થયો. (વ્યા.૨૩૮)

(૮) છસો નવ વર્ષે દિગંબરમત સ્થાપનાર સહસ્રમલ થયો. (વ્યા.૨૩૯)

(૯) ઓગણીસસો નેવું વર્ષે સિદ્ધાંત તથા પ્રતિમા ખંડન કરનાર સ્થાનકવાસી લુંકામતી થયો. પ્રથમના સાત પ્રવચનનિહ્નવો થયા છે. (વ્યા.૨૪૦)

## ૧૮૧. નવ નિયાણાં :

**निवं धणि नारी नर सुर अप्पप्पवियार अप्पावयारत्तम् ।**
**सद्दढत्तं दरिद्दत्तं, वज्जअे नव नियाणाइम् ॥**

**(રત્નસંચય ગ્રંથમાં ગા.૩૩૪)**

**અર્થ :** (૧) રાજા, (૨) ધનવાન, (૩) સ્ત્રી, (૪) પુરુષ, (૫) દેવ થાઉં. (૬) જે દેવલોકમાં પોતાના શરીરે જ પ્રવિચાર મૈથુન કરાય છે એવા દેવલોકમાં ઉત્પન્ન થાઉં. (૭) જે દેવલોકમાં બિલકુલ પ્રવિચાર-મૈથુન નથી ત્યાં ઉત્પન્ન થાઉં. (૮) શ્રાવકના કુળમાં ઉત્પન્ન થાઉં. (૯) દરિદ્ર થાઉં - આ નવ નિયાણાં વર્જવાયોગ્ય છે.

❖ ❖ ❖

## ૧૮૨. સાત મોટાં વ્યસનો :

(૧) જુગાર (૨) માંસ (૩) દારૂ (૪) વેશ્યા (૫) શિકાર (૬) ચોરી (૭) પારકી સ્ત્રી.

❖ ❖ ❖

## ૧૮૩. તેર કાઠિયા અને ષડ્ રિપુ :

(૧) આળસ (૨) મોહ (૩) અવજ્ઞા (૪) માન (૫) ક્રોધ (૬) પ્રમાદ (નિદ્રા-મદિરાપાનાદિ) (૭) કૃપણતા (૮) ભય (૯) શોક (૧૦) અજ્ઞાન (૧૧) વ્યાક્ષેપ (આમતેમ જોયા કરવું તથા મનને બીજે ને બીજે ઠેકાણે મોકલવું તે.) (૧૨) વિકથા (રાજકથા, ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા) (૧૩) વિષયવાસના.

**ષડ્ રિપુ :**

(૧) કામ (૨) ક્રોધ (૩) લોભ (૪) માન (૫) મદ (૬) મત્સર (હર્ષ).

❖ **શ્લોક :**

**आलस्स मोहावण्णा, थंभा कोहा पमाय किवण्णत्ता ।**
**भयसोगा अण्णाणा, वक्खेव कुऊहला रमणा ॥ १ ॥**

❖ ❖ ❖

## ૧૮૪. આઠ મદ :

(૧) જાતિમદ (૨) કુળમદ (૩) બળમદ (૪) રૂપમદ (૫) તપમદ (૬) ઐશ્વર્યમદ (૭) વિદ્યામદ (૮) લાભમદ.

❖ ❖ ❖



## ૧૮૫. ભાવ અથવા અભ્યંતર ગ્રંથિ ચૌદ :

(૧) મિથ્યાત્વ (૨) હાસ્ય (૩) રતિ (૪) અરતિ (૫) ભય (૬) શોક (૭) દુગંછા (૮) પુરુષવેદ (૯) સ્ત્રીવેદ (૧૦) નપુંસકવેદ (૧૧) ક્રોધ (૧૨) માન (૧૩) માયા (૧૪) લોભ.

❖ ❖ ❖

## ૧૮૬. દ્રવ્ય અથવા બાહ્ય ગ્રંથિ નવ :

(૧) ધન (૨) ધાન્ય (૩) હિરણ્ય (૪) સુવર્ણ (૫) ક્ષેત્ર (૬) વાસ્તુ (૭) કુપ્ય (૮) દ્વિપદ (૯) ચતુષ્પદ.

ઉપર લખ્યા મુજબ અભ્યંતર ગ્રંથિ ૧૪ તથા બાહ્યગ્રંથિ ૯ આ બંને પ્રકારને ગ્રંથિ માનેલી છે. તેને છોડીને નીકળ્યા તેને નિર્ગ્રંથ કહ્યા છે. (પ્રકરણરત્નસંચય ભાગ ૧લાના પંચનિર્ગ્રંથિ પાન-૧૭૬)

❖ ❖ ❖

## ૧૮૭. નવ બાહ્યગ્રંથિ (પરિગ્રહ) :

**खित्त वत्थू धणधन्न संचओ मित्तणाइ संजोगो ।**
**जाण सयणासणाणि य दासदासी कुव्वियं च ॥ ३५० ॥**

**(રત્નસંચય ગ્રંથ)**

**અર્થ :** (૧) ક્ષેત્ર (જમીન) (૨) વાસ્તુ (ઘર, હાટ વગેરે) (૩) સોનું, રૂપું વગેરે ધન અને ધાન્યનો સંચય (૪) મિત્ર અને જ્ઞાતિજનોનો સંયોગ. (૫) યાન (અશ્વ, હાથી, ગાય, ભેંસ વગેરે ચતુષ્પદ) (૬) શયન (શય્યા, વસ્ત્ર વગેરે) (૭) આસન (સિંહાસન, પાલખી વગેરે) (૮) દાસ, દાસી વગેરે નોકર (દ્વિપદ) તથા (૯) કુપ્ય (તાંબુ, પિત્તળ વગેરે ધાતુ-ઘરવકરી) - આ નવ પ્રકારની બાહ્યગ્રંથિ છે.

❖ ❖ ❖

## ૧૮૮. મૈથુનમાં જીવહિંસા :

સ્ત્રીઓની યોનિમાં ગર્ભજ (મનુષ્યો) ઉત્કૃષ્ટથી લક્ષપૃથક્ત્વ એટલે એક, બે, ત્રણથી યાવત્ નવ લાખ ઉત્કૃષ્ટ જીવો તે સિવાય બેઇન્દ્રિય જીવો અસંખ્યાતા અને સંમૂર્ચ્છિમ (મનુષ્યો) પણ અસંખ્યાતા ઊપજે છે અને મરે

છે. તે સર્વ જીવોનો નાશ એક વખતના સ્ત્રીસંભોગથી એકીસાથે થાય છે. (ધર્મસંગ્રહમાં તેમ જ સંબોધપ્રકરણ ત્રીજા અધિકારમાં પાઠ છે.)

**૧૮૯.હિંસાના પ્રકાર ત્રણ :**

(૧) **સ્વરૂપહિંસા :** અંતઃકરણમાં દયાના પરિણામ વર્તતા છતાં બાહ્ય ક્રિયા કરતાં જે હિંસા થાય તે સ્વરૂપહિંસા કહેવાય છે.

(૨) **હેતુહિંસા :** કૃષિ વગેરેના હેતુ માટે જે હિંસા થાય છે તે હેતુહિંસા કહેવાય છે.

(૩) **અનુબંધહિંસા :** અંતઃકરણમાં કલુષિત પરિણામ વર્તતા નિર્દયપણે જે હિંસા થાય છે તે અનુબંધહિંસા કહેવાય છે.

પ્રથમાંગમાં કહ્યું છે કે કોઇ મુનિએ અકસ્માત કાચું લુણ વહોર્યું હોય તે વહોરાવનાર ગૃહસ્થ જો પાછું ન લે તો મુનિએ તેને જળમાં ઘોળીને પી જવું. તેમ કરવાથી તેણે શ્રી જિનેશ્વરની આજ્ઞા પાળેલી હોવાથી તેને પૃથ્વીકાય જીવની હિંસા ન લાગે. તે જ પ્રમાણે ગૃહસ્થને પણ જિનપૂજા વગેરેમાં હૃદયની અંદર દયાભાવ હોવાથી હિંસા લાગતી નથી. (ઉપદેશપદ ભા.૨ પા.૪૮)

**હિંસા હેતુ અયતનાભાવે, જીવવધે તે સ્વરૂપ;**
**આણાભંગ મિથ્યામતિભાવે, તે અનુબન્ધવિરૂપ. ૧૯**

(સીમંધરસ્વામીના દોઢસો ગાથાના સ્તવનમાં ચોથી ઢાળમાં ૧૯મી ગાથા)

**તત્પર્યાયવિનાશો, દુઃખોત્પાદસ્તથા ચ સંક્લેશઃ ।**
**એષ વધો જિનભણિતો, વર્જયિતવ્યઃ પ્રયત્નેન. (ધર્મબિન્દુ ૨/૫૭ ટીકા)**

(૧) આત્માના પર્યાયનો નાશ કરવો (૨) તેને દુઃખ ઉત્પન્ન કરવું અને (૩) ક્લિષ્ટ અધ્યવસાય કરવો - એ ભગવંતે હિંસા કહેલી છે. તેનો પ્રયત્ન વડે ત્યાગ કરવો.

**૧૯૦.પ્રમાદના આઠ પ્રકાર :**

પ્રમાદ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર સિવાયની પ્રવૃત્તિમાં તત્પરતા દાખવવી તે.



(૧) **અજ્ઞાન :** હિતાહિતવિવેચનશક્તિનો અભાવ.
(૨) **સંશય :** શુભ પ્રવૃત્તિના આખરી પરિણામમાં શંકા.
(૩) **વિપર્યય :** ધ્યેય-ઉદ્દેશ્યનું વિસ્મરણ.
(૪) **રાગ :** અનાત્મ પદાર્થો પર આસક્તિ.
(૫) **દ્વેષ :** પૌદ્ગલિક પદાર્થોના કારણે મનોવ્યાક્ષેપ.
(૬) **સ્મૃતિભ્રંશ :** માનસિક ધારણાનો અભાવ.
(૭) **યોગદુષ્પ્રણિધાન :** મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ.
(૮) **ધર્માનાદર :** સાધવા લાયક હિતકારી પ્રવૃત્તિ તરફ બેદરકારી.

❖ શ્લોક :

**प्रमादोऽज्ञान-संशय-विपर्यय-रागद्वेष-स्मृतिभ्रंश- ।**
**-योगदुष्प्रणिधान-धर्मानादरभेदादष्टविधः ॥**

**(યોગશાસ્ત્રવૃત્તિ પ્ર.૧ શ્લો.૨)**

**૧૯૧.પ્રમાદના પાંચ પ્રકાર :**

(૧) **મદ્ય :** કોઇ પણ પદાર્થોનું વ્યસનરૂપે ગાઢ આસક્તિપૂર્વક સેવન.
(૨) **વિષય :** ઇન્દ્રિયોની વૃત્તિને પોષણ કરવાની વૃત્તિ.
(૩) **કષાય :** કર્મોના બંધનને ગાઢ કરનારી મોહઘેલછાભરી વૃત્તિ.
(૪) **નિદ્રા :** ઇન્દ્રિય તથા મનની પ્રવૃત્તિઓની સુસ્તી - સુસ્ત કાર્યપ્રવૃત્તિ.
(૫) **વિકથા :** જ્ઞાન-ધ્યાનાદિ સિવાયની (કલ્યાણમાર્ગને બાધક) તમામ પ્રવૃત્તિ.

❖ શ્લોક :

**મજ્જં વિસયકષાયા, નિદ્દા વિકહા પંચમી ભણિયા,**
**એએ પંચ પમાયા, પાડંતિ ઘોર સંસારે. (સંબોધસિત્તરી ૫૫/૭૩)**

**૧૯૨.ઇન્દ્રિયોના વિષયો અને વિકારો :**

પાંચ ઇન્દ્રિયોના તેવીસ વિષયો અને બસો બાવન વિકારો :

(૧) **સ્પર્શનેન્દ્રિયના આઠ વિષય :** (૧) ગુરુ-ભારે (૨) લઘુ-હલકો (૩) શીત-ઠંડો (૪) ઉષ્ણ-ગરમ (૫) મૃદુ-પોચો (૬) કઠિન (૭) સ્નિગ્ધ-ચીકણો (૮) રૂક્ષ-લૂખો.

(૨) **રસનેન્દ્રિયના પાંચ વિષય :** (૧) તિક્ત-તીખો (૨) કટુક-કડવો (૩) કષાય-તૂરો (૪) આમ્લ-ખાટો (૫) મધુર-મીઠો.

(૩) **ઘ્રાણેન્દ્રિયના બે વિષય :** (૧) સુરભિ-સુગંધ (૨) દુરભિ-દુર્ગંધ.

(૪) **ચક્ષુરિન્દ્રિયના પાંચ વિષય :** (૧) શ્વેત-સફેદ (૨) રક્ત-લાલ (૩) પીળો-પીત (૪) હરિત-લીલો (૫) કૃષ્ણ-કાળો.

(૫) **શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષય :** (૧) સચિત્ત (૨) અચિત્ત (૩) મિશ્ર. ઉપરના ૨૩ વિષયોમાંથી શ્રોત્રેન્દ્રિયના ૩ વિષયોને બાદ કરતાં બાકીના ૨૦ વિષયોને સચિત્તાદિ ૩ થી ગુણતાં ૬૦ થાય. ફરી શુભ અને અશુભથી ગુણતાં ૧૨૦ થાય અને તેને રાગ અને દ્વેષથી ગુણતાં ૨૪૦ થાય. હવે શ્રોત્રેન્દ્રિયના ૩ વિષયોને શુભ અને અશુભથી ગુણતાં ૬ થાય. ફરી રાગ અને દ્વેષથી ગુણતાં ૧૨ થાય. આ બાર ભેદો ને ઉપરના બસો ચાળીસ મળીને (૨૪૦+૧૨=૨૫૨) બસો બાવન વિકાર થાય.

✦ ✦ ✦

## ૧૯૩. ભવાભિનંદીનાં લક્ષણ :

(૧) **ક્ષુદ્ર :** તુચ્છ સ્વભાવવાળા હોવું. સંસારના ક્ષણભંગુર તુચ્છ પદાર્થોની પ્રાપ્તિથી મલકાઇ જવું. વિચારણા તુચ્છ હોવી.

(૨) **લોભરતિ :** સંસારના મોહક પદાર્થોની મમતાના ઘેનમાં ભાનભૂલો બની પૌદ્‌ગલિક પદાર્થોની ઉત્તરોત્તર વધનારી તૃષ્ણાની પ્રબળતાથી ધાંધલિયું જીવન ગુજારવું.

(૩) **દીન :** સાંસારિક પદાર્થો મેળવવા, સાચવવા માટે હંમેશાં માનસિક દીનતા દર્શાવવા રૂપે પરમુખપ્રેક્ષી બન્યા રહેવું.

(૪) **મત્સરી :** વિષયોના ઉપભોગમાં જ જીવનની કૃતાર્થતા હોવાની માન્યતાના કારણે બીજા પાસે વધુ વિષયોપભોગની સામગ્રી નિહાળી અદેખાઇ કરવી. બીજાની આબાદી કે ચઢતી દશા સાંખી ન શકવી. પુણ્યકર્મની વિચિત્ર લીલા વીસરી જઇ 'મારા કરતાં બીજો કેમ વધુ આબાદી ભોગવી શકે ?!' ઇત્યાદિ નીચી કક્ષાના વિચારો પેદા કરવા.

(૫) **ભયવાન :** સાંસારિક જડ પદાર્થો પરની વધુ મમતાના કારણે રખે ને કોઇ લઇ ન જાય, કોઇ લૂંટી ન જાય આદિ વ્યાકુળતાથી નિતાંત ભયવિહ્‌વળ દશા અનુભવવી તથા શુભાશુભ કર્મના વિપાક



અનુસાર જગતના પદાર્થોની પરિણતિ થવાનું ભાન ન હોવાના કારણે મળેલા જગતના પદાર્થોને આત્માધીન રાખવા નિરંતર વ્યાકુળતા થવી.

(૬) **શઠ :** કર્મનાં બંધનોની વિષમતા ભૂલી જઇ ગમે તેમ જગતના પદાર્થો વધુ પ્રમાણમાં મેળવવા વિચાર, ઉચ્ચાર અને આચારમાં વિસંવાદી વર્તન રાખી ઠગબાજી, દંભ, પ્રપંચ, માયા આદિ સેવી મોહવાસનાને પૂર્ણ કરવા ધૂની પ્રવૃત્તિ કરવી તેમ જ જગતમાં બાહ્ય દૃષ્ટિએ અધર્મી પાપી તરીકે નહીં ઓળખાવવાનો ડોળ-દેખાવ રાખવો.

(૭) **અજ્ઞ :** અનાદિકાલીન મોહવાસનાને આધીન બની સુખ, શાંતિ પ્રાપ્ત કરવા અર્થે તનતોડ પ્રયત્ન, હાડમારી અને દોડધામ કરવા છતાં પરિણામે નિતાંત દુઃખદાયી કર્મોનાં બંધનોમાં પોતે ફસાઇ જવું. આ જાતની પરિસ્થિતિ; અજ્ઞાન દશા, સદુપાયની જાણકારી ન હોવાના કારણે જ ઊભી થાય છે અને પોતાની જ પ્રવૃત્તિઓ પોતાને દુઃખી બનાવનારી નીવડે છે.

(૮) **નિષ્ફળ-આરંભી :** તત્ત્વાતત્ત્વ-હેયોપાદેયનો વિવેક નહીં હોવાના કારણે શુભાનુષ્ઠાનો કે વ્યવહારિક પ્રવૃત્તિઓ તમામ લગભગ 'આંધળો દળે ને કૂતરું ચાટી જાય' એની જેમ નિષ્ફળ જેવી કરવી કે બનાવી દેવી. કારણ કે સન્માર્ગ કે સદુપાયની જાણકારીને બદલે મિથ્યા ઉપાયોમાં સદુપાયોની બુદ્ધિ હોવાથી ફળને આશ્રયીને તમામ પ્રવૃત્તિ કેવળ શ્રમ, ખેદ ઉપજાવનારી થાય છે. શુદ્ધ શ્રદ્ધા વિનાની ક્રિયા છાર પર લીંપણ જેવી હોઇ આશયશુદ્ધિના અભાવે સુંદર પ્રવૃત્તિ પણ આભાસરૂપે જ નીવડે છે.

✦ ✦ ✦

## ૧૯૪. ભવાભિનંદીનાં વિશેષ લક્ષણો :

(૧) **આહારને અર્થે :** જો હું સામાયિક, પૌષધ આદિ ધર્મકરણી કરીશ તો જમવાનું મળશે એવી વિચારણાથી ધર્મકરણી કરે.

(૨) **પૂજાવાના અર્થે :** હું ધર્મકરણી કરીશ તો લોકોમાં પૂજનીક બનીશ એવો અભિપ્રાય રાખે.

(૩) **ઉપધિ અર્થે :** વસ્ત્રપાત્રાદિને અર્થે ધર્મકરણી કરે.

(૪) **રિદ્ધિગારવ :** શ્રાવક પોતાના કરવા અર્થે જો હું ધર્મકરણી કરીશ તો આ શ્રાવક મારા થશે અને એનાથી મારું ગુજરાન થશે એવી બુદ્ધિએ કરીને ધર્મકરણી કરવી તે.

(૫) **ક્ષુદ્ર-અગંભીર :** પારકાનાં છિદ્ર ખોળે. લોકોના ગુણને ઢાંકે અને પોતાના ગુણનો ઉત્કર્ષ કરે.

(૬) **લોભ :** ધન, ધાન્ય, વસ્ત્રાદિ મેળવવા માટે અશક્ત રહે.

(૭) **દીન :** મારું શું થશે ? વગેરે આગામી કાળની ચિંતા કરે.

(૮) **મત્સર :** પારકાના ગુણને સહન ન કરે.

(૯) **ભયવાન :** પૌદ્‌ગલિક વસ્તુના વિયોગનો ભય રાખે.

(૧૦) **શઠ :** દંભી-કપટી.

(૧૧) **અજ્ઞાન :** સર્વ વસ્તુનો અજાણ.

✦ ✦ ✦

**૧૯૫. નરકના ચાર દ્વાર :**

**चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिभोजनम् ।**
**परस्त्रीगमनं चैव, सन्धानानन्तकायिके ॥**

(૧) રાત્રિભોજન (૨) પરસ્ત્રીગમન (૩) સંધાન (બોળ અથાણાં) અને (૪) કંદમૂળાદિ અનંતકાયભક્ષણ - આ ચાર નરકનાં દ્વાર છે.

✦ ✦ ✦

**૧૯૬. સાત પ્રકારના ચોર :**

**चोरश्चौरापको मंत्री, भेदज्ञः काणकक्रयी ।**
**अन्नदः स्थानदश्चैव, चोरः सप्तविधः स्मृतः ॥** (નીતિશાસ્ત્રે)

(૧) ચોરી કરનાર. (૨) ચોરી કરાવનાર. (૩) એ માટે ગુપ્ત મંત્રણા કરનાર. (૪) એના મર્મને જાણનાર. (૫) ચોરીના માલને ખરીદનાર. (૬) ચોરને જમાડનાર અને (૭) ચોરને રહેઠાણ આપનાર.

✦ ✦ ✦

**૧૯૭. ૧૦ કામદશા :**

**अभिलाषश्चिन्तास्मरणे गुणकीर्तनं तथोद्वेगः ।**
**प्रलपनमुन्मादो रुग् जडता मृत्युः स्मरदशास्ताः ॥**

**(ભક્તામરની ૧૭મી ગાથાર્થમાં)**



**અર્થ :** (૧) કામની ઇચ્છા (૨) મેળવવાની ચિંતા (૩) સ્મરણ (૪) ગુણકીર્તન (૫) ઉદ્વેગ (૬) પ્રલપન (જેમ-તેમ બોલવું) (૭) ઉન્માદ (૮) અંગદાહ વગેરે વ્યાધિનો સંભવ (૯) જડતા (૧૦) મરણ (કામની પ્રાપ્તિ નહીં થવાથી મરવા તૈયાર થાય.)

✦ ✦ ✦

**૧૯૮. અસત્ય બોલવાનાં નિમિત્તો :**

ક્રોધ, માન, માયા, લોભ, કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, દ્વેષ, હાસ્ય, ભય, લજ્જા, ક્રીડા, રતિ, અરતિ, દાક્ષિણ્ય, વાચાળપણું, વિષાદ (શોક) વગેરે કોઇ દુષ્ટ આશયથી બોલાય તે સઘળું અસત્ય છે. અન્યને નુકસાન માટે થતું હોવાથી અસત્ય માન્યું છે. તત્ત્વથી, સંતોને હિત કરે તે 'સત્ય' એવો અર્થ કહેલો છે એટલે અર્થાપત્તિથી બીજાને પીડા થાય તેવું સત્ય વચન પણ અસત્ય છે. (ધર્મસંગ્રહ ભા.૧, ૨જા વ્રતના સ્વરૂપની ૨૬મી ગાથા અને સંબોધપ્રકરણમાં શ્રાદ્ધવ્રતાધિકારની ૧૬મી ગા.)

✦ ✦ ✦

**૧૯૯. તેર ક્રિયાસ્થાનો :**

(૧) **અર્થક્રિયા :** પૌદ્‌ગલિક પદાર્થોની જરૂરિયાત પૂર્ણ કરવા કરાતી આરંભાદિ ક્રિયા.

(૨) **અનર્થ :** લાલસા ખાતર કે પ્રયોજન વગર અજ્ઞાનાદિથી કરાતી આરંભાદિ ક્રિયા.

(૩) **હિંસા :** આગળપાછળના વૈરભાવથી કરાતી ક્રિયા.

(૪) **અકસ્માત :** એક અશુભ આચરણ કરતાં સહસા જાણબહાર બીજું અશુભ આચરણ થઇ જાય. જેમ કે એકને મારવા જતાં બીજો અડફેટમાં આવી જાય.

(૫) **દૃષ્ટિવિપર્યાસ :** મિત્રને શત્રુ અગર શત્રુને મિત્ર માની રાગદ્વેષાદિથી થતી ક્રિયા.

(૬) **મૃષા :** ક્ષણિક તુચ્છ પૌદ્‌ગલિક લાભ ખાતર અસત્ય બોલવું.

(૭) **અદત્તાદાન :** મમતાથી સંમતિ વિના બીજાની ચીજ લેવી.

(૮) **આધ્યાત્મિક :** નિમિત્ત-કારણ ન હોય છતાં માત્ર મનના દુષ્ટ સંકલ્પોથી માનસિક સંતાપ અનુભવવો.

(૯) **માનક્રિયા :** વ્યવહારિક ચઢિયાતાપણાની ભાવનાથી ઘમંડી બની બીજા પ્રતિ તુચ્છ વૃત્તિ દાખવવી.

(૧૦) **અમિત્રક્રિયા :** સત્તા અધિકાર જમાવવાની દુષ્ટ વૃત્તિને તાબે થઇ થોડા અપરાધે વધુ સજા કરી રૂઆબ દાખવવો.

(૧૧) **માયાક્રિયા :** માનસિક વાસનાઓ પૂર્ણ કરવા નાના પ્રકારનાં વિસંવાદી વર્તનો, ચેષ્ટાઓ કરી બીજાને દાવપેચમાં લેવા.

(૧૨) **લોભક્રિયા :** પૌદ્ગલિક પદાર્થોની આસક્તિ વધુ રાખવી. અગર પોતાના સ્વાર્થમાં આડે આવનારનું બૂરું કરવાની ચેષ્ટા.

(૧૩) **ઈર્યાપથિકીક્રિયા :** મન, વચન, કાયાના સૂક્ષ્મ પણ સ્પંદન થતાં સુધી કર્મબંધનના કારણભૂત યોગોની પ્રવૃત્તિ.

ઉપરનાં તેર ક્રિયાસ્થાનો વાંચી પ્રમાદાદિ કારણે પણ અશુભ વર્તન ન થાય તેનું ધ્યાન રાખવું.

## ૨૦૦. વીશ અસમાધિસ્થાનો :

(૧) ઉતાવળથી ચાલવું, ઈર્યાસમિતિ વગર ચાલવું. (૨) પૂંજવા, પ્રમાર્જવાના ઉપયોગ વિના અજયણાએ બેસવું. (૩) વિધિપૂર્વક જયણા પાળવાના ઉપયોગ વિના જેમતેમ પૂંજી-પ્રમાર્જીને વસ્તુ લેવી-મૂકવી. (૪) આગંતુક સાધુઓ સાથે કલહ-ઝઘડો કરવો. (૫) સંયમનાં ઉપકરણ સિવાય ભોગસુખાર્થે વધુપડતાં આસન, શયન, પીઠફલકનો નિષ્કારણ ઉપયોગ કરવો. (૬) રત્નાધિક (દીક્ષાપર્યાયમાં વડીલ) ગુણીજનની સામે અવિનયથી બોલવું. (૭) જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધાદિનો ઉપઘાત કરવો. (૮) અજયણાએ પ્રવર્તતાં જીવોની વિરાધના કરવી. (૯) ચીડચીડિયો સ્વભાવ રાખી વાતવાતમાં ક્રોધ કરવો. (૧૦) વ્યવહારિક નિમિત્તના કારણે થઇ ગયેલ ક્રોધની પરંપરા ચલાવવી. (૧૧) માનસિક ક્ષુદ્રતાને કારણે કોઇની પીઠ પાછળ નિંદા કરવી. (૧૨) પળ પછી શું થવાનું છે તેનું જ્ઞાન ન હોવા છતાં અજ્ઞાનવશ થઇ વારંવાર ‘આ આમ જ છે, આ આમ જ થશે’ એવું નિશ્ચયાત્મક બોલવું. (૧૩) શ્રુતજ્ઞાનની ભક્તિ-બહુમાનની લાગણી જાગૃત ન હોવાથી અકાળે સ્વાધ્યાય કરવો. (૧૪) ભૂતકાળમાં થઇ ગયેલ ક્ષતિઓ કે બનાવો યાદ કરી કષાયોની ઉદીરણા કરવી. (૧૫) અસ્થંડિલ ભૂમિ તે



લોકોના સંચાર વિનાની ભૂમિ કે જે સચિત્ત હોવાનો સંભવ છે તે ભૂમિમાંથી સ્થંડિલ ભૂમિમાં આવતાં પગ પૂંજવાની જયણા ન કરવી અગર સચિત્ત રજવાળા હાથે ગોચરી વહોરવી અથવા અશુદ્ધ પૃથ્વી ઉપર બેસવું, ઊઠવું વગેરે કરવું. (૧૬) વિકાલે (રાત્રે) ઊંચા સ્વરે બોલવું કે જેથી અસંયત ગૃહસ્થ સંસારકાર્યમાં પ્રવર્તે અગર હિંસક ગરોળી વગેરે જંતુ જાગૃત થઇ જાય અથવા સાવદ્ય ભાષા બોલવી, અજયણાએ બોલવું. (૧૭) સ્વભાવથી વિચિત્રતાના કારણે જેની-તેની સાથે ક્ષુદ્ર બાબતોમાં પણ કષાયને આધીન થવું. (૧૮) સ્વાર્થ કે ઈર્ષ્યાદિના કારણે સમુદાયમાં એકબીજાને આડું-અવળું સમજાવી ભેદ, હઠ, કુસંપ કરાવવો. (૧૯) વધારે ભોજન કરવું કે જેથી અનૈષણા, અસંયમાદિ અનેક દોષો ઉત્પન્ન થાય. સવારથી સાંજ સુધી મોકળે મોઢે ખાવું અથવા પ્રમાદાદિકથી દેવદ્રવ્યાદિકનું ભક્ષણ કરવું. (૨૦) ગોચરીમાં લાગતા દોષોનો ધ્યાનપૂર્વક પરિહાર કરવામાં પ્રયત્નશીલ ન થવું. ગોચરીના દોષોની જયણા ન કરવી.

## ૨૦૧. એકવીસ શબલ(કલંક)સ્થાન :

(૧) હસ્તમૈથુન કરવું. (૨) સાલંબન એટલે કે અતિક્રમ, વ્યતિક્રમ કે અતિચારથી મૈથુન સેવવું અથવા બ્રહ્મચર્યમાં દોષ લગાડવો. (૩) રાત્રિ-ભોજન એટલે રાત્રે વહોરેલું દિવસે વાપરવું અગર દિવસે વહોરેલું રાત્રે (લગભગ વેળાએ) વાપરવું. (૪) આધાકર્મી દોષવાળી ગોચરી નિષ્કારણ વાપરવી અથવા સ્વાદ, લાલસા, તૃપ્તિ માટે દિવસમાં એકથી વધુ વાર વાપરવું. (૫) રાજપિંડ વહોરવો. (૬) ક્રીતદોષ - વેચાતી લાવેલી ચીજ વહોરવી. (૭) અભ્યાહૃત દોષવાળી - સાધુ માટે ખાસ સામે લાવેલી ચીજ વહોરવી. (૮) પ્રામિત્યદોષવાળી - સાધુ માટે ઉધારે લાવેલી ચીજ વહોરવી. (૯) આચ્છેદ્ય દોષવાળી - સાધુ માટે ખાસ બીજા પાસેથી ઝૂંટવી લાવેલી ચીજ વહોરવી. (૧૦) ત્યાગ કરેલી ચીજ વહોરવી - વાપરવી. (૧૧) છ માસની અંદર એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં જવું. (૧૨) એક માસની અંદર ત્રણ વાર નદી વગેરે ઊતરવું. (૧૩) એક માસની અંદર ત્રણ વાર માતૃસ્થાન - માયાકપટ સેવવું. (૧૪) જાણી-જોઇને પૃથ્વ્યાદિક જીવોની હિંસા કરવી. (૧૫) જાણી-જોઇને મૃષાવાદ બોલવો. (૧૬) જાણી-જોઇને

અદત્તાદાન સેવવું. (૧૭) સચિત્તાદિ દોષવાળી પૃથ્વી ઉપર બેસવું. (૧૮) જાણ્યા પછી પણ ગોચરીમાં સહસા અનુપયોગથી આવી ગયેલ કંદમૂળ અભક્ષ્યાદિ ચીજો લાલસાથી વાપરવી. (૧૯) એક વરસમાં દસ વાર ઉદકલેપ કરવો એટલે કે નાભિથી વધારે પાણીવાળી નદી ઊતરવી. (૨૦) એક વરસમાં દસ વાર માતૃસ્થાન - માયાકપટ સેવવું. (૨૧) કાચા પાણીવાળા હાથે વહોરાવાતી ગોચરી લેવી. (ઉપરનાં એકવીસ કાર્યો ચારિત્રને શબલ એટલે ડાઘ-કલંકથી કાબરચીતરું કરનારાં હોઇ શબલસ્થાનો કહેવાય છે. તેથી તે ત્યાગ કરવા યોગ્ય છે.)

## ૨૦૨. ઓગણત્રીસ પાપશ્રુતપ્રસંગ :

પાપના કારણભૂત શ્રુત તે પાપશ્રુત અને તેના પ્રસંગો એટલે સેવા (આચરણ) તે પાપશ્રુતપ્રસંગ. તે સેવવાદિથી અતિચાર લાગે છે.

**❖ નિમિત્તશાસ્ત્રનાં આઠ અંગો–**

(૧) દિવ્ય - વ્યંતરાદિ દેવોના અટ્ટહાસ્ય વગેરેના ફળનું વર્ણન જેમાં હોય.
(૨) ઉત્પાત - રુધિરનો વરસાદ વગેરેના ફળનું વર્ણન જેમાં હોય.
(૩) અંતરિક્ષ - આકાશમાં થતાં ગ્રહોના ભેદનું વર્ણન જેમાં હોય.
(૪) ભૌમ - ભૂમિકંપાદિ પૃથ્વીના વિકારનું વર્ણન જેમાં હોય.
(૫) અંગ - શરીરની ચેષ્ટા ઉપરથી તેના ફળનું વર્ણન જેમાં હોય.
(૬) સ્વર - 'ષડ્જ' વગેરે સ્વરો(અને પક્ષીઓ વગેરેના સ્વરો)નું ફળ જેમાં હોય.
(૭) વ્યંજન - શરીર ઉપરના મસ, તલ વગેરેનું ફળ જેમાં હોય.
(૮) લક્ષણ - અંગની રેખાઓ ઉપરથી તેનું ફળ જેમાં હોય. (હસ્તરેખા)

આ નિમિત્તશાસ્ત્રનાં આઠ અંગોના દરેકના ત્રણ ત્રણ ભેદો (૧) સૂત્ર (૨) વૃત્તિ (અર્થનું સંસ્કૃતમાં વિસ્તૃત નિયમન) અને (૩) વાર્તિક (વૃત્તિના કોઇ ભાગનું વિશેષ સ્પષ્ટીકરણ) એ ત્રણથી ગુણતાં ૨૪, સંગીતશાસ્ત્ર ૨૫, નૃત્યશાસ્ત્ર ૨૬, વાસ્તુવિદ્યા (શિલ્પશાસ્ત્ર) ૨૭, વૈદ્યક(ઔષધનું) શાસ્ત્ર ૨૮, ધનુર્વેદ(શસ્ત્રકળાજ્ઞાપક)શાસ્ત્ર ૨૯. ('અંગવિજ્જા પયન્ના' સૂત્રમાં દિવ્યને બદલે સ્વપ્નશાસ્ત્ર કહેલું છે.)



**અટ્ઠ નિમિત્તંગાઈ, દિવ્વુ, પ્પાયં, તલિક્ખ, ભોમં ચ,**
**અંગ, સર, લક્ખણ, વંજણ, તિવિહં, પુણ હોઇ ઇક્કિક્કં. ૪૨૭**
**સુત્તં, અત્થં, તદુભયં ચ પાવઇ સુઅ ગુણતીસવિહં,**
**ગંધવ્વ, નટ્ટ, વત્થુ, આઉ, ધણુવ્વેય સંજુત્તં. ૪૨૮**
**(રત્નસંચય ગ્રંથ પા.૧૭૧)**

## ૨૦૩. ત્રીસ મોહનીયસ્થાનો :

(૧) ક્રૂરતાથી પાણીમાં ડુબાડીને સ્ત્રી વગેરે ત્રસ જીવોને હણવા. (૨) હાથથી કે કપડા વગેરેથી બીજાનું મુખ બંધ કરીને (ડૂચો દઇને, ગળે ટુંપો દઇને કે એવી ક્રૂરતા કરીને)નિર્દયપણે મારી નાંખવા. (૩) રોષથી ચામડાની લીલી વાધર વગેરેથી મસ્તક વીંટીને મારી નાંખવા. (૪) ક્રૂરતાથી મસ્તકે મોગર, હથોડો, ધણ વગેરે મારીને માથું વગેરે ફોડીને મારી નાંખવા. (૫) સંસારસમુદ્રમાં ડૂબતા પ્રાણીઓને રક્ષણ કરવામાં સમર્થ એવા ધર્મના નાયક ગણધર, આચાર્ય વગેરેને હણવા. (૬) છતે સામર્થ્યે કઠોર પરિણામથી ગ્લાનની ઔષધાદિ સેવા ન કરે. (૭) સાધુને કે મુમુક્ષુને બલાત્કારે ધર્મભ્રષ્ટ કરે. (દીક્ષા લેતાં રોકે). (૮) મોક્ષમાર્ગની વિપરીત પ્રરૂપણા અને સાધુ કે ધર્મસાધનોની નિંદા વગેરે કરીને તેના ઉપર બીજાઓને અરુચિ અસદ્ભાવ પ્રગટ કરવા દ્વારા સ્વ-પરનો અપકાર કરે. (લોકોને જૈન શાસનના દ્વેષી બનાવે.) (૯) કેવળજ્ઞાન છે જ નહીં અથવા કોઇ કેવળી બને જ નહીં વગેરે તીર્થંકરોની કે કેવળજ્ઞાનીઓની નિંદા કરે. (૧૦) આચાર્ય, ઉપાધ્યાય વગેરે સાધુવર્ગની (તેઓના જાતિ-જ્ઞાન વગેરેની) નિંદા કરે. (૧૧) જ્ઞાનદાન વગેરેથી ઉપકાર કરતા પોતાના ઉપકારી આચાર્ય, ઉપાધ્યાય, ગુરુ આદિની સેવા-વૈયાવચ્ચ ન કરે. (૧૨) પુનઃ પુનઃ નિમિત્તકથનાદિ દ્વારા અધિકરણ (આહાર, ઉપધિ આદિ) મેળવે. (૧૩) તીર્થનો ભેદ (કુસંપ) કરાવે. (૧૪) વશીકરણાદિ કરે. (૧૫) ત્યાગ કરેલા ભોગોની ઇચ્છા કરે. (૧૬) વારંવાર બહુશ્રુત ન હોય છતાં પોતાને બહુશ્રુત કે તપ ન કરવા છતાં તપસ્વી તરીકે જાહેર કરે. (૧૭) ઘણાઓને અગ્નિના ધુમાડામાં ગુંગળાવીને મારી નાંખે. (૧૮) પોતે પાપકર્મ કરીને બીજાને શિરે ચડાવે. (૧૯) પોતાની ઉપધિ-પાત્રને કપટથી છુપાવે. (પોતાના અસદ્

આચરણને કપટથી છુપાવી બીજાઓને ઠગે, પોતાને સદાચારીમાં ગણાવે.) (૨૦) અસદ્ભાવથી સભામાં સત્ય બોલનારને પણ જુઠ્ઠો ગણાવે. (૨૧) નિત્ય કલહ કરે. (૨૨) બીજાને વિશ્વાસ ઉત્પન્ન કરીને (અટવી વગેરેમાં લઇ જઇને) તેનું ધન વગેરે લૂંટી લે. (૨૩) એ જ રીતે પરને વિશ્વાસ પમાડીને તેની સ્ત્રીને લોભાવે-લલચાવે. (૨૪) કુમાર નહીં છતાં બીજાની આગળ પોતાને કુમાર તરીકે જણાવે. (૨૫) એ રીતે બ્રહ્મચારી નહીં છતાં પોતાને બ્રહ્મચારી જણાવે. (૨૬) જેની સહાયથી પોતે ધનાઢ્ય થયો હોય તેના ધનનો લોભ કરે. (૨૭) જેના પ્રભાવથી પોતે લોકપ્રસિદ્ધ થયો હોય તેને કોઇ રીતે અંતરાય કરે. (૨૮) રાજા, સેનાપતિ, મંત્રી, રાષ્ટ્રચિંતક આદિ ઘણા જીવોના નાયકને હણે. (૨૯) નહીં જોવા છતાં કપટથી 'હું દેવોને દેખું છું' એમ કહી લોકોમાં પ્રભાવ વધારે. (૩૦) દેવોની અવજ્ઞા કરે અર્થાત્ 'વિષયાંધ દેવોનું શું પ્રયોજન છે ? હું જ દેવ છું' એમ બીજાઓને જણાવે.

## દ્રવ્યાનુયોગ સંબંધી

### ક્ષેત્ર

**૨૦૪.'છ' દ્રવ્યો :**

(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્ગલાસ્તિકાય (૫) જીવાસ્તિકાય (૬) કાળ.

**૨૦૫.ચૌદ રાજલોકનું પ્રમાણ :**

એક દેવ સૌધર્મ દેવલોકથી હજાર ભાર લોઢાના ગોળાને પોતાના સર્વ બળથી ભૂમિ ઉપર ફેંકે ત્યારે તે ગોળાને પૃથ્વી પર આવતા છ માસ, છ દિવસ, છ પ્રહર, છ મુહૂર્ત, છ ઘડી અને છ પળ જેટલો સમય લાગે ત્યારે એક રાજનું પ્રમાણ થાય. તેવા ચૌદ રાજલોક છે.



**૨૦૬.અઢીદ્વીપમાં ચંદ્ર-સૂર્ય :**

જંબુદ્વીપમાં ૨ ચંદ્ર-૨ સૂર્ય, લવણસમુદ્રમાં ૪ ચંદ્ર-૪ સૂર્ય, ધાતકીખંડમાં ૧૨ ચંદ્ર-૧૨ સૂર્ય, કાલોદધિસમુદ્રમાં ૪૨ ચંદ્ર-૪૨ સૂર્ય, અર્ધ પુષ્કરવરદ્વીપમાં ૭૨ ચંદ્ર-૭૨ સૂર્ય = ૧૩૨ ચંદ્ર-૧૩૨ સૂર્ય.

અઢીદ્વીપની બહાર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા બધા સ્થિર છે. તેઓ સદા એક જ સ્થાને સ્થિર રહે છે. તેથી તેમનો પ્રકાશ એક લાખ યોજન પ્રમાણ સ્થિર રહે છે. તેથી દિવસ-રાત્રિના કાળમાનનો વ્યવહાર સંભવતો નથી. ચંદ્ર, સૂર્ય અસંખ્ય છે એટલે તેના ઇન્દ્રો પણ અસંખ્ય છે.

**૨૦૭.પૃથ્વીથી જ્યોતિષચક્ર (સૂર્ય-ચંદ્રાદિ) કેટલું દૂર ચાલે છે :**
**(બૃહત્સંગ્રહણી ગા.૫૦ મી પા.૧૨૬)**

મેરુપર્વતની સપાટી સમીપે આવેલ સમભૂતલા પૃથ્વીની સપાટીથી ૧૬૦૦ ગાઉનો એક યોજન (પ્રમાણ-અંગુલથી ગણાય છે) એવા ૭૯૦ યોજન ઊંચે જઇએ ત્યારે જ્યોતિષચક્રની શરૂઆત થાય છે. તે સ્થળે મેરુથી ચારે બાજુ ૧૧૨૧ યોજન દૂર રહીને ફરતું 'તારામંડળ' આવેલું છે. તેનાથી ૧૦ યોજન ઊંચે એટલે સમભૂતલાથી ૮૦૦ યોજન ઊંચે પ્રથમ સૂર્ય. તેનાથી ૮૦ યોજન ઊંચે એટલે સમભૂતલાથી ૮૮૦ યોજન ઊંચે પ્રથમ ચંદ્ર. તેનાથી ૪ યોજન ઊંચે એટલે સમભૂતલાથી ૮૮૪ યોજન ઊંચે નક્ષત્રપરિમંડળ. તેનાથી ૪ યોજન ઊંચે એટલે સમભૂતલાથી ૮૮૮ યોજન ઊંચે બુધાદિક ગ્રહો. તેનાથી ૩ યોજન ઊંચે એટલે સમભૂતલાથી ૮૯૧ યોજન ઊંચે શુક્રાદિ ગ્રહો. તેનાથી ૩ યોજન ઊંચે એટલે સમભૂતલાથી ૮૯૪ યોજન ઊંચે બૃહસ્પત્યાદિ. તેનાથી ૩ યોજન ઊંચે એટલે સમભૂતલાથી ૮૯૭ યોજન ઊંચે મંગલ ગ્રહાદિ. તેનાથી ૩ યોજન ઊંચે એટલે સમભૂતલાથી ૯૦૦ યોજન ઊંચે શનિશ્ચરાદિ ગ્રહો હોય છે.

એક તારાથી બીજા તારાનું મેરુ વ્યાઘાતાશ્રયી અંતર મેરુનો લગભગ ૧૦ હજારનો વ્યાસ મેળવતાં ૧૨,૨૪૨ યોજન થાય છે.

**૨૦૮.જંબુદ્વીપની જગતિ :**

આ દ્વીપને ફરતો એક કોટ છે; જે મૂળમાં ૧૨ યોજન પહોળો, ઉપર ૪ યોજન પહોળો, ૮ યોજન ઊંચો અને દ્વીપની પરિધિ જેટલી લંબાઇવાળો

વલયાકારે રહેલો તે કોટ છે. તેને જગતિ કહેવાય છે. તેને વિજય, વિજયવંત, જયંત અને અપરાજિત નામનાં ચાર દ્વાર છે. (દંડકપ્રકરણમાંથી)

**૨૦૯.આગમ પુરુષ :**

| શરીરનાં | અંગો | ઉપાંગો |
|---|---|---|
| દક્ષિણપાદ | શ્રી આચારાંગ સૂત્ર | શ્રી ઔપપાતિક સૂત્ર |
| વામપાદ | શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર | શ્રી રાજપ્રશ્નીય સૂત્ર |
| દક્ષિણજાનુ | શ્રી સ્થાનાંગ સૂત્ર | શ્રી જીવાભિગમ સૂત્ર |
| વામજાનુ | શ્રી સમવાયાંગ સૂત્ર | શ્રી પ્રજ્ઞાપના સૂત્ર |
| દક્ષિણોરુ | શ્રી ભગવતી સૂત્ર | શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર |
| વામોરુ | શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર | શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર |
| દક્ષિણબાહુ | શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | શ્રી જંબુદ્વીપ સૂત્ર |
| વામબાહુ | શ્રી અંતકૃતદશાંગ સૂત્ર | શ્રી નિરયાવલિકા સૂત્ર |
| નાભિ | શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર | શ્રી કલ્પાવતંસિકા સૂત્ર |
| વક્ષ | શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | શ્રી પુષ્પિકા સૂત્ર |
| ગ્રીવા | શ્રી વિપાક સૂત્ર | શ્રી પુષ્પચૂલિકા સૂત્ર |
| શિર | શ્રી દૃષ્ટિવાદ સૂત્ર | શ્રી વૃષ્ણિદશા સૂત્ર |

**૨૧૦.ત્રસનાડીનું સ્વરૂપ :**

**(ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર, બીજું પર્વ, ત્રીજા સર્ગમાં ૭૯૭ થી ૮૦૦)**

અધોલોક, તિર્યક્લોક અને ઊર્ધ્વલોકથી ભેદ પામેલા સમગ્ર લોકના મધ્યભાગમાં ચૌદ રાજલોકપ્રમાણ ઊર્ધ્વ, અધો લાંબી ત્રસનાડી છે. તે પહોળાઈમાં ને વિસ્તારમાં એક રાજલોકપ્રમાણ છે. એ ત્રસનાડીની અંદર સ્થાવર અને ત્રસ : બંને પ્રકારના જીવો છે અને એની બહાર માત્ર સ્થાવર (સૂક્ષ્મ) જ છે. કુલ વિસ્તાર નીચે સાત રાજલોકપ્રમાણ મધ્યમાં, તિર્યગ્લોકે એક રાજલોકપ્રમાણ, બ્રહ્મદેવલોકે પાંચ રાજલોકપ્રમાણ અને પર્યંતે સિદ્ધશિલાએ એક રાજલોક છે. સારી રીતે પ્રતિષ્ઠિત થયેલી આકૃતિવાળો આ લોક કોઈએ કર્યો નથી અને કોઈએ ધારણ કર્યો નથી. તે સ્વયંસિદ્ધ નિરાધારપણે આકાશમાં રહેલો છે.



**૨૧૧.અલોકમહત્તાદૃષ્ટાંત**

**(દ્રવ્યલોકપ્રકાશ સર્ગ.૨ ગાથા ૩૦ થી ૩૭)**

**અલોકાકાશ અનંત છે. એની મોટાઈનું ઉદાહરણ-અસત્ કલ્પનાએ :**

સુદર્શન નામના સુરગિરિ(મેરુપર્વત)ની દશે દિશાઓમાં કોઈક ૧૦ કૌતુકી દેવો રહેલા છે અને માનુષોત્તર પર્વતને છેડે એટલે મેરુપર્વતના ૨૨॥ લાખ યોજન દૂર આઠ દિશાઓને વિષે બહિર્મુખ કરીને (બહારના દ્વીપ સમુદ્રો તરફ મુખ કરીને) રહેલી આઠ દિગ્કુમારીઓએ સહુએ એકસાથે ફેંકેલો બલીપિંડ પૃથ્વી ઉપર પડ્યા વિના અદ્ધરથી જ તેઓમાંનો કોઈ એક દેવ જે ગતિ વડે કરીને શીઘ્ર ઉપાડી લે તેવી શીઘ્રગતિએ અલોકનો અંત દેખવાની ઈચ્છાએ તે દેવો દશે દિશાઓમાં એકસાથે ચાલવા માંડે. હવે તે વખતે કોઈક ગૃહસ્થને ૧ લાખ વર્ષના આયુષ્યવાળો પુત્ર જન્મ્યો. પુનઃ તે પુત્રને ઘેર પણ તેવો જ ૧ લાખ વર્ષના આયુષ્યવાળો પુત્ર જન્મ્યો. વળી એ પુત્રને પણ તેવો જ પુત્ર જન્મ્યો. એ પ્રમાણે સાત પેઢીઓ સુધી લાખ લાખ વર્ષના આયુષ્યવાળા પુત્રનો જન્મ થતો રહ્યો. હવે કાળે કરીને તેવા પ્રકારના સાતે પુત્રો મરણ પામ્યા. ત્યાર બાદ તેનાં હાડ, મજ્જા, માંસ વગેરે અને તેઓનું નામ પણ અનુક્રમે નાશ પામ્યું. હવે એ વખતે કોઈક જિજ્ઞાસુ શ્રી સર્વજ્ઞ ભગવંતને પ્રશ્ન કરે કે, હે સ્વામિન્ ! તે દેવોનું અગતક્ષેત્ર (જવાને બાકી રહેલ ક્ષેત્ર) ઘણું છે કે, ગતક્ષેત્ર (ગયેલ-ઉલ્લંઘન કરેલ ક્ષેત્ર) ઘણું છે ? તે વખતે શ્રી સર્વજ્ઞ ભગવંત ઉત્તર આપે કે ઉલ્લંઘેલ ક્ષેત્ર અતિ અલ્પ છે અને બીજું જવાને બાકી રહેલ ક્ષેત્ર ઘણું છે. અને તે અહીં ઉલ્લંઘન કરેલ ક્ષેત્ર, બાકી રહેલ ક્ષેત્રથી અનંતમા ભાગ જેટલું અલ્પ છે. અર્થાત્ હજુ અનંતગુણ ક્ષેત્ર જવાને બાકી છે.

**૨૧૨.પ્રમાણાંગુલ એટલે શું ?**

**(બૃહત્સંગ્રહણી ગા.૩૧૪ વિશેષાર્થમાં પા.૫૮૩)**

પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી અઢીગણું વિસ્તારવાળું અથવા એક ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ (ક્ષેત્રફળના હિસાબે) હજારગણું મોટું તે

અથવા ચારસો ઉત્સેધાંગુલ લાંબું અને ૨॥ ઉત્સેધાંગુલ પહોળું તે એક પ્રમાણાંગુલ કહેવાય.

અનુયોગદ્વારમાં એક પ્રમાણાંગુલીય ૧ યોજનમાં ૨॥ યોજન. (ઉત્સેધાંગુલથી ૨॥ ગુણ વિષ્કંભ વડે) તે ૧૦ ગાઉ પ્રમાણનો પક્ષ માન્યો છે.

✦ ✦ ✦

**૨૧૩. શરીર, પર્વત, વિમાનાદિકનું પ્રમાણ કયા અંગુલ વડે મપાય :**

**(બૃહત્સંગ્રહણી ગાથા ૩૧૪ મી પા.૫૮૨ માંથી)**

(૧) **આત્માંગુલથી :** વાસ્તુ, કૂપ, તલાવાદિ.

(૨) **ઉત્સેધાંગુલથી :** જીવોનાં શરીરો.

(૩) **પ્રમાણાંગુલથી :** મેરુ આદિ શાશ્વત પદાર્થો, ધર્માદિ નરક પૃથ્વીઓ, સૌધર્માદિ સર્વ વિમાનો, અન્ય શાશ્વત દ્વીપસમુદ્રો મપાય છે.

✧ જે જે સમયે જે જે ઉચિત વિશિષ્ટ મનુષ્યો જે પ્રમાણોપેત ગણાતા હોય તેઓનું જે આત્મીય અંગુલ તે અહીં આત્માંગુલ લેવું. આ આત્માંગુલ તે તે કાળના પુરુષના આત્મીય અંગુલાધીન હોવાથી કાલાદિ ભેદ વડે અનવસ્થિત હોવાથી અનિયત છે. આત્માંગુલ વડે મપાતી સર્વ વસ્તુ અશાશ્વત હોય છે. જ્યારે પ્રમાણાંગુલ વડે મપાતી સર્વ વસ્તુઓ શાશ્વત હોય છે.

✦ ✦ ✦

**૨૧૪. પૃથ્વીકાય અને વનસ્પતિકાય : એમ બંને જાતિનાં કમળો :**

**(બૃહત્સંગ્રહણી ગા.૨૯૫ મી)**

ઉત્સેધાંગુલ તે આઠવાર જવના મધ્યભાગની જાડાઇ જેટલી લાંબી થાય તેટલો ઉત્સેધાંગુલ કહેવાય અને તે ઉત્સેધાંગુલથી ચારસોગણું કરીએ ત્યારે એક પ્રમાણાંગુલ થાય. આ ઉત્સેધાંગુલે હજાર યોજન ઊંડાઇવાળા તે સમુદ્રદ્રહાદિગત આવેલા ગોતીર્થાદિ જલાશયોમાં આ સાધિક હજાર યોજન પ્રમાણવાળાં પ્રત્યેકવનસ્પતિસ્વરૂપ લતા, કમળો વિચારવાં. (જળથી કમળ જેટલું પાણીની ઉપર ઊંચું રહે તેટલું અધિકપણું જાણવું.)

✧ હવે જ્યાં ઉત્સેધાંગુલથી નહીં પણ પ્રમાણાંગુલથી નિષ્પન્ન હજાર યોજન ઊંડાં સમુદ્રાદિ સ્થાનકોમાં કમળોનું અસ્તિત્વ હોય ત્યાં તે કમળો પૃથ્વીકાયના જીવોથી પૃથ્વીકાયસ્વરૂપ જ વિચારવાં. આકાર તો સર્વ



કમળજેવો હોય, માત્ર તે વનસ્પતિકાયરૂપે નહીં પરંતુ પૃથ્વીકાયના જીવોનાં શરીરથી બનેલો હોય છે. જેમ પ્રમાણાંગુલ-નિષ્પન્ન દસ યોજન ઊંડા પદ્મદ્રહમાં શ્રીદેવીનું કમળ પૃથ્વીકાયસ્વરૂપ છે તેમ.

✧ હવે સમુદ્રને વિષે ઉત્સેધાંગુલથી હજાર યોજન ઊંડાઇવાળા સ્થળમાં ગોતીર્થાદિ (તે એક હજાર યોજન ઊંડાઇવાળાં) સ્થાનકો આવેલાં છે. તત્રવર્તી કમળો પૃથ્વીકાય તથા વનસ્પતિકાય : એમ બંને જાતિનાં વિચારવાં.

✦ ✦ ✦

**૨૧૫. કુડવ-પ્રસ્થ આદિનું માન :**

**(કાલલોકપ્રકાશ સર્ગ-૨૮, ગા.૭૧, પા.૩૫માં)**

૪ કર્ષ (તોલા)=૧ પલ, ૩ પલ અને અર્ધ કર્ષ (૩-૧/૮)=૧ કુડવ.

૪ કુડવ (૧૨॥ પલ)=૧ પ્રસ્થ (૫૦ તોલા), ૪ પ્રસ્થ=૧ આઢક (૫૦ પલ).

૪ આઢક=૧ દ્રોણ (૨૦૦ પલ), ૧૬ દ્રોણ=૧ ખારી (૩૨૦૦ પલ)
૨૦ ખારી=૧ વાહ (૬૪૦૦૦ પલ)

✦ ✦ ✦

**૨૧૬. કાળ કરતાં ક્ષેત્ર સૂક્ષ્મ, તેનાથી દ્રવ્ય અને તેનાથી ભાવ સૂક્ષ્મ :**

✧ **પ્ર.** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ : એ ચારમાંથી કોણ કોનાથી સૂક્ષ્મ ?

✧ **સ.** એક આંખના પલકારામાંહે અસંખ્યાતા સમય થાય માટે એ સમયરૂપ કાળ સૂક્ષ્મ છે અને તે થકી વળી ક્ષેત્ર ઘણું જ સૂક્ષ્મ છે. કેમ કે એક અંગુલશ્રેણીપ્રમાણ જે ક્ષેત્ર તેમાંથી એક આકાશરૂપ દ્રવ્યના જે પ્રદેશ તેને સમયે સમયે એકેકો અપહરતાં અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી કાળ વ્યતીત થઇ જાય, માટે કાળ થકી ક્ષેત્ર ઘણું સૂક્ષ્મ છે. તથા ક્ષેત્ર થકી દ્રવ્ય સૂક્ષ્મ છે, કારણ કે એકેક આકાશપ્રદેશરૂપ ક્ષેત્રમાં અનંતાનંત પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓ અવગાહી રહ્યા છે. તથા દ્રવ્યથી ભાવ સૂક્ષ્મ છે. કેમ કે એકેકા પુદ્ગલ પરમાણુઓમાં વળી અનંતા ગુણપર્યાય રહ્યા છે.

એ વિચાર આચારાંગનિર્યુક્તિની ટીકામાં તથા આવશ્યકમાં જાણવો.

✦ ✦ ✦

**૨૧૭.સાત ગતિ :**

(૧) સ્થાવર સૂક્ષ્મ (૨) સ્થાવર બાદર (૩) વિકલેન્દ્રિય (૪) તિર્યંચ પંચેન્દ્રિય (૫) દેવતા (૬) નારકી (૭) મનુષ્ય - એમ અનેક રીતે સાત ગતિ થાય છે. (ગોત્રકર્મનિવારણપૂજાની ૭મી પૂજા)

✧ ✧ ✧

**૨૧૮.સાતમી નરકમાં કેટલા રોગો છે ? :**

૫,૬૮,૯૯,૫૮૪ (પાંચ ક્રોડ, અડસઠ લાખ, નવ્વાણું હજાર, પાંચસો ચોર્યાસી). આટલા રોગો સાતમી નરકનો જીવ એકલો ભોગવે છે.

✧ ✧ ✧

**૨૧૯.હાલમાં દેવગતિ અને નરક કેટલા સુધી ?**

- વર્તમાનમાં છેવઠ્ઠું સંઘયણ હોવાથી ચાર દેવલોક સુધી ઊપજવું થાય છે.
- વર્તમાનમાં છેવઠ્ઠું સંઘયણ હોવાથી બીજી નરક સુધી જાય છે. (બૃહત્સંગ્રહણી પા. ૪૯૭) સામાન્યથી :-
- અસંજ્ઞીપંચેન્દ્રિય, છેવઠ્ઠા તિર્યંચ પંચેન્દ્રિય પહેલી નરકમાં જાય.
- ભૂજપરિસર્પ બીજી નરક સુધી.
- પક્ષી, ખેચરો (કીલિકા સંઘયણવાળા) ત્રીજી નરક સુધી.
- સિંહાદિ ચાર પગવાળા (અર્ધનારાચ સંઘયણવાળા) ચોથી નરક સુધી.
- ઉરપરિસર્પ (નારાચ સંઘયણવાળા) પાંચમી નરક સુધી.
- સ્ત્રી, સ્ત્રીરત્નાદિ તથા ઋષભનારાચ સંઘયણવાળા છઠ્ઠી નરક સુધી જાય.
- મનુષ્ય, મત્સ્ય, તંદુલિયા મત્સ્ય, વજ્રઋષભનારાચસંઘયણવાળા સાતમી નરક સુધી.

✧ ✧ ✧

**૨૨૦.કેટલા સંઘયણવાળા કયા દેવલોકમાં જાય ? :**

- છેવઠ્ઠા સંઘયણવાળા ચાર દેવલોક સુધી.
- કીલિકા સંઘયણવાળા લાંતક વૈમાનિક સુધી.
- અર્ધનારાચ સંઘયણવાળા સહસ્રાર વૈમાનિક સુધી.
- નારાચ સંઘયણવાળા પ્રાણત વૈમાનિક સુધી.



- ઋષભનારાચ સંઘયણવાળા અચ્યુત વૈમાનિક સુધી.
- વજ્રઋષભનારાચ સંઘયણવાળા સિદ્ધશિલા સુધી.

✧ ✧ ✧

**૨૨૧.ચોસઠ ઈન્દ્રોનાં નામ :**

ભવનપતિના-૨૦, વ્યંતરના-૧૬, વાણવ્યંતરના-૧૬, જ્યોતિષના-૨, વૈમાનિકના-૧૦ = ૬૪ ઈન્દ્રો.

- **ભવનપતિના ૨૦ :** દરેક ભવનપતિનિકાયમાં દક્ષિણ અને ઉત્તર એમ બે શ્રેણીઓને આશ્રયીને બબ્બે ઈન્દ્ર હોય છે : (૧) અસુરકુમાર=ચમર અને બલિ. (૨) નાગકુમાર=ધારણ અને ભૂતાનંદ. (૩) વિદ્યુતકુમાર=હરિ અને હરિષહ. (૪) સુવર્ણકુમાર=વેણુદેવ અને વેણુદાહી. (૫) અગ્નિકુમાર=અગ્નિશિખ અને અગ્નિમાણવક. (૬) વાયુકુમાર=વેલંબ અને પ્રભંજન. (૭) સ્તનિતકુમાર=સુઘોષ અને મહાઘોષ. (૮) ઉદધિકુમાર=જલકાંત અને જલપ્રભ. (૯) દ્વીપકુમાર=પૂર્ણ અને વસિષ્ઠ. (૧૦) દિક્કુમાર=અમિતગતિ અને અમિતવાહન.
- **વ્યંતરના ૧૬ :** (૧) કિન્નરોમાં=કિન્નર-કિંપુરુષ. (૨) કિંપુરુષોમાં= સત્પુરુષ-મહાપુરુષ. (૩) મહોરગમાં=અતિકાય-મહાકાય. (૪) ગાંધર્વોમાં=ગીતરતિ-ગીતયશ. (૫) યક્ષોમાં=પૂર્ણભદ્ર-માણિભદ્ર. (૬) રાક્ષસોમાં=ભીમ-મહાભીમ. (૭) ભૂતોમાં=સુરૂપ-અપ્રતિરૂપ. (૮) પિશાચોમાં=કાલ-મહાકાલ.
- **વાણવ્યંતરના ૧૬ :** (૧) અપ્રજ્ઞપ્તિક=સન્નિહિત-સમાન. (૨) પંચપ્રજ્ઞપ્તિક=ધાતા-વિધાતા. (૩) ઋષિવાદિત=ઋષિ-ઋષિપાલ. (૪) ભૂતવાદિત=ઈશ્વર-મહેશ્વર. (૫) કંદિત=સુવત્સ-વિશાલ. (૬) મહાકંદિત=હાસ-હાસરતિ. (૭) કુષ્માડો=શ્વેત-મહાશ્વેત. (૮) પતક=પતાક-પતકપતિ.
- **જ્યોતિષના ૨ :** (૧) ચંદ્ર (૨) સૂર્ય. ચંદ્ર અને સૂર્ય અસંખ્ય છે એટલે તેના ઈન્દ્રો પણ અસંખ્ય છે. પરંતુ અહીં જ્યોતિષી બે ગણેલ છે.
- **વૈમાનિકના ૧૦ :** (૧) સૌધર્મદેવલોકમાં-શક્ર. (૨) ઈશાન-ઈશાન. (૩) સનત્કુમાર-સનત્કુમાર. (૪) મહેન્દ્ર-મહેન્દ્ર. (૫) બ્રહ્મ-

બ્રહ્મા. (૬) લાંતક-લાંતક. (૭) મહાશુક્ર-મહાશુક્ર. (૮) સહસ્રાર-સહસ્રાર. (૯-૧૦) આનત-પ્રાણતદેવલોકમાં-પ્રાણત. (૧૧-૧૨) આરણ-અચ્યુતદેવલોકમાં-અચ્યુત.

**૨૨૨.એક ક્રોડ સાઠ લાખ કળશોનું વર્ણન :**

ભવનપતિના વીશ ઈન્દ્રોના-૨૦, વ્યંતરના બત્રીસ ઈન્દ્રોના-૩૨, વૈમાનિકના દસ ઈન્દ્રોના-૧૦, મનુષ્યક્ષેત્રના એકસો બત્રીસ ઈન્દ્રોના-૧૩૨ = ૧૯૪ અભિષેક.

અસુરકુમારની દસ ઈન્દ્રાણીના-૧૦, નાગકુમારાદિ નવ નિકાયની, છ દક્ષિણની, છ ઉત્તરની ઈન્દ્રાણીના મળી-૧૨, વ્યંતરની ચાર ઈન્દ્રાણીના-૪, જ્યોતિષની ચાર ઈન્દ્રાણીના-૪, સૌધર્મ અને ઈશાનની સોળ ઈન્દ્રાણીના-૧૬ = ઈન્દ્રાણીના ૪૬ અભિષેક.

સામાનિક દેવનો-૧, ત્રાયસ્ત્રિંશક દેવનો-૧, લોકપાલદેવના-૪, અંગરક્ષક દેવનો-૧, પર્ષદ દેવતાનો-૧, અનિકાધિપતિનો-૧, પ્રકીર્ણ દેવોનો-૧ = ૧૦ અભિષેક. બધા મળી કુલ ૨૫૦ અભિષેક થાય.

એક એક અભિષેકમાં એક એક જાતિના આઠ આઠ હજાર કળશો મળી ૬૪૦૦૦ થાય. એમાં (૧) સુવર્ણ (૨) રજત (૩) રત્ન (૪) સુવર્ણ તથા રત્ન (૫) સુવર્ણ તથા રજત (૬) રજત તથા રત્ન (૭) સુવર્ણ, રજત, રત્ન અને (૮) માટીના આઠ આઠ હજાર કળશો મળી કુલ ૬૪૦૦૦ (ચોસઠ હજાર).

૬૪૦૦૦ કળશોથી અભિષેક થાય તેવા ૨૫૦ અભિષેક હોવાથી ૬૪૦૦૦ x ૨૫૦ = ૧,૬૦,૦૦,૦૦૦ (એક ક્રોડ સાઠ લાખ) થાય. કળશાનું માપ પચ્ચીશ યોજન ઊંચા, બાર યોજન પહોળા અને નાળચું એક યોજનનું હોય છે.

**૨૨૩.દેવોના વિષયભોગ અને દેવીઓની ઉત્પત્તિ :**

(૧) ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન સુધીના દેવો મનુષ્યની માફક વિષયસેવન કરવાવાળા કાયસેવી.

(૨) સનત્કુમાર-મહેન્દ્ર=સ્પર્શસેવી.

(૩) બ્રહ્મલોક-લાંતક=રૂપસેવી.



(૪) મહાશુક્ર-સહસ્રાર=શબ્દસેવી.

(૫) આનત-પ્રાણત-આરણ-અચ્યુત=મનસેવી.

(૬) પાંચ અનુત્તર-નવગ્રૈવેયક=વિષયસેવનથી રહિત હોય છે.

દેવીઓની ઉત્પત્તિ બીજા દેવલોક સુધી અને તેમની ગતિ આઠમા દેવલોક સુધી જ હોય છે. તેથી કરીને ત્રીજા કે તેથી અધિક દેવલોકના દેવો કામાતુર થાય ત્યારે આ દેવીઓ તેમની પાસે પહોંચી જાય છે અને સ્પર્શાદિ વડે તેમની કામવાસના શાંત કરે છે. (શ્રી જયાનંદ કેવલી ચરિત્ર પા.નં. ૧૯માંથી).

**૨૨૪.એક ઈન્દ્રના ભવમાં દેવીઓ કેટલી થાય ? :**

બે ક્રોડાક્રોડ, પંચાસી લાખ ક્રોડ, એકોત્તેર હજાર ક્રોડ, ચારસો ક્રોડ, અઠ્ઠાવીસ ક્રોડ, સત્તાવન લાખ, ચૌદ હજાર બસો ને પચ્ચીસ. (૨૮૫૭૧૪૨૮,૫૭,૧૪,૨૨૫) એક ઈન્દ્રના ભવમાં આટલી દેવીઓ ઉત્પન્ન થઈ મૃત્યુ પામે છે. (બૃહત્સંગ્રહણી૬૭)

**૨૨૫.નલિનીગુલ્મવિમાન :**

સૌધર્મ દેવલોકમાં નલિનીગુલ્મ વિમાન છે.

(ઉપદેશપ્રાસાદ ભા.૪ વ્યાખ્યાન-૨૬૨ પા.૨૯૭)

**૨૨૬.દેવગતિમાં કયા કયા જીવો આવી આવી ઊપજે તે :**

**(બૃહત્સંગ્રહણી ગા.૧૫૦-૧૫૮)**

અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા સર્વે મનુષ્ય અને તિર્યંચ યુગલિકો નિશ્ચે પોતાના આયુષ્ય સરખા અથવા ઓછા આયુષ્યવાળા ઈશાન સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે. (પરંતુ સનત્કુમારાદિ ઉપરના દેવોમાં નહિ)

છપ્પન અંતર્દ્વીપના જીવો ભવનપતિ અને વ્યંતર એ બે નિકાયમાં જ ઊપજે. (૧૦૨ ભેદ)

દેવકુરુ તથા ઉત્તરકુરુના જીવો ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ તથા ઈશાન સુધી ઊપજે, તેમનું આયુષ્ય ત્રણ પલ્યોપમ સુધીનું હોય છે. (૧૨૮ ભેદ)

હરિવર્ષ તથા રમ્યક્ક્ષેત્રના જીવો ભવનપતિ, વ્યંતર અને જયોતિષ તથા ઇશાન સુધી ઊપજે, તેમનું આયુષ્ય બે પલ્યોપમ સુધીનું હોય છે. (૧૨૮ ભેદ)

હિમવંત-હૈરણ્યવંતના જીવો ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ તથા સૌધર્મ ઇશાન સુધી ઊપજે. (૧૨૬ ભેદ)

નિજાયુતુલ્ય એક પલ્યોપમનું આયુષ્ય હોય અથવા હીન સ્થિતિ હોય. (ગા.૧૫૦)

અધ્યવસાયવિશેષથી ગતિમાં તરતમપણું હોય છે.

સંમૂર્ચ્છિમ તિર્યંચો ભુવનપતિ તથા વ્યંતર એ બે નિકાય સુધી જ ઊપજે. (૧૦૨ ભેદ) (ગા.૧૫૧)

(૧) બાલતપસ્વી. (અજ્ઞાનતપ, મિથ્યાત્વીના પંચાગ્નિ પ્રમુખ તપમાં આસક્ત)
(૨) ઉત્કૃષ્ટ રોષવાળા (દ્વૈપાયનઋષિ અગ્નિકુમારમાં ઊપજી દ્વારિકા બાળી તે)
(૩) અહંકાર કરનારા અને
(૪) વેર લેવામાં આસક્ત જીવો મરીને અસુરકુમારાદિ દસ ભુવનપતિ દેવમાં ઉત્પન્ન થાય છે. (ગા.૧૫૨)

નિજ નિજ ક્રિયામાં સ્થિત એવા(પોતપોતાના આગમમાં કહેલી ક્રિયામાં રક્ત થયેલા)ઓ તાપસ, ચરક, પરિવ્રાજકો જઘન્યથી વ્યંતરમાં અને ઉત્કૃષ્ટથી ભુવનપતિથી બ્રહ્મકલ્પ સુધી. (ગા.૧૫૪) (૧) દોરડાનો ફાંસો ખાવાથી. (૨) વિષના ભક્ષણથી. (૩) પાણી અને (૪) અગ્નિમાં પ્રવેશ કરવાથી મરેલા. (૫-૬) ભૂખ, તૃષાથી મરેલા. (૭) વિરહાગ્નિના દુઃખથી મરેલા અને (૮) પર્વતના શિખર ઉપરથી પડવાથી મરેલા શુભભાવે મરી વ્યંતરમાં જાય છે. (૧૫૩)

સમ્યક્ત્વ-દેશવિરતિસહિત એવા પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો આઠમા સહસ્રાર દેવલોક સુધી ઊપજે. (૧૫૪)

દેશવિરતિ શ્રાવકો અને ગોશાળાના મતને અનુસરનારા આજીવક મિથ્યાદૃષ્ટિઓ મરીને ઉત્કૃષ્ટથી બારમા દેવલોક સુધી ઉત્પન્ન થાય છે. (જઘન્યથી સૌધર્મદેવલોકમાં)

યતિલિંગી (સાધુનો વેષ ધારણ કરનાર) મિથ્યાદૃષ્ટિ બાહ્યથી સાધુની દશ સામાચારીના પ્રભાવે (અંગારમર્દકાચાર્યની જેમ) ક્રિયાના બળે ઉત્કૃષ્ટથી



નવ ગ્રૈવેયક સુધી ઊપજે (જઘન્યથી વ્યંતર). છદ્મસ્થ યતિ ઉત્કૃષ્ટથી સર્વાર્થ સિદ્ધે, ચૌદપૂર્વી જઘન્યથી લાંતકે ઊપજે અને પ્રમાદથી તો નિગોદમાં પણ જાય.

## ૨૨૭.દેવતાને નિદ્રા હોય :

**(મહાવીરચરિયં ભા. પા.૪૫૧ માંથી)**

ત્રીજા અણુવ્રત ઉપર વસુદત્તની કથામાં ચ્યવનકાળ નજીક આવવાથી વિદ્યુત્પ્રભદેવની વિચારણામાં મારાં બે નેત્રો સ્વભાવથી જ નિમેષરહિત છે તે હમણાં દેવપણામાં વિરુદ્ધ એવું મીંચાવું અને ઉઘાડવું કેમ કરે છે ? મારું ચિત્ત નાટક વગેરેમાં વ્યગ્ર છે. છતાં વૈરિણીની જેમ પાપી નિદ્રા વચ્ચે વચ્ચે અવસર પામીને કેમ મને ઉપદ્રવ કરે છે ? તેવી રીતે કહારયણકોશમાં પહેલા સમ્યક્ત્વ ઉપર નરવર્મરાજાના દૃષ્ટાંતમાં વિજજપ્રભદેવ ભા.પા.૧૧માં, સમરાદિત્ય કથામાં છઠ્ઠા ભવમાં અર્હદ્દત્ત આચાર્યના વૃત્તાંતમાં ભા.પા.૨૩૪માં.

## ૨૨૮.સંમૂર્ચ્છિમ મનુષ્યને ઊપજવાનાં ચૌદ સ્થાનો :

(૧) લઘુનીતિ (૨) વડીનીતિ (૩) શ્લેષ્મ (૪) શરીરના મેલમાં (૫) નાકના મેલમાં (૬) ઊલટીમાં (૭) પિત્તમાં (૮) પરુમાં (૯) લોહીમાં (૧૦) વીર્યમાં (૧૧) મૃત કલેવરમાં (૧૨) સ્ત્રી-પુરુષના સંભોગમાં (૧૩) નગરની ખાળમાં (૧૪) સર્વ અશુચિસ્થાનમાં.

સમયે સમયે અસંખ્ય સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવો ઊપજે અને ચ્યવે છે.

## ૨૨૯.સાત ધાતુનાં નામ :

(૧) રસ (૨) અસ્થિ (૩) મજ્જા (૪) માંસ (૫) રુધિર (૬) મેદ (૭) શુક્ર.

## ૨૩૦.કાર્મણ શરીર :

કાર્મણ શરીર એક જ હોય. તૈજસ શરીર લબ્ધિની અપેક્ષાવાળું સર્વને નહીં પણ કોઇકને જ હોય છે. પાચનશક્તિ કાર્મણ શરીર કરી શકે છે. (દ્રવ્ય-લોકપ્રકાશમાં પા.૧૬૨ ભાષાંતર, તત્ત્વાર્થભાષ્યમાંનો પાઠ)

## ૨૩૧.કયા જીવને કેટલા સંઘયણ હોય ?

- ગર્ભજ મનુષ્યને છ સંઘયણ.
- ગર્ભજ તિર્યંચને છ સંઘયણ.
- સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્ય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, વિકલેન્દ્રિયને સેવાર્ત.
- દેવતા, નારકી અને એકેન્દ્રિયને સંઘયણ નથી.

✦ ✦ ✦

## ૨૩૨. 'છ' સંસ્થાન : કોને કેટલા હોય ? :

(૧) સમચતુરસ્ર (૨) ન્યગ્રોધ (૩) સાદિ (૪) કૂબડો (૫) વામન (૬) હુંડક.

- ગર્ભજ મનુષ્યને છ સંસ્થાન.
- ગર્ભજ તિર્યંચને છ સંસ્થાન.
- દેવોને પહેલું સંસ્થાન.
- વિકલેન્દ્રિય, નારકી અને એકેન્દ્રિયને હુંડક સંસ્થાન.

✦ ✦ ✦

## ૨૩૩.પાંચમા આરામાં સંઘયણ અને સંસ્થાન કેટલા હોય ? :

આ આરાના આદિમાં સંહનન (સંઘયણ) અને સંસ્થાન છયે છ હોય છે. પરંતુ સંઘયણમાં ક્રમથી વિચ્છેદ થતાં છેવટે 'સેવાર્ત' રહે છે. તે આવી રીતે—

આ અવસર્પિણીમાં શ્રી સ્થૂલભદ્ર સ્વર્ગવાસી થયા પછી પહેલું સંઘયણ વિચ્છેદ પામ્યું અને શ્રી વજસ્વામીના સ્વર્ગવાસ પછી ચાર સંઘયણ વિચ્છેદ પામ્યા. ચોથા આરામાં જન્મેલાનો આ પાંચમા આરામાં મોક્ષ સંભવે છે પણ આ પાંચમા આરામાં જન્મેલાને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. (કાલ-લોકપ્રકાશ પા. ૫૯૨)

શ્રી સ્થૂલભદ્રના સ્વર્ગવાસ પછી પહેલું સંઘયણ તથા પહેલું સંસ્થાન વિચ્છેદ ગયું. (પ્રકરણરત્નસંગ્રહ ભા.૧લો, કાલસપ્તતિકા પ્રકરણમાં પા. ૪૧માં)

✦ ✦ ✦

## ૨૩૪.સ્વકાયસ્થિતિ :

**(પંચસંગ્રહમાંથી)**

સર્વ અપર્યાપ્ત, પર્યાપ્ત-અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ ચાર તથા સૂક્ષ્મબાદર સાધારણ વનસ્પતિકાય એ દરેકની અલગ અલગ (પર્યાપ્ત-



અપર્યાપ્ત સૂક્ષ્મની ભેગી તથા સૂક્ષ્મબાદર નિગોદની ભેગી) સ્વકાયસ્થિતિ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એમ બંને રીતે અંતર્મુહૂર્ત પ્રમાણ છે. (ગા.૪૯)

સામાન્યથી સર્વ બાદરની તેમ જ સર્વ બાદર વનસ્પતિકાયની સ્વકાયસ્થિતિ ઉત્કૃષ્ટથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ અને ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય આકાશપ્રદેશતુલ્ય સમય પ્રમાણ અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ. (કોઇ જીવ ઉપરાઉપરી બાદરના ભવો કરે, સૂક્ષ્મ ન થાય તો.) (ગા.૫૦)

સામાન્યથી બાદર પૃથ્વીકાયાદિની (અપ્, તેઉ, વાયુ, પ્રત્યેક, બાદર સાધારણ વનસ્પતિકાયની) પ્રત્યેકની અલગ અલગ ઉત્કૃષ્ટ સ્વકાયસ્થિતિ સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે. (ગા.૫૧)

સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ ચારની અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયની દરેકની જુદી જુદી સ્વકાયસ્થિતિ ઉત્કૃષ્ટથી અસંખ્ય લોકાકાશ પ્રમાણ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

સામાન્યથી સાધારણ વનસ્પતિકાયમાત્રની ઉત્કૃષ્ટ સ્વકાયસ્થિતિ અઢી પુદ્ગલપરાવર્તનકાળ પ્રમાણ અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

જો પર્યાપ્ત-અપર્યાપ્તરૂપ વિશેષણની અપેક્ષા કર્યા વિના સામાન્યથી સૂક્ષ્મનો કાયસ્થિતિકાળ ઉત્કૃષ્ટથી અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

સૂક્ષ્મ બાદર પર્યાપ્ત કે અપર્યાપ્ત એ કોઇ પણ વિશેષણ વિનાના સામાન્યથી નિગોદ (સાધારણવનસ્પતિકાય) જીવ વારંવાર નિગોદમાં ઉત્પન્ન થાય છે. તેની કાયસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કાળને આશ્રયીને અનંત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ અનંતકાળ અને ક્ષેત્રથી અઢી પુદ્ગલ પરાવર્તનકાળ છે. આ સાંવ્યવહારિક જીવોને આશ્રયીને છે. કારણ કે અસાંવ્યવહારિક જીવોની કાયસ્થિતિ તો અનાદિની છે.

પંચસંગ્રહ ભા.માં પા.૨૮૧ પ્રશ્નોત્તરીમાં પ્ર.૪૨ના જવાબમાં સામાન્યથી નિગોદની અઢી પુદ્ગલ પરાવર્તન (અનંત ઉત્સર્પિણી અવસર્પિણી) બાદર નિગોદની સિત્તેર કોટાકોટી સાગરોપમ, સૂક્ષ્મ નિગોદની અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી અને પર્યાપ્ત નિગોદ તથા અપર્યાપ્ત નિગોદની

સ્વકાયસ્થિતિ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે. (૧ ક્ષુલ્લક ભવમાં ૨૫૬ આવલિકા થાય છે. ૧ શ્વાસોશ્વાસમાં ૧૭થી અધિક ક્ષુલ્લકભવો થાય છે. ૧ મિનિટમાં ૧૩૬૫ ભવો અને ૧ કલાકમાં ૮૧,૯૨૦ ભવો થાય છે.)

✦ ✦ ✦

### ૨૩૫.યોનિની સમજ :

યોનિ એટલે જીવને ઊપજવાનાં સ્થાનક. તે બધાં મળીને ચોર્યાશી લાખ ઉત્પત્તિસ્થાન છે. સ્થાનક તો તે કરતાં પણ વધારે છે. પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વડે કરી જેટલાં સ્થાનક સરખાં હોય તે એક સ્થાનક ગણાય. તેની ગણતરી આ પ્રમાણે છે - પૃથ્વીકાયના મૂળભેદ ૩૫૦, તેને પાંચ વર્ણ વડે ગુણતાં ૧૭૫૦ થયા. બે ગંધે ગુણતાં-૩૫૦૦, પાંચ રસે ગુણતાં-૧૭૫૦૦, આઠ સ્પર્શે ગુણતાં-૧,૪૦,૦૦૦ થયા. પાંચ સંસ્થાને ગુણતાં-સાત લાખ ભેદ પૃથ્વીકાયના થયા. એમ બધાની ગણતરી કરવી.

✦ ✦ ✦

### ૨૩૬.કુલકોટી સંખ્યા :

એક યોનિમાં અનેક કુલ હોય. જેમ કે છાણરૂપ યોનિમાં કૃમિ, કીટ, વૃશ્ચિકકુલ વગેરે. વનસ્પતિકાય-૨૮ લાખ, પૃથ્વી-૧૨ લાખ, અપ્-૭ લાખ, તેઉ-૩ લાખ, વાઉ-૭ લાખ, બેઇન્દ્રિય-૭ લાખ, તેઇન્દ્રિય-૮ લાખ, ચઉરિન્દ્રિય-૯ લાખ, તિર્યંચ પંચેન્દ્રિય જલચર-૧૨॥ લાખ, ખેચર-૧૨ લાખ, ચતુષ્પદ-૧૦ લાખ, ઉરપરિસર્પ-૧૦ લાખ, ભૂજપરિસર્પ-૯ લાખ=૧૩૪॥ લાખ, નારક-૨૫, દેવ-૨૬, મનુષ્ય-૧૨. કુલ ૧૯૭॥ લાખ (એક ક્રોડ સાડી સત્તાણું લાખ)

✦ ✦ ✦

### ૨૩૭.યોનિસંખ્યા સામે કુલકોટીસંખ્યા (લોકપ્રકાશમાં) :

| કાય | યોનિસંખ્યા | કુલકોટીસંખ્યા |
|---|---|---|
| પૃથ્વીકાય | ૭ લાખ | ૧૨ લાખ |
| અપ્કાય | ૭ લાખ | ૭ લાખ |
| તેઉકાય | ૭ લાખ | ૩ લાખ |
| વાયુકાય | ૭ લાખ | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦ લાખ | ૨૮ લાખ (બંને મળીને) |
| સાધારણ વનસ્પતિકાય | ૧૪ લાખ | |
| બે ઇન્દ્રિયવાળા જીવો | ૨ લાખ | ૭ લાખ |
| ત્રણ ઇન્દ્રિયવાળા જીવો | ૨ લાખ | ૮ લાખ |
| ચાર ઇન્દ્રિયવાળા જીવો | ૨ લાખ | ૯ લાખ |
| તિર્યંચ પંચેન્દ્રિય જીવો | ૪ લાખ | જલચર - ૧૨॥ લાખ |
| | | ખેચર - ૧૨ લાખ |
| | | ચતુષ્પદ - ૧૦ લાખ |
| | | ઉર પરિસર્પ - ૧૦ લાખ |
| | | ભુજ પરિસર્પ - ૯ લાખ |
| | **૬૨ લાખ** | **૧૩૪॥ લાખ** |
| નારક | ૪ લાખ | ૨૫ લાખ |
| દેવ | ૪ લાખ | ૨૬ લાખ |
| મનુષ્ય | ૧૪ લાખ | ૧૨ લાખ |
| | **૮૪ લાખ** | **૧૯૭॥ લાખ** |

✦ ✦ ✦

### ૨૩૮.એક પુત્રને નવસો પિતા :

- **પ્રશ્ન :** ભગવતીસૂત્રમાં એક પુત્રને નવસો પિતા હોય - એમ કહ્યું છે- તે કેવી રીતે ?
- **ઉત્તર :** બાર મુહૂર્ત સુધી વીર્ય નાશ પામતું નથી. તેથી તેટલા કાળમાં નવસો બળદ વગેરેએ ભોગવેલી ગાય વગેરેને જે ગર્ભ ઉત્પન્ન થાય છે તે તેટલાનો પુત્ર ગણાય છે - એમ ભગવતીસૂત્રમાં એક પુત્રને નવસો પિતા કહ્યા છે તે ઉપર મુજબ ઘટે છે. (સેનપ્રશ્ન પા.નં. ૧૧૮માંથી) બીજી રીતે—

  કોઇ દૃઢ સંઘયણવાળી કામાતુર યુવાન સ્ત્રી તે બાર મુહૂર્તની અંદર ઉત્કૃષ્ટથી નવસો પુરુષો સાથે ભોગો ભોગવે અને તેથી જે પુત્ર થાય તે નવસો પિતાનો પુત્ર થાય. (પ્રવચનસારોદ્ધાર, દ્વાર ૨૪૬માં ગાથા-૧૦૭૮માં ભાગ બીજામાં પા. ૫૯૮માં જણાવ્યું છે.)

✦ ✦ ✦

## ૨૩૯.એક પૂર્વનાં વર્ષ :

સિત્તેર લાખ ક્રોડ અને છપ્પન હજાર ક્રોડ વર્ષનું એક પૂર્વ. ચોર્યાશી લાખને ચોર્યાશી લાખથી ગુણીએ ત્યારે એક પૂર્વ થાય. (૮૪,૦૦,૦૦૦ x ૮૪,૦૦,૦૦૦=૭૦૫૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦)

✧ ✧ ✧

## ૨૪૦.કોણ કયા અનંતે ? :

અભવી - ચોથે અનંતે, સમકિતથી ભ્રષ્ટ અને સિદ્ધો પાંચમે અનંતે. નીચેના બાવીસ - આઠમે અનંતે–

(૧) બાદર પર્યાપ્ત વનસ્પતિ (૨) બાદર પર્યાપ્તા (૩) અપર્યાપ્તા બાદર વનસ્પતિ (૪) બાદર અપર્યાપ્તા (૫) સર્વ બાદર (૬) સૂક્ષ્મ અપર્યાપ્ત વનસ્પતિ (૭) સૂક્ષ્મ અપર્યાપ્તા (૮) સૂક્ષ્મ પર્યાપ્ત વનસ્પતિ (૯) સૂક્ષ્મ પર્યાપ્ત (૧૦) સર્વ સૂક્ષ્મ (૧૧) ભવિ (૧૨) નિગોદ (૧૩) વનસ્પતિ (૧૪) એકેન્દ્રિય (૧૫) તિર્યંચ (૧૬) મિથ્યાદષ્ટિ (૧૭) અવિરતિ (૧૮) સકષાયી (૧૯) છદ્મસ્થ (૨૦) સયોગી (૨૧) સંસારી (૨૨) સર્વ જીવો.

આ બાવીસ આઠમે અનંતે છે અને તેઓ એકબીજાથી અધિક અધિક છે. (દ્રવ્યલોકપ્રકાશમાંથી પા.૩૦ ગાથા ૨૦૯ થી ૨૧૨)

✧ ✧ ✧

## ૨૪૧.ચાર પ્રકારે ઉપરાઉપર અનંતા :

(૧) અભવ્યજીવ અનંતા છે. (૨) તે થકી સિદ્ધના જીવ અનંતા છે. (૩) તે થકી ભવ્ય જીવ અનંતા છે. (૪) તે થકી જાતિભવ્ય જીવ અનંતા છે.

✧ ✧ ✧

## ૨૪૨.ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં ધર્મનું અસ્તિત્વ ક્યારે ? :

ઉત્સર્પિણીના ચોથા આરાના નેવ્યાશી પક્ષ વ્યતીત થયે એ ઉત્સર્પિણીના ચોવીસમા છેલ્લા તીર્થપતિનો જન્મ થાય. એ તારક ત્ર્યાશી લાખ પૂર્વ સુધી ગૃહસ્થવાસમાં રહ્યા પછી દીક્ષિત બન્યા બાદ એક હજાર વર્ષે કેવળજ્ઞાન પામ્યા પછી એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ જેટલો કાળ વિચરીને એ તારક નિર્વાણ પામ્યા. એ પછીથી પણ સંખ્યાત લાખ પૂર્વ



પર્યંત ધર્મનું અસ્તિત્વ રહે છે. અવસર્પિણીના ત્રીજા આરાનો ઘણો મોટો ભાગ પણ ધર્મરહિતપણે જ પસાર થયો છે. જ્યારે માત્ર ચોર્યાશી લાખ પૂર્વ અને નેવ્યાશી પક્ષ કાળ બાકી રહ્યો ત્યારે તો પહેલા જિનેશ્વરનો જન્મ થાય તે પછી પણ ત્ર્યાસી લાખ પૂર્વ અને એક હજાર વર્ષ વ્યતીત થયે ધર્મતીર્થની સ્થાપના થાય. આથી એક હજાર વર્ષ ન્યૂન એવા એક લાખ પૂર્વ અને નેવ્યાશી પક્ષ જેટલો સમય જ આ અવસર્પિણીના ત્રીજા આરામાં ધર્મનું અસ્તિત્વ હતું.

✧ ✧ ✧

## ૨૪૩.અવસર્પિણીના 'છ' આરાનું વર્ણન :

| | |
|---|---|
| ૧. સુષમસુષમા | ચાર કોડાકોડી સાગરોપમ |
| ૨. સુષમ | ત્રણ કોડાકોડી સાગરોપમ |
| ૩. સુષમદુષમ | બે કોડાકોડી સાગરોપમ (પ્રથમ તીર્થંકર, પ્રથમ ચક્રવર્તીનો જન્મ થાય છે.) |
| ૪. દુષમસુષમ | બેંતાલીશ હજાર ન્યૂન એક કોડાકોડી સાગરોપમ (ત્રેવીસ તીર્થંકર, અગિયાર ચક્રવર્ત્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બલદેવ થાય છે.) |
| ૫. દુષમ | એકવીસ હજાર વર્ષનો. |
| ૬. દુષમદુષમ | એકવીસ હજાર વર્ષનો. |

- ✧ અવસર્પિણીમાં ત્રીજા આરાના નેવ્યાશી પક્ષ બાકી રહે ત્યારે પહેલા જિનેશ્વર સિદ્ધ થાય.
- ✧ અવસર્પિણીમાં ચોથા આરાના નેવ્યાશી પક્ષ બાકી રહે ત્યારે અંતિમ જિનેશ્વર સિદ્ધ થાય.
- ✧ ઉત્સર્પિણીમાં ત્રીજા આરાના નેવ્યાશી પક્ષ જાય ત્યારે પહેલા જિનેશ્વરનો જન્મ થાય.
- ✧ ઉત્સર્પિણીમાં ચોથો આરો નેવ્યાશી પક્ષ વીત્યા પછી અંતિમ જિનેશ્વરનો જન્મ થાય. (લઘુક્ષેત્રસમાસ પા.૧૭૩)

✧ ✧ ✧

## ૨૪૪.પલ્યોપમનું વર્ણન :

(૧) **બાદર ઉદ્ધાર પલ્યોપમ :** સંખ્યાતા સમય. એક વાળના બીજા ખંડ ન થાય તેવા સમયે સમયે કાઢે. કહેવા માત્ર, કામના નહીં.

(૨) **સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ :** સંખ્યાત ક્રોડ વરસ. વાલાગ્રના પૃથ્વીકાય જીવના શરીર જેવડા અસંખ્યાત ખંડ કલ્પવા. સમયે સમયે કાઢવા. દ્વીપ સમુદ્ર મપાય.

(૩) **બાદર અદ્ધા પલ્યોપમ :** સંખ્યાતા કોડાકોડી વરસ. કહેવામાત્ર, કામના નહીં. વાલાગ્રના એકેક ખંડ સો સો વરસે કાઢવા.

(૪) **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ :** અસંખ્યાત કોડાકોડી વરસ. વાલાગ્રના અસંખ્યાત ખંડ સો સો વરસે એકેક કાઢવા. જીવના આયુષ્ય-કાયસ્થિતિ-કર્મસ્થિતિ અને પુદ્‌ગલસ્થિતિ માપવા.

(૫) **બાદરક્ષેત્ર પલ્યોપમ :** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ. વાળના વાલાગ્રે સ્પૃષ્ટ જે આકાશપ્રદેશ સમયે સમયે અપહરતા. કહેવામાત્ર, કામના નહીં.

(૬) **સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ :** બાદર કરતા અસંખ્યાત પ્યાલાને વાલાગ્રે ફરસ્યા અને અણ ફરસ્યા. સર્વ આકાશપ્રદેશને સમયે સમયે અપહરે તે પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયના જીવનું પ્રમાણ મપાય.

✧ ✧ ✧

## ૨૪૫. સંખ્યાત-અસંખ્યાત કાળ :

સિદ્ધાંતમાં સર્વત્ર પૂર્વકોટિથી આગળ અધિક સ્થિતિ ધરાવનારા મનુષ્ય અને તિર્યંચોને સંખ્યાતા આયુષ્યવાળા તરીકે વ્યવહાર કરેલો જ નથી. તેને માટે આ પ્રમાણે કહ્યું છે કે અહીં અસંખ્યાત વર્ષના આયુષ્યવાળામાં જે જઘન્ય સ્થિતિવાળો કહેલ છે, તે સાતિરેક ક્રોડ પૂર્વના આયુષ્યવાળો સમજવો. કેમ કે તે જ પ્રમાણે (શ્રી ભગવતીસૂત્રના ચોવીશમા શતકમાં ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે) આગમમાં વ્યવહાર કરેલો છે. આ કારણથી જ ક્રોડ પૂર્વથી અધિક આયુષ્યવાળાને ચારિત્રની પ્રાપ્તિ અને મુક્તિગમનાદિકનો નિષેધ કહેલો છે. જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે ચાર પ્યાલાની પ્રરૂપણાનો જે કાળ તેને પણ સંખ્યાત કહેવાય. (શ્રી કાલલોકપ્રકાશ સર્ગ.૨૯)

એક સમયથી આરંભીને શીર્ષપ્રહેલિકા સુધીનો કાળ સંખ્યાત કાળ કહેવાય છે. પલ્યોપમ વગેરે અસંખ્યાતકાળ કહેવાય છે અને પુદ્‌ગલ-પરાવર્તાદિક અનંતકાળ કહેવાય છે. (શ્રી કાલલોકપ્રકાશ સર્ગ.૨૮ પૃ.૨૭)

✧ ✧ ✧



## ૨૪૬. સોપક્રમ-નિરુપક્રમ આયુષ્ય :

આયુષ્યના ઉપક્રમના સાત પ્રકાર - (૧) અધ્યવસાય (૨) નિમિત્ત (૩) આહાર (૪) વેદના (૫) પરાઘાત (૬) સ્પર્શ (૭) શ્વાસોશ્વાસ - એ સાત પ્રકારે આયુષ્યનો ક્ષય થાય છે.

**અજ્જવસાણ નિમિત્તે, આહારે વેયણા પરાઘાએ,**
**ફાસે આણાપાણૂ, સત્તવિહં ઝિજ્જએ આઉ ॥ ૧ ॥**

(૧) **અધ્યવસાય :**

✧ સ્ત્રી, પુરુષના રૂપ જોવાથી રાગ થાય અને તે રાગથી મૃત્યુ થાય તે રાગ અધ્યવસાય.

✧ કોઈ ભય પેદા થાય અને તેથી મૃત્યુ થાય તે ભય અધ્યવસાય.

✧ કોઈના પર સ્નેહ હોય અને તેનો વિયોગ સાંભળી મૃત્યુ થાય તે સ્નેહ અધ્યવસાય.

રાગ અને સ્નેહમાં ફેર શો ? રૂપાદિક જોવાથી જે પ્રીતિ થાય તે રાગ અને સામાન્ય રીતે સ્ત્રી, પુત્રાદિક ઉપર પ્રીતિ થાય તે સ્નેહરાગ કહેવાય.

(૨) **નિમિત્ત :** દંડ, શસ્ત્ર, રજ્જુ, અગ્નિ, જળમાં પતન, મૂત્ર, પુરીષનો રોધ, વિષનું ભક્ષણ વગેરે કારણથી આયુષ્યનો ક્ષય થાય તે.

(૩) **આહાર :** ઘણું ખાવાથી, થોડું ખાવાથી, બિલકુલ નહીં ખાવાથી આયુષ્યનો ક્ષય થાય તે.

(૪) **વેદના :** શૂળ વગેરે અથવા નેત્રાદિકના વ્યાધિથી આયુષ્યનો ક્ષય થાય તે.

(૫) **પરાઘાત :** ભીંત, ભેખડ વગેરે પડવાથી અથવા વીજળી વગેરે પડવાથી આયુષ્યનો ક્ષય થાય તે.

(૬) **સ્પર્શ :** વિષાદિના સમુદ્‌ઘાતથી તથા સર્પ વગેરેના સ્પર્શ(દંશ)થી આયુષ્યનો ક્ષય થાય તે. જેમ કે બ્રહ્મદત્ત ચક્રવર્તીના મૃત્યુ પછી તેના પુત્રે સ્ત્રીરત્નને કહ્યું કે, મારી સાથે વિલાસ કરો ત્યારે સ્ત્રીરત્ને કહ્યું કે— મારો સ્પર્શ તું કરી શકીશ નહીં, તે વાત તેણે સાચી માની નહીં ત્યારે સ્ત્રીરત્ને એક અશ્વને તેના પૃષ્ઠથી કટિ સુધી સ્પર્શ કર્યો એટલે

તરત જ તે અશ્વ સર્વ વીર્યના ક્ષયથી તત્કાળ મૃત્યુ પામ્યો. એ જ પ્રમાણે એક લોઢાના પુરુષને સ્પર્શ કર્યો તો તે પણ ગળી ગયો.

(૭) **શ્વાસોશ્વાસ :** દમ વગેરે વ્યાધિના લીધે ઘણા શ્વાસોશ્વાસ લેવાથી અથવા શ્વાસ રૂંધાવાથી આયુષ્યનો ક્ષય થાય તે.

આ સાત પ્રકારના ઉપક્રમ સોપક્રમી આયુષ્યવાળાને હોય છે.

✧ નિરુપક્રમ આયુષ્યવાળા - દેવતા, નારકી, ચરમદેહધારી, ત્રેસઠ શલાકાપુરુષ, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો, તિર્યંચો હોય છે. બીજા જીવો સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે.

✧ સોપક્રમ આયુષ્યવાળા જીવો પોતાના આયુષ્યના ત્રીજા ભાગે, નવમે ભાગે, સત્તાવીશમે ભાગે અથવા છેવટે મરણના વખતે છેલ્લા અંતર્મુહૂર્તે આગળના ભવનું આયુષ્ય બાંધે છે. અહીં કોઈ આચાર્યો સત્તાવીશમા ભાગથી ઉપર પણ આવતા ભવના આયુષ્યના બંધની કલ્પના કરે છે તેમ જ ત્રણ ત્રણ ભાગની કલ્પના પણ છેલ્લા અંતર્મુહૂર્ત સુધી કરે છે.

✧ નિરુપક્રમ આયુષ્યવાળા જીવો - દેવતાઓ, નારકી, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યો(યુગલિકો) પોતાનું આયુષ્ય છ માસ બાકી રહે ત્યારે આગામી ભવનું આયુષ્ય બાંધે છે. તે સિવાયના બીજા નિરુપક્રમી આયુષ્યવાળા (ચરમશરીરી સિવાયના) ચક્રવર્તી, બળદેવ આદિ શલાકાપુરુષો પોતાના આયુષ્યને ત્રીજે ભાગે અવશ્ય આગામી ભવનું આયુષ્ય બાંધે છે.

✧ અપૂર્ણ આયુષ્યે મરણ પામનારા સર્વે જીવોનું આયુષ્ય તે સોપક્રમ અપવર્તનીય કહેવાય છે.

જે જીવને સંપૂર્ણ આયુષ્યના અંતસમયે શસ્ત્રઘાતાદિનો સંબંધ ન હોય તેનું આયુષ્ય નિરુપક્રમ અનપવર્તનીય કહેવાય છે.

સંપૂર્ણ આયુષ્યે મરણ પામનારા જે જીવને શસ્ત્રઘાતાદિ નિમિત્તનો આયુષ્યના અંત સમયે સંબંધ હોય તે જીવનું આયુષ્ય સોપક્રમ અનપવર્તનીય કહેવાય છે.

જીવે પૂર્વભવમાં આયુષ્યની સ્થિતિ એવી તીવ્ર બાંધી હોય કે જેથી શસ્ત્રાદિકનો આઘાત લાગવા છતાં પણ તે બાંધેલી આયુષ્ય-સ્થિતિ (કાળ-આયુષ્ય) પૂર્ણ કરીને જ મરણ પામે અર્થાત્ ઉપક્રમ



માત્ર નિમિત્તરૂપ જ બને, તે શસ્ત્રાદિકના આઘાતથી પણ અપૂર્ણ આયુષ્યે મરણ ન પામે-તે અનપવર્તનીય આયુષ્ય કહેવાય છે. દ્રવ્ય-આયુષ્ય તો બધાને અવશ્ય પૂર્ણ કરવું જ પડે છે.

આયુષ્ય
- અપવર્તનીય
  - સોપક્રમી
- અનપવર્તનીય
  - સોપક્રમી
  - નિરુપક્રમી

(ઉપદેશપ્રાસાદભાષાંતર ભા.૫ સ્થંભ-૨૩, વ્યાખ્યાન-૩૪૨ પાના ૨૮૯માંથી)

✧ ✧ ✧

## ૨૪૭. ગર્ભજ પર્યાપ્તા તિર્યંચોનાં આયુષ્ય તથા બીજાં આયુષ્ય :

**(જીવવિચારપ્રશ્નોત્તરી)**

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | અજગર | ૧૦૦ |
| (૨) | ઊંટ | ૨૫/૩૦/૩૫ |
| (૩) | ઉંદર | ૨/૧II/૨૦ |
| (૪) | કબુતર | ૩/૪૦ |
| (૫) | કાચબા | ૬૦/૧૦૦ |
| (૬) | કાચંડા | ૧ |
| (૭) | કાગડા | ૧૦૦ |
| (૮) | કીડી | ૧ વ. કે ૩ મા. ૪૯ દિ. |
| (૯) | કાન-કરંડીયા-વાગોળ | ૫૦ |
| (૧૦) | કૂકડા | ૪૦/૬૦ |
| (૧૧) | કૂતરા | ૧૨-૧૩-૨૬ |
| (૧૨) | કોયલ | ૯૦ |
| (૧૩) | કોહરૂ | ૧૪ |
| (૧૪) | ક્રૌંચ પક્ષી | ૧૬/૬૦ |
| (૧૫) | ગરોલી | ૧ |
| (૧૬) | ગરડ | ૧૦૦ વ.થી અધિક |
| (૧૭) | ખલીર | ૧૦૦ વ.થી અધિક |
| (૧૮) | ગધેડા | ૧૨/૨૦/૨૪ |

(૧૯) ગેંડા .................. ૨૦/૨૨/૧૦૦
(૨૦) ગાય .................. ૨૫/૩૫
(૨૧) ગીધ .................. ૧૦૦/૧૫૦
(૨૨) ઘોડા .................. ૨૫/૪૮/૬૦, ૩૨/૩૮/૬૪
(૨૩) ઘેટા .................. ૧૬
(૨૪) ઘુવડ .................. ૫૦
(૨૫) ચિતા .................. ૧૬/૮૦
(૨૬) ચકોર .................. ૫૦
(૨૭) ચીલરી .................. ૫૦
(૨૮) ઝરખ .................. ૧૦૦
(૨૯) ડુક્કર .................. ૨૦
(૩૦) તીતર .................. ૨૦
(૩૧) દેડકા .................. ૧૦૦
(૩૨) પોપટ .................. ૫૦
(૩૩) પપૈયા .................. ૩૦
(૩૪) બિલાડી .................. ૧૨/૧૫
(૩૫) બકરી .................. ૧૬
(૩૬) બાજ .................. ૧૦૦
(૩૭) બતક .................. ૨૪
(૩૮) બકરા .................. ૯
(૩૯) બગલા .................. ૬૦
(૪૦) બળદ .................. ૩૫
(૪૧) ભેંસ .................. ૨૫
(૪૨) મગરમચ્છ .................. ૧૦
(૪૩) મગર .................. ૧૦૦
(૪૪) મચ્છર-ડાંસ .................. ૪ માસ
(૪૫) મંકોડા .................. ૧૨ માસ
(૪૬) માછલી .................. ૧૦૦
(૪૭) માછલા .................. ૧૦૦ થી ૧૦૦૦



(૪૮) મેઢાં .................. ૨૫
(૪૯) મેના .................. ૧૬
(૫૦) મોર .................. ૬/૫૦
(૫૧) રીંછ .................. ૨૦/૪૦
(૫૨) વરુ .................. ૨૦
(૫૩) રૂપારેલ ચલ્લી .................. ૩૦
(૫૪) શામળ-હરણવિશેષ .................. ૨૫
(૫૫) સિંહ .................. ૨૦/૭૦/૧૦૦/૧૨૦
(૫૬) સસલા .................. ૭/૧૦ થી ૧૪/૨૪
(૫૭) વાગોળ .................. ૧૬
(૫૮) વાંદરા .................. ૧૦/૭૫
(૫૯) શિયાળ .................. ૧૩/૨૦
(૬૦) સૂવર .................. ૫૦
(૬૧) શમળી .................. ૫૦/૧૫૦
(૬૨) સર્પ .................. ૧૨૦/૧૦૦૦
(૬૩) સારસ .................. ૨૪/૫૦/૬૦
(૬૪) સાબર .................. સદી ઉપરાંત
(૬૫) સૂડા .................. ૧૨
(૬૬) હરણ .................. ૨૪
(૬૭) હંસ .................. ૧/૧૦૦/૩૦૦
(૬૮) હાથી .................. ૧૦૦/૧૨૦/૧૨૫/૪૦૦

**૨૪૮. અઢાર ભાવદિશા :**

(૧) પૃથ્વીકાય (૨) અપ્‌કાય (૩) તેઉકાય (૪) વાયુકાય (૫) અગ્રબીજ (૬) મૂળબીજ (૭) સ્કંધબીજ (૮) પર્વબીજ (૯) બેઇન્દ્રિય (૧૦) તેઇન્દ્રિય (૧૧) ચતુરિન્દ્રિય (૧૨) તિર્યંચ પંચેન્દ્રિય (૧૩) સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય (૧૪) કર્મભૂમિ મનુષ્ય (૧૫) અકર્મભૂમિ મનુષ્ય (૧૬) અંતર્દ્વીપ મનુષ્ય (૧૭) નારકી (૧૮) દેવ.

## ૨૪૯. મરણ સમયે કઈ લેશ્યા :

**अन्तर्मुहूर्ते गते, अन्तर्मुहूर्ते शेषके चैव ।**

**लेश्याभिः परिणताभिः, जीवा गच्छन्ति परलोकम् ॥**

**(ઉત્તરા-૩૪મા ૬૦મી ગાથા)**

**ભાવાર્થ :** (જે લેશ્યામાં જીવ મૃત્યુ પામે છે તે લેશ્યાવાળાં સ્થાનોમાં જીવ ઉત્પન્ન થાય છે.) અંતર્મુહૂર્તનું આયુષ્ય જ્યારે બાકી રહેલ હોય ત્યારે પરભવલેશ્યાના પરિણામ થાય છે અને તે લેશ્યાથી યુક્ત બનેલા જીવો પરલોકમાં જાય છે. વિશેષમાં તિર્યંચ અને મનુષ્યો આગામી ભવલેશ્યાનું અંતર્મુહૂર્ત ગયા પછી પરલોકમાં જાય છે જ્યારે દેવ અને નારકીઓ સ્વભવ-લેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી રહેલ હોય ત્યારે પરલોકમાં જાય છે.

✧ ✧ ✧

# પ્રકીર્ણક

## ૨૫૦. દેવતાઓ કેટલાં કારણથી મનુષ્યલોકમાં આવે ? :

(૧) તીર્થંકરનાં પાંચ કલ્યાણકમાં. (૨) મહર્ષિઓના તપના પ્રભાવથી. (૩) પૂર્વ જન્મના સ્નેહથી.

✧ ✧ ✧

## ૨૫૧. નિકાચિત કર્મ :

**(વિશેષાવશ્યકભાષ્યમાં ભા.૨ પા.૧૬૧)**

**सव्वपगईणमेवं परिणामवसा उवक्कमो होज्जा ।**

**पायमनिकाइयाणं तवसा उ निकाइयाणंपि ॥ २०४६ ॥** વિ.આ.ભા.

પરિણામવશાત્ અનિકાચિત સર્વ પ્રકૃતિનો ઉપક્રમ થાય છે અને નિકાચિત કર્મનો પણ પ્રાયઃ તપ વડે ઉપક્રમ થાય છે. (પા.૧૬૫)

**ननु तन्न जहोवचियं, तहाणुभवओ कयागमाईया ।**

**तप्पाओगं तं चिय तेण, चियं सज्झरोगोव्व ॥ २०५४ ॥**

**अणुवक्कमओ नासइ कालेणोवक्कमेण खिप्पंपि ।**

**कालेणेवाऽसज्झो सज्झासज्झं तहा कम्मम् ॥ २०५५ ॥**

'કર્મ જેવું બાંધ્યું હતું તેવું ઉપક્રમ્યા પછી અનુભવાતું નથી તેથી અકૃતાગમાદિ દોષો થાય છે' એમ કહેવામાં આવે તો તે અયોગ્ય છે. કેમ



કે જીવે સાધ્યરોગની પેઠે પૂર્વે ઉપક્રમયોગ્ય જ કર્મ બાંધ્યું હોય છે. જેમ સાધ્યરોગ ઉપક્રમ સિવાય લાંબે કાળે નાશ પામે છે અને ઉપક્રમથી શીઘ્ર નાશ પામે છે. પણ અસાધ્ય રોગ તો મરણ થયે જ નાશ પામે છે તેવી રીતે કર્મ પણ સાધ્ય અથવા અસાધ્ય એમ બંને પ્રકારનાં હોય છે.

અમુક કર્મ બાંધતી વખતે ઉપક્રમયોગ્ય બાંધ્યું હોય છે. તે ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત ન થાય તો જેટલી સ્થિતિનું બાંધ્યું હોય તેટલી સ્થિતિ પર્યંત ભોગવ્યા સિવાય ક્ષય પામતું નથી અને ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થાય તો શીઘ્રપણે અંતર્મુહૂર્ત્તાદિ અલ્પકાળમાં જ પ્રદેશોદય વડે ભોગવાઈને નાશ પામે છે (સાધ્યરોગની જેમ). પરંતુ જે કર્મ નિકાચિતપણે બાંધ્યું હોય છે તે કર્મ બાંધતી વખતે જ એવું અસાધ્ય બાંધ્યું હોય છે કે તેને સેંકડો ઉપક્રમ લાગે તોપણ તે જેટલા કાળ પર્યંત ભોગવવાનું હોય તેટલા કાળપર્યંત ભોગવ્યા વિના નાશ પામતું નથી.

✧ ✧ ✧

## ૨૫૨. પાંચ કારણ :

(૧) કાળ (૨) સ્વભાવ (૩) ભવિતવ્યતા (૪) કર્મ (૫) પુરુષાર્થ.

✧ ✧ ✧

## ૨૫૩. શૌચ પાંચ પ્રકારે :

**सत्यं शौचं, तपः शौचं, शौचमिन्द्रियनिग्रहः ।**

**सर्वभूतदया शौचं, जलशौचं तु पञ्चमम् ॥**

સત્ય, તપ, ઇન્દ્રિયનિગ્રહ, સર્વ જીવોની દયા શૌચસ્વરૂપ છે, જ્યારે જળથી થનાર શૌચ તો પાંચમું છે. બાહ્યશુદ્ધિ જળાદિકથી, અંતરની શુદ્ધિ જ્ઞાન, ધ્યાન (સમ્યક્ ક્રિયા) તથા તપરૂપ પાણીથી થાય છે. દુષ્કર્મો (દુષ્કૃત)ની શુદ્ધિ આલોચના, નિંદા અને ગર્હા એ ત્રણ પ્રકારે થાય છે. (વિંશતિસ્થાનકપદ કથા ૬, મહેન્દ્રપાલકથાનક)

✧ ✧ ✧

## ૨૫૪. છ ઋતુઓ :

(૧) વર્ષા : જૂન-૨૧ (આર્દ્રા)થી ઓગષ્ટ-૨૨ સુધી લગભગ અષાઢ-શ્રાવણ માસ.

(૨) શરદ : ઓગષ્ટ-૨૩ થી ઓક્ટોબર-૨૨ સુધી લગભગ ભાદરવો-આસો માસ.

(૩) હેમંત : ઓક્ટોબર-૨૩ થી ડિસેમ્બર-૨૧ સુધી લગભગ કારતક-માગસર માસ.

(૪) શિશિર : ડિસેમ્બર-૨૨ થીફેબ્રુઆરી-૧૮ સુધી લગભગ પોષ-મહા માસ.
(૫) વસંત : ફેબ્રુઆરી-૧૯ થી એપ્રિલ-૧૯ સુધી લગભગ ફાગણ-ચૈત્ર માસ.
(૬) ગ્રીષ્મ : એપ્રિલ-૨૦ થી જૂન-૨૦ સુધી લગભગ વૈશાખ-જેઠ માસ.

✦ ✦ ✦

**૨૫૫.સાત ઈતિ :**

(૧) અતિવૃષ્ટિ (ઘણો વરસાદ) (૨) અનાવૃષ્ટિ (વરસાદ ન થાય) (૩) ઉંદરનો ઉપદ્રવ (૪) તીડનો ઉપદ્રવ (૫) પોપટનો ઉપદ્રવ (૬) સ્વચક્ર-ભય (પોતાના રાજાના સૈન્યનો ભય) (૭) પરચક્રભય - એ સાત ઈતિ છે.

✦ ✦ ✦

**૨૫૬.વર્તમાન ચોવીસીમાં થયેલા અભવ્યો :**

(૧) સંગમ નામનો દેવ. (૨) કાલસૌકરીક નામનો કસાઇ. (૩) કપિલા નામની દાસી. (૪) અંગારમર્દક આચાર્ય. (૫) પાલક નામનો શ્રી કૃષ્ણ મહારાજાનો પુત્ર. (૬) શ્રી સ્કંધક સૂરીશ્વરજીના પાંચસો શિષ્યો એવા સાધુઓને ઘાણીમાં પીલનાર પાલક નામનો દંડ રાજાનો મંત્રી. (૭) પૌષધમાં રહેલા શ્રી ઉદાયી મહારાજાને મારી નાંખનાર વિનયરત્ન. (૮) ધન્વંતરી વૈદ્યનો જીવ - આ આત્માઓ અભવ્ય તરીકે પ્રસિદ્ધ છે.

✦ ✦ ✦

**૨૫૭.સોળ શણગાર :**

**(ભોજપ્રબંધ ભાષાંતર પા.૩૨ માંથી)**

(૧) સ્નાન (૨) કર્ણનો અલંકાર (૩) સારી વેણી (૪) પુષ્પની માળા (૫) નેત્રમાં અંજન (૬) ગાલ ઉપર પત્રરચના (૭) તિલક (૮) મુખમાં તાંબુલ (૯) કપાળમાં પીળ (૧૦) ઓઢવાનું સુંદર વસ્ત્ર (૧૧) શરીરે ચંદનનો લેપ (૧૨) મનોહર કાંચળી (૧૩) હાથમાં લીલા માટે કમળ (૧૪) દાંતની કાંતિ (૧૫) નખને લાલ કરવા (૧૬) હાથપગના તળિયાને અળતા વડે રંગવા.

✦ ✦ ✦

**૨૫૮.ચૌદ આભરણો :**

(૧) હાર (૨) અર્ધહાર (૩) એકાવલી (૪) કનકાવલી (૫) રત્નાવલી (૬) મુક્તાવલી (૭) કેયૂર (બાજુબંધ) (૮) કડા (૯) ત્રુટિત



(૧૦) મુદ્રા (વીંટી) (૧૧) કુંડલ (૧૨) અંગ પર સાત તિલક (૧૩) કપાળમાં તિલક (૧૪) માથે ચૂડામણિ.

✦ ✦ ✦

**✦ વિવિધ વિષય વિચારમાળા ભા.૭માંથી :**

- દેવતાને પણ જરાનો સદ્ભાવ હોય છે, ચ્યવનકાળે તેવાં ચિન્હો થવાથી.
- ભગવાનની દેશના સમવસરણમાં શ્રાવિકા તથા દેવીઓ ઊભી રહીને સાંભળે.
- તીર્થંકરના જીવોને તથા એકાવતારી જીવોને દેવલોકને વિષે મરતાં પહેલાં છ માસે ચ્યવનનાં ચિન્હો થતાં નથી. (આર્તધ્યાનાદિક હોતા નથી) પરંતુ શાતાવેદનીય કર્મનો ઉદય રહે છે.
- વાવ, તળાવ, કૂવા કરવાને માટે કોઇ સાધુને પૂછે તો હા કહેવાથી ઘણા જીવોના ઘાતથી પાપ થાય, ના કહેવાથી અંતરાય બંધાય માટે હા-ના નહીં કહેતા મૌન ધારણ કરે. બહુ પૂછે તો કહે કે આ બાબતમાં સાધુને બોલવાનો કોઇ પણ પ્રકારનો અધિકાર નથી.
- (૧) સાતમી નરકનો વચલો અપ્રતિષ્ઠાન નરકાવાસો (૨) જંબુદ્વીપ (૩) પાલક વિમાન (૪) સર્વાર્થસિદ્ધવિમાન - આ ચારે લાખ લાખ યોજનના કહેલા છે. પરંતુ એક યોજન ઉત્સેધ અંગુલના પ્રમાણથી સોળસો ગાઉના એક યોજન પ્રમાણ જાણવું.
- વંદન કરનારાઓને તીર્થંકર ભગવંતો ધર્મલાભ આપે છે. (ઠાણાંગ-સૂત્ર વૃત્તૌ)
- શ્રી વાસુપૂજયસ્વામીના જન્મ વખતે જન્માભિષેકના સમયે બત્રીસ ઈન્દ્રો મેરુ ઉપર આવેલા હતા તેનું કારણ એ હતું કે અલ્પ ઋદ્ધિવાળા હોવાથી બત્રીસ વ્યંતરેન્દ્રોને અંદર ગણ્યા નથી.
- મહાવિદેહક્ષેત્રે દિનરાત્રિનું માન સરખું હોય છે તથા છ ઋતુઓ સદાય હોય છે.
- ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગણો વધારે કહેલ છે.
- કેવલીને ધ્યાન-આવશ્યકાદિક હોય નહિ.
- નરક તથા દેવગતિમાંથી આવેલા ચક્રવર્તી થાય. મનુષ્ય તથા તિર્યંચમાંથી થાય નહીં. (ભગવતી ૧૨મે શતકે ૯મે ઉદ્દેશે તથા બૃહત્સંગ્રહણીટીકામાં)

- ✧ શ્રી મહાવીરસ્વામી મનુષ્યમાંથી ચક્રવર્તી થયેલ છે તે મહાવિદેહે આશ્ચર્યમાં ગણેલ છે. (ભગવતી સૂત્રે)
- ✧ ગોશાળો ૧૨મે દેવલોકે ગયેલ છે. (ભગવતી સૂત્રે)
- ✧ જમાલી; સુર, તિર્યંચ, મનુષ્યને વિષે પાંચવાર જઇ બોધિબીજ પામી મોક્ષે જશે, પંદર ભવે સિદ્ધ થશે. (ભગવતી સૂત્રે)
- ✧ ચેડા મહારાજા અને કોણિકના મહાયુદ્ધમાં રથ, મુશલ, મહાશીલા કંટકથી એક દિવસે ૯૬ લાખ અને બીજે દિવસે ૮૪ લાખ માણસો મરાણા હતા. તેમાં વરુણ સારથી સૌધર્મ દેવલોકે ગયો છે. તેનો મિત્ર મનુષ્યગતિમાં ગયો છે. નવ લાખ માછલીના ગર્ભમાં ઉત્પન્ન થયા અને બાકીના તિર્યંચ અને નરકગતિમાં ગયા. (ભગવતી સાતમે શતકે નવમે ઉદ્દેશે)
- ✧ વિભંગજ્ઞાનવાળાને અવધિદર્શન હોય નહીં તેમ કર્મગ્રંથમાં કહેલ છે. પરંતુ ભગવતી સૂત્રમાં તથા પન્નવણા સૂત્રમાં અવધિદર્શન કહેલું છે. વિશેષ જ્ઞાની જાણે. (ભગવતી સૂત્રે)
- ✧ અગ્નિ સળગાવનારને મહારંભી કહેલ છે. પણ અગ્નિ ઓલવનારને નહીં. (ભગવતી સૂત્રે)
- ✧ સમકિતસહિત છઠ્ઠી નરકે જાય. સાતમી નરકે સમકિત વમીને જાય. (ભગવતી સૂત્રે)
- ✧ શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુઇન્દ્રિય કામી છે. સ્પર્શ, રસ તથા ઘ્રાણેન્દ્રિય ભોગી છે. (ભગવતી સૂત્રે)
- ✧ ભુવનપતિ પ્રમુખ નીચેના દેવતા ઉપરના દેવલોકમાં જાય પણ અરિહંત, અરિહંતના ચૈત્યનું (પ્રતિમાજીનું) અને સાધુનું શરણ કરીને જાય; તે સિવાય જઇ શકે નહીં. વીરનું શરણું લઇ ચમરેન્દ્ર ગયેલ છે. (ભગવતી સૂત્રે)
- ✧ શરીરને વોસિરાવ્યા વિના જે મરે છે અને તેના શરીર વડે જે જે દુષ્ટ ક્રિયા થાય છે તેમાં કર્મ તે શરીરના ધણીને લાગે છે માટે તમામ વોસિરાવીને મરવું. (ભગવતી સૂત્રે)
- ✧ છઠ્ઠા આરામાં પણ કોઇ કોઇ મનુષ્યો સમ્યક્ત્વને ઉપાર્જન કરશે તે વખતે ક્ષુદ્ર ધાન્યની ઉત્પત્તિ થશે. તેનું ભોજન કરવાથી તે મનુષ્યો



સ્વર્ગમાં પણ જશે અને માંસાહારી દુર્ગતિમાં જશે. પાંચમા આરાના છેડે જે ધર્મનો નાશ કહેવામાં આવેલ છે તે દેશવિરતિ અને સર્વવિરતિની અપેક્ષાએ કહેલ છે. (ભગવતી સૂત્રે)

- ✧ હે ભગવન્ ! બ્રહ્મચર્યધારી સાધુને અપ્રાસુક, અનેષણીય, આહાર-પાણી આપનારો શું ફળ પામે છે ? હે ગૌતમ ! સાધુને (કારણે) અપ્રાસુક અન્નપાન આપનારો પણ બહુકર્મની નિર્જરા કરે છે તેમ જ પાપ થોડું બાંધે છે. (ભગવતી સૂત્રે)
- ✧ જ્ઞાતાસૂત્રમાં ચિલાતીપુત્ર ધર્મ અણપામ્યે ગયેલ છે અને આવશ્યક-પ્રકીર્ણકાદૌ આઠમે દેવલોકે ગયેલ છે અને આરાધક થયેલ છે. (જ્ઞાતાસૂત્રમાં ૮મું અધ્યયન)
- ✧ દેવતાને નિદ્રા ન હોય. (રાયપસેણી સૂત્રે જીવાભિગમ વૃત્તૌ)
- ✧ તંદુલિયો મચ્છ મરીને સાતમી નરકે જાય છે. વજ્ર-ઋષભ-નારાચ સંઘયણ છે તથા સહસ્રાર સુધીના કોઇક દેવો મેરુવાવડીઓમાં સ્નાન કરતાં મરીને તંદુલિયા મચ્છપણે ઉત્પન્ન થાય છે.
- ✧ કેટલાક વનો અને રત્નો દેવલોકને વિષે વનસ્પતિમય છે. (જીવાભિગમ સૂત્ર)
- ✧ નદી, દ્રહ, મેઘની ગર્જના, બાદર અગ્નિ, જિનેશ્વરો, મનુષ્યજન્મ, મનુષ્યમરણ, છ ઋતુઓ : એટલા પદાર્થો પિસ્તાલીશ લાખ યોજનના વિસ્તારવાળા મનુષ્યક્ષેત્ર સિવાય ક્યાંય પણ હોતા નથી. (જીવાભિગમ સૂત્ર તથા ક્ષેત્રસમાસ)
- ✧ ગર્ભમાં રહેલો જીવ અશુભભાવે મરે તો ત્રીજી નરક પૃથ્વી સુધી જાય છે પણ તેથી વધારે નરકે ન જાય અને શુભભાવે મરે તો આઠમા દેવલોક સુધી જાય.
- ✧ જે જીવ ભવને વિષે ભ્રમણ કરતાં ચારવાર આહારક શરીર કરે તો તે જ ભવને વિષે અવશ્ય મુક્તિમાં જાય છે. (પ્રજ્ઞાપનાવૃત્તિમાં છત્રીશમા સમુદ્‌ઘાતમાં) આહારક શરીર એક ભવમાં બે વાર ઉત્કૃષ્ટથી કરી શકે છે અને ચૌદપૂર્વને ધારણ કરનારા જે પુરુષે ચોથીવાર આહારક શરીર કરેલું હોય તે, તે જ ભવને વિષે મુક્તિમાં જાય છે. સિદ્ધાંતમાં પણ જણાવેલ છે કે જે મનુષ્ય આ સંસારમાં ચોથી

વાર આહારક શરીર કરે છે તેની નિયમા તે જ ભવમાં મુક્તિ થાય છે. તેને બીજી કોઇ પણ ગતિમાં જવું પડતું નથી. (પન્નવણા સૂત્રે)

- ✧ વૈક્રિય શરીરને વિષે શુક્રનાં પુદ્ગલો પણ વૈક્રિય હોવાથી દેવો મનુષ્યોની સ્ત્રીઓ સાથે મૈથુન સેવે છે છતાં ગર્ભ ધારણ કરી શકે નહીં. (પન્નવણા સૂત્રે)
- ✧ કેવલી સમુદ્ઘાત કર્યા પછી અંતર્મુહૂર્ત જીવે છે.
- ✧ બારવ્રતધારી દેશવિરતિધર શ્રાવક પાંચમે ગુણસ્થાને વર્તતો અને કેવલ સમકિતધારી અવિરતિધર શ્રાવક સમકિતથી પણ બારમે દેવલોકે જાય છે એટલે બંને બારમે દેવલોકે જાય છે.
- ✧ ચક્રવર્તીનું સ્ત્રીરત્ન સાતમી નરકપૃથ્વીથી ૧, તેઉકાયથી ૨, વાઉકાયથી ૩, અણુત્તરોવવાઇ દેવલોકથી ૪, અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય તથા તિર્યંચથી ૫, એ પાંચ વર્જીને બીજા તમામ દંડકથી આવીને ઊપજે.
- ✧ અઢીદ્વીપને વિષે શાશ્વત પર્વતો ૧૩૫૭, તેના કૂટો ૨૬૪૧, પરંતુ પાંચ મેરુરહિત જાણવા.
- ✧ પાંચમો આરો શ્રાવણ વદિ પાંચમે બેઠો છે. છઠ્ઠો આરો પણ એ જ તિથિએ બેસશે.
- ✧ યુગલિયા મરણ પામે ત્યારે તેના શરીરને ભારંડ પક્ષી સમુદ્રમાં નાંખે છે તેમ હેમઋષભચરિત્રે કહ્યું છે અને કેટલાક ગંગાદિકમાં નાંખે છે એમ જંબુદ્વીપપન્નત્તિમાં કહ્યું છે.
- ✧ પાંચમા આરાના આઠમા ઉદયમાં શ્રીપ્રભનામના યુગપ્રધાન આચાર્યના વખતમાં કલંકી થશે, તે અવસરે હીયમાન સમયમાં તીર્થ કહેતા દેરાસરો કોઇક જગ્યાએ હશે અને સાધુ-સાધ્વીઓ પણ બહુ જ અલ્પ હશે તે વખતે કલંકી રાજા થશે. (મહાનિશીથ, નિશીથ સૂત્રે)
- ✧ પરંતુ તે કાળને આવવાને હજુ સાત હજાર વર્ષની વાર છે તેની વચ્ચે ઉપકલંકી ઘણા થશે. જેવા કે અલ્લાઉદ્દીન ખૂની આદિ (ધર્મદ્વેષી) રાજા થઇ ગયા.
- ✧ સામાયિકમાં આહાર ન થાય પણ પોષહમાં આહાર થાય અને પોષાતીને અર્થે કરેલો પણ આહાર કરે.



- ✧ સાધુએ વૃક્ષ નીચે વડીનીતિ કરવી નહીં.
- ✧ સ્થાનકવાસી (ઢુંઢીયા) રાત્રિએ પાણી રાખવાનું ક્યાં કહ્યું છે એમ પૂછે તો ઉત્તર આપવો કે બૃહત્કલ્પે પાંચમે ઉદ્દેશે છે વળી સત્યસાગર નામની તેમની જ નવીન બુક બનાવેલ છે-તેમાં છે.
- ✧ રાત્રિએ સૂતી વખતે સ્થવિરકલ્પીઓ બારણાં બંધ ન કરે તો સિંહાદિક જાનવરોથી, ચૌરાદિકથી, શત્રુઓથી સંયમની અને આત્માની વિરાધના થાય. માટે સ્થવિરકલ્પીઓને અવશ્ય બારણાં બંધ કરવાં જોઇએ.
- ✧ ઘોડા, સર્પ, પાડા, દ્રવ્યસંયોગથી સંમૂર્ચ્છિમ થયેલ હોય. તેનું આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે.
- ✧ જિનમંદિરે, જિનપ્રતિમા ઉપર ભમરીઓ આદિનું ઘર હોય અને ત્યાં સારવાર કરનારા શ્રાવકના અભાવે સારા સાધુએ પોતે જ તેને દૂર કરવાથી અલ્પ દોષ લાગે અને દૂર ન કરવાથી મોટું પ્રાયશ્ચિત્ત આવે.
- ✧ તે જ ભવમાં કદાપિ કાલે તે મુક્તિગામી હોય અને સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનો ઉદય હોય તોપણ સાધુવેષ તેને આપે નહીં, પરંતુ જ્ઞાન વડે કરીને જાણે કે– 'આને સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનો ઉદય થશે નહીં' તો જ સાધુવેષ આપે, અન્યથા નહીં.
- ✧ અર્ધપુદ્ગલ પરાવર્તનથી અધિક સંસાર હોય તે કૃષ્ણપાક્ષિક અને અલ્પકાળ હોય તે શુક્લપાક્ષિક છે. (દશાશ્રુતસ્કંધે, ઉપદેશરત્નાકરે તથા ધર્મપરીક્ષામાં પણ એમ જ કહેલ છે.)
- ✧ ક્રિયારુચિ જીવ નિશ્ચે ભવ્ય અને શુક્લપાક્ષિક હોય છે. તે સમ્યગ્દષ્ટિ હોય કે મિથ્યાદષ્ટિ હોય પણ એક પુદ્ગલપરાવર્તનમાં નિશ્ચે મોક્ષે જશે.
- ✧ ઈરિયાવહી પડિકમ્યા વિના ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાનાદિક કરવાં કલ્પે નહીં.
- ✧ સર્વજ્ઞભગવંતે કહેલા બાર પ્રકારના તપકર્મમાં સ્વાધ્યાયસમાન બીજો કોઇ એક પણ તપ નથી.
- ✧ જેનો એક જ ભવ બાકી રહેલો હતો તે સાવદ્યાચાર્ય ઉત્સૂત્રની પ્રરૂપણાથી અધિક ભવ કરવાવાળા થયા.
- ✧ બ્રહ્મચર્યથી પતિત થયેલ સાધુને વંદન કરે તો અનંત ભવભ્રમણનો લાભ થાય - આ હકીકત દેવતાએ પૂછવાથી શ્રી સીમંધરસ્વામીએ કહેલ છે.

- ✧ પરમાધામી દેવતા મરીને (૧) મનુષ્ય (૨) તિર્યંચ પંચેન્દ્રિય (૩) બાદર પૃથ્વીકાય (૪) અપ્કાય (૫) વનસ્પતિ - એ પાંચેને વિષે આવે છે અને મહાનિશીથ સૂત્રમાં કહેલ છે કે પરમાધામી મરીને જલ મનુષ્ય થાય છે.
- ✧ છદ્મસ્થ ગુરુએ પણ કેવલજ્ઞાની સાધ્વીને વંદન કરવું નહીં તેથી અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજે પુષ્પચુલા સાધ્વી(કેવલી)ને વંદન કરેલ નથી.
- ✧ શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રથમ દેશના ખાલી ગઇ તે બાબતમાં દેવો તથા મનુષ્યો આવેલા હતા તેવો વિચાર જુદા જુદા પુસ્તકોમાં છે. (ઠાણાંગ સૂત્રે, પ્રવચન સારોદ્ધારે, કલ્પસૂત્રે દેવો, મનુષ્યો તમામ આવેલા હતા તેમ કહેલ છે.) આવશ્યક બૃહદ્‌વૃત્તિ હારિભદ્રીમાં એકલા દેવો જ આવેલ હતા તેમ કહેલ છે.
- ✧ જાતિનપુંસક સમ્યક્ત્વ પામે, વધારે પામે નહીં.
- ✧ શ્રી મહાવીરસ્વામી ભગવાનનાં માતા-પિતા આવશ્યક સૂત્ર અભિપ્રાયથી ચોથે દેવલોકે ગયેલ છે. આચારાંગ સૂત્રમાં બારમે દેવલોકે ગયેલ કહેલ છે.
- ✧ પ્રભુના સમવસરણને વિષે દેવીઓ ઊભી રહીને પ્રભુની દેશના સાંભળે છે. શ્રાવિકાઓ બેસીને સાંભળે છે.
- ✧ દ્રૌપદી રાજીમતી પાસે દીક્ષા લઇ બારમે દેવલોકે ગયેલ છે. (ઉત્તરાધ્યયન સૂત્રે બીજે અધ્યયને)
- ✧ શ્રેણિક મહારાજાએ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની દેશના સાંભળી સમકિત મેળવ્યું છે. (હેમ વીર ચરિત્રે)
- ✧ સારા સાધુએ પાસત્થાદિકની પણ સારવાર કરવી. લોકાપવાદ માટે, પોતાને ઉચિત સાચવવાને માટે અને તેને સન્માર્ગે સ્થાપન કરવા માટે.
- ✧ અભવી સાડાનવ પૂર્વ સુધી ભણે છે. (નંદીસૂત્રે છાપેલી પ્રતે પા.૧૯૩, ૩૯૯)
- ✧ અંતરવાચનામાં તથા જંબુદ્વીપપન્નત્તિમાં સુઘોષાનું માન એક જોજનનું કહેલ છે અને છૂટક પત્રે બાર જોજન માન કહેલ છે.



- ✧ શ્રી મહાવીરસ્વામીની દેશના સાંભળીને ઇન્દ્રભૂતિ આદિ બ્રાહ્મણોએ જ્યારે દીક્ષા લીધી ત્યારે તેમના શરીર ઉપરથી ઉતારેલી જનોઇનો સમૂહ સાડાત્રણ મણ વજનનો હતો. (કલ્પસૂત્ર અંતર વાચનાયામ્)
- ✧ સનત્કુમાર ચક્રવર્તીએ સાધુપણામાં સોળ રોગો સાતસો વર્ષ સુધી સહન કર્યા છે. ઋષિમંડલસૂત્રે - (૧) ખરજ (૨) આહાર (ક્ષુધા) (૩) અરુચિ (૪) આંખમાં તીવ્ર વેદના (૫) ખાંસી (૬) શ્વાસ (૭) જ્વર - એ સાત રોગો સાતસો વર્ષ સુધી સહન કર્યા છે.
- ✧ પૌષધ પારી, પૂજા કરી પૌષધ લેવો કહેલ છે તે પડિમાધર શ્રાવકને માટે છે, બીજાને માટે નહીં. અત્યારે પડિમા બંધ છે. (પંચાશક સૂત્રે)
- ✧ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન ઈર્યાવહી પડિક્કમ્યા વિના ન થાય. જઘન્ય, મધ્યમ, ઈર્યાવહી પડિક્કમ્યા વિના થાય. (ચૈત્યવંદનવૃત્તૌ, પ્રવચનસારોદ્ધારે)
- ✧ ચાર નરકમાં પરમાધામીએ કરેલી વેદના હોય છે. પાંચમી નરકમાં શસ્ત્રોથી અન્યોન્ય કરેલી વેદના હોય છે. સાતમી નરકે શસ્ત્રો વિના ક્ષેત્રથી ઉત્પન્ન થયેલી વેદના હોય છે - એમ ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્રે સાતમે પર્વે કહેલ છે.
- ✧ સામાયિક બેઠાં બેઠાં લે તથા પ્રતિક્રમણ બેઠાં બેઠાં કરે તો એક આયંબિલનું પ્રાયશ્ચિત્ત આવે. (શ્રાદ્ધજિતકલ્પે.)
- ✧ સાધુને નખ રાખવાની મનાઇ છે. કારણ કે રાખવાથી અનેક દુઃખો ઊભાં થાય છે. માટે નખ ઉતારવાથી દોષ નથી.
- ✧ સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનો ઉદય થાય ત્યારે અતિ સંક્લિષ્ટ પરિણામથી દિવસે જોયેલા અર્થને ઊંઘમાં ને ઊંઘમાં ઊઠીને સાધે છે અને તેને વાસુદેવથી અર્ધબળ હોય છે અને નિદ્રાનો વિયોગ હોય ત્યારે પણ તે મનુષ્યમાં બીજા પુરુષોથી ત્રણગણું કે ચારગણું બળ હોય છે. આ નિદ્રા નરકગામી જીવોને હોય છે.
- ✧ તિવિહાર ઉપવાસ હોય તો પરઠવવાનો આહાર તેને કલ્પે અને ચોવિહાર હોય તો ન કલ્પે.
- ✧ આહારક શરીર ઉત્કૃષ્ટથી મહાવિદેહ સુધી જઇ શકે છે. વિદ્યાચારણ મુનિઓ અને વિદ્યાધરો નંદીશ્વરદ્વીપ સુધી જઇ શકે. જંઘાચારણો રુચકદ્વીપ સુધી જઇ શકે છે. (તત્ત્વાર્થવૃત્તિમાં)

- શાસ્ત્રોક્ત વિધિએ જેનામાં તેજોલેશ્યાની શક્તિ ઉત્પન્ન થાય છે એટલે કે જે કોઇને બાળવાને માટે ક્રોધથી પ્રથમ તેજોલેશ્યા મૂકે છે તે જ પાછો પ્રસન્ન થઇને તેના પ્રત્યે શીતલેશ્યા મૂકે છે. (તત્ત્વાર્થ સૂત્રવૃત્તિમાં)
- જિનેશ્વર ભગવંતો પ્રથમ પૌરુષીને વિષે દેશના આપે છે. બીજી પૌરુષીને વિષે ગણધર દેશના આપે છે. ત્યાર બાદ લોકો ઘેર જાય છે. પાછા ચોથા પહોરને વિષે સંપૂર્ણ પૌરુષી જિનેશ્વર ભગવંત દેશના આપે છે.
- ૧૯૪ અંક સુધી સંખ્યાતા કહેવાય છે. તે અંકનું નામ શીર્ષપ્રહેલિકા છે. તેની ઉપર એક અંક વધે તો અસંખ્યાત થાય.